કાપ કુમતિ, કરુણા કીજે, કાપ કષ્ટ, સુખ આપ.

૯. (અગિયાર મહાવ્રત)

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજો'તું નવ સંઘરવું,
બ્રહ્મચર્ય, ને જાતે મહેનત, કોઈ અડે નહીં અભડાવું;
અભય, સ્વદેશી, સ્વધર્મ, ને સર્વ ધર્મ સરખા ગણવા,
એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દૃઢ આચરવા.

ο ο ο

સાથે રમીએ, સાથે જમીએ, સાથે કરીએ સૌનાં કામ;
કાયમ રહેજો સૌની સાથે ઘટ ઘટ રમતા શ્રી ભગવાન....

૧૦. (શ્રીરામ ધૂન)

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત-પાવન સીતારામ,
સીતારામ સીતારામ ભજ મન પ્યારે સીતારામ;.... રઘુપતિ૦

ઈશ્વર અલ્લાહ તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન;.... રઘુપતિ૦
રાત્રે નિદ્રા દિવસે કામ, ક્યારે ભજશું શ્રી ભગવાન,.... રઘુપતિ૦

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન;
તુલસી પાને વસતા રામ, ક્યારે લેશું હરિનું નામ;.... રઘુપતિ૦
ગાંધી, ગૌતમ, ઈશુ ને રામ, સૌ સંતોને કરું પ્રણામ;.... રઘુપતિ૦

રામ લક્ષ્મણ બેઊ ભાઈ વચન કારણ વનમાં જાય,
વચન કારણ વનમાં જાય, સાથે સીતા માતા જાય,

નષ્ટ થયું રાવણ અભિમાન, સેવા પામ્યા શ્રી હનુમાન;.... રઘુપતિ૦
નિર્બલ કે બલ રાજા રામ, નિર્ધન કે ધન સીતારામ;.... રઘુપતિ૦

૦ ૦ ૦

શ્રી રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી....

૦ ૦ ૦

દેવકીનંદન લાલાજી....જય બોલો ગોપાલાજી....
જય બોલો ગોપાલાજી....જય બોલો ગોપાલાજી....

૧૧. (સરસ્વતી પ્રાર્થના)
સરસ્વતી માત હો મારી તમોને પાય લાગું છું,
તમારો બાળ છું, મૈયા! હૃદયમાં વાસ માગું છું.

સ્મરણશક્તિ તમે આપી, અમારી લાજ રાખો ને,
બીજો એકે નથી આરો, દયાળુ! દુઃખ કાપો ને,

તજી માતા પિતા બંધુ તમારે આશરે આવ્યો,
સગાં ને સ્નેહી તરછોડી તમારા ધામમાં આવ્યો.

મળી છે તમ કૃપા મોટી, બીજી સૌ વાત છે ખોટી,
બધા બ્રહ્માંડના વાસી! મને મા! જાણજો દાસી.

ભક્તની ભીડ સંચરજો, દયાળુ! દુઃખડાં હરજો,
અમારી ભક્તિ ઉર ધરજો, અમારા અંતરે વસજો.

સરસ્વતી માત ઓ મારી! તમોને પાય લાગું છું,
તમારો બળ છું, મૈયા! હૃદયમાં વાસ માગું છું.

૧૨. ડૂબતી નૈયાને પાર ઉતારો, હો પ્રભુજી....હો પ્રભુજી!
ઘન અંધારે ભટકી રહ્યો છું, ભવસાગરમાં ભમી રહ્યો છું;
ક્યારે મળશે તારો સહારો; હો પ્રભુજી....હો....પ્રભુજી!.... ડૂબતી૦
કાચી માટીની નાવ આ મારી, મધદરિયામાં ડૂબી જનારી;

ક્યારે મળશે સામો કિનારો, હો પ્રભુજી....હો પ્રભુજી!.... ડૂબતી૦
આશ મને તો એક જ તારી, ભવસાગરથી લેજે ઉગારી;
સૂઝે મને ના કોઈ કિનારો, હો પ્રભુજી....હો પ્રભુજી!.... ડૂબતી૦

૧૩.

હૃદયમાં રામને રટજે, શીખામણ ઉર તું ધરજે;
પરિબ્રહ્મ તું ભજજે, મંદિરમાં હાજરી દેજે.

સતસંગમાં સાવધ થઈ કથામાં કાન તું દેજે,
ભરોસો રામ પર રાખી, મંદિરમાં હાજરી દેજે.

શીખામણ સંતની લેજે, ગુરુથી જ્ઞાન તું લેજે,
નિંદાથી વેગળો રહેજે, મંદિરમાં હાજરી દેજે.

ખરાબી દેહની ખોજે, પ્રાણિયા! પાપથી ડરજે,
દુઃખીને દાન તું દેજે, મંદિરમાં હાજરી દેજે.

સંસારી ખેલ ખોટો છે, પાણી પર પરપોટો છે,
રે જીવ! તત્ત્વમાં રહેજે, મંદિરમાં હાજરી દેજે.

૧૪.

મળી છે કાય માનવની, જગતમાં ધૂપસળી થાજો,
સુગંધી અન્યને દેવા તમે જાતે બળી જાજો....; મળી છે૦
તમારું થાય તે થાયે, ન કરજો દેહની પરવા,
તમારી દેહ-ઘંટીથી બીજાનાં દુઃખ દળી જાજો....; મળી છે૦
તમારી જ્યોત બૂઝવવા ઘણા મેદાનમાં પડશે,
તમારી ટેક સાચવજો, બીજા કહે તે ગળી જાજો....; મળી છે૦
પ્રલોભન આવશે સામાં તમોને પાડવા માટે,
તજીને રાહ પડતીનો, વિજય પંથે વળી જાજો....; મળી છે૦
'પુનિત' પ્યારો તમારો છે, પછી પરવા કહો કોની?
જગતમાં રામભક્ત થાજો, જગે સાચું રળી જાજો....; મળી છે૦

૧૫.

પધારો આત્મ બંધુઓ! ગીતાની પાઠશાળામાં;
પીઓ સહુ જ્ઞાનનો પ્યાલો, ગીતાની પાઠશાળામાં.... પધારો૦
પ્રભુ શ્રી કૃષ્ણ પોતે ને અર્જુન પણ પોતે,
જ્ઞાન-ગ્રાહક બની પોતે, પધારો પાઠશાળામાં.... પધારો૦
પ્રભાતે ઊઠજો વહેલા બરાબર પાંચના ઘંટે,
કરીને દેહની શુદ્ધિ બિરાજો પાઠશાળામાં.... પધારો૦
ધીમેથી શાંત ચિત્તેથી પોથીને હાથમાં લેજો,
નમીને ઊતરો ઊંડા ગીતાની શ્લોકશાળામાં.... પધારો૦
પીડા સંપૂર્ણ પી લેતાં ટપકશે હર્ષનાં બિંદુ,
અજરતા પામશો વ્હાલા, અનેરી આત્મશાળામાં.... પધારો૦
ઘૂઘવતો બ્રહ્મસિંધુ ત્યાં ઉછાળા મારતો જોશો,
ડૂબી તરબોળ થઈ રહેજો મગન એ બ્રહ્મશાળામાં.... પધારો૦
'હું બ્રહ્મ' ગાણું એ, ઊમળકો ભરી ગાજો,
પ્રભુ પ્રત્યક્ષ દેખાશે દૃષ્ટિની દિવ્ય શાળામાં.... પધારો૦
ખુમારીની ગ્રહી મસ્તી, ઉઘાડો નેત્ર ધીરેથી,
આનંદાનંદ થઈ મ્હાલો પ્રભુની વિશ્વ-શાળામાં.... પધારો૦

૧૬.

મૂંઝાવી ક્યાં મને મારે? જવા દે કૃષ્ણને દ્વારે.... (ટેક)
ખલકના ખેલ છે ખોટા પાણીના જેમ પરપોટા,
માથે ભય મોતનો ભારે....જવા દે કૃષ્ણને દ્વારે.... મૂંઝાવી૦
આવશે જમ તણાં તેડાં, શું કરશે તું તે વેળા?
મુક્તિની બારી ક્યાં ભાળે?....જવા દે કૃષ્ણને દ્વારે.... મૂંઝાવી૦
પાપની પૂંજી તેં ધારી, જોયું ના પાછું તેં વાળી;
ઊતરશે નાવ શું પારે?....જવા દે કૃષ્ણને દ્વારે.... મૂંઝાવી૦
શીખામણ માની લે શાણા! રળી લે ભક્તિનાં નાણાં;
ત્રિકમ વિણ કોઈ નહીં તારે....જવા દે કૃષ્ણને દ્વારે.... મૂંઝાવી૦

૧૭.

અમે બાંધી મૂઠી આવ્યાં, ઉઘાડે હાથ જાવું છે....
કરેલાં કર્મનું ભાથું અમારે અહીં જ ખાવું છે.... અમે૦
હજારો દુષ્ટ પામરના ઉદર કાજે ગુણો ગાયા,
હવે પરબ્રહ્મનું ગાણું અમારે રોજ ગાવું છે.... અમે૦
વિષય-વાહિનીઓમાં રે અમે ઘેલા બની નાહ્યા,
હવે તો જ્ઞાનગંગામાં અમારે નિત્ય ન્હાવું છે.... અમે૦
ઘણાં યે મોહનાં વાજાં બજાવ્યાં બેવકૂફીમાં,
હવે નિર્મોહના નાદે મુક્તિ-મારગ સિધા’વું છે.... અમે૦
કુકર્મી ને અતિ પાપી, અમે બહુ દ્રવ્યના લોભી,
દયા માગી ક્ષમા યાચી પ્રભુ-શરણે ઝુકા’વું છે.... અમે૦

૧૮.

ભિખારી આંગણે આવ્યો, પ્રભુજી! દ્વાર ખોલો ને!
તમારું નામ પોકારે, કૃપાળુ! કૈંક બોલો ને!.... ભિખારી૦
ન આવ્યો લક્ષ્મી લેવાને, ન માગે રાજ–વૈભવને,
સુદામો બારણે ઊભો તલસતો દાસ દર્શન દ્યો.... ભિખારી૦
જરા દર્શન દઈ દ્યો ને, પ્રભુ તેમાં જવાનું શું?
દયાનાં દાન દઈ દ્યો ને, પ્રભુ ઓછું થવાનું શું?.... ભિખારી૦
તમે દિલના દિલાવર છો, દયા ને પ્રેમના સિંધુ,
તમારા પ્રેમબિંદુથી પ્રભુ! તૃષા છિપાવો ને.... ભિખારી૦
દયાળુ આપની દૃષ્ટિ જગત્-કલ્યાણ કરનારી,
પ્રભુ! મીઠી નજર નાખી, કરી દ્યો તૃપ્ત, ગિરિધારી!.... ભિખારી૦

૧૯. (શ્રી કૃષ્ણ–જન્મ : કીર્તન)

આજે પ્રગટ્યા નંદકુમાર, ઘેલું થયું ગોકળિયું;
ખેલે જશોદાને ખોળે લાલ, ઘેલું થયું ગોકળિયું.... આજે૦
અષ્ટમીનો દિવસ ને કાળી અંધારી રાત,
કાળો કાનો પ્રગટ્યો, ઊગ્યું નવલું પ્રભાત.... ઘેલું૦

વસુદેવની સહુ બેડીઓ તૂટી ગઈ તે વાર,
કારાગારનાં ખુલી ગયાં બંધ કીધેલાં દ્વાર.... ઘેલું૦
વસુદેવે વિચાર્યું કે ખૂબ માર્યાં સંતાન,
કંસરાય જો જાણશે, લેશે આ બલિદાન.... ઘેલું૦
કઠણ કર્યું કેં કાળજું ને ગોકુળ મૂકવા જાય,
પહેરો ભરતા ચોકીદાર, બેઠા ઝોકાં ખાય.... ઘેલું૦
યમુના-નીર ભરપૂર, રે કેમ ઊતરવું પાર?
શ્રીજી-ચરણના સ્પર્શથી માર્ગ થયો તત્કાળ.... ઘેલું૦
વસુદેવજી આવિયા શ્રી નંદ તણા દરબાર,
અદલાબદલી ભલી કરી, બાળકી સાટે બાળ.... ઘેલું૦
કંસરાયે જ્યાં જાણિયું ને કારાગૃહમાં જાય,
વસુદેવ ને દેવકીના થર થર કંપે કાય.... ઘેલું૦
કન્યા નીરખી ક્રોધ થયો, મુખ થયું વિકરાળ,
પ્રાણ લેતાં ઊડી ગઈ, ગગનમાં તેણી વાર.... ઘેલું૦
કંસે જાણ્યું ગજબ થયો, વર્ત્યો હાહાકાર,
કન્યા કહે: જન્મી ચૂક્યો કંસરાયનો કાળ.... ઘેલું૦
યશોદાએ કુંવર દીઠો રૂપ રૂપનો અંબાર,
નીરખીને મુખડું બાળનું ચકિત થયાં પોબાર.... ઘેલું૦
નીરખવા નંદલાલને ટોળે મળ્યાં નરનાર,
આનંદ સાગર ઊમટ્યો, થયો થૈ થૈ કાર.... ઘેલું૦
કોઈ લે છે ઓવારણાં, કોઈ હાલરડાં ગાય,
સ્વરૂપ જોઈ શ્યામનું ગાંડાં-ઘેલાં થાય.... ઘેલું૦
ઘેર ઘેર ગોકુળ ગામમાં તોરણિયાં બંધાય,
રંગબેરંગી સાથિયા આંગણિયે પુરાય.... ઘેલું૦
ધન્ય ભાગ્ય ગોકુળનાં, ધન્ય ધન્ય વ્રજનાર,
પ્રગટ થયા સ્વયં પ્રભુજી હરવાને ભૂમિ-ભાર.... ઘેલું૦
જ્યારે જ્યારે જગત ઉપર વર્તે કારમો કેર,
રામભક્તના વ્હાલમા! આવી કરજો લીલાલહેર.... ઘેલું૦

૨૦. [રાગ : બોલ મા બોલ મા બોલ મા રે...]

આવજો આવજો આવજો રે તમે સત્સંગમાં વહેલા આવજો રે....

સત્-સંગમાં સહુએ શાન્ત થઈને ધ્યાન પ્રભુમાં ધારજો રે.... તમે૦
દુરિજનનો તમે સંગ ના કરજો, હરિજનોને બોલાવજો રે.... તમે૦
નિંદા કરે એની પરવા ના રાખજો, જ્ઞાન હૃદય વિસ્તારજો રે.... તમે૦
અવળા મારગના મોહથી છૂટી સત્સંગને મારગ સિધાવજો રે.... તમે૦
દ્વેષનો ડંખ તમે દિલમાં ના રાખજો, ભાવે ભક્તોને બોલાવજો રે.... તમે૦
બાલકદાસ કહે સત્-સંગનો રસ તમે પીજો ને પીવડાવજો રે.... તમે૦

૨૧. [રાગ : લાજ તું મારી રાખ મોરારી/દેખ તેરે સંસારકી હાલત...]

આકાશે આવી વાદલડી વરસી ચાલી જાય,

જુવાની એ રીતે વહી જાય, જુવાની એ રીતે વહી જાય.... આકાશે૦

માથે વાગે મોતના ડંકા, એમાં જરા ના રાખો શંકા,
રાવણની પણ વહી લંકા, અમર થયા છે કોઈ નરબંકા,

ઉત્તમ ફૂલડું ગુલાબ કેરું સાંજ પડે કરમાય.... જુવાની૦

આ જગતનો જૂઠો ઝઘડો, તેમાં ચતુર શાને બગડો ?
મોંઘું જીવન શાને રગડો ? ચિંતાનો શેં બાળો ભડકો ?

સોળ કળાએ ચંદ્ર ખીલે છે તે પણ ઝાંખો થાય.... જુવાની૦

રામ પ્રભુની કરજો ભક્તિ, ભક્તિમાં સૌ ખર્ચો શક્તિ,
અપનાવી લો સાદી યુક્તિ, ભક્તિમાં ભવભવની મુક્તિ,

પ્રભુ-ભજનથી પુણ્ય વધે ને પાપો ભાગી જાય.... જુવાની૦

૨૨. [રાગ : તારી કામળીનો રંગ છે કાળો...]

અલી એ રણછોડ રંગીલો (૨)
એ તો ડાકોરના દહેરે ઊભો, કે રણછોડ રંગીલો !
એની પાઘડીનો છેડો વાંકો, કે રણછોડ રંગીલો !
એ તો છોગાં મેલીને છેલ નાચે, કે રણછોડ રંગીલો !
એની અણીઆળી છે આંખો, કે રણછોડ રંગીલો !
એ તો ઠમકતી ચાલે ચાલે, કે રણછોડ રંગીલો !
એનાં ઘૂઘરું છમ છમ બાજે, કે રણછોડ રંગીલો !
એ તો થનક થનક થૈ નાચે, કે રણછોડ રંગીલો !
એની બંસીનો બોલ બહુ પ્યારો, કે રણછોડ રંગીલો !
એ તો ભક્તોને બહુ વ્હાલો, કે રણછોડ રંગીલો !

૨૩.

ઓ ડાકોરવાળા....! તારે ને મારે ભાઈબંધી.
અલ્યા, ભાઈબંધી રે ભાઈબંધી, તારે ને મારે ભાઈબંધી.
તું તો ગોકુળમાં ગાયો ચરાવતો'તો,
તું ગોપીઓનાં માટ ઉતારતો'તો....
અલ્યા, અમને રે
અલ્યા, અમને રે ખૂબ ખવડાવતો'તો....; ઓ ડાકોરવાળા૦
તમે જમનાની રેતડીમાં રમતા'તા,
તમે દહીં ને ઢેબરાં જમતા'તા....
તને ગોવાળિયા
તને ગોવાળિયા બહુ બહુ ગમતા'તા....; ઓ ડાકોરવાળા૦
આપણુ ધરાનાં નીરમાં ન્હાતાં'તાં,
તેં તો ભયમાંથી સૌને ઉગાર્યાં'તાં....
તેં મામા
તેં મામા ને માશીને માર્યાં'તાં....; ઓ ડાકોરવાળા૦
તેં સૂતા અમોને જગાડ્યા'તા,
બંસીમાં બોલ મીઠા છેડ્યા'તા....
તેં અલ્યા, ભીતિ
તેં અલ્યા ભીતિ અમારી ભગાડી'તી....; ઓ ડાકોરવાળા૦
તું ડાકોરનો ઠાકોર થઈ બેઠો,
તારા રજવાડી ઠાઠનો નહીં જોટો....
જરા ઉતર હેઠો
ઊતર હેઠો કે આપણે ગોઠ કરીએ...; ઓ ડાકોરવાળા૦
મારી જૂની પુરાણી પ્રીત યાદ રાખજે,
અમી નજર 'લ્યા ! આ દાસ પર નાખજે....
દાસ ગોવિંદને
દાસ ગોવિંદને ચરણોમાં નિત રાખજે....; ઓ ડાકોરવાળા૦

૨૪. (શિવ-સ્મરણ : ભજન)

આજ તો મહાદેવને સંભારીએ રે,
શ્રાવણ મહિનો ને સોમવાર....; આજ તો૦
એણે ઝીલ્યાં જટામાં ગંગાજી રે,
પાવન કરવા આ સંસાર....; આજ તો૦
એણે માર્કંડને શરણે લીધો રે,
કાળને રોકી લીધો તત્કાળ....; આજ તો૦
નાગનાં આભૂષણ અંગે ધર્યાં રે,
જેણે ચંદ્રને રાખ્યો કપાળ....; આજ તો૦
એણે દેવોની વેદના હેતે હરી રે,
કે કીધાં હળાહળ વિષનાં પાન....; આજ તો૦
ત્રિપુરાસુરને પલકમાં મારીઓ રે,
દીધાં દેવને અભયનાં દાન....; આજ તો૦
એણે કામને નાથીને દંડીઓ રે,
ધાર્યું કામજીત જગમાં નામ....; આજ તો૦
એનાં પૂજન કરીએ પ્રેમથી રે,
પામે 'ગોવિંદ' પરમ પદ ધામ....; આજ તો૦

૨૫. [રાગ : લાખ લાખ દીવડાની આરતી...]

એક વાર શ્યામ તમે આંગણિયે આવજો૦
મનડું મળવાને મૂંઝાય....અલબેલા, આંગણિયે આવજો.
વિરહની વેદના હવે સ્હેવાય ના,
દર્શનની ઝંખનાને દિલમાં રોકાય ના....
આવો અંતર અમ ઉભરાય....અલબેલા, આંગણિયે આવજો.
નયનો આતુર છે તમને નીરખવા,
ઉરમાં છે આશ રૂપ સાચું સંઘરવા....
જનમ-મરણ મટી જાય....અલબેલા, આંગણિયે આવજો.

અમે તો પંખીડાં માયાની જાળમાં,
ઊડી જાશું સહુ એક પલકારે આંખના...
પરલોકે મુક્તિ પમાય........અલબેલા, આંગણિયે આવજો.
હૈયું હરનિશ જાપ તમારા જપતું,
હૃદય, રણછોડ! એક તમને પોકારતું....
જીવન ઝૂરી ઝૂરી જાય....અલબેલા, આંગણિયે આવજો.

૨૬. [રાગ : સાવન કા મહિના...]
એક વાર મારી સામે જુઓ તો જરી
નથી રે નજર બીજા કોઈના ભણી,
ઓઢી તારી ચૂંદડી શામળિયા ધણી; નથી રે નજર૦
તારા વિના જગ સૂનું રે લાગે,
દુનિયાના રંગ મને જૂઠા રે લાગે....
પહેર્યો મેં તો ચૂડલો તમારો રે ધણી.... નથી રે નજર૦
રાત-દિવસ મારા રોઈ રોઈ જાય છે,
એક એક પળ મારી જુગ જેવી જાય છે....
ગોકુળના ગોવાળે લીધું મનડું હરી.... નથી રે નજર૦
લોકો કહે છે મને ગાંડી ને ઘેલી,
સાચું કહું છું મારો શામળિયો બેલી....
શ્યામ વ્હાલા! હવે બોલો તો જરી.... નથી રે નજર૦

૨૭. [રાગ : ચેતો તો ચેતાવું તમને રે...]
એક દિન તો જાવું પડશે રે પામર પ્રાણી!
જઈને મૂંઝાવું પડશે રે પામર પ્રાણી.... એક દિન૦
માયાની મસ્તીમાં ડૂબ્યો, પ્રભુને ભજવાનું ભૂલ્યો,
પણ ત્યાં પસ્તાવું પડશે રે પામર પ્રાણી.... એક દિન૦
સાથે નહીં આવે તારું, ધન ને જોબન પ્યારું,
છોડીને સિધાવું પડશે રે પામર પ્રાણી.... એક દિન૦

જગની જંજાળે ભમતાં, આશા પટની બાજી રમતાં,
યમ-શરણે થાવું પડશે રે પામર પ્રાણી.... એક દિન૦
દીસે જેવી વાદળ-છાયા, તેવી આ સંસારની માયા,
કર્યું સર્વે કહેવું પડશે રે પામર પ્રાણી.... એક દિન૦
ભક્તિ રંગમાં રટી લેજે, રણછોડરાયને ભજી લેજે,
ઘડીમાં ગભરાવું પડશે રે પામર પ્રાણી.... એક દિન૦

૨૮.

આ તો તારું ભાડાનું મકાન, હંસલા ! રહેવા દીધું શામળે....
પડોશીની રાખજે પિછાન, હંસલા ! રહેવા દીધું શામળે....
નવ માસ થયા એને બાંધીને આપતાં,
ટાઢ ને તડકાના વાયરાઓ આવતાં;
ડગ્યું નહીં તો યે એનું સ્થાન.... હંસલા રહેવા૦
જુક્તિથી મૂકયાં એનાં બારી ને બારણાં,
કારીગરે પૂરેપૂરી કીધી વિચારણા;
સાથે દીધા દીપક બે દાન.... હંસલા રહેવા૦
સડો ન લાગે એને સંભાળી રાખજે,
ભક્તિના રંગમાં રંગી તું નાખજે;
ગોત્યું આવું નહિ મળે ક્યા રહેઠાણ.... હંસલા રહેવા૦
મનહર જોજે ના ફરી પડે બદલવું,
ભાડૂતીના કાયદા પરમાણે વરતવું;
તો થશે તારો માલિક મે'રબાન.... હંસલા રહેવા૦

૨૯.

એક વાર એક વાર એક વાર મોહન !
મારે મંદિરીએ આવો રે....
મારા મંદિરીએ આવો મારા વ્હાલા !
મારાં આંગણિયાં શોભાવો રે.... એક વાર૦

નાની શી ઝૂંપડી ને મન મારાં મોટાં,
માટે ન સંકોચાવો રે....
અંતરના પ્રેમથી આપને વધાવશું,
લેશું અમુલખ લ્હાવો રે.... એક વાર૦
માયા ને મૂડીમાં એક રામનામ છે,
બીજી વસ્તુનો અભાવો રે;
શંકર કહે પ્રભુ પ્રેમને આધીન છે,
પ્રેમરસ પીઓ ને પાવો રે.... એક વાર૦
તારે ને મારે પ્રીતડી પુરાણી,
પુરાણો ખ્યાલ કંઈ લાવો રે,
દાસ કહે પ્રભુ આંગણિયે આવો,
આનંદ રેલ રેલાવો રે.... એક વાર૦

૩૦.

એક વાર એક વાર એક વાર જલારામ ! મારે આંગણિયે આવો રે....
મારે આંગણિયે આવો જલારામ ! આશિષ અમોને આપો રે... એક વાર૦
તારા તે નામનો ડંકો વાગ્યો છે, ભક્તો લાગે છે તને પાયે રે... એક વાર૦
કંઈક દાસોને તેં દરશન દીધાં, આજ સંકટ અમારાં કાપો રે... એક વાર૦
રામભજન મંડળ ગુણલા ગાય છે, રાખો ચરણકમળની પાસે રે... એક વાર૦

૩૧.

અમે મહિયારાં રે ગોકુળ ગામનાં.
એ જી....મારે મહી વેચવાને જાવાં, મહિયારાં રે ગોકુળ ગામનાં...અમે૦
મથુરાની વાટ મહી વેચવાને નીસરી,
નટખટ એ નંદકિશોર માગે છે દાણ જી;
એ જી....મારે દાણ લેવાં ને દેવાં, મહિયારાં રે ગોકુળ ગામનાં...અમે૦
માડી જશોદાજી કાનજીને વારજો,
દુઃખડાં દે છે લાખ નંદજીનો લાલો;
એ જી....મારે દુઃખ સહેવાં ને કહેવાં, મહિયારાં રે ગોકુળ ગામનાં....અમે૦

યમુનાને કાંઠે કહાન વાંસળી વગાડતો,
ભુલાવે ભાન સાન, ઊંઘથી જગાડતો;
એ જી....મારે ઝટ જાવું ને જોવું, મહિયારાં રે ગોકુળ ગામનાં....અમે૦
મહેતા નરસૈંનો સ્વામી લાડલો કાનજી,
ઉતારે આતમના ભવ ભવના ભાર જી;
એ જી....નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારાં રે ગોકુળ ગામનાં....અમે૦

૩૨. [રાગ: અમે મહિયારાં રે...]
આવે કૈલાસથી રે શંકર પાર્વતી.
એ જી...ગરવા ગણેશને સાથ લાવે કૈલાસથી રે, શંકર પાર્વતી...આવે૦
મંગળ પ્રભાતે કરું શંકરની સેવા,
શુદ્ધ સેવાથી રીઝે દેવાધિદેવા;
એ જી...જીવનમાં જ્યોત પ્રગટાવે કૈલાસથી રે, શંકર પાર્વતી...આવે૦
ભોળાની દેરડીએ ભક્ત સૌ આવતા,
નમઃ શિવાય ૐ ધૂન એ મચાવતા;
એ જી...ભક્તિની ગંગા વહાવે કૈલાસથી રે, શંકર પાર્વતી...આવે૦
કોઈ જલધારા, કોઈ દૂધે નવરાવતા,
ચંદન ફૂલ બીલી ભાવે ધરાવતા;
એ જી...રામ રામેશ્વર રિઝાવે કૈલાસથી રે, શંકર પાર્વતી...આવે૦
દેવોને અમૃત ને ઝેર પોતે રાખતો,
ત્રિનેત્ર ખોલી કામદેવ બાળી નાખતો;
એ જી...જટામાં ગંગા સમાવે કૈલાસથી રે, શંકર પાર્વતી...આવે૦
શ્રાવણ માસનો મહિમા અપાર છે,
પ્રેમે પૂજન કરે બેડો તેનો પાર છે;
એ જી...દુનિયાનાં દુઃખને હટાવે કૈલાસથી રે, શંકર પાર્વતી...આવે૦
હરિ ને હર બેઉ એક સ્વરૂપ છે,
ભાવે ભજનારાંનાં હૈયામાં હૂંફ છે;
એ જી... શાન્તિ સુખાનંદ પાવે કૈલાસથી રે, શંકર પાર્વતી...આવે૦

૩૩. [રાગ : અમે મહિયારાં રે...]

હું તો બંધાણી રે રામજીના નામની
હાંરે...મેં તો પ્રેમનો પ્યાલો પીધો, બંધાણી રે૦... હું તો૦
રોજ રોજ પીધા એ અમૃતના ઘૂંટડા,
દુનિયાના રંગ બધા લાગે છે જૂઠડા;
હાંરે...એની મસ્તીમાં મસ્ત થઈ રહેવું, બંધાણી રે૦... હું તો૦
નશો ચઢચો છે મને રામજીના નામનો,
જગનો વહેવાર મારે નથી રહ્યો કામનો;
હાંરે...અમે ગાંડાં ને ઘેલાં થઈએ, બંધાણી રે૦... હું તો૦
તનના તંબુરાના તાલ મિલાવી,
અંતરના અજવાળે જ્યોતિ જલાવી;
હાંરે...મારે રોજ રોજ થાયે દિવાળી, બંધાણી રે૦... હું તો૦
નંદુ મસ્તાન બની ગુણ તારા ગાય છે,
ભક્તિમાં ભાન ભૂલી હૈયે હરખાય છે;
હાંરે...રાત દહાડો હરિના ગુણ ગાવા, બંધાણી રે૦... હું તો૦

૩૪. [રાગ : અમે મહિયારાં રે...]

અમે રમકડાં રે માયા બજારનાં.
હાંરે....કાચા સુતરના તાંતણે બંધાણાં, રમકડાં રે૦.... અમે૦
કાચી માટીથી એણે કાયા ઘડેલી,
માયા ને મમતાના રંગે રંગેલી;
હાંરે....મારા રામજીએ રમતાં રાખ્યાં, રમકડાં રે૦.... અમે૦
માયાબજારમાં માયાનો માલ છે,
પૈસા અહીં રોકડા ને માલ ઉધાર છે;
હાંરે....અહીં લાખો મફતમાં લૂંટાણાં, રમકડાં રે૦.... અમે૦
ખાધું પીધું ને ખેલ ખેલ્યો જગતમાં,
આયખું વિતાવ્યું તેં તો રમતગમતમાં;
હાંરે....પછી કાળનાં વહાણાં વાયાં, રમકડાં રે૦.... અમે૦

ચેતીને ચાલ અહીં રામનામ સાર છે,
રામના ભજન વિના જીવન બેકાર છે;
હાંરે....નંદુ ભક્તિ વિના સૌ લજાણાં, રમકડાં રે૦.... અમે૦

૩૫. [ રાગ : અમે મહિયારાં રે... ]

અમે નિશાળિયાં રે જીવનસંગ્રામનાં.
હાંરે...મારે હરિના ગુણલા ગાવા, નિશાળિયાં રે૦... અમે૦
ધર્મ ને નીતિના મારગડે ચાલવા,
માથું મૂકીને મહારસ માણવા;
હાંરે...દીન દુઃખિયાની કરવા સેવા, નિશાળિયાં રે૦... અમે૦
સતસંગની શાળામાં ક્ષેમ છે,
સત્યની સિલેટ પ્રેમની પેન છે;
હાંરે...તમે ભક્તિનો એકડો ઘૂંટો, નિશાળિયાં રે૦... અમે૦
વાણી વર્તન શુદ્ધ રાખો વહેવારમાં,
નાના મોટાનો ભેદ ટાળો સંસારમાં;
હાંરે...તમે ભક્તિનું ભાથું બાંધો, નિશાળિયાં રે૦... અમે૦
નંદુ જીવનને ઉજ્જવળ બનાવતાં,
ત્યાગ વૈરાગ્યને સાથી બનાવતાં;
હાંરે...તમે જીવતાં વૈકુંઠ પામો, નિશાળિયાં રે૦... અમે૦

૩૬. [રાગ : અમે મહિયારાં રે...]

અમે પંખીડાં રે જીવન દિન ચારનાં.
હાંરે....કોઈ આજે જશે ને કોઈ કાલે, પંખીડાં રે૦.... અમે૦
કર્મો પ્રમાણે સૌ આવે આ લોકમાં,
અંતે છોડીને ઊડી જાવું પરલોકમાં;
હાંરે....તારા માળા બાંધ્યા રહી જાશે, પંખીડાં રે૦.... અમે૦
વિશ્વરૂપી બાગમાં માયાની જાળ છે,
ભાગ્યરૂપી દોરથી આવી બંધાય છે;
હાંરે....મોહ માયાની જાળમાં ફસાયાં, પંખીડાં રે૦.... અમે૦

કાળરૂપી બાજ તારા માથે ઊભો છે,
આયુષ્યનો દોર એ કાપી રહ્યો છે;
હાંરે....નંદુ ફેરો સફળ કરી જાને, પંખીડાં રે૦.... અમે૦

૩૭.

આવી ઊભો છું તારે દ્વાર રે, સાંભળોને દિલડાની વાત રે
હાંરે....હારી ગયો દુનિયાની હામ રે, સાંભળોને૦.... આવી૦

જગત જોઈ લીધું છે તારું,
અહીંયાં તો નથી કોઈ મારું;
હાંરે....તારો કે ડૂબાડો તારે હાથ રે, સાંભળોને૦ આવી૦

રખડીને થાક્યો જડતો નથી આરો,
દયા દિલમાં લાવો એ જ દાવો મારો;
હાંરે....મારું મનડું રડે છે દિન રાત રે, સાંભળોને૦.... આવી૦

એક દર્શનની છે આશ, પ્રભુ! કરતા ના નિરાશ,
તારો જડ-ચેતનમાં વાસ, મારી અરજી કરો પાસ;
હાંરે....નંદુ દુનિયાનાં કીધાં ઘણાં કામ રે, સાંભળોને૦.... આવી૦

૩૮. [રાગ : અમે મહિયારાં રે...]

અમે બંધાણી રે રંગ અવધૂતના.
હાંરે....એ તો નારેશ્વર ધામના વાસી, બંધાણી રે૦.... અમે૦

રેવાને કાંઠડે નારેશ્વર ધામ છે,
નારેશ્વર ધામમાં રંગ અવધૂત છે;
હાંરે.... દુનિયાનાં દુઃખો હરનારા, બંધાણી રે૦.... અમે૦

માથે છે ટોપી ને હાથમાં ફૂલ છે (૨)
હાંરે....એ તો દુઃખિયાને સુખ આપનારા, બંધાણી રે૦.... અમે૦

હાથમાં છે લાકડી ને ખભે છે કામળો,
જોગી મહાયોગનો લાગે સોહામણો;
હાંરે....એ તો અવધૂત વેશ ધરનારા, બંધાણી રે૦.... અમે૦

૩૯. [ રાગ : અમે મહિયારાં રે...]

અમે મસ્તાના રે રામજીના નામના.
હાંરે એના નામમાં મસ્ત બની રહીએ, મસ્તાના રે૦.... અમે૦
રોજ રોજ પીતા એ રામ-રસ ઘૂંટડા,
માયાના રંગ ઢંગ લાગે છે જૂઠડા;
હાંરે....અમે રામ-રસ પીએ ને પાઈએ, મસ્તાના રે૦.... અમે૦
મળ્યો મોકો મજાનો ગુણલા ગાવાનો,
ઓછી મહેનતમાં ભરી લો ખજાનો;
હાંરે....એના નામ-ગાનથી પાવન થઈએ, મસ્તાના રે૦.... અમે૦
નેડો લાગ્યો છે મને રામજીના નામનો,
જૂઠો વહેવાર હવે નથી કાંઈ કામનો;
હાંરે....એના રંગમાં રંગાઈ જઈએ, મસ્તાના રે૦.... અમે૦
દુઃખિયાને રામ વિના કોઈ નથી આરો,
જીવન તરવાને ભજો રામ મંત્ર સારો;
હાંરે....રામ રીઝે ત્યાં સુધી ભજીએ, મસ્તાના રે૦.... અમે૦

૪૦. [રાગ : અમે મહિયારાં રે...]

અમે સત્-સંગી રે અમેરિકા દેશના.
હાંરે....હેતે હરિના ગુણલા ગાવા, સત્સંગી રે૦.... અમે૦
ધર્મ નીતિના મારગડે ચાલતા,
માથું મૂકીને અમે મહારસ માણતા;
હાંરે....દીન-દુખિયાંની સેવા કરવા, સત્સંગી રે૦.... અમે૦
વાણી વર્તન શુદ્ધ રાખો વહેવારમાં,
નાના મોટાના ભેદ ટાળો સંસારમાં;
હાંરે....ભક્તિનું ભાથું બાંધો, સત્સંગી રે૦.... અમે૦
મળેલા જીવનને ઉજ્જવળ બનાવવા,
ત્યાગ વૈરાગ્યને અભિનવ માણવા;
હાંરે....અમે ગાંડા ને ઘેલા થઈએ, સત્સંગી રે૦.... અમે૦

અમે નિશાળિયા સત્સંગમાં જઈએ,
ધર્મને સેવાના પાઠો જ ભણીએ;
હાંરે....અમે દયાનો એકડો ઘૂંટીએ, સત્સંગી રે૦....અમે૦

ઘરનાં કામોમાંથી નવરાશ મેળવી,
વાર તહેવારે સાધુસંગ કેળવી;
હાંરે....અમે સત્સંગમાં સાવધ થઈએ, સત્સંગી રે૦....અમે૦

લોકલાજ ભયને છોડી દઈએ,
વિનય વિવેકને સાથમાં લઈએ;
હાંરે....અમે અહંભાવ ભૂલી જઈએ, સત્સંગી રે૦.... અમે૦

અમીર ગરીબના ભેદો ભૂલીને,
નાનાં ને મોટાં સરખાં બનીને;
હાંરે....અમે સ્તુતિભજન રત રહીએ, સત્સંગી રે૦....અમે૦

અમેરિકા-મંડળ ભેળું થઈને,
ક્રોધ લોભ મોહનાં જાળાં તજીને;
હાંરે....અમે સચ્ચિદાનંદ બની જઈએ, સત્સંગી રે૦....અમે૦

ગાંડાં-ઘેલાં તોયે પ્રભુનાં છૈયાં,
નાચીશું હેતભરી થનક થૈયાં;
હાંરે....અમે પ્રભુને શરણે છૈએ, સત્સંગી રે૦....અમે૦

૪૧. [ રાગ : અમે મહિયારાં રે... ]

અમે ભગતડાં રે રણછોડ રાયનાં.
હાંરે....અમે ભક્તિમાં ગુલતાન રહેતાં, ભગતડાં રે૦....અમે૦

પૂનમે પૂનમે અમે ડાકોર આવતાં
હાંરે....અમે ગોમતીજીમાં ન્હાતાં, ભગતડાં રે૦....અમે૦

તુલસીની માળા પ્રભુને પહેરાવતાં
હાંરે....અમે ચરણામૃત ચાખી લેતાં, ભગતડાં રે૦....અમે૦

માખણુ ને મીસરી વ્હાલાને ભેટમાં
હાંરે....અમે મગરી ને ગોટા ખાતાં, ભગતડાં રે૦....અમે૦
વ્હાલાના નામની ધૂને મચાવતાં
હાંરે....અમે સાનભાન ભૂલી જાતાં, ભગતડાં રે૦....અમે૦
જગના સ્વામીને સ્નેહથી બાંધતાં
હાંરે....અમે જાતે તો મુક્તિ લેતાં, ભગતડાં રે૦....અમે૦

૪૨. [રાગ : અમે મહિયારાં રે...]
આજે વધામણાં રે ગોકુળ ગામનાં.
હાંરે....જશોદાએ કાન કુંવર જાયા, વધામણાં રે૦.... આજે૦
વહેલાં પ્રભાતે જશોદાજી જાગ્યાં
હાંરે....જોઈ શામળાનું મુખ હરખાયાં, વધામણાં રે૦.... આજે૦
દાસી દોડી આવી નંદરાય પાસે
હાંરે........મંગળ સંદેશા સુણાવ્યા, વધામણાં રે૦.... આજે૦
ઘર ઘરથી નીકળી વ્રજની ગોવાલણ
હાંરે........નવા નવા સાજને સજાવ્યા, વધામણાં રે૦.... આજે૦
ગોકુળની ગલીઓમાં દહીં-દૂધ ઢાળિયાં
હાંરે....નાચ નાચતાં નંદ ઘેર આવ્યા, વધામણાં રે૦.... આજે૦
વ્રજનાં વાસીઓએ મુખ જોયું મીઠડું
હાંરે....એ તો ગાંડાં ને ઘેલાં થઈ જાતાં, વધામણાં રે૦.... આજે૦
ત્રિલોકી નાથ આવ્યા આહીરના ઝૂંપડે,
હાંરે....ગોપીઓએ ગોદમાં ઝુલાવ્યા, વધામણાં રે૦.... આજે૦

૪૩. [રાગ : ઓ મારા વ્હાલા રે કાયાનો કોટ મહા ભારી...]
ઓ મારા વ્હાલા રે, તારો ભરોસો ભારી,
હાથ ઝાલ્યો તો લેજો ઉગારી....

ઓ ત્રિકમજી રે, ઓઢી છે ચૂંદડી તમારી,
હાથ ઝાલ્યો તો લેજો ઉગારી....
ઓ કનૈયા રે, બાંધી છે પ્રીતડી તમારી; ....હાથ૦
ઓ નંદલાલા રે, જોજે ના લાજ જાય મારી; ....હાથ૦
નરસૈં મહેતાનું કારજ કરવા (૨)
ઓ મારા વ્હાલા રે, શામળિયો શેઠ થઈ આવ્યા; ....હાથ૦
કુંવરબાઈનાં મામેરાં પૂરિયાં (૨)
ઓ મારા વ્હાલા રે, નાગરની નાતને જમાડી; ....હાથ૦
ભક્ત સુધન્વા તમને પોકારે (૨)
ઓ મારા વ્હાલા રે, ઊકળતાં તેલ દીધાં ઠારી; ....હાથ૦
ભક્ત બોડાણાની અરજી સુણીને (૨)
ઓ મારા વ્હાલા રે, ડાકોરમાં આવ્યા દોડી; ....હાથ૦
મીરાં તે બાઈની વિનતી સુણીને (૨)
ઓ મારા વ્હાલા રે, વિષનાં અમૃત કીધાં; ....હાથ૦
ભરી સભામાં દ્રૌપદી પોકારે (૨)
ઓ મારા વ્હાલા રે, તમે પૂર્યાં ચીર મોરારિ; ....હાથ૦
ભક્ત પ્રહ્લાદની ટેક રૂડી રાખવા (૨)
ઓ મારા વ્હાલા રે, સ્થંભ પ્રગટીને લીધો ઉગારી; હાથ૦
ભારત ભૂમિનો ભાર ઉતારવા (૨)
ઓ મારા વ્હાલા રે, તમે ગોકુળમાં ગાયો ચારી; ....હાથ૦
જનમ-મરણની તોડી દ્યો બેડી (૨)
ઓ મારા વ્હાલા રે, નંદુ કહે છે પોકારી; ....હાથ૦

૪૪.

ઓ રે રણછોડ રાયા, લાગી તમારી માયા.
તારા જેવા દીનદયાળુ બીજો કોઈ નથી....ઓ રે૦

સોનાની દ્વારકા છોડી ઓડાણાને માટે,
સવા વાલમાં તોલાયા વ્હાલા ગોમતીના ઘાટે;
ધન્ય ધન્ય ગંગાબાઈની વાળી, સવા વાલ બન્યા વનમાળી....તારા૦
જે કોઈ તારા દર્શને આવે દુઃખડાં એનાં કાપે,
જન્મ-મરણનાં બંધન કાપી ભવસાગરથી તારે;
ઓ દ્વારકાવાસી, ડાકોર આવ્યા નાસી;
દયા કરીને દીનદયાળુ શરણે તારા લેજે,
ભૂલ કરે નંદુ જીવનમાં માફ કરી તું દેજે;
દયાળુ છે મોટો, જગમાં જડે ના જોટો....તારા૦

૪૫. [રામવિવાહ-પ્રસંગ]

આવ્યા સીતાના ભાવિ ભરથાર જનકપુર જોવાને....
આવ્યા કૌશલ્યાના કોડીલા કુમાર જનકપુર જોવાને....
શ્યામસુંદરનાં રૂપ જોઈ નયણાં ઠરે,
નાના બાળકનાં વૃંદ રાસ સંગે ફરે,
આવ્યા વૈષ્ણવ ને દેવ દાતાર, જનકપુર જોવાને....આવ્યા૦
જનકરાયે ધનુ મંડપ માંહે ધર્યું,
નહીં કોઈ રાજાએ એને ઊંચું કર્યું;
આવ્યા આખર એને તોડનાર, જનકપુર જોવાને....આવ્યા૦
રામ લક્ષ્મણ પધારિયા મંડપ માંહે,
હાથ ધરતાં ધનુષ્ય રામ તોડે ત્યાંહે;
ત્રણે ભુવનમાં ગાજ્યો ટંકાર, જનકપુર જોવાને....આવ્યા૦
ગાજે દેવ-દુંદુભી પુષ્પવૃષ્ટિ થાયે,
નરનારી નગરના મંગળ ગાયે;
દેવી સીતા આરોપે વરમાળ, જનકપુર જોવાને....આવ્યા૦
ટેક જનક રાજાની પ્રભુ પૂરી કરી,
રામ સીતા પરણે ધન્ય આજની ઘડી;
દાસ પુરુષોત્તમ બોલે જયજયકાર, જનકપુર જોવાને....આવ્યા૦

૪૬.

આજે શ્રાવણનો રે પહેલો સોમવાર છે.
હે....ભીડ જામી છે ભોળાને દ્વાર.... શ્રાવણનો રે૦
ભોળાને દ્વાર લોકો ટોળે મળી આવતાં,
જય ભોળાના નામથી ગગન ગજાવતાં,
હે....આજે આનંદનો નહીં પાર.... શ્રાવણનો રે૦
કોઈ બીલી પત્ર લઈ ભાવથી ચઢાવતાં,
કોઈ વળી ચંદનનો લેપ લગાડતાં,
હે....કોઈ કરતાં દૂધની ધાર.... શ્રાવણનો રે૦
ઘીના કમળથી શંકરજી શોભતા,
યોગીના રૂપમાં સુંદર એ ઓપતા,
હે....મારા હૈયે છે જુગદાધાર....શ્રાવણનો રે૦
ભક્તો ભોળા થઈ ભજનો લલકારતા,
ભોળાના ખોળામાં ખોળિયું ઝુકાવતા,
હે....બોલો ભાવેથી જય ભોળાનાથ.... શ્રાવણનો રે૦

૪૭.

એક ચિત્ત રાખો શંભુના ધ્યાનમાં
ભૂલી ના જાશો અભિમાનમાં.... એક ચિત્ત૦
ભૂલશો નહીં એક કૈલાસવાસીને
ધ્યાન ધરી લો ઊંડાણમાં.... એક ચિત્ત૦
શિવની જટામાં ગંગા બિરાજે
ભોરિંગ ભમે છે કંઠ-સ્થાનમાં.... એક ચિત્ત૦
ભોજન જમે ભોળો હેતથી ભાંગનાં
એ તો રાજી ધંતુરાના ધ્યાનમાં.... એક ચિત્ત૦
નંદી ગણેશ બેઉ ચોકી કરે છે
ડમરું વાગે છે ભૈરવ તાનમાં.... એક ચિત્ત૦

મહામંત્રનો શિવ ઉપદેશ આપે
સતી ઉમિયાજીના કાનમાં.... એક ચિત્ત૦
પુરુષોત્તમ કહે શંભુને સેવીએ
ભલું જાવું કૈલાસના ધામમાં.... એક ચિત્ત૦

૪૮. [રાગ : ખમ્મા મારા નંદજીના લાલ...]
આવો રૂડો અવસર જાય, રામને ભાવે રટી લ્યો....
ફરી પાછો ચોર્યાશી ના જાય, રામને ભાવે રટી લ્યો....
અણમૂલો દાવ આજ આવ્યો છે હાથમાં,
ખોટો વખત તું ગુમાવે છે વાતમાં;
જોજે ફજેતી ના થાય.... રામને૦
મૃગજળ જેવું સુખ છે સંસારમાં,
પાછું જોયા વિણ ફસાયે જાળમાં;
ઓચિંતાની થાશે વિદાય.... રામને૦
માયા વિકારભરી તુજને અકળાવશે,
કાળ દોષકર્મોના હિસાબો માગશે;
ત્યારે નહીં જવાબો દેવાય.... રામને૦
જિંદગી આ પૂરી થશે પળવારમાં,
મનહર ભોજન રહેશે પીરસેલાં થાળમાં;
ત્યારે ઘડી એક ના રહેવાય.... રામને૦

૪૯.
એક વાર આવો જલારામ ! મારી ઝૂંપડીએ....
રાખવા સેવકની લાજ, મારી ઝૂંપડીએ.... એક વાર૦
ઊંચા ઊંચા મહેલો ને નથી રે અટારીઓ,
ઘાસના છાયા છે સાજ, મારી ઝૂંપડીએ.... એક વાર૦
ધોળા ધોળા આરસનાં નથી પગથિયાં,
પથ્થર મૂક્યા છે પાજ, મારી ઝૂંપડીએ.... એક વાર૦

ગાદી તકિયા ને નથી હેમનો હીંડોળો,
સાદડી છે બેસવા કાજ, મારી ઝૂંપડીએ.... એક વાર૦
છપ્પન ભોગ નથી સ્વાદના ભરેલા,
આછા છે રાબડીના રાજ, મારી ઝૂંપડીએ.... એક વાર૦
સોના રૂપાનાં નથી રે વાસણો,
માટીનાં સાદાં છે ઠામ, મારી ઝૂંપડીએ.... એક વાર૦
કાલ કેરા વાયદા કામ નહીં આવે,
આવજો આજ ને આજ, મારી ઝૂંપડીએ.... એક વાર૦
બાળકના બાપલાને ગમતું જો હોય તો
પધારો ગરીબ-નિવાસ, મારી ઝૂંપડીએ.... એક વાર૦

૫૦.

ઓળખિયા અવિનાશી, હાં....હાં....રે ઓળખિયા અવિનાશી.
ટળશે જનમમાં ઋણની ફાંસી, હાં....હાં....રે૦
ગંગાજળ ઝારી ભરી લાવી
તરત કરી તૈયારી, હાં....હાં....રે૦
ચરણુ પખાળી ચરણામૃત લીધાં
કુળને પાવન કીધાં, હાં....હાં....રે૦
રામ લક્ષ્મણ સીતા સહિત બેસાડયાં
જતન કરી જુગતે હોડી, હાં....હાં....રે૦
પોતાની માયા મુદ્રિકા વીંટી
આ લેવ રાજા ઊતરાય, હાં....હાં....રે૦
ભલે પધાર્યા રઘુકૂળમણિ
સફળ કર્યું જીવન મારું, હાં....હાં....રે૦
રાજપાટ હું ઇચ્છતો નથી
નથી ઈચ્છતો ધનભંડાર, હાં....હાં....રે૦

ભવોભવ ભક્તિ દેજો,
રામ હૃદયમાં રહેજો, હાં....હાં...રે

૫૧. [ રાગ : બેસવું હોય તો બેસી જાજો, ગાડી ઉપડી જાય છે... ]

આવે છે રે આવે છે સતસંગની ગાડી આવે છે
એ તો ચોર્યાસીનો ફેરો છોડાવે છે....સતસંગની૦

અમ્મર લોકથી ગાડી ઊપડી
એ તો જબરો શોર મચાવે છે....સતસંગની૦

સંયમ નિયમના પાટે ચાલે
એ તો પ્રેમનો પાવો વગાડે છે....સતસંગની૦

નવધા ભક્તિના નવ નવ ડબ્બા
એ તો ધર્મ એન્જિન લગાડે છે....સતસંગની૦

ભાળ રાખે છે સદ્ગુરુ ગાર્ડ
એ તો વિવેકની ઝંડી ફરકાવે છે....સતસંગની૦

સંત મહંતોની પોલીસ પલટણ
એ તો નીતિની સીટી બજાવે છે....સતસંગની૦

મૃત્યુલોકનું મોટું સ્ટેશન
એ તો ગજબ ગીરદી જમાવે છે....સતસંગની૦

મુક્તિ માર્ગનો સત્સંગી મુસાફર
એ તો મોક્ષની ટિકિટ કપાવે છે....સતસંગની૦

સદ્ગુરુ પ્રતાપે દાસ મંગળ બોલ્યા
એ તો મૂઢ ગમાર ગાડી ગુમાવે છે....સતસંગની૦

૫૨. [ રાગ : સાવનકા મહિના... ]

આકરી છે ચાકરી ને વસમું છે કામ,
સોંઘા નથી ભાઈ એ તો સીતાના રામ...

પીવાના ઝેર તણા કડવા એ ઘૂંટડા
ત્યારે ઘૂંટાય છે ભક્તિના એકડા,
વિધાતા કોઈ વાર બની જાય વામ.... સોંઘા૦
બળબળતી રેતીમાં માંડવાં છે પગલાં
પહેલાં હૈયાથી હુંપદને ટાળવા,
છૂટી જાય કોઈ વાર સગાંવ્હાલાંનાં ધામ.... સોંઘા૦
વૈભવ લૂંટાય અને ઇજ્જત પણ જાય છે
મનનું ધારેલું બધું વિપરીત થાય છે,
પછી ધીરે નહીં કોઈ તેને કોડીનાં દામ.... સોંઘા૦
સર્વે અર્પણ થાય તો જ ઈશ્વર પમાય છે
સેવામાં ગુણ સદા ગોવિંદજી ગાય છે,
છેટાં નથી એને પછી વૈકુંઠનાં ધામ.... સોંઘા૦

૫૩.

એકડા વિનાનાં હો મીંડાં નકામાં
આત્મા વિનાનાં હો ખોળિયાં નકામાં,
ખોળિયાં નકામાં કલેવર નકામાં.... એકડા૦
જાણવા જેવું હતું તે ના જાણ્યું
બુદ્ધિ વિનાનાં હો પોથાં નકામાં.... એકડા૦
તપ અને તીરથ ખૂબ કર્યાં તો પણ
શુદ્ધિ વિનાનાં હો સૌ એ નકામાં.... એકડા૦
ખૂબ છટા રાખી કરે કથા ને પ્રવચન
આચરણ વિના હો તે પણ નકામાં.... એકડા૦
સાફ સાફ કહેવાની શંકરને ટેવ છે
સાવરણ વિના હો પાથરણ નકામાં.... એકડા૦

૫૪. [રાગ : સાવનકા મહિના...]

આંબે બોલે કોયલડી ને વનમાં નાચે મોર,
વાંસલડી વગાડે પેલો જશોદાનો ચોર....

એ રે વાંસલડીએ મન મારાં મોહ્યાં,
ચિત્તડાના ચોરે મારાં ચિત્ત ચોરી લીધાં,
કોઈ તો દેખાડો મારો મનડા કેરો મોર.... વાંસલડી૦
બંસીના નાદે મુજ પર કામણ બહુ કીધાં,
લગની લગાડી મારાં મન મોહી લીધાં,
મોર મુગટ મોરલીવાળો રંગીલો રણછોડ.... વાંસલડી૦
ભાન ભૂલીને હું તો ઘર વનમાં ભટકતી,
વ્હાલા વિયોગે હું તો રોઈ રોઈ મરતી,
પાગલ થઈને પળવા માંડયું મેં તો ચારે કોર.... વાંસલડી૦
શ્યામ સુંદર હું તો કરું કાલાવાલા,
મોહનજી કામણ કરી કાં છટકો છોગાળા,
તારી યાદે આંખ થકી ચૂએ છે મોટાં બોર.... વાંસલડી૦

૫૫. [રાગ : વારે વારે અવસર નહીં આવે ફરી]

આવી મોંઘી લીલા લહેર ના આવે ફરી ફરીને
ના આવે ફરી ફરીને, ના આવે ફરી ફરીને.... આવી૦
ધોઈ લે પાપો તું એવારે, નાહી લે માનવતાને આરે,
આવી ગંગાજીની મહેર....ના આવે૦....આવી૦
ગાઈ લે ગોવિન્દ ધીરો રે ધીરો, ખાઈ લે મીઠો મીઠો શીરો,
જોજે મુખે કડવાં ઝેર....ના આવે૦....આવી૦
પી લે પ્રેમ તણી તું પ્યાલી, લઈ લે પુનિત ચરણ તું જાણી,
જોજે ચોર્યાસીનો ફેર....ના આવે૦....આવી૦

૫૬.

એક મહિયારી મહીડાં વેચતી'તી (૨)
એની મટકીમાં મોહન સંતાય, નંદલાલ !....મહિયારી૦
ગામ ગોકુળની શેરીએ સાદ પાડે
કોઈ લ્યો ને આ માધવરાય, નંદલાલ !....મહિયારી૦

શિર સાટે હું શામળિયો વેચું
ગોપી ટોળે વળી જોવા જાય, નંદલાલ !....મહિયારી૦
લોક કૌતુકથી પૂછે વાતલડી
કાન મટકીમાં કેમ કરી માય ? નંદલાલ !....મહિયારી૦
ભાવે મસ્તક સ્હેજ ઊંચેરું કીધું
મોરપીંછ મુગટનાં દેખાય, નંદલાલ !....મહિયારી૦
ઊભી વાટે મહિયારણ હાલી જાતી
વ્હાલો મટકીમાં મોરલી વાય, નંદલાલ !....મહિયારી૦
સામાં મારગે મળ્યાં નંદરાણી
ગોપીનો મીઠો સાદ સંભળાય, નંદલાલ !....મહિયારી૦
મોર પીછાં ભાળીને ઊભી રાખી
માડી જાણી ગોવિંદ ગભરાય, નંદલાલ !....મહિયારી૦
કેમ પૂર્યો તેં શ્યામ મારો માટમાં ?
આજ જોવા જેવી અહીં થાય, નંદલાલ !....મહિયારી૦
હેઠે ઉતાર અલી ! મટકી તું તારી
અહીં જોયું તો માધવ દેખાય, નંદલાલ !....મહિયારી૦
દાસ ગોવિંદનો નાથ છટકીને ભાગ્યો
ઘેર માખણ ને ઢેબરાં ખાય, નંદલાલ !....મહિયારી૦

૫૭.

આટલો સંદેશો મારા ગુરુજીને કહેજો
સેવકના આશ્રયમાં રહેજો.... સંદેશો૦
કાયાનું દેવળ અમને કાચું રે લાગે
સાચી શિખામણ અમને દેજો.... સંદેશો૦
કાયા પડશે તો હંસ કયાં જઈ સમાશે
તેની ભલામણ અમને દેજો.... સંદેશો૦

બ્રહ્માનું રૂપ મારી નજરે ના આવે
તેનાં તે દર્શન અમને દેજો.... સંદેશો૦

ધર્મરાજ ! અરજી ગોંસાઈ સુણાવે
ભક્તિ ને મુક્તિ અમને દેજો.... સંદેશો૦

ચરણકમળના અમો તો દાસ છીએ
જન્મોજનમ હૃદિયામાં રહેજો.... સંદેશો૦

૫૮.

ઓ લટકાળા ! ઓ કાન કાળા ! ઓ મોરલીવાળા ! તું મોરલી વગાડજે
મારું ઢેબરું ભાવે તો ખાવા આવજે (૨)

તારી મોરલીએ સુધ-બુધ ખોયાં....કાનજી ઓ કાનજી !
જોયું સ્વરૂપને મન મારાં મોહ્યાં....કાનજી ઓ કાનજી !
ઓ મોરલીવાળા ! ઓ છેલ છોગાળા ! નંદાજીના લાલા !
ગોકુળ મતવાલા ! કાનજી કાળા !....તું શરણે સ્વીકારજે....મારું૦

તનમાં ને મનમાં તને રે નિહાળ્યો....કાનજી ઓ કાનજી !
સંસારે સાર મેં કંઈ ના ભાળ્યો....કાનજી ઓ કાનજી !
ઓ મન મોહ્યું, જગ ભાન ખોયું, જળ જમનાને ઘાટે
કરું કાલાવાલા, મોરલીવાળા !....હવે ના વિસારજે.... મારું૦

અશરણ-શરણ દીનબંધુ દયાળ....કાનજી ઓ કાનજી !
કહીએ શું તમને ઝાઝું ગોપાલ....કાનજી ઓ કાનજી !
ઓ ડાકોરવાળા ! ઓ છેલ છબીલા ! બોડાણાના વ્હાલા !
નંદજીના લાલા ! મોહન વ્હાલા !....તું અમને ઉગારજે....મારું૦

૫૯.

ઓ સાહેલડી ! ગિરિધર ગોપાળ મારે જોવો છે....
ઓ સાહેલડી ! નંદજીનો લાલ મારે જોવો છે....
ઓ સાહેલડી ! મારા મનમાં મોહન વસિયો....કે હાવે હાવે,

એનું નામ રંગીલો રસિયો....કે હાવે હાવે,
એને લોકો કહે ખટપટિયો....કે હાવે હાવે,
એ....એણે કાળી નાગને નાથ્યો.... ગોપાળ મારે જોવો છે....ઓ સાહેલડી૦

ઓ સાહેલડી! એણે માયા તો એવી લગાડી....કે હાવે હાવે,
એની મોરલીએ શુદ્ધિ જગાડી....કે હાવે હાવે,
એણે બંધનની ભીતિ ભગાડી....કે હાવે હાવે,
એ....એ તો મારા મનમાં બેઠો.... ગોપાળ મારે જોવો છે....ઓ સાહેલડી૦

ઓ સાહેલડી! મારા હૈયે ઉમંગ ઊભરાતો....કે હાવે હાવે,
એને ઘડીભર નથી વિસરાતો....કે હાવે હાવે,
શાને વાત વાતમાં રિસાતો....કે હાવે હાવે,
એ....આજે કેમ નથી દેખાતો.... ગોપાળ મારે જોવો છે.... ઓ સાહેલડી૦

ઓ સાહેલડી! એને કોણ મનાવી લાવે....કે હાવે હાવે,
એની ઘડી ઘડી યાદ સતાવે....કે હાવે હાવે,
અલી! ખાવું કેમ કરી ભાવે....કે હાવે હાવે,
એ...મારા આતમને ઊંઘ ના આવે...ગોપાળ મારે જોવો છે...ઓ સાહેલડી૦

૬૦. [રાગ : દીવડા વિના અંધારું રે...]

ઓરડા મહીં અંધારું રે, ઠાકોરજી! મારા ઓરડા મહીં અંધારું રે....
વેદપુરાણો શાસ્ત્રો રે વાંચ્યું,
તને નીરખવા રાતદિન યાચ્યું,
તો યે દીઠું ના રૂપ તારું રે, ઠાકોરજી! મારા ઓરડા મહીં અંધારું રે....
ભાવ ન જાણું સેવા ન જાણું,
શક્તિ પ્રમાણે ભક્તિ પ્રમાણું,
કર જોડીને હું તો પોકારું રે, ઠાકોરજી! મારા ઓરડા મહીં અંધારું રે....
સેવા સામગ્રી સર્વે તમારી,
મારું માનીને ફૂલે નરનારી,
ફળફૂલ સર્વ તમારું રે, ઠાકોરજી! મારા ઓરડા મહીં અંધારું રે....

ક્યાં છો છુપાયા દેવકીના તન?
કૃપા કરીને દીયો દરશન,
જોવા તલસે મન મારું રે, ઠાકોરજી! મારા ઓરડા મહીં અંધારું રે...

અંતરના ઓરડે દીપક પ્રગટાવો,
પ્રગટ થઈને મુખડું બતાવો,
તમે જલદી કરો અજવાળું રે, ઠાકોરજી! મારા ઓરડા મહીં અંધારું રે...

દાસ ગજો કહે સુણો નરનારી,
દોષ ને દુર્ગુણ ફેંકો ઉખાડી,
સત્સંગનું હાંકજો ગાડું રે, ઠાકોરજી! મારા ઓરડા મહીં અંધારું રે...

૬૧.

આખી દુનિયાનો ઠાકોર આવ્યો દોડીને ડાકોર...
મારાં મહી-માખણનો ચોર આવ્યો દોડીને ડાકોર...
આવ્યો દોડીને ડાકોર, આવ્યો હરખીને ઠાકોર...આખી૦

વિનતી બોડાણાએ કીધી, વ્હાલા! તેં ઝટ માની લીધી,
બંધાયો તું પ્રેમની દોર, આવ્યો દોડીને ડાકોર.. આખી૦

ભક્તિભાવે વશ થઈ આવ્યો, સાથે ગોમતીજી લાવ્યો,
ભાવ્યો ભક્તોને મન ઓર, આવ્યો દોડીને ડાકોર...આખી૦

ધન્ય ધન્ય ગંગાબાઈની વાળી સવા વાલ થયા વનમાળી,
ભક્તોના ભાવ થકી તરબોળ, આવ્યો દોડીને ડાકોર...આખી૦

પરચા એવા અનેક આપ્યા, જોઈ ગુગળીએ મારગ કાપ્યા,
કોઈનું ચાલ્યું ના ત્યાં જોર, આવ્યો દોડીને ડાકોર...આખી૦

દર પુનમનો ભરાયે મેળો, લાખ ભક્તોનો મળે જમેલો,
આનંદ આનંદ આઠે પહોર, આવ્યો દોડીને ડાકોર...આખી૦

માખણ-મિસરી કોઈ ધરાવે, કોઈ મગજના લાડુ લાવે,
શંકર ખાલી મચાવે શોર, આવ્યો દોડીને ડાકોર...આખી૦

૬૨. [ રાગ : મારો હેલો સાંભળો... ]

અયોધ્યાના રાજા, દશરથના બેટા,
ભરતજીના વીરા, સતી સીતાના સરતાજ...મારો હેલો સાંભળો રે જી!
મારો હેલો સાંભળો....અયોધ્યાના રાય,
દયા કરો તો પ્રભુ પાર બેડો થાય.... મારો હેલો૦
ઊંચા નીચા ડુંગરા ને ભય ભરેલી ઝાડી,
સરોવરને તીર કરે છે શબરી પોકાર.... મારો હેલો૦
જ્ઞાની ધ્યાની ઋષિ મુનિને વધી ગયો છે ત્રાસ,
વ્હાલા વેગે આવો, નહીં તો થાશે હાહાકાર.... મારો હેલો૦
ઊભી ઊભી શબરી કરે છે પોકાર,
દર્શન કાજે મેં તો તજ્યાં ઘરબાર.... મારો હેલો૦
જાતની છું ભીલડી, શબરી મારું નામ,
નાની સરખી ઝૂંપડીમાં જપું સીતારામ.... મારો હેલો૦
રામ-લક્ષ્મણ જાનકીને શોધવા રે જાય,
સાદ સુણીને વ્હાલમો આવ્યો એણી વાર.... મારો હેલો૦
ઊઠ ઊઠ શબરી! આંખ ઉઘાડી જો,
ચૌદ ભુવનનો નાથ આજે ઊભો તારે દ્વાર.... મારો હેલો૦
રૂડી મીઠી બોરડીનાં એંઠાં મીઠાં બોર,
અંતરથી આરોગીને બંધાયા પ્રેમની દોર.... મારો હેલો૦
રામ-લક્ષ્મણ જોઈ શબરી બની છે દંગ,
નંદુના શામળીઆએ જુઓ કેવો રાખ્યો રંગ.... મારો હેલો૦

૬૩. [ રાગ : જાગજે તું જાગજે ]

આવજો હો આવજો, વાર ના લગાડજો,
ભક્તો કરે છે પોકાર, હો આવજો.... આવજો હો૦
નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી,
લઈને શામળિયાનું રૂપ, હો આવજો.... આવજો હો૦

ભક્ત પ્રહ્‌લાદની ટેક તમે રાખવા,
માર્યો હિરણ્યકશ્યપ ભૂપ, હો આવજો.... આવજો હો૦

મીરાં તે બાઈનાં ઝેર તમે પીધાં,
મીરાંના ગિરિધર ગોપાળ, હો આવજો.... આવજો હો૦

ભરી સભામાં સતી દ્રૌપદીનાં
ભાવે પૂર્યાં રે તમે ચીર, હો આવજો.... આવજો હો૦

દાસ નંદુના નંદ દુલારા!
તમે લેજો ભક્તોની સંભાળ, હો આવજો.... આવજો હો૦

૬૪. [એકાદશી-માહાત્મ્ય]

આજે એકાદશી, તન મન પાવન કરનારું વ્રત એકાદશી....
આજે હરિજન હૈયે હોંશ ધરી,
કરો ભજન પ્રભુનું ભાવ ધરી,
આજે અવર ઉપાધિ અલગ કરી.... આજે૦

આજે હરિજનને હરિમય થાવું,
આજે અવર સ્થળે નવ અથડાવું,
આજે નામ વ્રત પીવું ને પાવું.... આજે૦

ઉત્તમ વ્રત શુભ એકાદશી,
તે હરિજન ભક્તને હૃદય વસી,
આજે ભજન કરવું કમર કસી.... આજે૦

આજે વિનય વિવેક વિરાગ ધરી,
માયા ખટપટથી દૂર જ વસી,
આજે રામ નામની બાંધી લો રસ્સી.... આજે૦

આજે એકાદશી ભવ ભવ હરણી,
આજે તિથિ મોંઘી તારણ તરણી,
આજે છે સ્વર્ગ જવાની નીસરણી.... આજે૦

૬૫. [રાગ : સાવનકા મહિના]

આવ્યો મૂઠી વાળી, જવાનો ખાલી હાથ,
ભવનું ભાથું ભરવા ભજી લો દીનાનાથ....(ટેક)
આવ્યો શું કરવા જગમાં કરી શું રહ્યો છે?
એક દિન જાવું પડશે છોડી સૌ સંગાથ.... ભવનું ભાથું૦

અહીંયાંનું પોલ તારું ત્યાં નહીં ચાલે,
પ્રભુનો સપાટો પડશે પછી નહીં ફાવે,
જોયું મથી મથી કોઈ આવે ના સંગાથ.... ભવનું ભાથું૦

નરહરિ ખોટું કદી કોઈનું ના કરતો,
અનીતિના રસ્તે કદી પગલું ના ભરતો,
અજવાળાની પાછળ કાળી અંધારી રાત.... ભવનું ભાથું૦

૬૬.

ઓ કૈલાસવાસી શિવજી રે (૨)...તમને લાખો પ્રણામ.
અમે નિશદિન તમને વંદીએ રે (૨)...તમને લાખો પ્રણામ.

મારા લાખો પ્રણામ સ્વીકારો, સ્વીકારી ધન્ય બનાવો,
પ્રભુ અંતરના અવિનાશી, તમે અરજી અમારી સ્વીકારો,
અમે ભાવે ભજીએ તમને રે.... તમને લાખો પ્રણામ.... ઓ૦

આ ઉત્સવમાં પ્રભુજી આવો, સંગ પાર્વતીજી લાવો,
તમે વિનંતી હેતે સ્વીકારો, આવીને આશિષ આપો,
અમે લળી લળી લાગીએ પાય.... તમને લાખો પ્રણામ.... ઓ૦

ઓ દીનદયાળુ શિવજી, દર્શનની ઝંખના જાગી,
અમે શરણ તમારે આવ્યા, પ્રભુ! રાખો લાજ અમારી,
અમે પ્રીતે નમીએ તમને રે.... તમને લાખો પ્રણામ.... ઓ૦

પ્રભુ! સૌના અંતર્યામી! પ્રભુ દર્શન દ્યો ત્રિપુરારી!
પ્રભુ વસજો અંતર માંહી, છો શિવ શંભો સુખકારી!
ભક્તમંડળ તમને વંદીએ રે.... તમને લાખો પ્રણામ.... ઓ૦

૬૭. [રાગ : બોલતા નથી રે કેમ બોલતા નથી/અમે મહિયારાં રે]
આવતો રહેજે આવતો રહેજે આવતો રહેજે રે....
ભૂલેચૂકે ભજનમાં આવતો રહેજે રે.

માના ઉદરમાં ઊંધો લટક્યો,
દીનાનાથે દયાથી બહાર પટક્યો,
કેશવને કોલ દીધો પાળતો રહેજે રે.... ભૂલેચૂકે૦

કથાકીર્તન કોઈ દિ કાનેથી સુણજે,
મનડાને સ્થિર કરી સત્સંગે વાળજે,
સેવાથી જાત તારી ઘસતો રહેજે રે.... ભૂલેચૂકે૦

સેવા, સ્મરણ એ કરવાનાં કામ છે,
જગમાં અમર થયાં ભક્તોનાં નામ છે,
જીભેથી કૃષ્ણ કૃષ્ણ કહેતો રહેજે રે. ... ભૂલેચૂકે૦

પુણ્ય ને ધર્મથી હાથને દીપાવજે,
દેવમંદિરમાં દોડી તું આવજે,
ચરણોમાં શિષ ઝુકાવતો રહેજે રે.... ભૂલેચૂકે૦

શાન્તિના નાથ શ્રીજી સૌને ઉગારશે,
કામ ક્રોધ મોહ લોભ સમૂળાં ત્યાગજે,
નયનોથી નંદલાલ દેખતો રહેજે રે....ભૂલેચૂકે૦

૬૮. [રાગ : અમ્મર તું રાખજે, મા મા ! મારી ભક્તિનો દીવડો...]
અમર તું રાખજે, મા ! મા ! મારાં ચૂડી ને ચાંદલો,
બીજું કાંઈ જોઈએ ના, મા ! મા ! મારાં ચૂડી ને ચાંદલો.

ચૂડલો પહેર્યો છે, મા ! સુંદર મજાનો,
હેમથી મઢેલાં છે, મા ! મા ! મારાં ચૂડી ને ચાંદલો.

ચાંદલો કર્યો છે, મા ! લાલ કુમ કુમનો,
સેંથો પૂર્યો છે, મા ! રંગ સિંદુરનો,
અવિચળ રાખજે, મા ! મા ! મા ! મારાં ચૂડી ને ચાંદલો.

સુંદર મઝાની લાલ ઓઢી છે ચૂંદડી,
પૂજનનો થાળ લઈ ઊભી દ્વારે ખડી,
અભિલાષ પૂરજો, મા! મા! મારાં ચૂડી ને ચાંદલો.

અખંડ સૌભાગ્ય મારું અવિચળ રાખજો,
ત્રિવિધ તાપને ભસ્મ કરી નાખજો,
આટલું તો આપજો, મા! મા! મારાં ચૂડી ને ચાંદલો.

ચૂડલો પહેર્યો છે મા! સુંદર મજાનો,
હેમથી મઢેલો છે, મા! મા! મારાં ચૂડી ને ચાંદલો.
અવિચળ રાખજે મા! મા! મારાં ચૂડી ને ચાંદલો.

૬૯. [રાગ: ઓ મારા વ્હાલા રે, તારો ભરોસો મને ભારી...

ઓ મારા વ્હાલા રે કાયાનો કોટ મહાભારી,
કે તમે ખોલો ભીતરની બાર...

થાકીને આવ્યો હું તો આપના શરણમાં,
માગું છું વાસ સદા આપના ચરણમાં,
ઓ મારા વ્હાલા રે દુનિયા લાગે છે હવે ખારી... તમે ખોલો૦

એક છે આશરો આપનો છોગાળા,
હૈયે હોઠે ને હાથ આપની જ માળા,
ઓ મારા વ્હાલા રે જમડાની બીક બહુ ભારી... તમે ખોલો૦

ફોગટ સંસાર બધો જૂઠથી ભરેલો,
માયા ને મોહના ઠાઠમાં ઠરેલો,
ઓ મારા વ્હાલા રે સુણે ના વાત કોઈ મારી... તમે ખોલો૦

શંકરના આપ એક, આપને અનેક છે,
ભૂલ્યો ન ભૂલું હવે એ જ એક ટેક છે,
ઓ મારા વ્હાલા રે! હું તો છું ભાવનો ભિખારી... તમે ખોલો૦

૭૦.

અમ્મર તું રાખજે, મા ! મા ! મારી ભક્તિનો દીવડો,
અખંડ તું રાખજે, મા ! મા ! મારી ભક્તિનો દીવડો.
બીજું કાંઈ જોઈએ ના, મા ! મા ! મારી ભક્તિનો દીવડો...
સારા કર્મનું કોડિયું બનાવું,
નીતિની માંહી વાટ મુકાવું,
શ્રદ્ધાનું દિવેલ પૂરજે, મા ! મા ! મારી ભક્તિનો દીવડો...અમર૦
માની પાસે શું બાલુડાં માગે ?
માને લળી લળી પાયે રે લાગે,
ભાવથી દર્શન દેજે, મા ! મા ! મારી ભક્તિનો દીવડો...અમર૦
આરા તે સુરથી અંબાજી આવ્યાં,
પાવા તે ગઢથી કાળિકા આવ્યાં,
ભલાં બહુચર આવજો, મા ! મા ! મારી ભક્તિનો દીવડો...અમર૦
બ્રહ્મા રે લોકથી બ્રહ્માણી આવ્યાં,
ઋષિપત્નીઓને સાથ તેડી લાવ્યાં,
ખોડિયાર આવજો, મા ! મા ! મારી ભક્તિનો દીવડો...અમર૦
ઈન્દ્ર તે લોકથી ઈન્દ્રાણી આવ્યાં,
નવ દુર્ગાને સાથ તેડી લાવ્યાં,
મળી છે સરખી જોડ, મા ! મા ! મારી ભક્તિનો દીવડો...અમર૦

૭૧. [રાગ : ઓરડા મહીં અંધારું રે, ઠાકોરજી મારા...]
અખંડ વરને વરી રે સાહેલી ! હું તો અખંડ વરને વરી.
ભવસાગરમાં મહાદુઃખ પામી (૨)
લખચોર્યાસી ફરી રે સાહેલી ! હું તો અખંડ વરને વરી.
સંસાર સઘળો કાળો કારમો,
તે દેખીને થરથરી રે, સાહેલી ! હું તો અખંડ વરને વરી.
કુટુંબ સહોદર સઘળાં છે સ્વાર્થી,
પ્રપંચને પરહરી રે, સાહેલી ! હું તો અખંડ વરને વરી.

જનમ ધરીને સંતાપો વેઠ્યા,
ઘરનો તે ધંધો કરી રે, સાહેલી! હું તો અખંડ વરને વરી.
સંત-શરણુમાં મહાસુખ પામી,
બેઠી ઠેકાણે ઠરી રે, સાહેલી! હું તો અખંડ વરને વરી.
સત ગુરુની પૂરણ કૃપાથી
ભવસાગર ગઈ તરી રે, સાહેલી! હું તો અખંડ વરને વરી.
ગાય મીરાં ગુણ ગિરિધર નાગર!
સંતોના ચરણે ઢળી રે, સાહેલી! હું તો અખંડ વરને વરી.

૭૨.

ઓ કૃષ્ણ કનૈયાલાલ! લે મારી સંભાળ, લે મારી સંભાળ....
લેજે તું સંભાળ મારી, વિશ્વનો પ્રતિપાળ, વિશ્વનો પ્રતિપાળ!
તારા ભરોસે જીવન મારું (૨)
સંભાળજે નંદલાલ (૨).... ઓ કૃષ્ણ૦

સુધન્વાની તાતા તેલે, તેં લીધી સંભાળ, તેં લીધી સંભાળ....
જ્વાળાને તેં શીતળ કીધી (૨)
ઉગારિયો તત્કાળ (૨).... ઓ કૃષ્ણ૦

લાખા ભુવનમાં બળતા રાખ્યા કુન્તીના તેં બાળ, કુન્તીના તેં બાળ....
મૃત્યુના મોંઢામાંથી ખેંચી (૨)
લીધા તેં ગોપાળ (૨).... ઓ કૃષ્ણ૦

નિર્બળ ને નિર્ધન થઈ બેઠો; લે હેતે સંભાળ, લે હેતે સંભાળ....
શિવરામની અરજી સાંભળજો (૨)
કાળ તણા હો કાળ (૨).... ઓ કૃષ્ણ૦

૭૩. [રાગ : સાવનકા મહિના... ]

અમાસને અજવાળે એ દિવાળી કહેવાય,
અંતરને અજવાળે એને રોજ દિવાળી થાય.

ધનતેરશે લક્ષ્મીપૂજન, કાળીચૌદશે સાધના,
ભાવ થકી જે કરતો રહે છે ભક્તિની આરાધના,
એના દિલનું અંધારું તે પ્રકાશમાં પલટાય.... અંતરને૦
દિવાળીમાં દિવાલ રંગે, વાસણ અજવાળાય છે,
આંગણિયામાં વિવિધ રંગે રંગોળી પુરાય છે,
રંગીલા રંગે સૌનું હૃદયકમળ રંગાય.... અંતરને૦
દિલ કેરા દાવાનળનું દારૂખાનું ફોડજો,
તોરણિયાંના તારે તાર ત્રિકમજીથી જોડજો,
દિલ દેવળમાં દીવો કરે તો હૈયેથી હોળી જાય.... અંતરને૦
પુનિત સંતો દિવાળી બસ દિવાળી કરાવતા,
પ્રભુ-સ્મરણનાં પકવાનો એ ભૂખ્યાંને ધરાવતા,
રામભક્ત ભક્તિભોજન ખવડાવે ને ખાય.... અંતરને૦

૭૪. [ રાગ : સરસ્વતી માતા હો મારી... ]

ઈજારો તો નથી લીધો હજી કોઈએ ભજન કેરો,
નથી પરમીટ નથી લાયસંસ નથી કાંઈ લાગતો વેરો.... ઈજારો૦
ઉધારો કાલ પર રાખી, ભજનની મોજને માણો,
જૂઠી જંજાળને છોડી, પ્રભુથી પ્રીત રે જોડો,
જુવાની જાય છે દોડી, પડચો શિર કાળનો ઘેરો.... ઈજારો૦
સહેજ સંજોગ કાયાનો, મૂકી દો મોહ માયાનો,
સમજ ઉદ્યોગ આત્માનો, વિચારો ધર્મ પાયાનો,
સમયનાં મૂલ સમજી ના ગુમાવીશ વ્યર્થમાં ફેરો.... ઈજારો૦
જરા દિલમાં વિચારી લ્યો, હૃદયનાં દ્વાર ખોલી દો,
પ્રભુથી પ્રીત જોડી લ્યો, તમે અદ્દભુત પામશો લ્હેરો.... ઈજારો૦

૭૫. [ રાગ : તને ખબર પડી ગઈ બધી વાતની... ]

કહું રામલક્ષ્મણની વારતા, કહ્યું માતાપિતાનું એ તો માનતા,
એ તો હાથે ધનુષ્ય બાણ ધારતા.... કહ્યું માતાપિતાનું૦

રાજા દશરથના બાળ, માતા કૌશલ્યાના લાલ,
એ તો ગુરુની આજ્ઞા પાળતા.... કહ્યું માતાપિતાનું૦
લઈ વિશ્વામિત્રનો સાથ, ગયા જનક દરબાર,
એ તો નારી અહલ્યા તારતા.... કહ્યું માતાપિતાનું૦
તોડયું ધનુષ્ય ભારી, ગયા'તા ભૂપ સૌ હારી,
સીતા હરખીને માળા પ્હેરાવતાં.... કહ્યું માતાપિતાનું૦
આનંદ મંગળ વરતાય, કાલે રામરાજ્ય થાય
માતા કૈકેયી વનવાસ અપાવતાં.... કહ્યું માતાપિતાનું૦
રામ લક્ષ્મણ બેઉ ભ્રાત, વળી સીતા સતી સાથ,
રામ રાજ્ય અયોધ્યાનું ત્યાગતા.... કહ્યું માતાપિતાનું૦
રાખી હૈયામાં ધીર, આવ્યા ગંગાને તીર,
રામ કેવટના હૈયાને ઠારતા.... કહ્યું માતાપિતાનું૦
કીધો ભરત મિલાપ, ટાળ્યો ઉરનો સંતાપ,
રામ પંચવટીમાં મઢી બંધાવતા.... કહ્યું માતાપિતાનું૦
આવ્યો લંકા નરેશ, લઈ કપટી સાધુ વેશ,
રામ મામા મારીચને મારતા.... કહ્યું માતાપિતાનું૦
ત્યાંથી ચાલ્યા રઘુરાય, લાગ્યા શબરીને પાય,
રામ એઠાં મીઠાં બોર ચાખતા.... કહ્યું માતાપિતાનું૦
રામ કરતા વિલાપ, થયો હનુમાન-મિલાપ,
રામ દુષ્ટ વાલીને સંહારતા.... કહ્યું માતાપિતાનું૦
દીધી લંકા બાળી, ગયો રાવણ હારી,
રામ રાજ્ય વિભિષણને આપતા.... કહ્યું માતાપિતાનું૦
નંદુ મંગળ ગાય, સૌને આનંદ થાય,
રામ રાજ્ય અયોધ્યામાં સ્થાપતા.... કહ્યું માતાપિતાનું૦

૭૬. [ રાગ : તને ખબર પડી ગઈ બધી વાતની ]

કહું છું રાજા રણછોડની વારતા, જયારે નાના હતા ગાયો ચારતા.
એ તો મુખ પર મોરલી ધારતા.... જયારે નાના૦

આવે ગોવાળોની સાથ મારે માખણ પર હાથ,
એ તો કહેવા આવે એને ઝાલતા.... જ્યારે નાના૦
દેતાં મામા-માસી ત્રાસ, એનો કરી નાખ્યો નાશ,
એ તો દુષ્ટોને પકડીને મારતા.... જ્યારે નાના૦
કર્યા કૌરવોને તંગ, રહ્યા પાંડવોની સંગ,
એ તો શરણે આવેલાને તારતા.... જ્યારે નાના૦
લીધી દ્વારિકાની વાટ, વસ્યા ગોમતીને ઘાટ,
એ તો પાપીનાં પાપોને બાળતા.... જ્યારે નાના૦
જેને દર્શનની આશ, પુનિત દેતા પ્રકાશ,
એ તો રામભક્તોને પંપાળતા.... જ્યારે નાના૦

૭૭.

કાનાને માગ્યો દેને રે, જશોદા! કાનાને માગ્યો દેને રે....!
આજની રજની રંગભેર રમીશું,
પ્રભાતે પાછો લેને રે, જશોદા! કાનાને માગ્યો દેને રે....!
તલભાર જવભાર ઓછો કરું તો,
ત્રાજવે તોળી લેને રે, જશોદા! કાનાને માગ્યો દેને રે....!
હાથી ઘોડા ને માલ ખજાના,
હાર હૈયા તણો લેને રે, જશોદા! કાનાને માગ્યો દેને રે....!
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણ કમળ ચિત્ત રહે છે રે, જશોદા! કાનાને માગ્યો દેને રે....!

૭૮. [રાગ : એકવાર એકવાર એકવાર મોહન... ]

કાયાના રૂપમાં ને માયાના રંગમાં ભૂલેચૂકે ના ફસાઓ રે....
પ્રેમ કરી રંગમાં હૈયાં ઝબોળી (૨)
પ્રેમરસ પીઓ ને પાવો રે.... કાયાના૦
માયા ને તૃષ્ણાના પહાડો તોડી (૨)
પુણ્યોનાં પાણી વહાવો રે.... કાયાના૦

'હું ને મારું'ના ઘાટ ઓળંગી (૨)
પ્રભુને ધામ પહોંચી જાઓ રે.... કાયાના૦
શંકર કહે શ્યામસુંદરને ભેટી (૨)
જ્યોતિમાં જ્યોતિ મિલાવો રે.... કાયાના૦
કાયાના રૂપમાં ને માયાના રંગમાં (૨)
ભૂલેચૂકે ના ફસાઓ રે.... કાયાના૦

૭૯.

ક્હેજે રે તારા કાનુડાને ક્હેજે,
એકાંતે બેસાડી જરા મીઠો ઠપકો દેજે.... ક્હેજે રે૦
વાંકાબોલો લાલ તારો, વાંકી એની ચાલ છે,
વાંકી એની વાત અને વાંકું એનું વ્હાલ છે,
વાંકી એની આદતોથી પાછો વાળી લેજે.... ક્હેજે રે૦
જેની તેની સાથે લડે, ખરો ટંટાખોર છે,
વાટે ઘાટે દ્હાડે રાતે, જબરું એનું જોર છે,
ક્હેજે એને સૌની સાથે વ્હાલભર્યો રૂહેજે.... ક્હેજે રે૦
કોઈનું કહ્યું માને નહીં, એવો ફાંકો રાખતો,
સૌના કામ માંહી આવી વિઘ્ન ભારે નાખતો,
કોણ જાણે શું ભર્યું એનાં આવા ભેજે?.... ક્હેજે રે૦
પુનિત વાતો ક્હેતાં એને ખોટું લાગી જાય છે,
સીધું કહેતાં ઊલટું લાગે, નાહકનો રિસાય છે,
ક્હેજે એને રામભક્ત સાથે સીધો રૂહેજે.... ક્હેજે રે૦

૮૦. [રાગ : તારો કાનુડો માખણચોર છે...]

કાળા કાનુડે રે મોરલી વગાડી....
હાંરે....સખી! મારી ઊંઘને બગાડી.... કાનુડે રે૦
મનડું હરવાનો એણે કર્યો મનસૂબો,
ધારી અધર પર મોરલી એ ઊભો,
હાંરે.... મીઠા મીઠા સૂર રહ્યો છોડી.... કાનુડે રે૦

મનડું મૂંઝાય મારું મળવા એ શ્યામને,
અંતર અકળાય ને ભૂલી હું તો ભાનને,
હાંરે....એના સ્વરૂપે સુરતા લગાડી.... કાનુડે રે૦
સગાં સંબંધી સહુ મારગમાં રોકતાં,
કડવાં એ વેણ થકી વારે વારે ટોકતાં,
હાંરે....પેલી નણદીથી હું ગઈ હારી.... કાનુડે રે૦
ભાંગી ભંગાય ના ભાવનાની ભૂખને,
કહેવાય સ્હેવાય ના અંતરના દુઃખને,
હાંરે....થાય ભ્રમણા જાવું ઘર છોડી.... કાનુડે રે૦
સુણતાં એ સૂર, સખી ! મુજથી રહેવાય ના,
શ્યામનો વિયોગ હવે ઘડીયે સ્હેવાય ના,
હાંરે....બાળ છોરુ તરછોડી આજ દોડી.... કાનુડે રે૦

૮૧. [રાગ : અમે મહિયારાં રે... ]

કાનો ગોવાળિયો રે ગોકુળ ગામનો.
એ....હાલો હાલોને જોવા જઈએ.... ગોવાળિયો રે૦
માથે મુગટ ને કાને છે કુંડળ,
મુખ પર મોરલી સોહે છે સુંદર,
એ....એને દુઃખડાં આપશું દઈએ.... ગોવાળિયો રે૦
ખભે છે કામળી ને હાથમાં છે લાકડી,
ભોળી ભટાક એની જશોદા માવડી,
એ....એને તોફાન શ્યામનાં કહીએ.... ગોવાળિયો રે૦
મલકાતું મુખડું ને અમી ભરી આંખડી,
દુઃખિયાનો બેલી ને આંધળાની લાકડી,
એ....એનાં ચરણોની રજ માથે લઈએ.... ગોવાળિયો રે૦
જમના કાંઠે એક ગોકળિયું ગામ છે,
સહસ્ર ગોપીઓ ને રાધાનો શ્યામ છે,
એ....એના દરશને આજ ઝટ જઈએ.... ગોવાળિયો રે૦

કૃષ્ણ કનૈયાનો મહિમા છે મોટો,
એના શરણમાં સુખનો ન તોટો,
એ....એના સંગે તે નિશદિન રહીએ.... ગોવાળિયો રે૦
જય જય કૃષ્ણ કમલદલ લોચન!
જય જગવંદન દેવકીનો નંદન!
એ....એવા મોહન વરને વરીએ.... ગોવાળિયો રે૦

૯૨.

કૃષ્ણ! તારી મોરલી મને ભાન ભુલાવે.
ભાન ભુલાવે ને ઘેલો બનાવે (૨)... કૃષ્ણ૦
એક તરફ તારી યાદ સતાવે,
બીજી તરફ જગત માયા જગાવે,
માયા જગાવે તારી ભક્તિ ચુકાવે (૨)... કૃષ્ણ૦
દર્શન તો દેતા નથી શામળિયા!
કેમ કરી વીતે મારી ઉમરિયાં?
ઘેલપણું મારું નહીં રે સમજાયે (૨)... કૃષ્ણ૦
માયા લગાડી તમે અળગા રહ્યા છો,
ડૂબે છે નાવ મારી, ભૂલી ગયા છો,
તારા વગર આ નાવ કોણ તારે? (૨)... કૃષ્ણ૦

૯૩.

કાલા ઘેલા બોલ તારા લાગે છે મીઠડા...
રોજ રોજ મળવા તું આવ, શ્યામ તને રાધાના સમ છે... કાલા ઘેલા૦
જમના ઘાટ પર જળ ભરવા જાઉં છું,
તારા માટે છાનાં માનાં ખાવાનું લાવું છું,
અંતરની આગને બુઝાવ, શ્યામ તને૦... રોજ રોજ૦

તારો વિયોગ શ્યામ મુજથી સહેવાય ના,
દિલડાની વાત બીજા કોને કહેવાય 'હ્યા ?
વાંચી જો હૈયાના ભાવ, શ્યામ તને૦.... રોજ રોજ૦

અજવાળી રાતે તું એકલડો આવજે,
વૃંદાવન કુંજમાં રાસ રચાવજે,
અમ સાથે રજની વિતાવ, શ્યામ તને૦.... રોજ રોજ૦

શ્યામ તારો શુદ્ધ પ્રેમ હૈયાને ખેંચતો,
ગોપ અને ગોપીમાં સરખો તું વહેંચતો,
હવે ના ઝાઝું તલસાવ, શ્યામ તને૦.... રોજ રોજ૦

૮૪.

કૈસે આવું રે, કનૈયા તેરી ગોકુલકી ગલી બડી દૂર નગરી !
જલ્દી જલ્દી ચલું કાના, સાંસ ન માયે,
ધીરે ધીરે ચલું પ્યારા, લાગે કંકરી.... બડી૦
જમનામેં ઊતરું તો, પાયલ મેરા ભીંજે,
ઔર કૂદ પડું તો કાના, જાઉં સઘળી.... બડી૦
જશોદા કે પૂત ઔર નંદ કે નંદન,
મીઠી મીઠી બાજે તેરી વાંસલડી.... બડી૦
રાતકો આવું કાના, જિયા પબરાતા,
દિનકો આવું કૈસે, સબ જાગે નગરી.... બડી૦
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
તેરે ચરણુમેં શીશ નમાવું રે હરિ.... બડી દૂર નગરી; કૈસે૦

૮૫. [ રાગ : ફરી ફરી જનમ ન આવે રે હો મનવા... ]
કોણે તને શામળો કીધો રે ગોવાળિયા,
કોણે તને શામળો કીધો રે ?
કોણે તને કામળો દીધો રે શામળિયા,
કોણે તને કામળો દીધો રે ?

મથુરામાં જનમ જ લીધો,
ગોકુળમાં જઈ વાસો કીધો રે, ગોવાળિયા.... કોણે તને૦

દેવકીજીએ જનમ જ દીધો,
જશોદાના ખોળે જઈ બેઠો રે, ગોવાળિયા.... કોણે તને૦

માથે મુગટ ને કાનોમાં કુંડળ,
મુખ પર મોરલી ધારી રે, ગોવાળિયા.... કોણે તને૦

શરદપૂનમનો રાસ રચ્યો છે,
સોળસેં ગોપીમાં એક કાનો રે, ગોવાળિયા.... કોણે તને૦

વૃન્દાવનમાં ધેનુ ચરાવે,
મહીનાં દાણ લેતો દીઠો રે, ગોવાળિયા.... કોણે તને૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણકમળ બલિહારી રે, ગોવાળિયા.... કોણે તને૦

૮૬.

કઠણ હૈયાનો કાન મુને ના બોલાવે,
મુને ના બોલાવે મારા મંદિરે ના આવે.... કઠણ૦

જળ જમુના જાઉં ત્યારે પૂંઠે પૂંઠે આવે,
વગર બોલાવ્યે મારાં બેડલાં ચઢાવે.... કઠણ૦

જમનાના તીરે વ્હાલો ધેનુ ચરાવે,
વગર ભળાવ્યે મારી ગાવડી સંભાળે.... કઠણ૦

વૃન્દા તે વનમાં રાસ રચ્યો છે,
સોળસો ગોપીમાં વ્હાલો થનક થૈ નાચે.... કઠણ૦

વલોણું વલોવું ત્યારે છાનોમાનો આવે,
વગર બોલાવ્યે મારાં માખણ ઝૂંટી ખાવે.... કઠણ૦

ગાય દૂહોવા જાવું ત્યારે ધીરે ધીરે આવે,
છાનો છાનો આવી મારાં છોરુંને રડાવે.... કઠણ૦

નરસૈં મહેતાના વ્હાલા સ્વામી શામળિયા,
ભક્તોની ભીડે વ્હાલો દોડી દોડી આવે.... કઠણ૦

૮૭.

કૃષ્ણજીને કહો સમાચાર, કહો જી સમાચાર,
મિલનકો સુદામાજી આયે.
હમ તુમ મિત્ર હૈ બાલપન કે પઢતત એક નિશાળ....
હો, એક નિશાળ.... મિલનકો૦.... કૃષ્ણજીને૦
ફાટી હૈ ધોતી ઔર તૂટી પાવડિયાં
ચલત ચલત પાંવ જ ઘસીયા, પાંવ જ ઘસીયા.... મિલનકો૦
રાની રુકમનીજીકો ભેટ ધરાઈ, તાંદુલ તીન શેર પાઈ,
હો, તીન શેર પાઈ.... મિલનકો૦.... કૃષ્ણજીને૦
સુરદાસ પ્રભુજી તુમ્હારે મિલનકો, કંચન મહેલ બનાયે,
હો, મહેલ બનાયે.... મિલનકો૦... કૃષ્ણજીને૦

૮૮. [રાગ : ગુણવંતી ગુજરાત અમારી ગુણવંતી...]
કૃષ્ણ કનૈયા, બંસી બજૈયા કરજો હમારી સહાય,
તમારો હો જો જય જયકાર.... કૃષ્ણ૦
ગોકુળ ગામ તણા ગોવાળા, દહીં-માખણના તમે ખાનારા,
મુરલીધર ઘનશ્યામ કહાવો નંદ જશોદાના લાલ,
તમારો હોજો જય જયકાર.... કૃષ્ણ૦
માસી પૂતના મારી તમે તો, કંસનિકંદન કર્યું તમે તો,
લજ્જા રાખી દ્રુપદસુતાની ભરી સભા મોઝાર,
તમારો હોજો જય જયકાર.... કૃષ્ણ૦
ગોપીવલ્લભ ગિરિધરધારી, મુરલીધર છો શ્યામસુરારિ,
નટવર મોહન નામ તમારું ગુણ ગુણના ભંડાર,
તમારો હોજો જય જયકાર.... કૃષ્ણ૦

દુનિયા કેરાં દુઃખ હરોને, ડૂબતી નૈયા પાર કરો ને,
દીનદયાળુ પરમ કૃપાળુ, સુણજો અમ પોકાર,
તમારો હોજો જયજયકાર.... કૃષ્ણ૦

૮૯. [ રાગ : અખંડ વરને વરી લે સાહેલી... ]

કાયાને કારણે ભેખ લીધો રે
રાણાજી, મેં તો માયાને કારણે ભેખ લીધો રે.
હસતો ને રમતો જોગી આવ્યો આંગણિયે,
દાસી જાણીને દર્શન દીધાં રે રાણાજી મેં તો૦
ગિરિધર વિના મને ઘડીયે ના ચાલે,
હરિરસ ઘોળી ઘોળી પીધો રે, રાણાજી મેં તો૦
શાં રે કામણ મારા કાનુડાએ કીધાં?
જગથી છૂટકારો લીધો રે, રાણાજી મેં તો૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
સ્વર્ગ પુરીમાં ડેરો કીધો રે, રાણાજી મેં તો૦

૯૦. [ રાગ : આ તો તારું ભાડાનું મકાન... ]

કીધી હતી જેલમાં શી વાત, હંસલા! ભૂલી ગયો રામને.
ક્યાં ગઈ તારી કબુલાત, હંસલા! ભૂલી ગયો રામને....કીધી૦
બહારનું જગ જોવા ફાંફાં તું મારતો,
પોકારો પાડીને તું આંસુડાં સારતો,
તે દિ નો'તી જીવને નિરાંત, હંસલા! ભૂલી ગયો રામને....કીધી૦
માયાના માંડવા હેઠળ તું નાચતો,
દુનિયાનું રાજ્ય તારું મુઠીમાં માનતો,
ઝૂલી રહ્યો સોનાની ખાટ, હંસલા ભૂલી ગયો રામને....કીધી૦
ખાધા તેં માર વારે વારે યમદેવના,
તોયે સુધરવાની રાખી ના તેં ખેવના,
વિચારી ના જોયું મનમાંહ્ય, હંસલા! ભૂલી ગયો રામને....કીધી૦

મનહર વખત વીત્યો સમજી લે સાનમાં,
માનવનું મૂલ્ય સાચું રામ-ગુણ ગાનમાં,
ખાલી ભરે આભથી શું બાથ, હંસલા! ભૂલી ગયો રામને....કીધી૦

૯૧. [રાગ : સાચો સગો શ્રીરામ છે, બીજાં સગાં શા કામનાં...]

કમળાપતિને ના ભજ્યા તો જિંદગી શા કામની?
મોહ મમતા ના મટ્યાં તો ભક્તિ કરી શા કામની?
અષાડ વાદળ ગડગડે ને ગગન દમકે દામિની;
વાદળી વરસે નહીં તો દામિની શા કામની?....કમળાપતિને૦
પિયુ પોતાનો લાડ લડાવે, કહ્યું ન માને કામિની;
સેવા કરે નહીં સ્વામીની, એ ભામિની શા કામની?....કમળાપતિને૦
ઘર વેચી બાવા બન્યા ના લગની લાગી રામની,
પહેર્યાં ભગવા જગને ઠગવા, કફની-કંથા શા કામની?....કમળાપતિને૦
દુનિયા ડાહ્યા બની ઘણુંયે વાતો કરે સકળ ગામની,
ઘરમાં પાઈનું ચાલે નહીં, તો જિંદગી શા કામની?....કમળાપતિ૦
જગતમા કોઈ જાણે નહીં તો સરસ્વતી શા કામની?
દાસી જીવણ કહે લોભીજનોને લક્ષ્મી મળી શા કામની?....કમળાપતિ૦

૯૨. [જોઈ જોઈને ચાલો રે...]

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે....
નાહકમાં બધા મરે મથી મથી રે.... કોઈ૦
મનથી માનેલાં કે આ બધાં મારાં,
માની લે જીવડા, ન મારાં કે તારાં;
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે.... કોઈ૦
આ મારો દીકરો, આ મારો તાત છે,
આ મારી ઘરવાળી, આ મારી માત છે;
મૂઆ પછવાડે કોઈ મરતું નથી રે.... કોઈ૦

કંઈક ગયા ને કંઈક છે જવાના,
ના કોઈ રહ્યા, ના કાયમ રહેવાના,
સમાચાર એના કોઈ પૂછતું નથી રે.... કોઈ૦

પરમ કૃપાળુએ જનમ દીધો છે,
પાળી પોષીને મોટો કીધો છે,
તારા હૈયે નામ એનું વસતું નથી રે.... કોઈ૦

૯૩. [ રાગ : દેખ તેરે સંસારકી હાલત... ]

કેમ રિઝાવું, કેમ મનાવું ગોવર્ધન ગિરિધારી,
મોહનજી ! દર્શન દોને મોરારી.
કાલાવાલા કરું નંદલાલ ગોવર્ધન ગિરિધારી,
મોહનજી ! દર્શન દોને મોરારી.

સાંભળને તું વ્રજની નારી, પ્રાણ થકી લાગે અધિક પ્યારી,
શું છે ઇચ્છા, તમારી.... મોહનજી ! દર્શન૦.... કેમ૦

ભક્તોને આધીન હું રે થાઉં, ભક્તો વેચે ત્યાં હું રે વેચાઉં,
ભક્તોના હિતકારી.... મોહનજી ! દર્શન૦.... કેમ૦

દાસની વિનતી હૃદયમાં લેજો, નાથ ! તમારાં દર્શન દેજો,
તલસે આંખ્યું અમારી.... મોહનજી ! દર્શન૦.... કેમ૦

૯૪. [ રાગ : જોજે રે તારી જિંદગી જવાની... ]

શ્રીકૃષ્ણ ગોવિંદ નામ રટી લે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ જાપ જપી લે.
મંત્ર છે મોટો આ ભવ તરવાનો,
ચોર્યાશી ટાળવાનો આ જ પરવાનો,
ભીતિ તું યમના દૂતોની હરી લે.... હરે કૃષ્ણ૦

દયાળુની દયાથી આ દેહ મળ્યો છે,
કરજે હિસાબ અંતે શું તું રળ્યો છે,
ભૂલ્યો ત્યાંથી તું ફરીથી ગણી લે.... હરે કૃષ્ણ૦

સંપત્તિ જોઈ તારાં સગાં સહુ થાશે,
હાજી હા કરતાં એ ફોલીને ખાશે,
સવેળા ચેત, ભૂંડો સંગ તજી દે.... હરે કૃષ્ણ૦

ભક્તિના તાણાવાણા ગૂંથી લે ઘાટા,
જોજે ફરી ના અહીં ખાવા પડે આંટા,
મનહર શ્યામનું શરણુ ગ્રહી લે.... હરે કૃષ્ણ૦

૯૫. [ રાગ : જોજે રે તારી જિંદગી જવાની... ]

ક્યાંથી તું આવ્યો ને ક્યાં છે જવાનું ?
કહી દે ઓ હંસલા તારે ક્યાં રે સૂવાનું ?

અજબ ને રંગીલું તન આવ્યો લઈ ને,
રહેતો આનંદે છતાં પરવશ થઈ ને,
જાણ્યું નહીં જીવન જળ ઝાંઝવાનું.... કહી દે૦

તારી ભમાવી કાયા જ્યાં ત્યાં ભટકતી,
આશા નિરાશામાં અદ્ધર લટકતી,
ફરીને એને તજી પાછું ભમવાનું.... કહી દે૦

અનહદ ભાર માથે દીધો તેં વધારી,
કરીશ જો ઉધારી તો વહોરીશ નાદારી,
ચૂકવવાનું દેવું અંતે તો આવવાનું.... કહી દે૦

મનહર મન તારું માયામાં ઘેરાણું,
હૈયામાં બેઠો તોયે જડે ના ઠેકાણું,
રીઝે રામ તારો તો મટે ગોતવાનું.... કહી દે૦

૯૬.

કાન તમે આવો વલોણું તાણવા....
સોનાની ગોળી ને રૂપલા રવૈયો
નાગનાં નેતરાં કીધાં, કે....કાન તમે આવો૦

હળવે હળવે તમે તાણો વલોણું,
ગોળી નંદાશે મારી, કે....કાન તમે આવો૦
ગોળી નંદાશે મારી ચોળી છંટાશે,
તૂટશે હૈયાનો હાર મારો, કે....કાન તમે આવો૦
એટલું કહેતાં તો કાન રિસાઈ બેઠા,
જઈને વસ્યા ગોકુળમાં, કે....કાન તમે આવો૦
પાંચ સાત ગોપીઓ ટોળે મળીને,
મથે મનાવવા કાનો, કે....કાન તમે આવો૦
હાલો હાલો કાન તમને કેડે બેસાડું,
માખણને ઢેબરું આલું, કે....કાન તમે આવો૦
માતા જશોદા તમારો કાનજી,
મહીડાં વલો'વા ના આવે, કે....કાન તમે આવો૦
મારો તે કાન ગોપી બાળો ને ભોળો,
મહીડાંની રીત શું જાણે, કે....કાન તમે આવો૦
મારા ખેતરમાં પોંક ને પાપડી,
લચકે લાગ્યાં બોરાં, કે....કાન તમે આવો૦
બોરાં આપીને મેં તો ઢોરાં ચરાવ્યાં,
એવી હું ગોપિકા ગોરી, કે....કાન તમે આવો૦
ધાણી આપીને મેં તો પાણી ભરાવ્યાં,
એવી હું નટખટ છોરી, કે....કાન તમે આવો૦
ઊગ્યું તારલિયું ને ફાટ્યું પરોઢિયું,
સૂરજ શાખ ત્યાં પુરાણી, કે....કાન તમે આવો૦
રૂડી છે રાધા ને રૂપાળી ગોપીઓ,
કાનજીમાં ભાન બધું ભૂલી, કે....કાન તમે આવો૦

૯૭. [રાગ : દેખે તેરે સંસારકી હાલત...]

કાશી દેખી મથુરા દેખી ભટક્યો તીરથ આરે,
ક્યાંયે ન મનને ચેન વળ્યું તો આવ્યો તારે દ્વારે....

તારે દ્વાર ઊભો એક જોગી....(૨)
ના માગે એ સોનું ચાંદી, માગે દર્શન તારું....તારે દ્વાર૦

આશ ધરીને હું છું આવ્યો, મનમાં ઉમંગોને લાવ્યો,
નયનોમાં દરશન તારું ત્યાગની દીક્ષા ભક્તિથી ભિક્ષા,
માગી રહ્યો એક દાસ....
ના માગે એ સોનું ચાંદી, માગે દર્શન તારું....તારે દ્વાર૦

મોહ માયા મમતા છોડ્યાં, તારા માટે જગ છોડ્યું,
છોડી દીધાં ઘરબાર, નટવર નંદલાલ, તું ભક્તનો રખેવાળ,
સુણી લે મારી પોકાર....
ના માગે એ સોનું ચાંદી, માગે દર્શન તારું....તારે દ્વાર૦

૯૮. [રાગ : તારું ધન રે જોબનિયું...]

કોઈ લાખ કરો ચતુરાઈ, કરમકા લેખ મિટે નહીં ભાઈ!
એમાં કાંઈ ના ચાલે શેખાઈ, વિધિના લેખ લોપ્યા નહીં જાઈ;
વિધિના લેખ લોપ્યા નહીં જાઈ, કોઈ લાખ કરો ચતુરાઈ....વિધિના૦

હરિશ્ચંદ્ર રાજા મહાસતવાદી નીચ ઘેર નાર વેચાઈ,
રોહિત એનો કુંવર કનૈયો (૨) કફન ભી ના પાઈ....વિધિના૦

શેઠ સગાળશા ચંદ્રાવતી માઈ ભૂખ થકી બહોત પિડાઈ,
ચેલૈયો એનો લાડકવાયો (૨) ખાંડણીએ ખંડાઈ....વિધિના૦

પાચ પાંચ પાંડવો ને કુન્તા માઈ, વન ભટકતાં થાઈ,
દ્રૌપદી નારી સતી સુહાગી (૨) ભરી સભામાં લૂંટાઈ....વિધિના૦

ભલા ભલાને આવી ભીડ પડી તઈ પામરનું શું કહેવાઈ?
દાસ તમારો કહે કર જોડી (૨) લાખ કરોને ઉપાઈ....વિધિના૦

૯૯. [રાગ : દેખ તેરે સંસારકી હાલત...]

કહે રામ નમાવી શિશ, દિયો આશિષ, ઓ માતા મારી....
કરી વન જવા તૈયારી.

મુને તાતે આજ્ઞા દીધી છે, મેં શિરે ચઢાવી લીધી છે,
ભલે વગડાંમાં આવે દુઃખસુખ ભારી કરી વન૦.... કહે રામ૦

અમ ઇચ્છા વિણુ લક્ષ્મણુ સીતા વે'લા થઈ આવે એ માતા !
મુને આજ્ઞા આપો માડી હેત વિસારી, કરી વન૦.... કહે રામ૦

મા ! ગહન ગતિ છે કર્મ તણી, એ સમજી લિયો શોક હણી,
કરો વાર નહીં, દ્યો આજ્ઞા શુભ તમારી, કરી વન૦.... કહે રામ૦

જીવ જાયે પણુ વચન ન જાયે, એ રઘુકૂળ રીતિ શેં તજાયે ?
તમે બહુ સમજુ છો માતા ગુણિયલ મારી, કરી વન૦.... કહે રામ૦

પછી માતા કહે એ લાડકવાયા, કઈ જીભે કહું જાઓ, જાયા ?
મુનિ વર્ણન કરતા અમૃતગર વૈરાગી, કરી વન૦.... કહે રામ૦

૧૦૦. [રાગ : અમે મહિયારાં રે...]

કોઈ મનાવો રે મોહનવરને.
હાંરે....વ્હેલા મથુરાથી આવે.... મનાવો રે૦

આક્રંદ કરીને રોજ રુએ છે રાધા,
અન્નજળ લેવાં નહિ, લીલી છે બાધા,
હાંરે....હૃદય એનું ઉભરાયે.... મનાવો રે૦

ક્રૂર બની અક્રૂર તેડી ગયા કાનને,
કોણુ અહીં લાવે એ કંસના મહેમાનને ?
હાંરે....કુબજાને શીદ અપનાવે.... મનાવો રે૦

સઘળી ગોપી પોસ આંસુડાં સારતી,
પલકારે પલકારે પિયુને પોકારતી,
હાંરે....વેદના કેમ સહી જાયે.... મનાવો રે૦

કાલિન્દ્રી કાંઠે કાનુડાની સંગમાં,
રોજ રોજ રાસ અમે રમતાં ઉમંગમાં,
હાંરે....શીદ રસિયો હવે રિબાવે.... મનાવો રે૦

અલબેલે રાખ્યા છે અધૂરા કોડ રે,
નહોતા જાણ્યા અમે આવા રણછોડ રે!
હાંરે....વિયોગે બાળતાં બચાવે.... મનાવો રે૦

૧૦૧. [ રાગ : તારી જોઈ જોઈ થાકયો વાટલડી, રુએ મારી આંખલડી... ]

કોઈનાં મરશો નહિ મા ને બાપ, રુએ મારી આંખલડી,
મારાં કિયા રે જનમનાં પાપ, રુએ મારી આંખલડી,
શું ભૂલી ગયાં? બાળ યાદ કરે,
નિશદિન દુઃખી દીન તમારું ધ્યાન ધરે,
ચારે કોરે છે ભડભડતો તાપ, રુએ મારી આંખલડી.
મારું તનડું જલે, મારું મનડું રડે,
દુખિયારાને જગમાં ના આરો જડે,
ડગલે પગલે પડે સંતાપ, રુએ મારી આંખલડી.
દુઃખડાં કોને કહું? કયાં જઈને રહું?
નં દુ દિલડાની વાત હું કોને રે કહું?
મારી અરજી સુણોને દીનાનાથ, રુએ મારી આંખલડી.

૧૦૨.

કોઈ રામ બોલે, કોઈ શ્યામ બોલે, કોઈ બોલે સીતારામ.
શિકાર કરવા પારધિ ઊભો બાણ ધરી તૈયાર,
મરતાં મરતાં પક્ષી બોલ્યું (૨)
બોલ્યું સીતારામ; ભાઈ! બોલ્યું સીતારામ.... કોઈ રામ૦
સરવર કાંઠે અવાજ સુણી દશરથે માર્યું બાણ,
મરતાં મરતાં શ્રવણ બોલ્યો (૨)
બોલ્યો સીતારામ, ભાઈ! બોલ્યો સીતારામ.... કોઈ રામ૦
પ્રહ્લાદ કારણે સ્થંભે પ્રગટ્યા પુરુષોત્તમ મોરાર,
મરતાં મરતાં હિરણ્યકશિપુ બોલ્યો (૨)
બોલ્યો સીતારામ ભાઈ! બોલ્યો સીતારામ.... કોઈ રામ૦

સીતા શોધને કારણ ભટક્યા રામ લક્ષ્મણ હનુમાન,
મરતાં મરતાં રાવણ બોલ્યો (૨)
બોલ્યો સીતારામ, ભાઈ! બોલ્યો સીતારામ.... કોઈ રામ૦

પાપી કુકર્મી ગોઝારા ગોડસે ગોળી છોડી કરાળ,
મરતાં મરતાં ગાંધીજી બોલ્યા (૨)
બોલ્યા સીતારામ, ભાઈ! બોલ્યા સીતારામ.... કોઈ રામ૦

ભાઈઓ! નિશદિન સ્મરણ કરી લ્યો ભાવે શ્રી ભગવાન,
મરતાં મરતાં શરણે જાશો (૨)
બોલો સીતારામ, ભાઈ! બોલો સીતારામ.... કોઈ રામ૦

૧૦૩.

કોઈ આજ જશે કોઈ કાલ, આ તો પંખીડાંનો મેળો,
માટે ભજી લો દીનદયાળ, આ તો પંખીડાંનો મેળો.
આ તો પંખીડાંનો મેળો, આ તો યુગદર્શનનો ફેરો.... કોઈ આજ૦
સહુએ ઋણાનુબંધે મળિયાં, કોઈ જનમનાં સુકૃત ફળિયાં,
સહુ આવ્યાં તેવાં જાય.... આ તો....૦ કોઈ આજ૦
માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણીનો પરપોટો,
ક્યારે ફૂટે શું કહેવાય?.... આ તો....૦ કોઈ આજ૦
સાથે કોઈ આવ્યું ના આવે, સહુએ સહુના રસ્તે જાવે,
જેવાં વાદળિયાં વિખરાય.... આ તો....૦ કોઈ આજ૦
મળિયો માનવ જન્મ અમોલો, સમજી હરિભજનમાં ડોલો,
શંકર અમૃતવાણી ગાય.... આ તો....૦ કોઈ આજ૦

૧૦૪.

કાયા ને માયાની વાતો રે, કાનુડો જાણે,
જીવના જંજાળની વાતો રે, કાનુડો જાણે.... કાયાને૦

ક્યાંથી આવ્યા ક્યાં રે જવાના ?
કરશે એ તો ક્યાં રે રવાના,
ફરી જનમ ક્યાં થાતો રે, કાનુડો જાણે.... કાયાને૦
માનવીના મોઢે રે મૂછ છે,
પશુઓની પૂંઠે રે પૂંછ છે,
જગત તો છે ગૂંચવાડો રે, કાનુડો જાણે.... કાયાને૦
આ દેશમાં કે બીજે પરદેશે,
કર્મની આડું પાંદડું રહેશે,
ક્રિયા ધામ ધકેલનારો રે, કાનુડો જાણે.... કાયાને૦
પુનિત તો શું પાર રે પામે,
બેઠો એ તો એના રે નામે,
જીવનની નાવ હાંકનારો રે, કાનુડો જાણે.... કાયાને૦

૧૦૫. [રાગ : ખમ્મા મારા નંદજીના લાલ...]

ખમ્મા મારાં અંબિકા માત ! ઝાંઝરી ક્યાં રે વિસારી ?
ખમ્મા મારાં આશાપુરી માત ! ઝાંઝરી ક્યાં રે વિસારી ?
ભાન ભૂલી હું તો ચારે કોર ખોળતી,
ઘરમાં ને ઘાટમાં ફરીને ઢંઢોળતી,
ભૂલી સંસારી વટ-વહેવાર, ઝાંઝરી ક્યાં૦.... ખમ્મા૦
ગાવલડી દો'તાં ને મહીડાં વલોવતાં,
પાણીડાં ભરતાં ને મોતીડાં પરોવતાં,
ઝૂમી તારામાં દિન ને રાત.... ઝાંઝરી ક્યાં૦.... ખમ્મા૦
અણમોલ ઝાંઝરી કેમ રે વિસારી ?
ભક્તોની ભાવનાને કેમ ના વિચારી ?
શાને સંતાપતાં દઈ આઘાત ?.... ઝાંઝરી ક્યાં૦.... ખમ્મા૦
ભલે ને મૈયા તમે બન્યાં ભુલકણાં,
છૂટચાં છૂટે ના આપણાં સહીપણાં,
હૈયે ધરી લો દાસીની વાત.... ઝાંઝરી ક્યાં૦.... ખમ્મા૦

૧૦૬. [રાગ : ખમ્મા મારા નંદજીના લાલ...]

ખમ્મા મારાં અંબિકા માત! આંગણે ક્યારે પધારશોઃ?
ઘડી ઘડી જોઉં તમારી વાટ, આંગણે ક્યારે પધારશો....ખમ્મા૦
તમારી તે વાટમાં રોજના ઉજાગરા,
આંખડી આંસુડે ભિંજાય.... આંગણે૦.... ખમ્મા૦
શ્રદ્ધાના દીપ મેં ઝળહળ પ્રગટાવીઆ,
ફૂલડાં વેરાવ્યાં મારે દ્વાર.... આંગણે૦.... ખમ્મા૦
કાલ કેરા વાયદા કામ નહીં આવે,
આવજો આજ ને આજ.... આંગણે૦.... ખમ્મા૦

૧૦૭. [રાગ : દેહ તણું ભૂલી જાવ ભાન ભક્તિના તાનમાં...]

ખેલજે તું ભક્તિનો જંગ, જીવન મેદાનમાં.
કરજે તું સાચાનો સંગ, જીવન મેદાનમાં.... ખેલજે૦
છોડી દે આશ બધી લોભ ક્રોધ કામની,
લગની લગાડ એક રુદિયામાં રામની,
કેડ કમ્મર બાંધી લે તંગ, જીવનસંગ્રામમાં.... ખેલજે૦
સાચાં મોતીની ખાણ માનવ અવતાર છે,
લૂંટી લે મન ભરી ભક્તિભંડાર છે,
માણી લે રસિયાનો રંગ, જીવન સંસારમાં.... ખેલજે૦
મોતીનાં મૂલ સમો સમય વહી જાય છે,
પાગલ! સમજ જરા માયા નકામ છે,
છોડી દે મરકટના ઢંગ, જીવન વહેવારમાં.... ખેલજે૦
ફેંકી દે દૂર દૂર મૂંઝવણ તું મનની,
લઈ લે તું ટેક એક સંત સમાગમની,
કરતો ના ભક્તિનો ભંગ, જીવન ભંડારમાં.... ખેલજે૦
જળમાં કમળ સમો રહેજે સંસારથી,
રીઝશે રણછોડરાય અંતરના પ્યારથી,
પામી લે મનભર ઉમંગ, જીવન-ઉદ્યાનમાં.... ખેલજે૦

૧૦૮.

ગાવા દે, ગાવા દે, મને ગુણ પ્રભુના ગાવા દે....
જનમ ધરી પાપ કીધાં જગતમાં,
માફી વીરપુરની માંગવા દે.... મને ગુણ૦
સૂર્ય ચંદ્ર ને વળી તારલા બનાવ્યા,
જગત્કર્તાનું ઋણ ફેડવા દે.... મને ગુણ૦
મનુષ્ય બનાવી એણે હાથ બે આપ્યા,
સત્ત્વશીલ કાર્યો કરવા દે.... મને ગુણ૦
રંગ રૂપ રસ દઈ માનવી ઘડયાં છે,
વાડીનાં ફૂલડાં ખીલવા દે.... મને ગુણ૦
ભક્તોની આશ પ્રભુ ભાવ થકી પૂરતો,
ભજન થકી ભીડ ભાંગવા દે.... મને ગુણ૦
દુઃખિયાનો બેલી પ્રભુ આંસુડાં લૂછશે,
ગોવિંદનું શરણું લેવા દે.... મને ગુણ૦

૧૦૯.

ગૌરી તારા પુત્રને મધુરા સમરે મોર,
દિવસે સમરે વાણિયો ને રાતે સમરે ચોર....
આજ રે આનંદ ભયો ગણપતિ આવ્યા (૨)
ભક્તોને કાજ એ તો આંગણ પધાર્યા,
ગલી ગલીમાં ગાજે આજે જયકારોનો શોર.... દિવસે૦
રિદ્ધિ સિદ્ધિના તમે દેવ છો દાતા (૨)
સૌ રે દેવોમાં તમે પહેલા પુજાતા,
દુંદાળા સૂંઢાળા ભોળા લાગો સુડોળ.... દિવસે૦
શંકર છે પિતા ને પાર્વતી માતા (૨)
ઓખા બ્હેની ને કાર્તિક છે ભ્રાતા,
આખાયે જગમાં તારી ભારે બોલાબોલ.... દિવસે૦

ભક્તોનું મંડળ ગાતું ગુણ મંગળ (૨)
ખોળા પાથરતું માગે તમ દર્શન,
દર્શન દેજોજી આવવાનો દીધો છે કોલ.... દિવસે૦

૧૧૦.

ગુણ ગાવો ગોવિંદના ગુણ ગાવો,
ભલો મળ્યો છે મોંઘો લ્હાવો.... ગોવિંદના ગુણ૦

હૈયાના દ્વારે ભક્તિ રંગોળી,
પાડીને દેહ દીપાવો.... ગોવિંદના ગુણ૦

સત્સંગ કેરું તેલ સીંચીને,
અંતરનો દીપ પ્રગટાવો.... ગોવિંદના ગુણ૦

પ્રીતિનીતિનાં તોરણિયાં બાંધી,
જીવનનો મંડપ સોહાવો.... ગોવિંદના ગુણ૦

રખે સુકાય આ જીવન બગીચો,
ભક્તિનાં ઝરણાં વહાવો.... ગોવિંદના ગુણ૦

૧૧૧. [રાગ : સરસ્વતી માત ઓ મારી...]

ગજબ હાથે ગુજારીને પછી કાશી ગયાથી શું ?
મળી દુનિયામાં બદનામી પછી નાસી ગયાથી શું ?.... ગજબ૦

વિચાર્યું નહિ લઘુવયમાં પછી વિદ્યા ભણ્યાથી શું ?
જગતમાં કોઈ નવ જાણે જનેતાના જણ્યાથી શું ?.... ગજબ૦

દુ:ખ વેળા ન દાન કંઈ દીધું પછી ખાલી દયાથી શું ?
સુકાણા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું ?.... ગજબ૦

ન ખાધું કે ન ખવરાવ્યું પછી ભેળું કર્યાથી શું ?
કવિ પિંગળ, રાંડી બેઠા પછી ડહાપણ ધર્યાથી શું ?.... ગજબ૦

૧૧૨.

ગાજે વલોણું મારું આજે રે, ઘમ્મર વલોણું ગાજે....

ઘેર ઘેર ગોપી ફરે, સહેલીને સાદ કરે,
વલોણું તાણવાને કાજે રે.... ઘમ્મર વલોણું૦
ગોળીમાં તો ગોરસ રેડ્યાં, રવૈયા તો ઊભા કીધા,
નેતરાની સેર મારા હાથે રે.... ઘમ્મર વલોણું૦
ઊનાં પાણી રેડી જોયાં, ટાઢાં પાણી રેડી જોયાં,
માખણ ના અળગાં થાયે રે.... ઘમ્મર વલોણું૦
આણી કોરે રાધા તાણે, પેલી કોરે કાનો તાણે,
મહીં છાશ છમાછમ બોલે રે.... ઘમ્મર વલોણું૦
કાને જ્યારે હાથ નાખ્યો, માખણનો પિંડ આવ્યો,
વ્હાલો લચકે લચકે ખાયે રે.... ઘમ્મર વલોણું૦
છાશ બોલે છમ છમ, ગોળી બોલે ઘમ ઘમ,
કાનો તાલે તાલે રાચે રે.... ઘમ્મર વલોણું૦
મેના પોપટ સાથે બોલે, ગાયો ને વાછરડાં ડોલે,
વ્હાલો થનક થૈ થૈ નાચે રે.... ઘમ્મર વલોણું૦

૧૧૩. [રાગ : સાવનકા મહિના...]

ગાવો ગુણ ગોવિંદના લગાવી જરા જોર,
યમરાજાની આગળ ચાલે ના તારું જોર.... ગાવો૦
મળ્યો છે આ અવસર કરી લે કમાણી,
અંતે તો કાયા તારી રાખ થવાની,
કાળના ભણકારા વાગે છે ચારે કોર.... યમરાજાની૦ ગાવો૦
ઓ મન મૂરખ! બન્યો શું દીવાનો?
આજે રહે ને તું તો કાલે જવાનો,
ઢોલ વગાડી કહું, નહીં ચાલે તારો શોર....યમરાજાની૦ ગાવો૦
ધન દોલત તારી સાથે નહિ આવે,
શાને ઓ મૂરખ, તારો જનમ ગુમાવે?
શામળિયાની સાથે નંદુ બાંધો જીવનદોર.... યમરાજાની૦ ગાવો૦

૧૧૪.

ગમતું નથી રે ગમતું નથી રે....
ગોપીઓને ગોકુળમાં ગમતું નથી રે....
મોહનજી મથુરાની મોજમાં ડૂબી ગયો,
અમને અલબેલોજી છેક જ ભૂલી ગયો,
કહી દેજો ઓધવ અમારા વતી રે.... ગોપીઓને૦

પ્રભુ વિના પળપળ યુગ જેવી લાગતી,
આંખલડી આઠે પ્હોર દર્શનિયાં માગતી,
પળમાં વિદાય થયા પ્રાણપતિ રે.... ગોપીઓને૦

ક્યાં સુધી જોવાની વ્હાલમની વાટડી?
વિરહની ઝાળમાં બળતી રહે જાતડી,
હૈયે ઊઠી આગ ઠરતી નથી રે.... ગોપીઓને૦

દીનદયાળ તમે શીદને ના આવતા?
દીવાની દાસીઓને શીદને સતાવતા?
કુબ્જાએ ફેરવી શું તમ મતિ રે?.... ગોપીઓને૦

ગવાઈ ગઈ અમે ગોકુળની ગોરી,
હૈયું શ્રી નંદલાલે લીધું છે ચોરી,
તું આધાર, જગની હવે પડી નથી રે.... ગોપીઓને૦

૧૧૫. [ગીતા–વંદના]

ગીતાજી જ્ઞાનગંગા છે, સહુ અધિકારી જન ગાઓ,
તમારા તન અને મનના મળોને કાપવા ગાઓ;
બહુ જન્મ જગે લીધા, શુભાશુભ કર્મ પણ કીધાં,
હવે તો મોક્ષને માટે સૌ અધિકારી જન ગાઓ.... ગીતાજી૦

ભારતના યુદ્ધની માંહી મૂંઝાયો પાર્થ જે ટાણે,
બતાવ્યો માર્ગ પ્રભુએ કુટુંબના સ્નેહબંધનથી;
પતિત પણ ધર્મથી થાતાં બચાવ્યો છે ગીતાજ્ઞાને,

ધર્મનો માર્ગ બતલાવી, સ્વરૂપ આત્માનું સમજાવી,
અમર કીધો છે અર્જુનને, સહુ અધિકારી જન ગાઓ.... ગીતાજી૦
સમજવા ધર્મનાં તત્ત્વો હોય જો કામના મનમાં,
જગતનાં કામને છોડો, નહિ શ્રમ તે તણો તનમાં,
ખરખ કાંઈ નહીં ધનનો, અમુલખ લાભ એ લેવા,
વહાવી ભારતે ગંગા, કૃપા કરી કૃષ્ણે અર્જુન પર,
પ્રભુજન લાભ એ લેવા, સહુ અધિકારી જન ગાઓ.... ગીતાજી૦

૧૧૬.

ચૌદ ભુવનને ચીતરીને બેઠો ક્યાંથી આવ્યો ચિતારો ?
ઠગારો ક્યાંથી આવ્યો ચિતારો ?
કલ્પનાનો કાગળ કીધો સંકલ્પનો સહારો રે.... ઠગારો૦
સૂરજ ચિતર્યો ચાંદો ચિતર્યો, આભનો ના આવે આરો,
થાંભલો એણે ક્યાંયે ના ચિતર્યો (૨)
માંડવો ઊભો નોધારો રે.... ઠગારો૦
જાણ્યું જણાય ના, પામ્યું પમાય ના, કળાનો કામણગારો,
સૌના ચિત્તમાં અલખ છુપાયો (૨)
છતાં યે રહેતો ન્યારો રે.... ઠગારો૦
ત્રિગુણાતીત, પંચભૂત તત્ત્વ, ચેતનનો ચમકારો,
તારા ને મારાનો ભેદ રચાયો (૨)
ભેદ ભરમ રચનારો રે.... ઠગારો૦
ઘણાં ચિત્તર ચીતરીને હાથે ભૂસી નાખ્યાં હજારો,
યુગ યુગ એણે ચિત્તર ચિતર્યાં (૨)
અનેક લઈ અવતારો રે.... ઠગારો૦
બ્રહ્મા વિષ્ણુ શિવ કે શક્તિ, રામ બધે રમનારો,
ઓળખનારા ઓળખી લેજો (૨)
ચિત્તમાં બેઠો ચિતારો રે.... ઠગારો૦

૧૧૭. [રાગ : તરવા આવો રે કોઈ તરવા આવો...]

ચટકો લાગ્યો રે મુને ચટકો લાગ્યો રે....
શ્યામ મીઠી સાકરનો કટકો લાગ્યો રે.... મને ચટકો૦
માંડી છે મીટ મેં તો પાછું જોવાય ના,
હાથ આવ્યો હીરલો હવે ખોવાય ના,
એને મારો કરવાનો મને ખટકો લાગ્યો રે.... મને ચટકો૦
મુખડું મનોહર મનડું નચાવતું,
હૈયામાં રંગતો જબરું જગાવતું,
એના પ્રેમની કટારીનો ઝટકો લાગ્યો રે.... મને ચટકો૦
રામભક્ત સાથ હવે છોડયો છોડાય ના,
પ્રેમગાંઠ બાંધી પુનિત તોડી તોડાય ના,
એવા લટકાળા લાલનો લટકો લાગ્યો રે.... મને ચટકો૦

૧૧૮. [રાગ : દેખ તેરે સંસારકી હાલત...]

ચેત ચેત તું ચેત અરે ઓ નિંદાના કરનાર,
તારું જીવન છે દિન ચાર,
જાગીને જો અંતર તારું મિલન છે કે અજવાળું,
કર્યું જગતમાં તેં શું સારું, પૂછ હૃદયને કર્યું શું કાળું ?
જાગ જાગ તું જાગ હવે ઓ લંપટ થઈ ફરનાર.... તારું૦
દાન દયા સ્વપ્ને ના જાણી, ફર્યો જગતમાં બની શિકારી,
કામ ક્રોધ લાલચમાં તારી ગઈ જવાની, થયો ભિખારી,
ત્યાગ ત્યાગ તું ત્યાગ હવે ઓ માયામાં મરનાર.... તારું૦
મારું મારું કરીને ફૂલ્યો, પ્રભુભજન તું બિલકુલ ભૂલ્યો,
ધંધામાં તું જ્યારે ડૂબ્યો ત્યારે તું પ્રભુશરણે ઝૂકયો,
માગ માગ તું માગ પ્રભુ તો માફ બધું કરનાર.... તારું૦
ચાર ઘડીનું જીવન તારું, શાને કરતો મારું મારું ?
દીવા પાછળ છે અંધારું, ફોગટ જાશે જીવન તારું,
માગ માગ તું માગ, પ્રભુ છે મુક્તિનો દેનાર.... તારું૦

૧૧૯. [રાગ : દેખ તેરે સંસારકી હાલત...]

ચેત ચેત ઈન્સાન ભલા તું ભૂલી ગયો ભગવાન,
મનવા ! ભૂલી ગયો ભગવાન.

પિંડ પામી તું ગર્ભમાં ઝૂલ્યો, વચન દઈને બહાર નીકળ્યો,
બહાર નીકળતાં વચન જ ભૂલ્યો, હું આ તું તાં કરતાં શીખ્યો,
ત્યારે તું બેઈમાન કહેવાયો, ભજ્યા નહીં ભગવાન.... મનવા૦

બાલપણું ખેલતમાં ખોયું, રમત-ગમતમાં મનડું મોહ્યું,
એક બે ત્રણનું રટણ જ કીધું, પ્રભુભજનમાં દિલ ના દીધું,
સમજે તો પણ હરિ ન પામ્યો, બની રહ્યો નાદાન.... મનવા૦

જુવાનીમાં વળગી માયા, નારી સંગે રંગ રચાયા,
ધન પ્રતિષ્ઠા મહીં ફસાયા, નહીં કદીયે હરિ ભજાયા,
આજ નહીં તો કાલે ભજશું, કીધી નહિ પહેચાન.... મનવા૦

ઘડપણ આવ્યું અંગો ગળિયાં મુદત પહોંચી જમદા મળિયા,
હમણાં ભજીશું કાલ ભજીશું કહેતાં કહેતાં પ્રાણ જ પળિયા,
ગયેલ અવસર પાછો ન આવે, ભાવે ભજો ભગવાન.... મનવા૦

૧૨૦. [રાગ : અમે મહિયારાં રે...]

ઘેલી ગોવાલણી રે ! દેતી જા દાણ તું,
હાંરે....ખોટી બતાવે ખુમારી, ગોવાલણી રે૦

જા રે ધુતારા તું દાણ શાનો માગતો ?
હાંરે....રોકે છે વાટ શાને મારી, ધુતારા રે૦

ઘણા દિવસે માંડ આવી છે હાથમાં,
આજે છે એકલી સખી નહીં સાથમાં,
હાંરે....આજે ના છોડું વ્રજનારી, ગોવાલણી રે૦

જવા દે જાવું મહી વેચવા મથુરા,
જાણું હું કાન તારા ફંદ ને ફિતુરા,
હાંરે....તું તો જાણે છે ગાયો ચારી, ધુતારા રે૦

દાણ તું દઈ દે પછી ફાવે તે બોલજે,
જશોદાને શાંડ કરી દિલ તારું ખોલજે,
હાંરે....આજ નહીં છટકી તું શકનારી, ગોવાલણી રે૦

માંગે તું દાણ શાનો? કંસનું આ રાજ છે,
કરતો રંજાડ શીદ? શું તારે શિર તાજ છે?
હાંરે....તું સમજીને જાત લે સુધારી, ધુતારા રે૦

ચેતાવું ચેત કહું વાત આ આખરની,
બહુ થઈ બોલતી તું છોડી આહીરની,
હાંરે....હવે ફોડું આ મટકી તારી, ગોવાલણી રે૦

માખણ ચોરી ખાઈ તું બન્યો મસ્તાનો,
ગોપીઓનાં માટ ફોડે આવી છાનોમાનો,
હાંરે....હવે નાનો નથી તું ગિરિધારી, ધુતારા રે૦

ઘેલી બની શાને તું ઘર તજી આવતી?
છાની આવીને મને માખણ ખવડાવતી!
હાંરે....તને કુંજમાં મેં તો રમાડી, ગોવાલણી રે૦

યાદ આવ્યું ઠીક કાના મોરલી બજાવ તું,
સખીઓ આવી છે બધી રાસ રે રચાવ તું,
હાંરે....તું રે જીત્યો ને હું તો હારી, ધુતારા રે૦

રમજો સૌ ગોપીઓ રાસ રૂડા રંગમાં,
ભૂલીને ભાન ઘૂમો મનહરના સંગમાં,
હાંરે....બાળો જોગી ને બ્રહ્મચારી, ગોવાલણી રે૦

૧૨૧.

ઘરમાં કાશી ઘરમાં મથુરા ઘરમાં ગોકુળ ગામ રે.
માતાપિતાનાં ચરણોમાં છે અડસઠ તીરથ ધામ રે....
મારે નથી જાવું તીરથ ધામ રે.

નિત્ય સવારે 'પગે લાગી'ને પછી કરવાં બીજાં કામ
પહેલાં રે માતા પછી રે પિતા, પછી લેવું પ્રભુનું નામ.... મારે૦

માતા પિતાની સેવા રે કરતાં મરણ શ્રવણનું થાય,
ઇતિહાસ એનો અમર થઈ ગયો, અમર એનું નામ.... મારે૦

માતાપિતાની ભક્તિ કરતાં રીઝે છે દેવદેવી તમામ,
માતાપિતાનું દિલડું દુભવે એનો ક્યાંય નથી મુકામ.... મારે૦

૧૨૨. [રાગ : શામળા હો શામળા]

ઘડપણ હો ઘડપણ, ક્યાંથી આવ્યું ઘડપણ ?
કેવું આવ્યું ઘડપણ, જોવું ગમે ના જરાય.... હો ઘડપણ૦

કાને સંભળાય ના, આંખે દેખાય ના,
લાકડી વિના નહીં ચલાય.... હો ઘડપણ૦

આંખોનું નૂર ગયું, હાથ-પગ શૂર ગયું,
મોઢું તો ગોખલી જણાય.... હો ઘડપણ૦

પાથરે પલંગ ના, બેસે કોઈ સંગ ના,
ખૂણામાં ખાટલી ઢળાય.... હો ઘડપણ૦

દીકરાના દીકરા મારે માથે દીકરાં,
ચૂપ ચૂપ બધું સહેવાય.... હો ઘડપણ૦

વહુજી તો ગાજિયાં ગાતાં રૂડા રાજિયા,
વિષ્ણુની એક છે સહાય.... હો ઘડપણ૦

૧૨૩.

જોઈ જોઈને ચાલો રે, જોઈ જોઈને ચાલો.
સામે ઊભો આંખ ફાડી નંદલાલો રે.... જોઈ જોઈને૦

કીધા કરાર શું કદી ના વિચારતા,
ધંધાની ધૂનમાં ધરમ વિસારતા,
અમૃત મૂકીને પીતા ઝેરનો પ્યાલો રે.... જોઈ જોઈને૦

ઝરુખે બેસી બાંધ્યા આશા-મિનારા,
ઊંચે નિહાળી ગણ્યા ગગનના તારા,
ભેદ બધા ભીતરના જાણે વ્હાલો રે.... જોઈ જોઈ ને૦
રાય રંક સૌને એક કાંટાથી તોળતો,
પાપ અને પુણ્યના પ્રસંગો ખોળતો,
જેવાં વાવ્યાં છે બીજ, ફળ ચાખો રે....જોઈ જોઈ ને૦
વિધિએ લખેલ બધા ચોપડા બતાવશે,
દેવા–લેણાની તારી બાકી ગણાવશે,
થાશે સાંભળીને બકવાસ ઠાલો રે.... જોઈ જોઈ ને૦
મનહર રાત દિન રહેજો તમે ભાનમાં
જીવનના કર્મ કરો રામ રાખી ધ્યાનમાં,
છોડો ભક્તિ વિનાના બધા ખ્યાલો રે.... જોઈ જોઈ ને૦

૧૨૪.

જશોદાના લાલ જરા દિલમાં દયા લાવ,
મહીની મટુકી મારે માથે ચઢાવ....(૨)
સરખી સાહેલડીની જોઉં વાટલડી....જોઉં વાટલડી,
ઘણી વાર લાગે મને દો'તાં ગાવલડી....દો'તાં ગાવલડી,
કામણગારા કાન હવે વાર ના લગાવ.... મહીની૦
મટકી ભરેલી મારી જોજે છલકાય ના...જોજે છલકાય ના,
મારી નવરંગ ચૂંદડી જોજે ભીંજાય ના....જોજે ભીંજાય ના,
ગલઢાં મારાં સાસુજીનો તીખો છે સ્વભાવ....મહીની૦
મોડું થશે તો મારાં બાલુડાં રે જાગશે....બાલુડાં રે જાગશે,
વહેમી ભરથાર મારો જવાબ માગશે....જવાબ માગશે,
કહેને વારુ મારે એને દેવો શો જવાબ... મહીની૦
મટુકી ચઢાવી કાનકુંવર હરખાય છે....કુંવર હરખાય છે,
મહીની મટુકીમાં ગોવિંદ છુપાય છે....માધવ છુપાય છે,
તારો સ્નેહ ને ભવ મને બધો રે બતાવ....મહીની૦

વ્રજની નારી મહી વેચવાને જાય છે.... વેચવાને જાય છે
'માધવ લ્યો કોઈ' એમ સાદ દેવાય છે....સાદ દેવાય છે,
મહિલા મંડળની લાજ પ્રભુ જોજે ના જાય....મહીની૦

૧૨૫.

જૂના ધરમ લ્યો જાણી રે, મારા સંતો ! જૂના ધરમ લ્યો જાણી.
નદી કિનારે કોઈ નર બેઠો, તૃષા નહીં છિપાણી;
કાં તો એનું અંગ રે આળસુ, કાં તો સરિતા સુકાણી રે....મારા સંતો૦
કલ્પવૃક્ષ તળે કોઈ નર બેઠો, ક્ષુધા નહી બુઝાણી,
નહીં કલ્પવૃક્ષ એ બાવળિયો કે ભાગ્યરેખ ભેળાણી રે....મારા સંતો૦
સદ્‌ગુરુ સેવ્યે શિષ્ય ના સુધર્યો, વિમળ બની નહીં વાણી,
કાં તો ગુરુજી જ્ઞાન વિનાના, કાં તો પાપી એ પ્રાણી રે....મારા સંતો૦
ચિન્તામણિ લાધ્યો નરને તોયે ચિંતા નહીં ઓલાણી,
નહીં મણિ એ નક્કી છે પથરો, વસ્તુ નવ ઓળખાણી રે....મારા સંતો૦
મળ્યું તોયે મોજ નહીં માણી, કઠણ કરમ કહાણી,
કાં તો ભાગ્ય ફૂટયું કે ફટકયું, કાં તો ખોટી કમાણી રે....મારા સંતો૦
મળ્યું અમરત તોયે અમર થયો નહીં પીવાની જુગતિ ન જાણી,
કાં તો એના ઘટમાં ગયું નહીં, કાં તો પીધું પાણી રે....મારા સંતો૦
ધરમ કરમની ગતિ છે ન્યારી, ભેદ વિના ધૂળધાણી,
કહે ગણપત પ્રભુ ! સાધુસંતે પૂરી પ્રીત પ્રમાણી રે....મારા સંતો૦

૧૨૬.

જલારામ જલારામ સાચો સંત એનું નામ,
સહુને જપાવે રામનામ.... જલારામ સાચો૦
વીરપુરમાં વાસ છે છતાં સૌની પાસ છે,
સહુના કરે છે એ કામ.... જલારામ સાચો૦
જગાવી જ્યોત છે, સૌમાં ઓતપ્રોત છે,
ભક્તોનું કરતા કલ્યાણ.... જલારામ સાચો૦

નિવારે પાપ તાપ, દુઃખડામાં મૂકે કાપ,
આપે છે સુખ આરામ.... જલારામ સાચો૦
દિલનો દાતાર ને, સહુનો આધાર છે,
પીવડાવે પ્રેમ કેરો જામ.... જલારામ સાચો૦
રામભક્ત એ જ છે, ભક્તિનું તેજ છે,
ઉજાળ્યું વીરપુર ગામ.... જલારામ સાચો૦

૧૨૭. [ રાગ : સાવનકા મહિના... ]
જલારામની ધૂન છે ભક્તિ કેરી લૂમ છે;
ખાવો ભાઈઓ સારી છે, એ ભક્તિની બલિહારી છે.

જલારામ છે દાસ, રામ તણા જે ખાસ,
રામને શરણે આવ્યા સહુ ભક્તોને ભાવ્યા.
રામને ચરણ ચોક રાખીએ, તો જીવન જીવ્યા ફાવીએ;
જલારામની ધૂન છે ભક્તિ કેરી લૂમ છે; ખાવો૦

જલારામ પ્રખ્યાત છે, ઘર ઘર એની વાત છે,
ભક્તિ એને વ્હાલી છે, રામનામની તાલી છે,
ભક્તિ રહે અખૂટ, લૂંટી શકે તો લૂંટ;
નહીં ભજે પસ્તાય તે, માર અતિશય ખાય તે;
રામ ઘણા રખવાળિયા, ભક્તોએ એને ભાળિયા,
જલારામની ધૂન છે ભક્તિ કેરી લૂમ છે;
ખાવો ભાઈઓ સારી છે, એ ભક્તિની બલિહારી છે.

૧૨૮. [ રાગ : દેખ તેરે સંસારકી હાલત... ]
જય શંકર જય શંભુ ભોળા ભજું હું દિન ને રાત
શંભુ ! રાખો મારી લાજ....(૨)
શિર પર ગંગા વહેતી ઝરમર, રટણ કરતી હરનિશ હરહર,
ત્રિશુળધારી ડમરુધારી ! ધ્યાન ધરે છે દાસ.... શંભુ ! રાખો૦

સર્પ તણી છે કંઠે માળા, ભક્તોના ભોળા છો વ્હાલા,
જગતના છો પાલનહારા, આજે આવો મુજ કાજ.... શંભુ! રાખો૦

દેવ તણા મહાદેવ છો શંભુ! ચરણે તમને પ્રેમે વંદું,
ભાવ થકી હું માળા જપતો તમારી સાંજસવાર....શંભુ! રાખો૦

માગું તારી ભાવના ભક્તિ, ભક્તિ કરવા દેજે શક્તિ,
ભક્તિ મહીં છે જીવન-મુક્તિ જાણે એવું દાસ.... શંભુ! રાખો૦

૧૨૯. [ રાગ : દેખ તેરે સંસારકી હાલત... ]

જુઓ જશોદા માત! તમારો કાન કરે તોફાન,
અમોને પજવે છે નાદાન....(૨)
નિત્ય ફોડે માટ મહીનાં ને માગે મહીનાં દાણ.... અમોને૦

જળ ભરતાં જુએ યમુના આરે, આવી અચાનક કાંકરી મારે,
બેડાં પછાડે, પાણી ઉડાડે, ખડખડ હસે મસ્તાન.... અમોને૦

સંગે લઈ ગોવાળ ઘણેરા, વન વન ફરતો કરતો મેળા,
મુરલી કેરા તાન મહીં મશગુલ રહે ગુલતાન.... અમોને૦

વ્રજ વૃન્દાવન વાટે ઘાટે ભાન ભૂલી ભમતો મહી માટે,
અહીં તહીં અથડાતો જ્યાં ત્યાં મોહન મૂકી માન.... અમોને૦

મથુરા જાતાં મારગ આડે આવી ઊભો બહુ રંજાડે,
ચીર અમારાં ખેંચી તાણે જરી ન રાખે ભાન.... અમોને૦

છાનો માનો ઘરમાં પેસે છીકું તોડે ગોળી ફોડે,
મહીડાં ઢોળે, વાછરું છોડે, બંસીધર બળવાન.... અમોને૦

જળ ઝીલવા જઈએ જે અવસર, વસ્ત્ર હરીને ચડે કદમ પર,
નખરાં કરતો ચિતડું ચોરે, ઘેલો થઈ ઘનશ્યામ.... અમોને૦

૧૩૦. [ રાગ : રામરટણ નવ કીધું રે હો માનવા... ]

જનમ ધરી શું કમાયો રે હો મનવા! જનમ ધરી શું કમાયો રે....
રામ રતન નહીં પાયો રે હો મનવા! જનમ ધરી શું કમાયો રે....

ધૂતી ધૂતીને ધન ભેળાં રે કીધાં,
ભરી તિજોરી ને તાળાં રે દીધાં,
ચાંદીની ગોળીએ વીંધાયો રે, હો મનવા !
ચાંદીની ગોળીએ વીંધાયો રે.... જનમ૦
હુંપદમાં તેં ખોયા જનમ હજારો,
ખાધાં અનાજ તેવા આવ્યા ઓડકારો,
દાન ધરમ ના સચવાયો રે, હો મનવા !
દાન ધરમ ના સચવાયો રે.... જનમ૦
ફર્યો મગરૂબીમાં ફૂલ્યો ને ફાલ્યો,
આવ્યું ટાણું ને જમડાએ ઝાલ્યો,
સાણસે જીવ સપડાયો રે હો મનવા !
સાણસે જીવ સપડાયો રે.... જનમ૦
હાયો ગરીબની હજારો તેં લીધી,
વિવાની વરસી ને મધુકર કીધી,
આટા લૂણે તું અટવાયો રે, હો મનવા !
આટા લૂણે તું અટવાયો રે.... જનમ૦

૧૩૧.

જિંદગીમાં કેટલું કમાયા રે, જરા સરવાળો માંડજો....
સમજુ સજ્જન ને શાણા રે, જરા સરવાળો માંડજો.
મોટર વસાવી ને બંગલા બનાવ્યા,
ખૂબ કીધાં એકઠાં નાણાં રે.... જરા સરવાળો૦.... જિંદગીમાં૦
દેશમાં ફર્યા પરદેશમાં વિચર્યા,
જાત જાતનાં ખાધાં ખાણાં રે.... જરા સરવાળો૦.... જિંદગીમાં૦
ઊગતાથી આથમતાં ધંધાની ઝંખના,
આમ તેમ ફેરવ્યાં પાનાં રે.... જરા સરવાળો૦.... જિંદગીમાં૦
મોટા થઈને ભલા પંચમાં પુછાયા,
રિસાયા માનમાં મનાયા રે.... જરા સરવાળો૦.... જિંદગીમાં૦

ખાધું પીધું ને ઘણી મોજો રે માણી,
તૃષ્ણાના પૂરમાં તણાયા રે.... જરા સરવાળો૦.... જિંદગીમાં૦

શું રે લાવ્યા'તા શું લઈને જવાના ?
થોડાંક લાકડાં ને છાણાં રે.... જરા સરવાળો૦.... જિંદગીમાં૦

ગોવિંદનો નાથ જો ગમતો ના હોય તો,
વિના એકડાએ મીંડાં મંડાણાં રે.... જરા સરવાળો૦.... જિંદગીમાં૦

૧૩૨.

જન્મે તે તો જાય છે, અહીંનો એવો ન્યાય છે,
ખોટા ના કરતો ખેલ, હો માનવી !....જન્મે તે૦

ખીલેલું કરમાય છે, ઊગ્યું આથમી જાય છે,
મારું મારુંનો મોહ મેલ, હો માનવી !....જન્મે તે૦

લાવ્યો શું સાથમાં, લઈ જશે શું બાથમાં,
કરજે જરા તું તોલ, હો માનવી !....જન્મે તે૦

દુનિયાનો ખેલ છે, માટીનો મહેલ છે,
સમજ બધું છે પોલ, હો માનવી !.....જન્મે તે૦

વરસીને જળ વાદળી વહી જાતી વેગળી,
તેવો બધો સંસાર, હો માનવી !....જન્મે તે૦

નરહર જીવન-નાવડી આમ તેમ આથડી,
ઉતારે રામ એક પાર, હો માનવી !....જન્મે તે૦

૧૩૩. [રાગ : અમે મહિયારાં રે...]

જારે ગોવાલણી રે ! તને હું જાણુતી....
હાંરે....મારો કાનુડો નથી તોફાની.... ગોવાલણી રે૦

રોજ સવારે એને શાને બોલાવતી,
બહાનાં વલોણાનાં ખોટાં તું કાઢતી,
હાંરે.... તું તો કરતી ઈશારે વાત છાની.... ગોવાલણી રે૦

મારે શી ખોટ છે કે માખણ તું આપતી,
ચોર ચોર કહી મારા લાલને વગોવતી,
હાંરે....તું નફ્ફટ ને છે જ અભિમાની.... ગોવાલણી રે૦
કાનજીની સાથ તું તો ફાવે તેમ બોલતી,
જાતી વૃન્દાવન ગોપ ભેળી ખેલતી,
હાંરે....તને શોભે શું આવી નાદાની.... ગોવાલણી રે૦
ગાંડો ઘેલો તોયે મારે તો લાડકો,
મનહર મેં કીધ મારો ભલે હો પારકો,
હાંરે....એ તો નાનો, તું નથી નાની.... ગોવાલણી રે૦

૧૩૪. [રાગ : શ્યામ હવે સાચું સ્વરૂપ બતાવો...]

જીભલડી ! તને હરિગુણ ગાતાં આવડું આળસ ક્યાંથી ?
લવરી કરતાં નવરાઈ મળે બોલી ઊઠે મુખમાંથી.... જીભલડી૦
પરનિંદા કરવામાં શૂરી પૂરી, ખટરસ ખાવા ઝૂરી,
ઝગડો કરવા ઝૂઝવે વ્હેલી, કાયર હરિગુણ ગાવા.... જીભલડી૦
અંત સમયે કોઈ કામ ન આવે વ્હાલાં વેરીની ટોળી,
સજ્જન બનીને સર્વસ્વ લૂંટશે, રહેશે આંખો ચોળી.... જીભલડી૦
તિલક મંગાવો ને તુલસી મંગાવો, રામનું નામ સુણાવો,
પ્રથમ તો મસ્તક નહીં મળશે, પછી શું નામ સુણાવો.... જીભલડી૦
ઘર લાગ્યા પછી કૂવો ખોદાવ્યે આગ તે કેમ હોલવાશે,
ચોર તો ધન બધું હરી ગયા પછી દીવો ધર્યે શું થાશે.... જીભલડી૦
માયાના ઘેનમાં ઊંઘી રહ્યા બહુ, જાગી જોને તપાસી,
અંત સમયે શું રોવા બેઠો, લાગી છે કાળની ફાંસી.... જીભલડી૦
રામનામ લેતાં દામ નહીં પડશે, એકે વાળ નહીં ખરશે,
આમ તો પંથનો પાર નહિ આવે, ભજન થકી ભવ તરશે.... જીભલડી૦

૧૩૫.

જુઓ પેલું ફરકે નિશાન, મંદિર આવી ગયું છે.
આવ્યું મારા વ્હાલાનું ધામ, મંદિર આવી ગયું છે.

ગોમતીમાં સ્નાન કરી જાશું....
ધરીશું ભાવે તુલસી-પાન, મંદિર આવી ગયું છે.
આવ્યું મારા ધણીનું ધામ, મંદિર આવી ગયું છે.
ફૂલમાળા મારા નાથને પહેરાવશું....
ગીત ગાઈ થાશું ગુલતાન, મંદિર આવી ગયું છે.
આવ્યું મારા મોહનનું ધામ, મંદિર આવી ગયું છે.
માખણ ને મિસરી હેતે ખવડાવશું....
ભાવભીનો મળશે ભગવાન, મંદિર આવી ગયું છે.
આવ્યું મારા ભોળાનું ધામ, મંદિર આવી ગયું છે.
નટખટનાં નયનોથી નયનો મિલાવશું....
કરશું એના પ્રેમનું પાન, મંદિર આવી ગયું છે.
આવ્યું મારા નટવરનું ધામ, મંદિર આવી ગયું છે.
રામભક્ત નાથને નોંતરાં રે દેશું....
અમારે આંગણે થાજો મહેમાન, મંદિર આવી ગયું છે.
આવ્યું મારા વ્હાલાનું ધામ, મંદિર આવી ગયું છે.

૧૩૬.

જય શ્રીકૃષ્ણ કહેવાની મને ટેવ પડી,
મારા વ્હાલાને વિસારું ના એક ઘડી....જય શ્રીકૃષ્ણ૦
પીળાં પીતાંબર જરકશી જામા,
કંઠે મણિમુક્તાની માળા ધરી....જય શ્રીકૃષ્ણ૦
કાને કુંડલ ને મસ્તકે મુગટ,
વ્હાલે મુખ પર મોરલી અધર ધરી....જય શ્રીકૃષ્ણ૦
દાસ ભક્તોના સ્વામી અધિક પ્યારા,
હું તો પાયે પડું રે પ્રભુ! લળી રે લળી.... જય શ્રીકૃષ્ણ૦

૧૩૭. [રાગ : શામળા હો શામળા... ]

જાગજે તું જાગજે, છટકીને ભાગજે,
માયાનો પડશે માર.... જાગજે તું૦

શત્રુ અનેક છે તેમાં તારી ટેક છે,
જોજે ના તૂટે તાર.... જાગજે; જાગજે તું૦

મારું તે ધૂળ છે તારું તે નૂર છે,
સમજીને કરજે વિચાર.... જાગજે; જાગજે તું૦

ખોટો સંસાર છે એમાં ના સાર છે,
અક્કલથી કરજે વ્હેવાર.... જાગજે; જાગજે તું૦

અંતરમાં આગ છે દિલડામાં ડાઘ છે,
હૈયામાં કરજે ચમકાર.... જાગજે; જાગજે તું૦

જૂઠું જગત છે રામભક્ત સત્ય છે,
બની જજે હોશિયાર.... જાગજે; જાગજે તું૦

૧૩૮.

જોજે રે તારી જિંદગી જવાની.
જિંદગી જવાની અલ્યા નથી રે રહેવાની.... જોજે રે૦

ચેત રે ચેતાવું કાળ માથે ઊભો છે,
ભક્તિનું ભાથું બાંધ છેલ્લો ફેરો છે;
પળપળ જાય તારી લાખ રે સવાની.... જોજે રે૦

દાવ રે મળ્યો છે તને આજ રે મજાનો,
કરી લે વિચાર, અલ્યા! દાવ જીતવાનો;
અંતે તો કાયા તારી રાખ રે થવાની.... જોજે રે૦

લાખ રે કમાયો તોયે તું ના ધરાયો,
ગરીબોનાં ગળાં કાપી પાપ તું કમાયો;
નંદુ કહે એવી જિંદગી શું કરવાની.... જોજે રે૦

૧૩૯. [રાગ : હો હો રે મા અંબા દેખાય છે...]

જોજો રે તારું જીવન ચાલ્યું જાય છે.
જીવન ચાલ્યું જાય તને કેમ નહીં સમજાય?....જોજો રે૦

જીવન મળ્યું છે હરિગુણ ગાવા,
તું તો મથે બસ પૈસા કમાવા;
હે.... ભક્તિ વિના આ ભવ ખાલી જાય છે....જોજો રે૦
ધન ને દોલત તારાં સાથે નહિ આવે,
શાને ઓ મૂરખા! જનમ ગુમાવે?
હે.... ભજનમાં શીદ તને શરમ લાગી જાય છે....જોજો રે૦
ગયો સમય કદી પાછો નહીં આવશે,
આજ કરું કાલ કરું કરતો રહી જાશે;
હે.... કર તું વિચાર, માથે જમ કેરો ભાર છે....જોજો રે૦
જૂઠી માયાની પ્રીત માર ખવડાવશે,
પ્રભુસ્મરણ તને મારથી બચાવશે;
હે.... ગજાનનની વાણુથી રંગ લાગી જાય છે....જોજો રે૦

૧૪૦. [રાગ : જોજે રે તારી જિંદગી જવાની...]

જોજો રે તારી જુવાની જવાની,
જુવાની જવાની એ તો આવી છાનીમાની....જોજો રે૦
કંચનની કાયા તારી બળી જવાની,
બળી જવાની ને રાખ રે થવાની,
ઊંડી તે માટીમાં ભળી જવાની....જોજો રે૦
સંધ્યાના રંગ સમી જુવાની જવાની,
ઉષાના રૂપ જેવી નથી રે રહેવાની,
એ તો નદીનાં તીર જેમ વહી જવાની....જોજો રે૦
માતા ને પિતા તને જવાનાં મૂકી,
પુત્ર પરિવાર તને દેવાનાં છોડી,
સગાં-સ્નેહીની વાત ભૂલી રે જવાની....જોજો રે૦
કર્મ ભૂંડાં કર્યાં એ તો ભોગવવાનાં,
સત્કર્મો જે કર્યાં એ જ તારવાનાં,
પુણ્ય અને પાપની જ સોબત રહેવાની....જોજો રે૦

આંધી મૂઠી આવ્યા ને ખુલ્લી મૂઠી જાઓ,
ભવના ફેરામાં કાંઈ ભક્તિ કમાઓ,
ચીમન ચેતાવે તારી જિંદગી જવાની....જોજો રે૦

૧૪૧. [રાગ : ઉપર પ્રમાણે]
જોજો રે તારી કાયા કરમાય છે.
કાયા કરમાય છે તો કેમ દુઃખી થાય છે?....જોજો રે૦
જનમ દીધો એને કેમ ભૂલી જાય છે?
પૂર્વજનમની મૂડી ઓછી થાય છે;
હે....પુણ્ય પરવાયું ને પાપ વધી જાય છે....જોજો રે૦
યુવાનીના મદમાં શાને ફુલાય છે?
ઘડપણ આવ્યેથી વ્હાલાં વેરી થાય છે;
હે....ભક્તિનો રંગ લાગ્યે ભવ પાર થાય છે....જોજો રે૦

૧૪૨. [શિવ-સંવાદ]
જોગીન્દરપણું રે શિવજી, તમારું મેં જાણ્યું....
જટામા ઘાલી શિવજી, રતન ક્યાંથી આણ્યું?....જોગીન્દર૦
કોઈ લાવે હાથે ઝાલી, કોઈ લાવે કેડે ઘાલી,
તમે તો લાવ્યા શિવજી, મસ્તકે ચઢાવી....જોગીન્દર૦
નથી લાવ્યો હાથે ઝાલી, નથી લાવ્યો કેડે ઘાલી,
જટામાં ઝીલીને લાવ્યો હું તો ગંગા રૂપાળી....જોગીન્દર૦
લીલી પીળી મટોડી ને અંગે છે ભભૂતિ,
પાર્વતી કરતાં યે ગંગા ઘણી રે ભોળી....જોગીન્દર૦
આકડા-ધતૂરાનો શિવ, તું તો ભોગી,
હવેથી નામ તારું ગંગાધર જોગી....જોગીન્દર૦

૧૪૩. [રાગ : અમે મહિયારાં રે...]
જલો લુહાણો રે વીરપુર ગામનો.
એ...હાલો હાલોને જોવા જઈએ.... લુહાણો રે વીરપુર ગામનો.

ડુંગર જેવડી પાઘડી છે બાંધી,
સમતા એણે રામ સાથ સાંધી,
એ....એને દુઃખ સહુ આપણાં કહીએ.... લુહાણો રે૦

એક હાથ માળા ને બીજે હાથ લાકડી,
ભૂખ્યાંને ભાવ થકી આપે છે ભાખરી;
સ્મિત ભર્યું મુખડું, અમી ભરી આંખડી,
દુઃખિયાનો બેલી ને અંધાની લાકડી....
એ....એનાં ચરણોની રજ શિર લઈએ.... લુહાણો રે૦

સોરઠની સ્વર્ગભોમ વીરપુર ગામ છે,
ધન્ય ધન્ય ભોમકા વસ્યો જ્યાં રામ છે,
દરિયાને પાર એની માનતાઓ ચાલતી,
નાત જાતની એમાં વાત નહીં હાલતી,
એ....એવા વીરપુર એક દિન જઈએ.... લુહાણો રે૦

૧૪૪. [રાગ : જીવડા જપી લે જુગદાધાર... ]

જીવડા ! જાગીને જો તું લગાર, આખર જાવું છે એકલા.
ઝટપટ થાને તૈયાર....આખર જાવું છે એકલા.

સુંદર શરીર જોઈ મનમાં ફુલાયો,
સગાં કુટુંબમાં ખોટો લોભાયો;
મોહ-માયામાં થયો ખુવાર....આખર જાવું છે એકલા.

મિત્રો કે સગાં સાથ નહીં આવશે,
સૌભાગી નાર પણ ભૂલી હાલશે;
ખોટમાં ખોયો અવતાર....આખર જાવું છે એકલા.

પિંજર છોડીને હંસ ઊડી જાશે,
માયાની કાયા રાખમાં રોળાશે;
એક રહેશે પ્રભુ આધાર....આખર જાવું છે એકલા.

પ્રભુ ભજી લે આવી જા તાનમાં,
નિર્ભય બની જા, સમજી લે સાનમાં;
તને આનંદ મળશે અપાર....આખર જાવું છે એકલા.

૧૪૫. [ગોપી-જશોદા સંવાદ]

જશોદાજી ! વારજો, કાનને સંભાળજો;
આજેશાં કરતો તોફાન....હો વારજો !

ડાહ્યો મારો બાળ છે, સમજુ શરમાળ છે;
શીદ વગોવો નામ ?....હો બાળ છે !

છાનો માનો આવતો, મહીડાં ચોરાવતો;
વાત નથી ધરતો, કૈં કાન....હો વારજો !

કદી બહાર જાય ના, પૂછ્યા વિના ખાય ના;
એવો એ ચતુર સુજાણ....હો બાળ છે !

કપટ એનું કામ છે, ના જરી આરામ છે;
કરે ગોપીને બહુ બદનામ....હો વારજો !

ખૂબ સમજદાર છે, હૈયાનો હાર છે;
કેમ તમે બોલો બેફામ....હો બાળ છે !

બાંધીને મારશું પકડી ફટકારશું;
ઠેકાણે લાવશું સાન....હો વારજો !

ના એને સતાવતાં, બીક ના બતાવતાં;
નહીં તો છોડશે ગામ....હો બાળ છે !

ભલે રે સતાવતો, સહુને એ ભાવતો;
વ્હાલો રૂપાળો છે શ્યામ....ના વારજો !

રામભક્ત નાથ છે, ભક્તોની સાથ છે;
સમજી લો મુક્તિનો સાર....હો બાળ છે !

૧૪૬. [રાગ : સાવનકા મહિના...]

જંગલ બાંધી ઝૂંપડી ને જપતી સીતારામ,
આવે ક્યારે વાટો જોતી, અંતરના આરામ !
ગામ છોડયું, ધામ છોડયું, છોડી સર્વ સગાઈ,
લલાટના લેખ લાવ્યા ત્યાં હું તો આવી;
છાનાંમાનાં ઋષિઓ કેરાં કરતી સેવાકામ....આવે ક્યારે૦
સેવાએ એક દિન સમય બતાવ્યો,
પૂર્વ પુણ્ય તણો પરિપાક આવ્યો;
ઋષિના હૃદયે વસી બોલ્યા છે સીતારામ....આવે ક્યારે૦
ઋષિએ શબરીને શરણું જ દીધું,
ભવ તરવાને તારક રામનામ લીધું;
ભાવેથી ભીલડી ભજે છે હૈયે ધરી હામ....આવે ક્યારે૦
શ્રદ્ધા ને વિશ્વાસ કેરું હરિ ફળ મળિયું,
ચૌદ ભુવનના નાથે પગલું ત્યાં ભરિયું;
સાબિત કીધું રામ કરતાં મોટું રામ-નામ....આવે ક્યારે૦

૧૪૭.

જેવો મથુરાનો ટાવર એવો કનૈયાનો પાવર;
પાવર વેઠવો પડશે, ભજનમાં આવવું પડશે.
જેવો ગુલાબ ફૂલનો ગોટો, એવો કનૈયાનો ફોટો;
ઉર ઉતારવો પડશે, ભજનમાં આવવું પડશે.
જેવી ઠાકોરજીની મિસરી, એવી કનૈયાની બંસરી;
બંસરી સુણવી પડશે, ભજનમાં આવવું પડશે.
જેવું ગોકુળ કેરું માખણ, એવું કનૈયાનું ડહાપણ;
ડહાપણ ઝીલવું પડશે, ભજનમાં આવવું પડશે.
જેવો રાધાજીનો ઘૂંઘટ, એવો કનૈયાનો મુગટ;
દર્શન કરવાં પડશે, ભજનમાં આવવું પડશે.

જેવાં તુલસી કેરાં માંઝર, એવાં કનૈયાનાં ઝાંઝર;
ઝાંઝર સુણવાં પડશે, ભજનમાં આવવું પડશે.

જેવી ફરતી વાદળ-છાયા, એવી સંસારીની માયા;
માયા છોડવી પડશે, ભજનમાં આવવું પડશે.

જેવો સખી-મંડળનો ભાવ, એવો કનૈયાનો લ્હાવ;
લ્હાવો ઝીલવો પડશે, ભજનમાં આવવું પડશે.

જેવું માશી પૂતના ઝેર, એવું ભગત-જગતનું વેર;
વેર ઝીરવવું પડશે, ભજનમાં આવવું પડશે.

જેવી મથુરાની મંડી, એવી શિયાળાની ઠંડી;
ઠંડી વેઠવી પડશે, ભજનમાં આવવું પડશે.

જેવો મામો કંસ કડકો, એવો ઉનાળાનો તડકો;
તડકો વેઠવો પડશે, ભજનમાં આવવું પડશે.

જેવો ભાવભર્યો પરસાદ, એવો ચોમાસું વરસાદ;
વરસાદ વેઠવો પડશે, ભજનમાં આવવું પડશે.

૧૪૮. [રાગ : સાવનકા મહિના...]

જૂઠા જગની જૂઠી માયા, મૂરખ! તું અબ છોડ!
યમરાજાની પાસે ચાલે ના તારું જોર,
બાંધી લે પાળ, તારું પાણી વહી જાય છે;
સમજી જા, સમજી જા...પ્રભુમાં ચિત્ત જોડ....યમરાજાની૦

ઊંઘી રહ્યો શાને ? તારું જીવન લૂંટાય છે,
નરહરિ બાજી તારી હાથમાંથી સરી જાય છે;
કોઈ નથી તારું, તું 'મારું મારું' છોડ...યમરાજાની૦

૧૪૯. [રાગ : જ્યોતસે જ્યોત જલાતે ચલો... ]

જ્યોતસે જ્યોત જલાતે ચલો, પ્રેમકી ગંગા બહાતે ચલો.
રાહમેં આયે જો દીનદુઃખી, સબકો ગલેસે લગાતે ચલો.

જિસકા ન કોઈ સંગી સાથી, ઈશ્વર હૈ રખવાલા,
જો નિર્ધન હૈ, જો નિર્બલ હૈ, વો હૈ પ્રભુકા પ્યારા;
પ્યારકે મોતી લૂંટાતે ચલો.... પ્રેમકી ગંગા બહાતે ચલો.

આશા તૂટી, મમતા રૂઠી, છૂટ ગયા હૈ કિનારા,
બંધ કરો મત દ્વાર દયાકા, દે દો કુછ તો સહારા;
દીપ દયાકા જલાતે ચલો.... પ્રેમકી ગંગા બહાતે ચલો.

કૌન હૈ ઊંચા, કૌન હૈ નીચા, સબમેં વો હી સમાયા,
ભેદ–ભાવકે જૂઠે ભરમમેં યે માનવ ભરમાયા;
ધરમ-ધજા લહેરાતે ચલો.... પ્રેમકી ગંગા બહાતે ચલો.

સારે જગતકે કણકણમેં હૈ દિવ્ય અમર એક આત્મા,
એક બ્રહ્મ હૈ, એક સત્ય હૈ, એક હી હૈ પરમાત્મા;
પ્રાણસે પ્રાણ મિલાતે ચલો.... પ્રેમકી ગંગા બહાતે ચલો.

૧૫૦. [ રાગ : ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ... ]

જનમો જનમ રહું તારો દાસ, પ્રભુ! એવું માગું રે!
મારી પૂરણ કરજો આશ, પ્રભુ! એવું માગું રે....(ટેક)

તારું સ્મરણ હૈયે રમતું રહે,
મન તારા ચરણમાં ભમતું રહે,
એવો અંતરમાં કરજો પ્રકાશ, પ્રભુ! એવું માગું રે....જનમો૦

સુખદુઃખમાં ભક્તિ છોડું નહીં,
જૂઠી માયા દેખીને દોડું નહીં,
તારાં ચરણે રહો મારો વાસ, પ્રભુ! એવું માગું રે....જનમો૦

અંતવેળાએ હાથ પકડી લેજો,
કરી તન્મય મને જકડી લેજો,
જોજો કરતા નહીં નિરાશ, પ્રભુ! એવું માગું રે....જનમો૦

૧૫૧. [ રાગ : જરા સામને તો આવો છલિયે! ]

જરા સાંભળોને વ્હાલા કહાન રે!

ઊભો ઊભો કરું છું તારી પ્રાર્થના;
કયાં છુપાઈ ગયો પરમાત્મા ?
તને શોધે છે મારો આત્મા !

રાજમહેલ ને બાગ-બગીચા,
અહીંયાંનું અહીં રહી જાશે;
તારી સાથે છે પુણ્ય ને જ્ઞાન રે !
કયાં છુપાઈ ગયો પરમાત્મા ?
તને શોધે છે મારો આત્મા !

જૂઠા જગની જૂઠી છે માયા,
જૂઠી છે દુનિયા તારી....
સાચી એક શામળાની વાત રે !
મારી નૈયાનો તારણહાર રે !
કયાં છુપાઈ ગયો પરમાત્મા ?
તને શોધે છે મારો આત્મા !

આવી પડ્યો હું આ જગમાંહી,
ઉગારનારો કોઈ રે નહીં;
સાચો એક શામળાનો સાથ રે !
મારા જીવન પાલનહાર રે !
કયાં છુપાઈ ગયો પરમાત્મા ? તને શોધે છે મારો આત્મા !

૧૫૨. [ રાગ : દેખ તેરે સંસારકી... ]

જન બોલે મનડું ડોલે તું દો દિનનો મહેમાન રે....
તારાં સાચાં કયાં ઘરબાર ?
જન્મ-મરણનો ફેરો તારો, આવે ને તું જાય;
કોઈ આવ્યા, કોઈ ચાલ્યા પ્રભુ તણે દરબાર....તારાં૦
'મારું તારું' ફોગટ કરતાં, જાણે નહીં નરનાર;
પળમાં ઝગડે, કાયા રગડે, આ ચાલ્યો સંસાર....તારાં૦

દેહ આ તારો ખાખ બને છે, રાખ ન આવે કામ;
બાગ બંગલા ધનદોલતને મૂકી જશો તમામ....તારાં૦
માથાં ફૂટી જાશે છૂટી, સગાં સંબંધી નામ;
ભક્તિ વિના ના ભવ-ભય છૂટે, ભક્તિથી ભય જાય....તારાં૦

૧૫૩.

જુઓ રે ભાઈ! ગાંડાની વણઝાર,
એને ગણતાં ના'વે પાર.... જુઓ ચાલી રે.

ધ્રુવ ગાંડો, શુક ગાંડો, ગાંડો દૈત્યકુમાર,
નારદજી તો એવા ગાંડા, જેણે બાંધ્યું નહીં ઘરબાર.... જુઓ૦
ગાંડા હનુમાન, ગાંડો વિભીષણ, ગાંડી શબરી નાર,
ગાંડા ગુહે પગ પંખાળી પ્રભુને ઉતાર્યા પેલી પાર.... જુઓ૦
ગોકુળની સહુ ગોપી ગાંડી, ભૂલી ઘર-વહેવાર,
બંસી નાદે હાલી નીકળી સૂતા મેલીને ભરથાર.... જુઓ૦
ગાંડો સુદામો, ઓધવ ગાંડા, વિદુરના શા ભાર?
પાંચે પાંડવ એવા ગાંડા સોબત સાધી સાર.... જુઓ૦
ભક્ત બોડાણો એ પણ ગાંડો ધૂની એવો અપાર,
દ્વારિકાના નાથને તેડી સ્થાપ્યા ડાકોર દ્વાર.... જુઓ૦
દાદુ ગાંડો, તુકો ગાંડો, પીધેલ અખો સોનાર,
ગોરોજી તો એવો ગાંડો ખૂંધો પગ સંસાર.... જુઓ૦
કબીર, તુલસી, સૂર ગાંડા, ગાંડો રોહી ચમાર,
ઝેર પીધાં એ મીરાં ગાંડી, છોડ્યા સુખ-દરબાર.... જુઓ૦
ભોજો ગાંડો, ધનજી ગાંડો, ગાંડો પ્રીતમ પ્યાર,
દાસ દયો તો ઘેલો ઘેલો ગુણ ગરબીનો ગાનાર.... જુઓ૦
નેજો, દેવો, ભેમો ગાંડા, ગાંડો મૂળો લવાર,
જલારામ પણ નરવો ગાંડો, વળાવી ઘરની નાર.... જુઓ૦

જૂનાગઢનો નાગર ગાંડો નરસૈં નિરહંકાર,
બાવન કામ કરાવ્યાં પ્રીતે, નાચ્યો થૈ થૈ કાર.... જુઓ૦

દુનિયા માટે ભક્તો ગાંડા, જેને પ્રભુથી પ્યાર,
ગાંડો હું, આ ભજન ગાંડું, ગાંડા સાંભળનાર.... જુઓ૦

૧૫૪.

જગતમાં જન્મ લેનારા! જીવનનો બાર જોતો જા.
જીવે છે તું જે આશાએ તે આશા પાર કરતો જા....જગતમાં૦

જગતની જુલ્મી જ્વાળાઓ કરોડો જીવને બાળે,
થયા કૈં ભસ્મ, તું થાશે; તો તેની રાખ જોતો જા....જગતમાં૦

ભર્યો સંસાર સાગર આ મદ મોહ ને ક્રોધે,
ઊતરશે પાર કિનારે? જરા અંદાજ ગણતો જા....જગતમાં૦

પડ્યો છે પૂર્વના પાપે, થશે શું પાર પસ્તાયે?
સદા સત્સંગ-સાબુથી હૃદયનો મેલ ધોતો જા....જગતમાં૦

જગતનો મોહ મિથ્યા, સમજજે બ્રહ્મ સાચો છે;
આત્મકલ્યાણ કરનારું સહુને જ્ઞાન દેતો જા....જગતમાં૦

કઠણ છે મોક્ષનો મારગ, માયા જુલમ ઘણો કરશે;
પ્રવાસી વ્યાસ એકલ તું, કરી સત્કર્મ બઢતો જા....જગતમાં૦

૧૫૫.

જશોદાબાળના કનૈયાલાલના હેતે હરિગુણ ગાવો રે.
હેતે હરિગુણ ગાવો, મારા વ્હાલા! મોહનજી મનાવો રે....જશોદા૦

સંસાર-સાગર મહાજળ ભરિયો, માયામાં મન ના લોભાવો રે;
કોલ કરીને ગર્ભમાંથી આવ્યા, કેમ તમે ભૂલી જાઓ રે?....જશોદા૦

મનખા દેહ આ દેવોને દુર્લભ, ના મળે મોંઘો આવો રે;
ચેતી લે પ્રાણીયા ચેતવું હોય તો, નહીં તો થશે પસ્તાવો રે....જશોદા૦

વખત વાતમાં વીતી જશે 'લ્યા ! ચોર્યાશીનો ચકરાવો રે,
મધદરિયામાં નાવ ડૂબી રે જાશે, કોણ કરે તારો બચાવો રે....જશોદા૦
સગાં સંબંધી રોઈને રહેશે, ઠાઠડીનો થશે સજાવો રે;
પ્રેમલ કહે તું સમજે તો સારું લૂંટી લે ભક્તિનો લ્હાવો રે....જશોદા૦

૧૫૬.

જશોદા ! તારા કેટલા જનમની કમાણી?
રૂડા ભાગ્યની આ છે નિશાની !....જશોદા૦
સકળ જગતનો નાથ છતાં દીકરો તારો કહેવાયો,
મનમોહન મુરલીધર નામે દુનિયામાં વખણાયો;
એવાં કુંવરનાં માતા તમે છો,
વાત નથી કાંઈ છાની !....જશોદા૦
બાળકૃષ્ણ ગોપાળ એ તારા ખોળાનો ખૂંદનાર,
ઋષિ મુનિ ને સંત જનોને રસ્તો બતાવનાર;
એવા કુંવરને જાયો તમે છે,
ધન્ય ધન્ય નંદનાં રાણી !....જશોદા૦
વાંસળી સૂરમાં વશ કરીને બાળલીલા બતાવી,
નાગ નાથ્યો, ગોવર્ધન તોળ્યો, કંસ દીધો હંફાવી;
એવા કુંવરને ધાવણ દીધાં,
બની રે અમર કહાણી !....જશોદા૦
જગના જનકની તું તો જનેતા બનીને વખણાણી,
તારા જાયાની પાછળ પાછળ દુનિયા થાય દિવાની;
દાસ બહાદૂરને ગુણલા ગાતાં,
ચરણ-સેવાની લહાણી !....જશોદા૦

૧૫૭.

જીવડા ! જપી લે જુગદાધાર, અવતાર અદકો મળ્યો છે.
સુખના પૂરા થયા દિન ચાર, દુઃખનો દરિયો ભર્યો છે.

ચાલી ગ્યું બાળપણ, હાલી જુવાની,
આવ્યું ઘડપણ તો યે આશા દિવાની;
પલ પલ રંગો રચાવે અપાર....અવતાર અદકો૦

વગર પૈસાનો તું ઘાંચીનો બેલ છે,
ભવ ભવનો તારા હૈયામાં મેલ છે;
પૈસા સારું પ્રભુને વેચનાર....અવતાર અદકો૦

પાપો છુપાવવા દાનો કરે છે,
માન મળે ત્યાં નાણાં ભરે છે;
ટીલાં તાણીને જગ ઠગનાર....અવતાર અદકો૦

દંભ દર્પને અભિમાન છોડજે,
નિર્મળ બની પ્રેમ પ્રભુમાં જોડજે;
તોડજે વલ્લભ! માયાની જાળ....અવતાર અદકો૦

૧૫૮. [રાગ : દાદા હો દીકરી... ]

જય કનૈયાલાલકી હાથી ઘોડા પાલખી,
ગોકુળની ગલીઓમાં ગાજ્યો છે નાદ;
જશોદાને દે છે સહુ વધામણાં ક્હાનનાં રે....

બોલે કોયલડી મોર સંગ ઢેલડી,
મધુર મધુર વાણીમાં સંભળાવે સાદ;
પંખીઓ મસ્ત બની ગાતાં વધામણાં ક્હાનનાં રે....

ગાયો સૌ નાચતી રંગ માંહે રાચતી,
સૌના હૈયે છે મોહનની યાદ;
નંદ દ્વાર આવનાર દેતાં વધામણાં ક્હાનનાં રે....

શંકરજી આવ્યા, માને સમજાવ્યાં,
બતલાવો, બાળ! કેમ દેતાં નથી દાદ;
રામભક્ત શ્યામ જોઈ આપે વધામણાં ક્હાનનાં રે....

૧૫૯. [રાગ : હો હો રે હવે કેમનું થવાનું...]

જાગ તું મુસાફિર થોડી જ જિંદગાની,
જશે રાત વહેલી, પછી સવાર થવાની....જાગ તું૦

ક્યાંથી રે આવ્યો તું ક્યાં રે જવાનો?
માયાની છાયામાં પડી રે રહેવાનો;
અનજાન નગરી, અનજાન સંગી,
રાહી મળ્યો નથી કોઈ તને રંગી;
સત્સંગ શબ્દોની ગુંજના લે જાણી....જશે રાત૦

પિતા માતા ભાઈ ભગિની નારી,
સ્વારથની છે આ દુનિયાદારી;
ચિનગારી જેવા ઝળકે જે પ્યારા,
અંત ઘડી થવાના એ તારા?
મનમંદિરને જાણી લે તું જ્ઞાની....જશે રાત૦

બાળા રે બચપણુ ખેલમાં ખોયું,
આવી જવાની તો સીધું ન જોયું;
કમ્મર થઈ વાંકી, બુદ્ધિ થઈ પાકી,
ભગવદ્ ભક્તિની પછી લેહ તને લાગી;
પ્રેમલ! તું જંગમાં કરી લે મનમાની....જશે રાત૦

૧૬૦.

ઝીણી સુદામાની ઝુંપડી રે, માથે છે પીપળાની છાંય, મારા વ્હાલા!
રંગે ઉમંગે ત્યાં રમતાં રે, સાંભળ્યો શોર-મચોર, મારા વ્હાલા!

દશબાર બાળકો ત્યાં રમતાં રે,
કોઈ રડતાં કોઈ લડતાં, મારા વ્હાલા!....ઝીણી૦

સતી સુદામાને વીનવે રે,
દ્વારિકા મળવા જાવ, મારા વ્હાલા!....ઝીણી૦

કહેજો ભાઈબંધને ભીડ પડી રે,
કરજો દુઃખોની વાત, મારા વ્હાલા !....ઝીણી૦
સુદામાએ લીધી લાકડી રે,
ચીંથરે બાંધ્યા તાંદુલ, મારા વ્હાલા !....ઝીણી૦
સુદામા પંથે પળિયા જી રે,
આવી રહ્યા ગોમતી-ઘાટ, મારા વ્હાલા !....ઝીણી૦
પ્રથમ સંગમમાં સ્નાન કીધું રે,
પછી આવી ઊભા દરબાર, મારા વ્હાલા !....ઝીણી૦
સુણી સંદેશો પ્રભુ આવ્યા રે,
ભેટી પડ્યા ભગવાન, મારા વ્હાલા !....ઝીણી૦
ઊભરાઈ આંસુ આવિયાં રે,
આવી સાંદીપનિની યાદ, મારા વ્હાલા !....ઝીણી૦
હાથ ઝાલીને મંદિર લઈ ગયા રે,
બેસવા આપ્યાં આસન, મારા વ્હાલા !....ઝીણી૦
સોળસેં રાણી પાયે લાગી રે,
ઢોળે ચમ્મર સહુ નાર, મારા વ્હાલા !....ઝીણી૦
સંતાડે સુદામા તાંદુલ પોટલી રે,
ભાળી ગયા ભગવાન, મારા વ્હાલા !....ઝીણી૦
સુદામા પ્રત્યે પ્રભુ બોલ્યા રે,
લાવ્યા શું ભેટ-સોગાદ, મારા વ્હાલા !....ઝીણી૦
લાજે સુદામા તે સંતાડી રાખે રે,
ખેંચી લીધી ભગવાન, મારા વ્હાલા !....ઝીણી૦
ભાવ ધરીને પ્રભુ જમ્યા રે,
વખાણ કરતા જાય, મારા વ્હાલા !....ઝીણી૦
આઠે પટરાણી માંગી ચાખે રે,
પ્રભુએ પૂછ્યો સ્વાદ, મારા વ્હાલા !....ઝીણી૦

મ્હેમાની મિત્રની ભાવે કીધી રે,
વહી ગયા દિવસ ચાર, મારા વ્હાલા !....ઝીણી૦

પછી સુદામાએ વિનતી કીધી રે,
આજ્ઞા આપોજી મહારાજ, મારા વ્હાલા !....ઝીણી૦

પછી વ્હાલાએ વિદાય દીધી રે,
આપ્યું ના કાંઈ પણ હાથ મારા વ્હાલા !....ઝીણી૦

મારગમાં વિચાર આવી રહ્યો રે,
કરવી'તી દુઃખડાંની વાત, મારા વ્હાલા !....ઝીણી૦

એના રે ભાવમાં ભૂલી ગયો રે,
મારશે સતી મહેણાં અપાર, મારા વ્હાલા !....ઝીણી૦

પસ્તાતા એ તો ગામ પહોંચ્યા રે,
દેખી ના ઝૂંપડી ત્યાંય, મારા વ્હાલા !....ઝીણી૦

દશબાર બાળ ત્યાં રમતાં હતાં રે,
તેડી ગયાં મંદિરમાંય, મારા વ્હાલા !....ઝીણી૦

સતી હિંડોળે હીંચતાં'તાં રે,
દોડીને લાગ્યાં પાય, મારા વ્હાલા !....ઝીણી૦

સુદામા મનમાં વિચારે ભાવથી રે,
એની કૃપા તો અપરંપાર, મારા વ્હાલા !....ઝીણી૦

મિત્રતા મળે તો એવી મળો રે,
અવિચળ દિવસ ને રાત, મારા વ્હાલા !....ઝીણી૦

સંવત છે બે હજાર પાંચની રે,
સુદ બીજ ને આસો માસ, મારા વ્હાલા !....ઝીણી૦

કહે પ્રભુદાસ કાલાવાલા રે,
પ્રભુ ! દેજો વ્રજમાં વાસ, મારા વ્હાલા !....ઝીણી૦

૧૬૧. [રાગ : નંદલાલ નંદલાલ ! શાને નથી માનતા ?... ]

ઝાંપલી ઉઘાડી મોહન ! વ્હેલો વ્હેલો આવજે,
તારા જેવાં ડાહ્યાં છૈયાં સાથે તેડી લાવજે....ઝાંપલી૦
ફૂલ કેરા ગજરા લાવ, ફૂલનાં આભૂષણ લાવ,
મીઠા મીઠા મેવા, મોહન ! મારા માટે લાવજે....ઝાંપલી૦
મારા ખેતર ચારજે ગાય, લીલું લીલું ઘાસ જ થાય,
માળા ઉપર બેસી, મોહન ! મોરલી વગાડજે....ઝાંપલી૦
મેં જે રાંધ્યું લેજે સ્વાદ, કઢી વડી ને કીધો ભાત,
હોંશે હોંશે જમજે, મોહન ! ભક્તોને જમાડજે....ઝાંપલી૦
જળ જમનાની ઝારી ભલી; પાન-બીડું તું મુખમાં ભરી,
ભક્તજનોને આંગણ, મોહન ! દર્શન દેવા આવજે....ઝાંપલી૦

૧૬૨.

ટૂંકું ટચૂકડું નામ રામ રામ બોલો,
રામ રામ બોલો તમે સીતારામ બોલો;
અંતરમાં થાશે આરામ.... રામ રામ બોલો.... ટૂંકું૦
રામ સ્વરૂપે રાવણને માર્યો,
મોક્ષનાં દીધાં છે દાન.... રામ રામ બોલો.... ટૂંકું૦
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો,
ભક્તોનાં કીધાં છે કામ.... રામ રામ બોલો.... ટૂંકું૦
દુનિયાને કાજે દશ અવતારો
લીધા ને ઉજાળ્યાં ધામ.... રામ રામ બોલો.... ટૂંકું૦

૧૬૩.

ડાકોર પંથે પધારો રે, જીવલડા ! ન્હાવાને ગોમતી આરો રે,
આણી તીરે ગોમતી ને પેલી તીરે શેરડી,
આવે છે લહેરો શીતળ સમીરની;
વચમાં છે રણછોડ રાયો રે, જીવલડા ! ડાકોર પંથે૦

આવે છે લાખ લોક એના રે બારણે,
ટોળે વળ્યાં છે દર્શનના કારણે;
કીર્તનના થાય છે પોકારો રે, જીવલડા! ડાકોર પંથે૦

દુઃખે આંગળીઓ જપી જપી માળા,
ભજન ગાતાં થાકે બિચારા;
જય જયના થાય પડકારો રે, જીવલડા! ડાકોર પંથે૦

મળે રણછોડ તો કેડ બાંધી લડવું,
દાસ ગજો કહે છે એને તો મળવું;
છુપાશે ક્યાં એ ધૂતારો રે, જીવલડા! ડાકોર પંથે૦

૧૬૪.

ડાકોરનો એક ચોર દ્વારિકા જાય,
ચિતડાના ચોરને ચોરી લઈ જાય.... ચિતડાના૦

વિશ્વ સકલનો જે રાજા કહેવાય છે,
લક્ષ્મીના વરનો વટ ને વહેવાર છે;
એવાને ચોરવા કટિબદ્ધ થાય.... ચિતડાના૦

ત્રિકમનાં તાળાં તો તૂટે ના તોડયાં,
તુલસીની ચાવીથી તાળાં મરોડયાં;
ત્રિકમજી ખુદ મધરાતે લૂંટાય.... ચિતડાના૦

મોંઘેરો માલ ભરી ગાડું હંકાર્યું,
પવનવેગે એ તો ડાકોરમાં આવ્યું;
અંતરનો આનંદ શીદ વર્ણવાય.... ચિતડાના૦

લક્ષ્મીને ખૂબ લૂંટી, હવે લૂંટો નાથને,
લૂંટવાની રીત ન્યારી; સોંપી દો જાતને;
રામભક્ત બોડાણો અમ્મર ગવાય.... ચિતડાના૦

૧૬૫. [રાગ : કહું રામ લક્ષ્મણની વારતા... ]

તને ખબર પડી જાય બધી વાતની,
જ્યારે બેસે પનોતી સાડા સાતની,
સગાંવહાલાં છોડે સાથ, બધે થાય અપમાન,
જાયે સઘળી ખુમારી માત-તાતની.... જ્યારે બેસે૦
તારો બેટો હો કે બાપ, પકડે ન કોઈ હાથ,
ઘડી એકે ના આવે નિરાંતની.... જ્યારે બેસે૦
બેસે ભાવ ભૂલી ભ્રાત, સહાય કરે ન સગો તાત,
પછી આશા શું રાખવી ન્યાતની.... જ્યારે બેસે૦
રહે ચિંતામાં રત મન, વળી સુસ્ત રહે તન,
મળે નોકરી ના દિન કે રાતની.... જ્યારે બેસે૦
રામભક્ત થવા કાજ, પછી છોડે છે લાજ,
પુનિત પરવા ન કરતો જાતની.... જ્યારે બેસે૦

૧૬૬. (રાગ : તને શામળો કીધો કોણે, મોરારી ?...)

તારો ભરોસો મને ભારી,
સીતાપતિ ! તારો ભરોસો મને ભારી.
રંક ઉપર વ્હાલો ચમ્મર ઢોળાવે,
ને ભૂપને કરે ભિખારી.... સીતાપતિ૦
નખ થકી વ્હાલે હિરણ્યકશ્યપ માર્યો,
ને પ્રહ્લાદ લીધો ઉગારી.... સીતાપતિ૦
પાંચે પાંડવની વ્હાલે સહાય કીધી,
લાખા ભવન મેલ્યો બાળી.... સીતાપતિ૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
તારા નામ પર જાઉં છું વારી.... સીતાપતિ૦

૧૬૭. (રાગ : કોઈનાં મરશો ના મા ને બાપ...)

તારી જોઈ જોઈ થાકચો વાટલડી, ચૂવે મારી આંખલડી !
મારી દુભાવશો ના તમે આંતરડી, રૂએ મારી આંખલડી !

તારી આશાએ હું તો જીવી રહ્યો છું,
તને મળવા મોહનવર! ઝૂરી રહ્યો છું;
મારી કૂમળી આ કાય થરથરતી, રૂવે મારી૦.... તારી૦
મારી આશને નિરાશ તમે કરશો નહીં,
મારા અવગુણને હૈયામાં ધરશો નહીં;
મારા ઉરમાં છે આગ ભડભડતી, રૂવે મારી૦.... તારી૦
એક દુઃખિયારો દુઃખ જઈ કોને કહે?
નંદુ વિયોગમાં કયા સ્થાને રહે?
મારી નિભાવો સ્વામી તમે પ્રીતલડી, રૂવે મારી૦.... તારી

૧૬૮.

તારી કામળીનો રંગ છે કાળો રે! કામળીવાળો કાનુડો,
તું તો નંદજશોદાનો લાલો રે! કામળીવાળો કાનુડો.
હાલો હાલોને જોવા જઈએ રે,
એને જોઈને સુખિયાં થઈએ રે;
એ તો ડાકોરના દહેરામાં બેઠો રે! કામળીવાળો કાનુડો.
વ્હાલો ઊભો ઊભો મોરલી વગાડે છે,
વ્રજ ગોકુળમાં ગાયો ચરાવે છે;
એ તો ગોપીઓના ઘરમાં પેઠો રે! કામળીવાળો કાનુડો.
વ્હાલો ઘૂઘરા બાંધી થૈ થૈ થૈ નાચે છે,
દાસ ગજાનંદ ભાવ-દયા યાચે છે,
એની ભક્તિનો લેવો છે લ્હાવો રે! કામળીવાળો કાનુડો.

૧૬૯.

તમે માયાની જાળમાં, જૂઠા સંસારમાં રટી લો રાધેશ્યામને.
પવન ઝેરી આ કળિયુગનો વાય છે,
તોયે માયામાં માનવ મલકાય છે;
જરા અંતરના પડદા ખોલો સંસારમાં, રટી લો૦

ગુમાવ્યું બાળપણ રમી ઉછંગમાં,
વીતી યુવાની તો માયાના સંગમાં;
હવે ઘડપણમાં આંખો ખોલો સંસારમાં, રટી લો૦
કંઈક મોહ્યા છે રૂપ ગુણ ગાનમાં,
કંઈક ફૂલ્યા છે માન અભિમાનમાં;
ભલા ! સ્વપ્ન સમાન સહુ સુખો સંસારમાં, રટી લો૦
જેણે જાણ્યા છે રાધાના શ્યામને,
તે તો પામ્યા છે અવિચળ ધામને;
બાળ કર જોડી વીનવે તમને સંસારમાં, રટી લો૦

૧૭૦.

તરવા આવો રે કોઈ તરવા આવો રે !
સંતોની નાવડીમાં ફરવા આવો રે.
સેવા સમરણનાં હલેસાં મારજો,
ભાવ થકી નાવડી ધીરે હંકારજો;
પાર ભવસાગર ઊતરવા આવો રે !....કોઈ તરવા૦
માયાની આંધીમાં જોજો અટવાવ ના,
મમતાનાં મોજાંની માંહે પછડાવ ના;
સંકટનો સામનો કરવા આવો રે !....કોઈ તરવા૦
સબૂરીનો શઢ તમે ખેંચીને રાખજો,
રામભક્ત ફળ તમે ધારેલાં ચાખજો;
પુનિત બની તમે ઠરવા આવો રે !....કોઈ તરવા૦

૧૭૧.

તાળી પાડીને રામ રામ બોલજો રે.
તમે અંતરના પડદા ખોલજો રે.... તાળી પાડીને૦

તાળી પાડતાં જે શરમાય છે,
તેનો જીવડો નરકમાં જાય છે;
હાં રે એનો વાંદરાનો અવતાર થાય છે રે.... તાળી પાડીને૦
તાળી પાડી એક નરસિંહ નાગરે (૨)
હૂંડી સ્વીકારી એની કોશ તે કાગળે રે.... તાળી પાડીને૦
તાળીની લગની એક મીરાંબાઈને (૨)
કટોરો ઝેરનો પી લીધો ચાહીને રે.... તાળી પાડીને૦
તાળી પાડી એક સગાળશા વાણિયે,
કુંવર ચેલૈયો માત ખાંડે ખાણિયે રે.... તાળી પાડીને૦
તાળીનો પાડનાર હરિશ્ચંદ્ર રાજવી,
ત્રણે વેચાયાં સાચ લીધું સાચવી રે.... તાળી પાડીને૦
તાળી પાડી એક દ્રુપદ-સુતાએ,
ચીર નવસો નવ્વાણું પુરાયાં રે.... તાળી પાડીને૦
તાળીનો પાડનાર ગોરો કુંભાર છે,
ધૂન ભક્તિમાં ખૂંદ્યો'તો બાળને રે.... તાળી પાડીને૦
તાળીનો પાડનાર ધ્રુવકુમાર છે,
ઉત્તરમાં પામ્યો અવિચળ ધામને રે.... તાળી પાડીને૦
તાળી પાડી એક ભક્ત પ્રહ્લાદે,
એણે ધગધગતો થંભ લીધો બાથે રે.... તાળી પાડીને૦
નર્મદાદાસ હવે તાળી પાડે છે,
તાળી પાડનાર વૈકુંઠ જાય છે રે.... તાળી પાડીને૦
હાંરે એને ભગવાન ભેટી જાય છે રે.... તાળી પાડીને૦

૧૭૨.

તમે સાંભળજો નરનાર, કહું છું કથા રાજા રામની રે!
એની લીલા અપરંપાર, એને કહેતાં ના'વે પાર.... કહું છું૦
પંચવટીમાં વસ્યા રાઘવ સીતાજીની સાથે,
સેવા કરવા લક્ષ્મણ ભૈયા આવ્યા'તા સંગાથે;

જેના સુખ તણો નહીં પાર, સતીને રામ તણો આધાર.... કહું છું૦

એક દિવસ ત્યાં મૃગલો આવ્યો કંચનવરણી કાયા,
સતી સીતાને રઢ લાગી ને લાગી ઘણેરી માયા;
મૃગલો મેળવવાને કાજ, સતીએ વીનવ્યા સ્વામીનાથ.... કહું છું૦

રાઘવ કહે છે સુણો સુંદરી, મૃગલો છે માયાવી,
છોડી દો આ રઢ લીધેલી, વાત કરો ના આવી;
ત્યારે કહે સીતાજી, રાજ ! મૃગલો લાવી દ્યોને આજ.... કહું છું૦

રામજી મૃગની પૂંઠે ધાતા, મૃગલો દોડી ભાગે,
ક્રોધ કરીને તીર ત્યાં છોડયું, પીઠમાં એની વાગે;
ત્યાં તો કપટી થયો અવાજ, 'લક્ષ્મણ ! વ્હારે ધાજો ભ્રાત'.... કહું છું૦

લક્ષ્મણ જાતાં વાર લગાડે, ભાભી મહેણાં મારે,
ભ્રષ્ટ મતિના છો, દિયરજી ! કેમ જતા ના વ્હારે ?
લાગ્યો લક્ષ્મણને આઘાત, બાંધી લક્ષ્મણ રેખા જાય.... કહું છું૦

'ભિક્ષાં દેહિ, ભિક્ષાં દેહિ' ભીખતો રાવણ આવે,
ભિક્ષા દેતાં સીતાજીને રેખા બહાર લાવે,
રાવણ સતીને બાંધે પાશ, ઊડે પછી તો આકાશ.... કહું છું૦

રાવણ જ્ઞાની, રાવણ ધ્યાની, તો યે પાપી પૂરો,
ધરમ-કરમનો ભેદ જ ન્યારો, ઊકલો તોય અધૂરો;
રામે માર્યો મારી બાણ, રાવણ મુક્ત બન્યો પરમાણ.... કહું છું૦

સીતાહરણની કથા કરી મેં, ભાવ ધરીને સુણજો,
ભક્ત બનો કે બનો વિરોધી, ઉરમાં રામને ધરજો,
ભાવે ભક્તિ કરજો આજ, છોડો સહુ સંસારી કાજ.... કહું છું૦

૧૭૩.

તમે ધીરે ગાડી હાંકો રે, મેરા રામ ગાડીવાલા !
રામ ગાડીવાલા, મેરા સદ્‌ગુરુ ગાડીવાલા !.... તમે ધીરે૦

ગાડી મેરી અજબ રંગીલી, બેલ જોડયા બે-ચાર,
હાંકનેવાલા છેલ છબીલા, બેઠનેવાલા લાલ રે !.... મેરા૦

ગાડી છૂટી રૈનમેં ને મજલ પડ્યા હૈ દૂર,
સાચા સદ્‌ગુરુ જો મિલે તો, પહોંચે જરૂર હજૂર રે !.... મેરા૦

ઘોડા છૂટ્યા હૈ સ્થાનસે ને પીછે પડા પોકાર,
દસ દરવાજા બંધ કીધા ને નિકલ ગયા અવતાર રે !.... મેરા૦

જંતર મેરા ઝાંઝવું ને તૂટી ગયા સબ તાર,
જંતર બિચારા કયા કરે જબ નિકલ ગયા હૈ પ્રાણ રે !.... મેરા૦

ગંગા કિનારે ઘર કરો ને નહાવો નિર્મલ નીર,
દીધા બિના નહીં પામીએ કહ ગયે દાસ કબીર રે !.... મેરા૦

૧૭૪. [ રાગ : ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ... ]

તમે ગોકુળમાં આવ્યા હરિ ! મથુરા ના જાશો ફરી.
કંસ તેડાવે કપટ કરી, મથુરા ના જાશો ફરી.

લાગી બાળપણેથી માયા ઘણી,
તમે તરછોડી ના જાશો ધણી;
ગોપી ગ્વાલા કહે કરગરી, મથુરા ના જાશો ફરી....તમે૦

બંસી નાદે ગોપી સહુ ઘેલી કીધી,
માખણ ચોર્યું, રાધિકાની છાશ પીધી;
એવી પ્રીત બંધાણી ખરી, મથુરા ના જાશો ફરી....તમે૦

ગાયો ચારી ગોવાળની સંગ રહી,
દૈત્યો માર્યા તમે વગડા મહીં;
દુઃખમાં દૂર ખસ્યા ના જરી, મથુરા ના જાશો ફરી....તમે૦

ઇન્દ્ર જેવાના દર્પ ઉતારી લીધા,
વ્રજવાસીને ડૂબતા બચાવી લીધા;
કીધું રક્ષણ ગોવર્ધન ધરી, મથુરા ના જાશો ફરી....તમે૦

૧૭૫.

તમે ભાવે ભજો ભગવાન, જીવન થોડું રહ્યું,
રે કરો આત્માનું કલ્યાણ, જીવન થોડું રહ્યું.
તમે કરેલા કોલ તો ભૂલી ગયા,
જૂઠી માયાના મોહમાં ઘેલા થયા;
તમે ભૂલ્યા છો સાન ને ભાન....જીવન થોડું રહ્યું....તમે ભાવે૦
બાળપણુ ને યુવાની સઘળું ગયું,
નથી ભક્તિના માર્ગે ડગલું ભર્યું;
હવે બાકી જે તેમાં દ્યો ધ્યાન....જીવન થોડું રહ્યું....તમે ભાવે૦
પછી ઘડપણમાં પ્રભુ ભજાશે નહીં,
લોભ મોહ વૈભવ ત્યજાશે નહીં;
બનો પ્રભુમાં આજે જ મસ્તાન....જીવન થોડું રહ્યું....તમે ભાવે૦
આમ વાતોમાં દિન બધા વીતી જશે,
પછી ઓચિંતું જમનું તેડું થશે;
નહીં ચાલે તમારું તોફાન....જીવન થોડું રહ્યું....તમે ભાવે૦
તમે ચેતીને ભક્તિનું ભાથું ભરો,
કાંઈક કરતાં પ્રભુજીને ઉરમાં ધરો;
તમે થોડા દિવસ મહેમાન....જીવન થોડું રહ્યું....તમે ભાવે૦

૧૭૬.

આયા દ્વાર તુમ્હારે રામા! આયા દ્વાર તુમ્હારે....
જબ જબ ભીડ પડી ભક્તન પર
તુમને હી દુઃખ ટારે (૨)....આયા૦
મનમેં છાયા ગહન અંધેરા,
દીપક કૌન ઉજારે (૨)....આયા૦
નૈયા મોરી ફંસી ભવંર મેં,
તૂ હી પાર ઉતારે (૨)....આયા૦

૧૭૭.

દેહ તણું ભૂલી જા ભાન ભક્તિના તાનમાં,
મૂકજે તું મમતા ને માન ભક્તિના તાનમાં.
પકડાયો સત્પંથ પાછો ન મૂકતો,
લોકોની લાજ લેશ દિલમાં ન ધરતો;
કરજે તું કાયા કુરબાન ભક્તિના ભાનમાં....દેહ તણું૦
અંતરથી ઓળખી લેજે કિરતારને,
છોડી દે સ્વાર્થભર્યા સર્વે વિચારને;
સ્હેજ વાર થઈ જા ગુલતાન ભક્તિના ભાનમાં.... દેહ તણું૦
સઘળે છે એ જ બસ સમજી જા સાનમાં,
શાને મલકાતો રહેતો ગુમાનમાં ?
જરા ઓળખ ને થઈ જા મસ્તાન ભક્તિના ભાનમાં....દેહ તણું૦
છોડ તું મોહભર્યા માયાના કોડને,
ભજી લે ભાવ ધરી રૂડા રણછોડને;
તને ભેટી જશે ભગવાન ભક્તિના ભાનમાં....દેહ તણું૦

૧૭૮.

દોરી તારી ટૂંકી થવાની, જિંદગી તારી એળે જવાની....
માયાવી જીવડો મોહમાં ફસાય છે,
દિવસ વીતે ને આયખું ટૂંકાય છે;
ફજેતી આખર થવાની, જિંદગી તારી૦.... દોરી તારી૦
સંસાર-સાગરમાં રામનો છે આશરો,
રામનામ લે છે એનો દિનમાન પાંસરો;
હોડી એની પાર જવાની, જિંદગી તારી૦ દોરી તારી૦
કાલે મરવું છે એમ જાણી લે આજથી,
ધોઈ નાખ હાથ તું સંસારી સાજથી;
જોને તારી જાય જુવાની, જિંદગી તારી૦.... દોરી તારી૦

એક એક શ્વાસ જાય અમૂલ બેકારમાં,
સોયને પરોવી તું વીજળી-ઝબકારમાં;
દેહ તારી છૂટી જવાની, જિંદગી તારી૦.... દોરી તારી૦

પ્રભુદાસ કહે, વીરા! માની લે વાતને,
રામનામ લઈ જીભે સાચવી લે જાતને;
નહીં તો બાજી હારી જવાની, જિંદગી તારી૦.... દોરી તારી૦

૧૭૯. [શામળા હો શામળા]

દેવના હો દેવના હર હર મહાદેવના
ભોળા મહાદેવના ચરણોમાં લાગું હું પાય, મહાદેવના....દેવના૦

ઉમિયા હો ઉમિયા! ઊભા ગણેશ ત્યાં,
કૈલાસે વાસો સદાય, મહાદેવના....દેવના૦

અંતરના પ્યારથી, અર્ચન-ઉપહારથી,
પૂંજીએ તો દિલ હરખાય, મહાદેવના....દેવના૦

વિષના પીનારના, નાગ ધારનારના,
દર્શનથી પાવન થવાય, મહાદેવના....દેવના૦

ભોળો છે દેવતા, દેવો સૌ સેવતા,
સેવાથી ભવ-ભય જાય, મહાદેવના....દેવના૦

૧૮૦.

દેખો દેખો જશોદા મૈયા તેરો લલનો,
તેરો લલનો મૈયા તેરો લલનો.... દેખો૦

ઘડીમાં બહાર ઘડીમાં ભીતર,
મોરલા બજાવે તેરો નંદલાલો.... દેખો૦

બારણે જોઉં તો બાર વરસનો,
ઘરમાં જોઉં તો ઝૂલે પારણિયે....દેખો૦

જમનાજી કે તીરે ધેનુ ચરાવે,
મોરલી બજાવે તેરો લલનો....દેખો૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
અમર તપો નટખટ કનૈયો....દેખો૦

૧૮૧.

દુનિયા બોલે તો બોલવા દઈએ રે!
આપણે રામ-ભજનમાં રહીએ....
સીતારામ રાધેશ્યામ....સીતારામ રાધેશ્યામ.... (ટેક)
હંસલો બગલો એક જ રંગના,
હંસલો કોને કહીએ?.... આપણે૦
હો હંસપણું જો જાણીએ તો,
મોતીડાં ચુન ચુન લઈએ!....આપણે૦.... સીતારામ૦
જગત ભગતને વેર સદાનાં,
એમાં ભક્તપણું કોને કહીએ?.... આપણે૦
ભક્તપણું તો તબ રે જાણીએ,
જબ સૌનાં મેણુલાં સહીએ!.... આપણે૦.... સીતારામ૦
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ચરણ-કમળ ચિત્ત દઈએ!.... આપણે૦
શરણપણું જો જાણીએ તો,
સદ્ગુરુ-સેવા જ કરીએ!.... આપણે૦.... સીતારામ૦

૧૮૨. [રાગ : દેખ તેરે સંસારકી હાલત...]

દુઃખ ભર્યાં આ જીવનથી, પ્રભુ! ઉગારી લે આ વાર,
તુજને વીનવું વારંવાર.
નામ લઉં છું શ્વાસે શ્વાસે રાખી તુજ આધાર,
તુજને વીનવું વારંવાર.
દુઃખસુખ સહુને સરખાં જાણું, તારા નામે પોકાર પાડું;
એક જ તારો છે વિશ્વાસ, દયા તણા ભંડાર....તુજને૦
નાવ ડૂબે મઝધારે મારી, શરણું એક જ ગ્રહ્યું છે તારું;
બની સુકાની તમે શામળા, ઉતારજો ભવ પાર.... તુજને૦

ગુણલા તારા ગાતાં રાજી, સોંપી તુજને જીવન-બાજી;
હારજીત છે તારે હાથે શામળા, લેજો તમે સંભાળ....તુજને૦

આશા રાખું એક જ મનમાં, ક્યારે મળશે તું જીવનમાં;
સ્નેહ ધરીને દરશન દો દો, ઓ વિઠ્ઠલ વિશ્વાધાર....તુજને૦

દિલમાં લાગી તાલાવેલી, અંત સમયના થાજો બેલી;
કરું સમર્પણ પ્રેમ સુમન તેં માન્યું અપરંપાર....તુજને૦

૧૮૩. [રાગ : દેખ તેરે સંસારકી...]

ધન ન માગું દોલત ન માગું, માગું તમારો સાથ,
મુજને દર્શન દો દીનાનાથ!

સમય સમયની છે બલિહારી, તમને પુકારે આ ભવ ભિખારી,
બાળક તારે શરણે આવ્યો બે કર જોડી સાથ.... મુજને૦

સગાં-સંબંધી સુખનાં સ્નેહી, દુઃખ પડે ત્યારે કોઈ ના બેલી;
દુઃખ-ડુંગર આવી પડ્યો પ્રભુ! પકડો મારો હાથ....મુજને૦

ભક્તજનો તમને પોકારે; કહે પ્રભુજી ક્યારે આવે;
બાળક તારી રાહ જુએ છે દિન અને વળી રાત....મુજને૦

૧૮૪. [રાગ : સાવનકા મહિના...]

ધીરે ધીરે આવો ક્હાના! ખખડાટ થાય ના, ખખડાટ થાય ના.
ઘરમાં સૂતેલાં બધાં જોજે જાગી જાય ના....જોજે૦

ધીરેથી આવી વ્હાલા! સાંકળ ઉઘાડજે,
મધુરી સી બંસી ક્હાના! ધીરે બજાવજે;
બંસીના સૂરે ક્હાના! બાળક જાગી જાય ના....જોજે૦

સામા મંદિરે મારાં સાસુજી સૂતાં,
જોડેના ઓરડે મારા સસરાજી સૂતા;
ઝાંઝરનો ઝમકાર તારા જોજે ક્હાના થાય ના....જોજે૦

આવવાની ખબર વ્હાલા ! પ્હેલેથી આપજે,
સંદેશો ટપાલમાં કોઈ ના મોકલાવજે;
તારી મારી વાત ક્યાંય જોજે ફૂટી જાય ના....જોજે૦
વલ્લભના સ્વામી પ્રભુ રસિક શિરોમણિ,
તમને ક્હેવાનું શું ? છો ચોર-શિરોમણિ;
આવો છાના માના ક્હાના જોજે ચૂકી જાવ ના....જોજે૦

૧૮૫.

ધન્ય શ્રવણનાં માતાપિતા ને ધન્ય શ્રવણ તુજ નામ !
ખાંધે કાવડ ભેરવીને અડસઠ કરાવ્યાં ધામ....ધન્ય૦
માતાપિતાના મનમાં એમ કે આંખ હોત કુશળક્ષેમ,
યાત્રા કરીને પાપ નિવારત, હવે નથી એ હામ....ધન્ય૦
માતાપિતાનો ઓરતો જાણી, કેડ શ્રવણે બાંધી તાણી,
કાવડ લઈને નીકળ્યો એ જ્યાં છે પ્રભુનાં ધામ....ધન્ય૦
માતાપિતા બહુ તરસ્યાં થયાં ને ગળામાં પડિયો શોષ,
ઘડો લઈને શ્રવણ નીકળ્યો કરાવવા જલ-પાન....ધન્ય૦
શોધતાં શોધતાં સરવર આવ્યું ઘડામાં ભરિયાં જળ,
શિકાર કરવા દશરથ રાયે મારી દીધું બાણ....ધન્ય૦
દશરથ દોડ્યા તેની વ્હારે, સુણી શ્રવણ પોકાર;
મૃગલો સમજી બાણ માર્યું'તું, ગયા શ્રવણના પ્રાણ....ધન્ય૦
શ્રવણ-મરણની વાત જ્યાં જાણી, કંપ્યાં મા ને બાપ;
દશરથ રાજાને શ્રાપ દીધો ને પહોંચ્યાં પ્રભુને ધામ....ધન્ય૦
જીવવું-મરવું સૌના માથે, માટે કમાવું નામ;
માતા પિતાની સેવા કરે જે મળશે તેને રામ....ધન્ય૦

૧૮૬.

એકાદશીનું વ્રત કરવું છે;
ધન્ય એકાદશી ! ધન્ય એકાદશી !

મારે ધ્યાન હરિનું ધરવું છે,
મારે વૈકુંઠમાં જઈ ઠરવું છે....ધન્ય૦.... એકાદશીનું૦
એકાદશીનું વ્રત સારું છે,
એ તો પ્રાણુ જગતને પ્યારું છે,
એ તો વૈકુંઠ લઈ જનારું છે....ધન્ય૦.... એકાદશીનું૦
જે કોઈ કરે બાર માસ એકાદશી,
તેના અંતરમાં વસે સીતાપતિ,
નહીં કરે તે જાશે હાથ ઘસી....ધન્ય૦.... એકાદશીનું૦
મારે ગંગા ઘાટે જાવું છે,
મારે જમના-જળમાં ન્હાવું છે,
મારે ભવસાગર તરી જાવું છે....ધન્ય૦.... એકાદશીનું૦
જેણુ એકાદશી વ્રત કીધાં છે,
તેના પાંચે પદારથ સીધા છે,
રસ કલ્યાણુરાયે પીધા છે....ધન્ય૦.... એકાદશીનું૦

૧૮૭.

ધન્ય ધન્ય ગોકુળ આઠમની રાત, નખેતર રોહિણી રે લોલ!
ધન્ય ધન્ય દેવકી કૂખ કહેવાય ત્રિભુવર જનમ્યા રે લોલ!
ભીડેલાં લોખંડી દ્વાર, ફટાફટ ઊઘડી ગયાં રે લોલ!
ચાલ્યા કારાગૃહેથી વસુદેવ લઈને કુંવરને રે લોલ!
ઝીણા ઝરમર વરસે મેહ, શેષનાગ છાયા ધરે રે લોલ!
ઘેરી ઘોર અંધારી રાત, ચાંદલો ઉજાશ કરે રે લોલ!
આવ્યાં જમના જળ ભરપૂર, જમનાએ મારગ દીધા રે લોલ!
અહીં તો થઈ છે કંસને જાણ, ઊઠ્યો બેબાકળો રે લોલ!
પાવલે ગ્રહી પછાડયું બાળ, બાળ તો ઊડી ગયું રે લોલ!
હું વીજ તે જઉં આકાશ, કાળ તુજ ગોકુળમાં રે લોલ!
નંદજીને આંગણુ ઓચ્છવ થાય વધામણી ઘણી ઘણી રે લોલ!
પછી અસુરો મારવાને જાય, ચરણુ સ્હાઈ ચીરિયા રે લોલ!

મારી પુતનાના શોષ્યા પ્રાણ, પાવન તેને કરી રે લોલ!
ધન્ય ધન્ય માતા જશોદા માઈ, હરિવર ખોળે રમે રે લોલ!
પાંચ-સાત માસના થયા રે કહાન ઘૂંટણિયે ચાલતા રે લોલ!
હરિ રમીને આવ્યા છે ઘેર, માતાને પ્રેમે ધાવતા રે લોલ!
મહીડાં વલોવે જશોદા માત, હરિવર રીસે ભર્યા રે લોલ!
પાટું મારીને કીધું તોફાન, ગોળીના કટકા કર્યા રે લોલ!
આંગણે મહી રેલાતાં જાય, માખણ ચાખે મીઠાં રે લોલ!
નવસેં નવ્વાણું દામણ-દોર, બંધાય તોયે નહીં રે લોલ!
માતા જશોદાજી હાંફી જાય, વ્હાલો વ્હાલપ કરે રે લોલ!
હરિ આખરમાં શરણે થાય, ઊખળે બંધાઈ ગયા રે લોલ!
માટી ખાવાની ગોબરી ટેવ, માતા મોઢું ખોલે રે લોલ!
મુખમાં ચૌદ ભુવન દેખાય, માતા મૂર્છા ઢળે રે લોલ!
વ્હાલે સાહી છે લાકડી હાથ, ગોધન ચારતા રે લોલ!
કીધું બહાનું તે ગેડીનો દાવ, દડો જળમાં પડચો રે લોલ!
વ્હાલો મારો ચઢ્યો કદંબની ડાળ, જળમાં કૂદી પડચો રે લોલ!
હરિવર પહોંચ્યા પાતાળમાંય, કાળીનાગ નાથવા રે લોલ!
ક્યાંથી આવ્યું નાનેરું બાળ : નાગણ સહુ પૂછતી રે લોલ!
નામ મારું છે નટવર કહાન, જગાડ તારા નાથને રે લોલ!
ગેડી મારી જગાડચો નાગ, ભગવંત યુદ્ધે ચડચા રે લોલ!
સાત ફણાને વીંધીને શિર નટખટ સોહી રહ્યા રે લોલ!
નાગણ સઘળી કરે વિલાપ, મેલો અમારા નાથને રે લોલ!
છોડવાનું કહ્યું ધરો કે કહાન ગોકુળ આવિયા રે લોલ!
એટલે થઈ ત્યાં કંસને જાણ, મનમાં ઘણું બળ્યો રે લોલ!
એનો ખૂટી પડેલો કાળ કે કહાનને નોંતર્યો રે લોલ!
મામા! હું તો છું ભાણેજ-બાળ, આવો અંગ ભેટીએ રે લોલ!
મામો ભાણેજ ભેટ્યા કે પ્રાણ કંસનો છૂટી ગયો રે લોલ!
એનો જનમ-મરણ ભય જાય, પૂરવનો ભક્ત હતો રે લોલ!
હરિવર કથાનો આ ટૂંક સાર જે ગાય, સાંભળે રે લોલ!
તેનાં પાતક સઘળાં જાય, વૈકુંઠ વ્હેલું મળે રે લોલ!

૧૮૮.

નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં નંદ ઘેર આનંદ થાય.

અવિનાશીએ અવતાર લીધો,
માતાનું મન હરખાય....નંદ ઘેર૦

શ્રાવણ વદ ને આઠમની રાતે,
મંદ મંદ વાયુ લ્હેરાય....નંદ ઘેર૦

નંદના લાલને મોતીડે વધાવ્યા,
ઝળહળ આરતી થાય....નંદ ઘેર૦

ગાંડા ને ઘેલા ગોવાળિયાએ,
નાચે કૂદે ને ગાય....નંદ ઘેર૦

શણુગાર સજી ગોપીએ આવે,
લઈને પૂજાને થાળ....નંદ ઘેર૦

કંકુ કેસરના પુરાયા સાથિયા,
ઘર ઘર તોરણુ બંધાય....નંદ ઘેર૦

ગાયો નાચે, વાછરું નાચે,
ગોરસના છંટકાવ થાય....નંદ ઘેર૦

હીરા માણેકનાં અપાયાં દાને,
વિપ્રોને ગાયો અપાય....નંદ ઘેર૦

ઘોડે બેસીને આવે જુવાનિયા,
ઘરડાંએ પાલખીમાંય....નંદ ઘેર૦

ચાંદો સૂરજ ને નવલખ તારલા,
દર્શન કરી હરખાય....નંદ ઘેર૦

સનકાદી, બ્રહ્મા, નારદ, શંકર,
સ્વર્ગમાં પુલકિત થાય....નંદ ઘેર૦

શિવરામ કહે છે ધર્મ પ્રસારવા,
પ્રભુને અવતાર થાય....નંદ ઘેર૦

૧૮૯.

નંદલાલ તારો આધાર જીવનના પંથમાં,
શામળા ! લેજો સંભાળ જીવનના પંથમાં,

ડગલે ને પગલે ખાડા ને ટેકરા,
કાંકરા વાગે અપાર, જીવનના પંથમાં....નંદલાલ૦

ભવ-સાગર બહુ ઘેરો દીસે છે,
નાવડી ડોલે અપાર, જીવનના પંથમાં....નંદલાલ૦

સત્ ચિત્ આનંદ અમને પમાડો,
પ્રભુજી ! બસ એક વાર; જીવનના પંથમાં....નંદલાલ૦

રામભક્ત તારા નિત ગુણ ગાય છે,
સેવકનો કરો સ્વીકાર, જીવનના પંથમાં....નંદલાલ૦

૧૯૦.

નૈયા ઝુકાવી મેં તો, જોજે ડૂબી જાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો, જોજે બુઝાય ના....નૈયા૦

સ્વાર્થનું સંગીત આજે ચારે કોર બાજે,
કોઈ નથી કોઈનું રે દુનિયામાં આજે;
તનનો તંબુરો તારો જોજે બસૂરો થાય ના....નૈયા૦

પાપ અને પુણ્યના રે ભેદો ભુલાતા,
રાગ અને દ્વેષ આજે સઘળે ઘૂંટાતા;
તારા જીવનમાં ઝેર જોજે પ્રસરી જાય ના....નૈયા૦

શ્રદ્ધા કેરા દીવડાને જલતો તું રાખજે,
નિશ-દિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે;
મનના મંદિરે જોજે અંધારું છવાય ના....નૈયા૦

૧૯૧.

નંદલાલ ! આવજો હો, આજે આઠમ છે.
દરશન આપજો હો, આજે આઠમ છે....નંદલાલ૦

કરવા પાવન પ્રભુ પ્રેમથી પધારજો,
સંગે સુંદરવર ! રાધાને લાવજો,
સ્વાગત સ્વીકારજો હો, આજે આઠમ છે....નંદલાલ૦

અંતરના આંગણે ઉતારા આપશું,
મનના મંદિરિયે પ્રેમે પધરાવશું;
દેવ ! દયા કૈં લાવજો હો, આજે આઠમ છે....નંદલાલ૦

દિલના દરવાજે પ્રેમ તોરણ બાંધશું,
ભાવનાનાં ફૂલ થકી તમને વધાવશું;
હૈયું હરખાવજો હો, આજે આઠમ છે....નંદલાલ૦

રણછોડ રાય ! બહુ મળવાને મન છે,
ના આવો તો નંદલાલ ! નંદના સમ છે;
આંખલડી ઠારજો હો, આજે આઠમ છે....નંદલાલ૦

૧૯૨. [રાગ : વિધિના લખિયા લેખ લલાટે...]

નારી હઠ લે જગની માંય સહુ કાંઈ જાય જાય જાય !
એક દિન કૃષ્ણજી બેઠા જમવા, ભોજન ભાવે પીરસ્યાં જમવા,
પીરસે રુક્ષ્મણી નારી હૈયે હરખ ના માય માય માય....
પ્રભુને પાનની બીડી દીધી, હસતાં હસતાં પ્રીતિ કીધી,
વાતો વાતોમાં હઠ લીધી ને ઝઘડો થાય થાય થાય....
પ્રભુ અકળ લીલા બતલાવો, મારી પર જરી દ્યા લાવો,
આટલું વચન મારું રાખો શીખની છાંય છાંય છાંય....
વળતી શીખ તો પ્રભુજી દે છે, સમજો હઠ કંકાસનું ઘર છે,
લીલા જોતાં બહુ પસ્તાવો ઊપજે મનમાં લ્હાય લ્હાય લ્હાય....

પરદેશ જવાનું બ્હાનું કીધું, મારા વ્હાલે કૌતુક કીધું,
મણિયારાના વેશે કંકણ વેચવાને જાય જાય જાય....
ચૂડલા રંગબેરંગી સાથે, ભૂલો પડયો મણિયારો વાટે,
આવી ચડયો દુવારિકાની માંહે માંડયા હાટ હાટ હાટ....
દાસી નજરે નીરખી આવી, ચૂડલો લેવા બહુ લલચાવી,
આવી કહે છે મોં મલકાવી, સુણજો બાઈ બાઈ બાઈ....
ચૂડીગર લાવો મહેલે બોલાવી, દાસી દોડી પોળે આવી,
આવી મંદિરિયાંની માંહે લાગી પાય પાય પાય....
આંખડી એની મોહ ભરેલી, મુખડું જોતાં રાણી થઈ ઘેલી,
મણિયારો જોઈ આંખ ઠરેલી અપરંપાર પાર પાર....
વ્હાલે મોહક રૂપ જ કીધું, જોતજોતામાં મન હરી લીધું,
રુકિમણી ભૂલ્યાં સાન ને ભાન વ્યાકુળ થાય થાય થાય....
આવી મંદિરિયાંની માંહે, ચિત્ર જોયું સામે ત્યાંહે,
ભાગ્યો દરવાજાની બહાર ચૂડીગર જાય જાય જાય....
આ તો મામાને મારનારો મેં તો જાણ્યો કામણગારો,
મુજને નડશે કાનજી કાળો, વ્હાલી જાણુ જાણુ જાણુ....
આવી રુકિમણિ વલવલે છે, નહીં હઉં જાવા કરગરી કહે છે,
તમે બેસો તેમ જ સાથે ખેલો મારા રાય રાય રાય....
મણિયારો મોં મરડીને કહે છે, કાળિયાની બીક બહુ રહે છે,
એને કાઢો ઘરની બહાર તો જ આવું માંય માંય માંય....
ચિત્ર તોડીને કટકા કીધા, ચૂડીગરનાં વારણાં લીધાં,
પછી કિંમત કંકણની પૂછે કહો ભાવ ભાવ ભાવ....
જમવા બેઠાં બંને સાથે, આપે લે છે હાથે હાથે,
લીલા કીધી મારા વ્હાલે પછી ત્યાં શું થાય થાય થાય....
ભોજન લેવા રાણી જાયે, ચૂડીગર મટી કૃષ્ણ થાયે,
રાણી આવી ઝબકી ત્યારે; શું કૌતુક દેખાય ખાય ખાય....

હૈયું વ્યાકુળ ના બોલાયે, હરિવર સામું ના જોવાયે,
આંખમાં આંસુની છૂટી ધાર જીવડો ગભરાય રાય રાય....
અરે રે કેવું કામ મેં કીધું, અણઘટતું મેં તો બહુ કીધું,
ચરણો પકડીને કહે છે ક્ષમા દોને રાય રાય રાય....
કૃષ્ણ કહે છે શું ગભરાઓ? વચન કહેલું યાદ જ લાવો,
લીલા જોવા હઠ જે કીધી તેનો આ તો લાભ લાભ લાભ....
સમજણ રાખી લીલા આ ગાશે, મોહન-મ્હેર તેના પર થાશે,
આત્મારામ કહે છે સુખ ભજી લો શ્રી રામ રામ રામ....

૧૯૩.

નંદલાલા! નંદલાલા! કેમ નથી માનતા?
કરું કાલાવાલા પધારો રે....
ગામને પાદરે મારો તે વાસ છે,
નાની શી ઝૂંપડી ગંગાજી પાસ છે;
નૌકામાં બેસી પધારો, મારા વ્હાલા!....કરું કાલાવાલા૦
આઠે પટરાણીને સાથે રે લાવજો,
ના રે માને તો પરાણે મનાવજો;
દર્શન દેવા પધારો, મારા વ્હાલા!....કરું કાલાવાલા૦
ભાવના મારી મારો વિશ્વાસ છે,
મારો બેલી તું એક અવિનાશ છે;
ભૂધર ભાવો પધારો, મારા વ્હાલા!....કરું કાલાવાલા૦

૧૯૪.

નહોતા જોઈતા ને ક્યાંથી આવ્યા રે....આ ઘડપણના દહાડા?
નવાં નવાં દુ:ખડાં લાવ્યા રે....આ ઘડપણના દહાડા!
કાળા ભમ્મર કેશ કેવા હતા ફાંકડા?
રંગ એના કોણે પલટાવ્યા રે?....આ ઘડપણના૦; નહોતા૦

આંખ તણાં તેજ કોણ લૂંટી રે ગયું ?
આ અંધારાં કોણે મોકલ્યાં રે ?....આ ઘડપણનાં૦; નહોતા૦
બત્રીસ વેપારી ગયા ઉઠાવી હાટડી,
અને તાળાં તે કોણે લગાડયાં રે ?....આ ઘડપણનાં૦; નહોતા૦
ચાર ચાર વાર પહેલાં ક્ષુધા સતાવતી,
જઠરાગ્નિ કોણે બુઝાવ્યા રે ? ....આ ઘડપણનાં૦; નહોતા૦
કરોડનાં કોણે ધનુષ બનાવ્યાં ?
કોણે આ દંડ પકડાવ્યા રે ?....આ ઘડપણનાં૦ નહોતા૦
પોતાનાં માનેલાં થઈ બેઠાં પારકાં,
કોણે સ્વભાવ બદલાવ્યા રે ?....આ ઘડપણનાં૦; નહોતા૦
ગોવિંદજી કાળને પહેચાનવો દોહ્યલો,
એણે કાયાના પાયા ડોલાવ્યા રે !....આ ઘડપણનાં૦ નહોતા૦

૧૯૫.

નમું રે ગણેશા, નમું હનુમંતા
નમું નમું લળી લળી ગણેશા હનુમંતા રે; બેઉ બળવંતા !....નમું૦
એકને જોઈએ જનોઈ જોટો,
બીજાને જોઈએ લાલ કછોટો;
લાલ કછોટો પહેરે રીઝે હનુમંતા રે, બેઉ બળવંતા !....નમું૦
એકને જોઈએ ભોજન લાડુ,
બીજાને જોઈએ તેલનું ગાડું
તેલની ધારા ઢળે રીઝે હનુમંતા રે, બેઉ બળવંતા !....નમું૦
એકના ઘરમાં સુધ બુધ નારી,
બીજો કહાવે બાળબ્રહ્મચારી,
બ્રહ્મચારી રામજીને ખૂબ પ્યારા રે, બેઉ બળવંતા !....નમું૦
એકે શિવજીની સેવાઓ કીધી,
બીજાએ સીતાની શોધો કીધી;
શોધ કીધીને સાગરપાળ બાંધી રે; બેઉ બળતંતા !....નમું૦

એકે દેવોની સેના ઉજાળી,
બીજાએ સોનાની લંકા પ્રજાળી,
ધન્ય એને શ્રીરામની સેવા પ્રમાણી રે; બેઉ બળવંતા !....નમું૦
શક્તિ મંડળ કહે બેઉ કર જોડી,
બેઉ વીરોની સરખી છે જોડી,
સરખી રે જોડી ભક્ત કાજ આવે દોડી રે; બેઉ બળવંતા !....નમું૦

૧૯૬.

નાખી છે પ્રેમની દોરી ગળામાં નાખી છે પ્રેમની દોરી.
વૃંદા તે વનમાં વ્હાલો રાસ રચાવે,
મોરલી વગાડે દિલ જાય ચોરી, ગળામાં નાખી છે૦....નાખી૦
વ્રજની ભૂમિમાં વ્હાલો ધેનુ ચરાવે,
કહાન કાળા ને રાધા છે ગોરી, ગળામાં નાખી છે૦....નાખી૦
જમુનાના કાંઠડે જળ રે ભરંતાં,
ભરી ગાગરડી નાખી ઢોળી, ગળામાં નાખી છે૦....નાખી૦
આણી તીરે ગંગા ને પેલી તીર જમના,
વાટ જોતી હું વચમાં ભોળી, ગળામાં નાખી છે૦....નાખી૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ચરણ કમળ બલિહારી, ગળામાં નાખી છે૦....નાખી૦

૧૯૭.

નંદના લાલા ! પ્યારા કનૈયા ! આવો અમારા દેશ....
કનૈયા ! આવો અમારા દેશ.
મનમંદિરમાં પ્રીતમ પ્યારા, પધારી કરજો મહેર....
કનૈયા આવો અમારા દેશ.
અધમ-ઉદ્ધારન, પતિત-પાવન ! નામ છે મંગલકારી;
ભક્તોના છો સદા સહાયક, સુખ શાન્તિ દેનાર.... કનૈયા૦

વિશ્વના સ્વામી, મંગલ કામી, બહુનામી, પ્રભુ ભવભયહારી;
કલ્યાણ કરતા પ્રાણીમાત્રનું, એવા દીનદયાળ.... કનૈયા૦
ગુણલા તમારા શા શા ગાયેં, શેષ શારદા થાકી જાયે;
નારાયણની કલમે લખાયાં ગાંડાંઘેલાં ગુણગાન.... કનૈયા૦

૧૯૮. [ રાગ : શામળા, સુકાની થઈ ને સંભાળ... ]

નાવડી સોંપી છે રંગાને હાથ, હવે મારે હૈયે આરામ છે!
ગુરુજી અવધૂત ખેવણહાર, હવે મારે હૈયે આરામ છે!
ઝોલે ચડ્યો 'તો બહુ મમતાના માનમાં,
જશ અપજશ હવે સોંપ્યો તારા હાથમાં,
માથેથી ઉતાર્યો છે ભાર, હવે મારે હૈયે આરામ છે!
સંસારસાગરમાં નાવ મારી ભૂલી પડી,
માયારૂપી મોજાંનાં વંટોળે ફસાઈ પડી;
વાંધો શો? સુકાન તારે હાથ, હવે મારે હૈયે આરામ છે!
ડૂબતી મારી નૈયા, રંગા! પાર ઉતારો,
દોડીને આવો હવે, મુને ના તલસાવો;
લક્ષ ચોર્યાસીના ટાળનાર, હવે મારે હૈયે આરામ છે!

૧૯૯.

પ્રભુ સાથે પ્રીતડી લગાવ, અવસર આવો નહીં આવે,
સૂતા તારા જીવને જગાડ, અવસર ફરી ફરી નહીં આવે.
દુનિયાના ડહાપણમાં વર્ષો મિટાવ્યાં,
મિથ્યા તેં લાડ તારા મનને લડાવ્યાં;
મધદરિયામાં ડૂબે તારું નાવ, અવસર૦.... પ્રભુ૦
સ્વપ્નાનાં સુખ એ તો જાણ બધાં ખોટાં,
પકડ્યાં પકડાય નહીં ધૂળ તણા ગોટાં;
તારા આતમરામને જગાવ, અવસર૦.... પ્રભુ૦

ઝબકાવી લે દિવ્ય ચેતનાની જ્યોતિ,
અનુભવી સંત કોઈ ગુરુ લે ગોતી;
ભ્રમણાના ભૂતને ભગાવ, અવસર૦.... પ્રભુ૦

મોંઘો અવતાર છે, કામ કરી લેવું,
વારે વારે ગોવિંદ, તને શું કહેવું ?
ઝડપી લે હાથ આવેલો દાવ; અવસર૦.... પ્રભુ૦

૨૦૦.

પવનસુત હનુમાન તમારો જગમાં જય જયકાર....
તમારો જગમાં જય જયકાર !
રામચંદ્રજી ઉપર આપે બહુ કીધો ઉપકાર....
તમારો જગમાં જય જયકાર !
શોધ સીતાની આપે કીધી, સત્ય બાતમી લાવી દીધી;
પૂંછ થકી સઘળી લંકામાં પ્રગટાવ્યો અંગાર....તમારો૦
સૈન્ય લઈને આવ્યા ત્યારે રામચંદ્રજી મહેરામણ આરે;
પાર ઊતારવા વિચારે જુક્તિ બતાવનાર....તમારો૦
પથ્થરનો સેતુ બંધ બાંધી, નાથ ઉપરથી ટાળી આંધી;
લશ્કર લંકામાં ઉતાર્યું લીલા અપરંપાર....તમારો૦
સેવા સીતા માતની કીધી, ભેટમાં મોતીમાળા લીધી;
રામ દીઠા નહીં જે મણકામાં ફેંકી દીધો હાર....તમારો૦
તેલ સિંદુરના ભારે શોખી, સંકટ લેતા સઘળાં શોષી;
સાત દિવસમાં એક આપની સેવાનો શનિવાર....તમારો૦

૨૦૧. [રાગ : અમે મહિયારાં રે...]

પહેલાં સમરીએ રે ગણપતિ દેવને,
હાંરે....વિઘન બધાં હરનારો, સમરીએ રે૦.... પહેલાં૦

સર્વ શુભ કામમાં પ્રથમ પૂજાય છે,
શેષ મહેશ ગુણ ગણેશના ગાય છે;
હાંરે....પાર્વતીનો રખવાળો, સમરીએ રે૦.... પહેલાં૦

રિદ્ધિ સિદ્ધિનો એ સ્વામી ગણાય છે,
કાર્તિકસ્વામી ને બેન ઓખાનો ભાઈ છે;
હાંરે....કાર્ય સફળ કરનારો, સમરીએ રે૦.... પહેલાં૦

અધિપતિને ઉચ્ચ આસન પધરાવીએ,
મનગમતા મોદક ને મેવા ધરાવીએ;
હાંરે....આરોગે શિવ-દુલારો, સમરીએ રે૦.... પહેલાં૦

એ રે સૂંઢામાં સદ્‌ગુણ અમાપ છે,
લક્ષ અને લાભ બેઉ બેટાના બાપ છે;
હાંરે....રણછોડ ઋણ ફેડનારો, સમરીએ રે૦.... પહેલાં૦

૨૦૨. [રાગ : હાંરે, મને મારી પ્રેમકટારી]

પેલો ડાકોરનો ડોસલીઓ કે મારે મન વસ્યો રે મોહનજી!
કે મારે મન વસ્યો રે મોહનજી!
પેલો ક્હાન કુંવર કેસરિયો, કે મારે મન વસ્યો૦.... કે મારે૦

જ્યારે મંગળા ઝાંખી થાયે, મારી આંખલડી હરખાયે;
કે દિલ મારે વસિયો રે, કે મારે મન વસ્યો૦.... કે મારે૦

હું શણગાર સજીને જાઉં, એને મારા રૂપમાં મોહું;
કે મીઠું મીઠું હસિયો રે, મારે મન વસ્યો૦.... કે મારે૦

રાજભોગ રૂડા એ જમતો, મને તો ખૂબ ખૂબ ગમતો;
કે હૈયેથી નવ ખસિયો રે, મારે મન વસ્યો૦.... કે મારે૦

કરું હું આરતી ભાવે, આવો અવસર ક્યારે આવે?
કે ભક્તોના પ્રેમે ફસિયો રે, કે મારે મન વસ્યો૦.... કે મારે૦

વ્હાલો કાળી કામળી ઓઢે, રામભક્ત હૃદયમાં પોઢે;
કે વાલમો રંગ-રસિયો રે, કે મારે મન વસ્યો૦.... કે મારે૦

૨૦૩.

પરમકૃપાળુ દીનદયાળુ જીવનનો આધાર બંધુ !
સચરાચર જગદીશ્વર ઈશ્વર, ઘટઘટમાં વસનાર, બંધુ !.... પરમ૦
ઊર્મિઓ મનમાં જાગે મારી, ભ્રમણાઓ સહુ ભાંગે મારી;
માયાનું આ ઝેર ઉતારો, અમૃતના સીંચનાર બંધુ !.... પરમ૦
અંધારું અંતર ઓરડીએ, પલપલ માંહે હેઠાં પડીએ;
જ્યોતિ ઝળહળતી પ્રગટાવો, પ્રકાશના કરનાર બંધુ !.... પરમ૦
જોગેશ્વરના ગહરા ભેદો, ગુણલા ગાતાં થાકે વેદો;
પુનિત પામર ક્યાંથી પામે ? ગુણ ગુણના ભંડાર બંધુ !.... પરમ૦

૨૦૪.

પ્રેમી જોગીડા ! જોગણ બનીને ઝોળી લઈને આવું,
મારે સામે કિનારે જાવું.
તું રામ બને તો....(૨)
શબરી બની હું એઠાં બોર ધરાવું.... મારે સામે૦
તનનો હું તંબુર બનાવું, હેતે તારા ગુણલા ગાઉં;
શ્રી કૃષ્ણ ભરોસે....(૨)
ઝેર પીનારી મીરાં હું બની જાઉં.... મારે સામે૦
રાત અંધારી વીજળી ચમકે, ચાંદ ને તારા ગગને ટમકે;
પ્રભુ ! વૃંદાવનમાં....(૨)
રાસ રમંતી ગોપી હું બની જાઉં.... મારે સામે૦
આ જીવન મેં એળે ખોયું, રામ ભજનમાં મન ના મોહ્યું;
તું શેઠ હવે તો....(૨)
ચરણ પખાળું, દાસી તવ બની જાઉં.... મારે સામે૦

૨૦૫. [ રાગ : ધન્ય બાળક એ પાંચ વરસનો... ]

પંઢરપુરને પાદર રહેતો કુંભાર ગોરો નામ રે,
માટીનું એ કામ જ કરતો, રટતો વિઠ્ઠલ નામ રે !.... પંઢર૦

પત્ની એની બહુ છે શાણી, તે ગઈ છે ભરવાને પાણી,
બાળક સોંપ્યો છે ગોરાને, થઈ ગઈ છે ઝાઝી વાર રે !.... પંઢર૦

ગોરો માટી ઘડી રહ્યો છે, ધ્યાન ધણીનું ધરી રહ્યો છે,
એના પગની પાસે રે આવ્યો રમતો નાનો બાળ રે !.... પંઢર૦

પગ તળે ત્યાં બાળક આવ્યો, માટી ભેળો માટી બનાવ્યો,
ટુકડે ટુકડા થઈ ગયા પણ રહ્યું નહીં કાંઈ ભાન રે !.... પંઢર૦

પાણી ભરીને પત્ની આવી, તરત પતિને પૂછવા લાગી,
બાળક મારો કયાં સંતાડયો બતાવોને નાથ રે !.... પંઢર૦

હું બાળકની વાત ન જાણું, ભક્તિમાં છે ધ્યાન ભરાણું,
તેં મૂક્યો છે તું શોધી લે, બોલ્યો બોલ કુંભાર રે !.... પંઢર૦

રડતી કકળતી માથું કૂટતી, બેટા બેટા કહીને રડતી,
નજર પડી ત્યાં માટી ઉપર, દીઠાં હાડ ને ચામ રે !.... પંઢર૦

વિઠ્ઠલ મારી વ્હારે ચઢજો, અબળાની એક અરજી સુણજો,
નામ તમારું લેતાં લેતાં માર્યો મારો બાળ રે !.... પંઢર૦

સાધુ સ્વરૂપે વિઠ્ઠલ આવ્યા, ગોરાને મન ઝાઝા ભાવ્યા,
બાળ સજીવન રમતો કીધો, થઈ ગયા અંતર્ધાન રે !.... પંઢર૦

ધન્ય છે ગોરા ! ભક્તિ તારી, અમ્મર બની ગઈ કહાણી,
ભક્તજનો કહે છે કર જોડી ધરજો એવું ધ્યાન રે !.... પંઢર૦

૨૦૬. [ રાગ : દેખ તેરે સંસારકી હાલત... ]

પૂછી જો અંતરને તારા, હૈયે મૂકી હાથ....
કહોને કયાંથી રીઝે નાથ ?....કહોને૦

પુણ્ય ગયું પરવારી આજે વધી ગયું છે પાપ....કહોને૦

સ્વારથનાં સૌ સગાં સંબંધી, સ્વારથમાં છે દુનિયા અંધી,
વ્હાલા વેરી બનતા જગમાં સરી ગયો જ્યાં સ્વાર્થ....કહોને૦

કામિની ને કંચન કાજે ભાઈ ભાઈનું ગળું જ કાપે,
શરમ જરી ના આવે આજે કરતાં કાળાં કામ.... કહોને૦
સત્ય અહિંસા ગયાં ભુલાઈ, વધી ગઈ છે પાપ કમાઈ,
પાપી પેટને ખાતર આજે વૈતરાં કરતી માત.... કહોને૦
જૂઠું બોલે ના અચકાતો, માનવ દિન દિન દાનવ થાતો,
પૈસા માટે ગરીબડાંના સળગાવે સંસાર.... કહોને૦
ગયો જમાનો રામ-સીતાનો, નથી ધરમ કોઈ પતિવ્રતાનો,
આજકાલનાં યુવક-યુવતી મ્હાલે મૂકી લાજ.... કહોને૦
ના જોતો મા બ્હેન કે બેટી, કળિયુગ કેવો ગયો લપેટી?
માનવની આ અધમ દશા કે ધ્રૂજે ધરતી આભ.... કહોને૦

૨૦૭. [રાગ : દેખ તેરે સંસારકી હાલત...]

પરનું ભૂંડું કરતાં પહેલાં પોતાનું થઈ જાય,
ખરેખર એ કુદરતનો ન્યાય.
વિષ વ્યાપ્યાથી વિષ મળે ને પ્રેમે પ્રેમ પમાય.... ખરેખર૦
ઘર-આંગણિયે બાવળ વાવો, શ્રમ ઉઠાવી એને સેવો,
આખર એના ખરતા કાંટા નિજ અંગે ભોંકાય..., ખરેખર૦
જેવું દેવું એવું લેવું, પોતાએ પોતાનું સહેવું,
ધાર્યું ધરનીધરનું થાતું, મન-ધાર્યું પલટાય.... ખરેખર૦
ખાડો ખોદે તે જ પડે છે, રડાવનારા ખુદ રડે છે,
અભિમાન નાના મોટાનું પળમાં ઉતરી જાય.... ખરેખર૦
રાણો ભૂંડો રીસ કરીને ઝેર મોકલે જામ ભરીને,
મીરાંને તો અમૃત મળિયાં, ગિરિધારી મળી જાય.... ખરેખર૦

૨૦૮. [રાગ : દેખ તેરે સંસારકી હાલત...]

પાપ ભરી આ દુનિયા માંહે પાપીનો નહી પાર,
કહોને ક્યાંથી રીઝે કિરતાર?

સત્ય અહિંસા નેવે મૂકી માનવતા ગયા સૌ ચૂકી,
ધર્મભાવના બની છે સૂકી, સૌની આજે દૃષ્ટિ ટૂંકી;
કામ ક્રોધ ને લોભ મોહમાં વીસર્યા સર્જનહાર.... કહોને૦
ધર્મી જનોને સૌ સંતાપે, જનનીને સૌ કષ્ટ જ આપે,
સંપીલામાં અગ્નિ ચાંપે, કદી ન કોઈનાં કષ્ટ જ કાપે;
ભાઈ ભાઈનાં ગળાં કાપવા માનવ થયો તૈયાર.... કહોને૦
રડતાં નિશદિન મૂંગાં પ્રાણી, કદી ન એની પીડા જાણી,
સ્વારથમાં દીનતા વીસરાણી, પીડે એને પથ્થર જાણી;
એ આંસુડાં નથી રે આંસુ, એ તો શોણિત ધાર.... કહોને૦

૨૦૯.

પગ મને ધોવા દો રઘુરાય,
મને શક પડયો મનમાંય.... પગ મને૦
રામ લક્ષ્મણ જાનકીજી તીર ગંગાને જાય;
નાવ માંગ્યું પાર ઊતરવા (૨)
ગૃહ બોલ્યો ગમ ખાઈ.... પગ મને૦
તમ ચરણરજ કામણગારી, મારી નાવ નારી બની જાય,
તો અમારા રંક જનની (૨)
આજીવિકા ટળી જાય.... પગ મને૦
ચરણ ધોયા શ્રીરામજીના ગંગા નીરથી ત્યાંય;
બાવડાં ઝાલી રામનાં બેઉ (૨)
પધરાવ્યા નાવની માંય.... પગ મને૦
જોઈ ચતુરાઈ આ ભીલની જાનકી મન મુસકાય;
અભણ કેવું યાદ જ રાખે (૨)
ભણેલા ભૂલી જાય.... પગ મને૦
ઊતરી કાંઠે રામે પૂછયું શું લેશો ઉતરાઈ?
દરજી પાસેથી દરજીડો (૨)
કદી ન લે સિલાઈ.... પગ મને૦

નાવિક વળતાં બોલ્યો પ્રીતે, આપણ બેઉ ભાઈ!
કાગ કવિ કહે ખારવાની (૨)
ખારવો ન લે ઉતરાઈ....પગ મને૦

૨૧૦.

પંપા સરોવરની પાળ શબરીની ઝુંપડી,
હાંરે ઋષિ મુનિ સંતનો નિવાસ, શબરીની૦.... પંપા૦
આજુબાજુ વન બહુ તુળશીનાં શોભતાં,
પવન આવે ને લળી જાય, શબરીની૦.... પંપા૦
લીલાં લીલાં ઘાસ ગૌ માતને નિરાય છે,
પ્રેમ થકી પાણી પવાય, શબરીની૦.... પંપા૦
લીંપી ગૂંપી શુદ્ધ કર્યું છે આંગણું,
ધૂપ ને દીપ ઘણા થાય, શબરીની૦.... પંપા૦
મીઠાં મીઠાં બોર ચાખી રામ માટે રાખ્યાં,
ક્યારે આવે કે આરોગાય, શબરીની૦.... પંપા૦
નામ લેતાં વાટ જોતાં રામજી પધાર્યા,
ગાંડી ને ઘેલી હરખ ના માય, શબરીની૦.... પંપા૦
ભોળાનાથ કહે છે જગને જમાડનાર,
બોર એઠાં જમે રાજી થાય, શબરીની૦.... પંપા૦

૨૧૧. [રાગ : મારી બહેનો, ઘરમાં તો લીલાલ્હેર છે...]
પ્રભુભજનની મસ્તી એ તો નથી જગતમાં સસ્તી,
ભાઈબહેનો! એ મસ્તીમાં કલ્યાણ છે.
શ્રદ્ધા વિનાની ભક્તિ એ તો પ્રભુને ના ગમતી,
ભાઈબહેનો! એ મસ્તીમાં કલ્યાણ છે.
નથી ભજનમાં મસ્તી એની ના રહેતી કોઈ હસ્તી,
ભાઈબહેનો! એ મસ્તીમાં કલ્યાણ છે.

દેહ મળ્યો છે મોંઘો એને ના માનો રે સોંઘો,
ભાઈબહેનો ! એ મસ્તીમાં કલ્યાણ છે.

કાયા તારી માટી કાચી, માથે કાળ રહ્યો છે નાચી,
ભાઈબહેનો ! એ મસ્તીમાં કલ્યાણ છે.

એ મસ્તીમાં મસ્તાના મીરાં થઈ ગઈ છે ગુલતાના,
ભાઈબહેનો ! એ મસ્તીમાં કલ્યાણ છે.

નંદુ તો કહે છે વટથી વ્હાલાં ભેટી લો નટખટથી,
ભાઈબહેનો ! એ મસ્તીમાં કલ્યાણ છે.

૨૧૨. [રાગ : અમે મહિયારાં રે... ]

પ્રભુ ! પધારજો રે અમારે આંગણે.
હાંરે....અમે ભાવથી વિનંતિ કરીએ, પધારજો.... પ્રભુ૦

લક્ષ ચોર્યાસી તો આવ્યા ફરીને,
તમે ભેટચા ના પ્રેમ કરીને;
હાંરે....હવે પતિત પાવન થઈએ, પધારજો.... પ્રભુ૦

સંસાર-સાગર હેલે ચડચો છે,
માયાનો માર તો ખૂબ પડચો છે,
હાંરે....હવે પુનિત પાર ઊતરીએ, પધારજો.... પ્રભુ૦

૨૧૩.

પ્રભુ ! વસ્ત્રો અમારાં આપજો રે,
જઈ બેઠા કદંબ કેરી ડાળ રે....પ્રભુ૦

અમે તો જમના-જળમાં ન્હાતાં રે,
ઘણી લાગી ગઈ છે વાર રે....પ્રભુ૦

આ રીત તમને તો ના શોભતી રે,
ઘેરે રુએ છે નાનાં બાળ રે....પ્રભુ૦

'કાળો' કહીને હવે ના પજવશું રે,
ના કહીશું ગાયનો ગોવાળ રે....પ્રભુ૦

બંસીનો નાદ સુણી દોડી આવશું રે,
રાસે રમવા રહેશું તૈયાર રે....પ્રભુ૦

દયા લાવો ઉરમાં જશોદાના લાલ રે,
ચીર ફેંકો ગિરિધર ગોપાળ રે....પ્રભુ૦

કૃષ્ણ-મંડળના બેલી રણછોડ રે,
તમે છો એક અમ આધાર રે....પ્રભુ૦

ઘેલી ગોપીઓની સુણી વિનતી રે,
ચીર આપી હરખે જુગદાધાર રે....પ્રભુ૦

૨૧૪.

ઓડાણાની સાથે પ્રભુજી આવિયા રે,
દીસે છે રઢિયાળ, મારા વ્હાલા !....ઓડાણાની૦

રંગે કાળા પણ સોહામણા રે,
ઘૂઘરિયાળા કેશ મારા વ્હાલા !....ઓડાણાની૦

મોર મુગટ પીતાંબર પ્હેર્યાં રે,
કુંડળ ઝળકે કાન, મારા વ્હાલા !....ઓડાણાની૦

ભાલે તિલક ચોખા ચ્હોંડિયા રે,
કંઠે બાવન હાર, મારા વ્હાલા !....ઓડાણાની૦

બાંયે બાજુબંધ શોભે બેરખા રે,
દશે આંગળ વેઢ, મારા વ્હાલા !....ઓડાણાની૦

પગમાં ચમચમતી રૂડી મોજડી રે,
ઝાંઝરનો ઝમકાર, મારા વ્હાલા !....ઓડાણાની૦

શોભે ચંદન ચર્ચ્યો દેહ રે,
જામા ભર્યાં જરિયાન, મારા વ્હાલા !....ઓડાણાની૦

નાના નહીં, પણ વરણાગિયા રે,
છોગાં મૂકે એ ને ચાર, મારા વ્હાલા !....ઓઢાણાની૦

દાસ બંસીનો સ્વામી શામળો રે,
એક જ છે આધાર, મારા વ્હાલા !....ઓઢાણાની૦

૨૧૫.

બાંકે બિહારીલાલ ! વાંકો શું થાય ?
સીધી સીધી આવું ને તું વાંકો વાંકો જાય....બાંકે૦

વાંકી ભમ્મર તારી, વાંકડિયા બાલ છે,
વાંકું તારું બોલવું ને વાંકી તારી ચાલ છે;
વાંકા વાંકા કુંડળમાં મનડું લોભાય....બાંકે૦

વાંકી છે ડોક તારી, વાંકી છે વાંસળી,
વાંકું તારું કાળજું ને વાંકી છે પાંસળી;
વાંકાં તારાં કામ ના અમથી કળાય....બાંકે૦

વાંકી કમ્મર તારી વાંકો છે લટકો,
તેથી તું ભક્તોના કાળજાનો કટકો;
વાંકી કુબ્જાને કરી સીધી પળમાંય....બાંકે૦

વાંકાને સીધાં કરે એ જ તારું કામ છે,
લાખ લાખ પાપ ટળે એવું વાંકું નામ છે;
વાંકો ગોવિંદ પડે વાંકાને પાય....બાંકે૦

૨૧૬. [જિંદગી તારી એળે જવાની...]

બેડલી તારી તૂટી જવાની, કાયમ નથી રહેવાની !
માટી હતી માટી થવાની, કાયમ નથી રહેવાની !

જન્મેલું જાય છે ને ખીલ્યું કરમાય છે,
પાન નવાં ફૂટે ને જૂનાં ખરી જાય છે;
જિંદગાની જતી રહેવાની, કાયમ નથી રહેવાની !....બેડલી૦

એકલ તું આવ્યો ને એકલો જવાનો,
અહીંયાંનું અહીં મૂકી પાછો થવાનો;
નારી તારી રોતી રહેવાની, કાયમ નથી રહેવાની !....બેડલી૦

માટીની માયા ને માટીનો ખેલ છે,
કાચી માટીનો તારો કાયાનો મ્હેલ છે;
મટકી તારી ફૂટી જવાની, કાયમ નથી રહેવાની !....બેડલી૦

સમજી જા માનવી શાને ફુલાય છે ?
નરહરિ ભૂલેલો ભવમાં ભટકાય છે;
બાજી તારી બગડી જવાની, કાયમ નથી રહેવાની !....બેડલી૦

૨૧૭.

બોલતા નથી રે, કેમ બોલતા નથી રે....
ભાવે ભજન કેમ કરતા નથી રે ?

ટૂંકું ટચૂકડું રામ કેરું નામ છે,
જીવન સંગાથ એ જ કરવાનું કામ છે;
દિલનાં તે દ્વાર કેમ ખોલતા નથી રે ?....ભાવે૦

કરશો તે પામશો ને વાવશો તે લણશો,
ભક્તિ વિના બીજાં ભણતર ના ભણશો;
ભક્તિમાં મસ્ત કેમ ડોલતા નથી રે ?....ભાવે૦

લખ્ખણ પાજીનાં છે લૂલી છે બોલકી,
નાચ્યા, નચવે જેમ માયાની ખોલકી;
કામ ક્રોધ લોભ કેમ છોડતા નથી રે ?....ભાવે૦

ગુણલા ગોવિંદના જ્યારે ગવાય છે,
કોઈ ઝોલાં ખાય, કોઈ ગાતાં શરમાય છે;
ચરણમાં ચિત્ત કેમ જોડતા નથી રે ?....ભાવે૦

કળિયુગે કલ્પતરુ શ્યામનાં ચરણ છે,
શાન્તિના નાથ એક સાચું શરણ છે;
શરણે જનાર કદી બૂડતા નથી રે !....ભાવે૦

૨૧૮. [ રાગ : શામળા હો શામળા... ]

બોલજે તું બોલજે, રામનામ બોલજે,
મળશે તને આરામ !....હો બોલજે.... બોલજે૦

રામનામ સત્ય છે, બીજું બધું વ્યર્થ છે,
અંતે આવે છે કામ !....હો બોલજે.... બોલજે૦

માયાની જાળ છે, જૂઠો સંસાર છે;
બેલી છે સીતારામ !....હો બોલજે,... બોલજે૦

કળિયુગમાં કામનું નામ સીતારામનું;
ઠરવાનું એ છે ઠામ !....હો બોલજે.... બોલજે૦

અમ્મર એક નામ છે, મોક્ષનું ધામ છે;
છોડી દે અભિમાન !....હો બોલજે.... બોલજે૦

છોટુનો નાગર, કરુણાનો સાગર;
ઉતારશે ભવ પાર !....હો બોલજે.... બોલજે૦

૨૧૯. [ રાગ : કોઈ કોઈનું નથી રે... ]

બોલ બોલ ના કરો રે, બોલ બોલ ના કરો રે !
છાનામાના રામનામ લીધાં કરો રે....બોલ બોલ૦

મુખથી વદેલું વેણ સદાયે પાળજો,
મોટા જો થાવ તો નાનાંને સંભાળજો;
દર્દ દીન-દુઃખિયાંનાં દિલમાં ધરો રે....બોલ બોલ૦

કરજો ઉપકાર તેનો બદલો ન માંગશો,
કરતું અપકાર કોઈ હૈયે ના ધારશો;
રોફ કરી ઊજળાંથી દૂર ના ફરો રે....બોલ બોલ૦

પૈસે ગરીબ છો તો દેવદયા માનજો,
ધનના અમીર છો તો હુંપદ ના ધારજો;
બંધ મૂઠી રાખી નીચા નયને ફરો રે....બોલ બોલ૦

બેલ તાણે ગાડું, શ્વાન જાણે હું તાણતો,
કામ કરો કોઈનું ભાર મનમાં ન રાખશો;
છતી આંખે એમ ના કૂવે પડો રે....બોલ બોલ૦

જીવન થોડું ને બહુ ફટકો શું રાખવો ?
મનહરને નમ્રતાથી હરિરસ ચાખવે;
રામનામ લેતાં ભવ પાર તરો રે....બોલ બોલ૦

૨૨૦.

ભવસાગર તારણહાર પાવન માતપિતા !
છે જીવનનાં ઘડનાર પાવન માતપિતા !....
....જય માતપિતા, જય માતપિતા.

બાલપણામાં એ વ્હાલ જ કરતાં,
ઊંચા સદ્‌ગુણ ઉરમાં ભરતાં,
એના જો ઉપકાર ભૂલો તો.... અપકાર કરો તો,
અફળ ગયો અવતાર, પાવન માતપિતા....ભવસાગર૦

માનો ગંગાજમના માનો,
નારાયણ સમ પિતા પ્રમાણો,
અડસઠ તીરથ એના ચરણે.... એના શરણે....
એ ઉતારશે ભવ પાર, પાવન માતાપિતા....ભવસાગર૦

માનો ખોળો મીઠી છાયા,
પિતા તો છે શીળી છાયા,
વિશુદ્ધ ભાવે ભક્તિ કરતાં....પૂજન કરતાં,
ખૂલે મુક્તિ દ્વાર, પાવન માતાપિતા....ભવસાગર૦

માતાપિતાનું દિલ દુભ્યાથી,
શાન્તિ કદાપિ મળતી નથી,
માતપિતાની સેવા કરતાં.... આશિષ ફળતાં
સફળ કરો અવતાર, પાવન માતપિતા....ભવસાગર૦

૨૨૧.

ભક્તિ તણાં જ્યાં પૂર ઊલટે, મોતની પરવા નથી.
માત પિતા કે બાંધવોની કોઈની પરવા નથી....ભક્તિ૦

એ....રામ બંધુ કારણે છોડી દીધી નિજ માતને,
ભરત વનમાં જઈ વસ્યા, ત્યાં રાજ્યની પરવા નથી....ભક્તિ૦

એ....રામના વિશ્વાસ પર છોડી દીધા નિજ તાતને,
પ્રહ્લાદ ભેટ્યો સ્થંભને, ત્યાં આગની પરવા નથી....ભક્તિ૦

એ....ગિરિધારીના ગાનમાં, છોડી દીધો સંસારને,
મશગૂલ નાચ્યાં બાઈ મીરાં ત્યાં ઝેરની પરવા નથી....ભક્તિ૦

એ....રામને શરણે જવા ત્યજ્યો જ રાવણ ભ્રાતને,
છોડે વિભીષણ વૈભવો, ત્યાં લાભની પરવા નથી....ભક્તિ૦

૨૨૨.

ભક્તિ કરતા છૂટે પ્રાણ, પ્રભુ ! એવું માગું રે
રહે જમન-જનમનો સાથ, પ્રભુ ! એવું માગું રે.

તારું મુખડું મનહર જોયા કરું,
મારું દિલડું તુજમાં પ્રોયા કરું;
રહે પ્રીત તમારી, નાથ ! પ્રભુ ! એવું માગું રે....ભક્તિ૦

મારી આશા નિરાશા કરશો નહીં,
મારા અવગુણ હૈયે ધરશો નહીં;
રહે શ્વાસે શ્વાસે શ્યામ ! પ્રભુ ! એવું માગું રે....ભક્તિ૦

મારાં પાપ ને તાપનો નાશ કરો,
તારો નંદુ સેવક, સહાય કરો;
રહે ચરણકમળ વિશ્વાસ, પ્રભુ! એવું માગું રે....ભક્તિ૦

૨૨૩. [રાગ : દેખ તેરે સંસારકી...]

ભાવિ પ્રબળને ખાળવાને સમય ઓળખી આપો માન,
મૂરખ મન! છોડી દે અભિમાન!
માંડયું તે કોણ મિથ્યા કરે જે વિધાતાનું ફરમાન,
મૂરખ મન! છોડી દે અભિમાન!

બળિ રાજાએ યજ્ઞ કર્યો લેવાને ઇન્દ્રાસન (૨)
સ્વર્ગને બદલે પાતાળ જ દીધું વામન થઈ ભગવાન!
મૂરખ મન! છોડી દે અભિમાન....ભાવિ૦

રામનામથી પાપ પ્રજળે, પથ્થર તરતા જલ (૨)
રાજ્યને બદલે વનવાસ જ પામ્યા, સીતા-વિરહ વિધાન!
મૂરખ મન! છોડી દે અભિમાન....ભાવિ૦

પાર્થ જેવો મહા ધનુર્ધર, કંપે શત્રુ સમસ્ત (૨)
નજરે એની જ નાર લૂંટાણી, ધનુષ્ય ના'વ્યાં કામ;
મૂરખ મન! છોડી દે અભિમાન....ભાવિ૦

ભાવિ આગળ કશું ન ચાલે, દૈવગતિ બળવંત (૨)
લવજી કહે, હું અલ્પ મતિને સન્મતિ દો ભગવાન!
મૂરખ મન! છોડી દે અભિમાન....ભાવિ૦

૨૨૪.

ભાવેથી શિવ ભજી લો, જાવું કૈલાસમાં....
આળસ ને ઊંઘ ત્યજી દો, જાવું કૈલાસમાં....ભાવેથી૦

કામ ક્રોધ લોભ ઘણા દુશ્મનો આપણા,
દિલમાંથી દૂર કરી દો, જાવું કૈલાસમાં....ભાવેથી૦

ખોટું ના બોલવું ને ખોટું ના ચાલવું,
ખોટા સૌ ખ્યાલ તજી દો, જાવું કૈલાસમાં....ભાવેથી૦

સાચાનો સંગ કરો, માયાનો રંગ હરો,
ભક્તિ અભંગ કરી લો, જાવું કૈલાસમાં....ભાવેથી૦

થોડી થોડી વાત કરો, થોડી પંચાત કરો,
થોડામાં સાર ગ્રહી લો, જાવું કૈલાસમાં....ભાવેથી૦

મોહક સંસાર આ માયાની જાળ છે,
છાયાનો છેદ કરી લો, જાવું કૈલાસમાં....ભાવેથી૦

કેડી કઠિન છે કાંટા ય વાગશે,
મનને મજબૂત કરી લો, જાવું કૈલાસમાં....ભાવેથી૦

**૨૨૫.** [રાગ : આવતો રહેજે રે આવતો રહેજે...]

ભૂલતો નહીં રે તું ભૂલતો નહીં રે,
સુખેથી રામનામ ભૂલતો નહીં રે.... ભૂલતો૦

દેવતાઓ ઝંખે એવો દેહ આવ્યો હાથમાં,
તું તો છે એકલો, નથી કોઈ સાથમાં;
માયાવી સુખ જોઈ ડોલતો નહીં રે.... ભૂલતો૦

શક્તિ વિનાનો ભાર શિર ના ઉઠાવજે,
ભાનભૂલ્યાંને સાચા મારગડે વાળજે;
ઉરમાં અહંકાર કદી લાવતો નહીં રે.... ભૂલતો૦

દુનિયાનાં ઝેર બધાં શીખજે પચાવતાં,
ગરજાળુ લોક બોલે બોલ મનભાવતા;
એવી વડવાઈ સુણી ફૂલતો નહીં રે.... ભૂલતો૦

માનવની મોંઘી કમાણી માનવતા,
જોજે જાગે ના ક્યાંય અધમ દાનવતા;
સત્કર્મોનો રાહ કદી છોડતો નહીં રે.... ભૂલતો૦

મનહરની જિંદગીનો સાથી એક રામ છે,
ચોર્યાસી ફેરાનો આખરી મુકામ છે;
આવેલી તક હવે ચૂકતો નહીં રે.... ભૂલતો૦

૨૨૬.

ભાવ ધરી ભજવા ભગવાન ! સુખદુઃખ તો આવે સંસારમાં;

કોઈ દિન સ્નેહ તણાં નોંતરાં આવતાં,
મળે મિષ્ટાન્ન ને ભોજન મનભાવતાં;
કોઈ દિન થાયે ઉપવાસ.... સુખદુઃખ તો૦

કોઈ દિન ફૂલહાર મળે, વિવાહ વધાઈ,
અવસર ઘર-આંગણે ને મંગળ ગવાઈ;
કોઈ દિન રુદનના રાગ.... સુખદુઃખ તો૦

વિધિના લેખ લખ્યા કોઈથી ય ના ટળે,
પુત્ર-વિયોગ થકી દશરથનો દેહ પડે;
રામ-સીતા પામે વનવાસ.... સુખદુઃખ તો૦

દેવોને ય દુઃખ પડે, માનવ શું કામ રડે ?
ભાગ્યે લખેલું સહુ ભોગવવું પડે;
કાયર ના બનવું લગાર.... સુખદુઃખ તો૦

૨૨૭. [ રાગ : ગોરે ગોરે હાથોમેં ... (સ્તુતિ) ]

ભોલે મેરે શિવજીને ગંગા માથે, ગળે વીંટાળ્યા સાપ છે,
ભભૂત લગાવી ત્રિશૂલધારી ડમરું વગાડે નાથ એ;
નમઃ શિવાય ૐ નમઃ શિવાય (૨)

કૈલાસ ઉપર બેઠા સદાશિવ ચન્દ્ર ચળકે ભાલમાં,
ડમરું બજાવે ભોલે સદાશિવ નાચે હૃદય એ તાલમાં;
નમઃ શિવાય ૐ નમઃ શિવાય (૨)

ચંદ્ર સરીખા શીતલ શંકર ગંગા વહે છે પાવની,
પીધું હળાહળ મંથન વેળા, નીલકંઠ સદા નિશાનજી;
નમઃ શિવાય ૐ નમઃ શિવાય (૨)

તારી કૃપાથી સૃષ્ટિ ચાલે, તું વિભો! રખવાળ છે,
શંભુ તમે છો, ભવદુઃખ કાપો, શરણે ઊભો બાળ છે;
નમઃ શિવાય ૐ નમઃ શિવાય (૨)

લીલા તારી અદ્‌ભુત હરિહર! વર્ણન કરે શું મૂઢમતિ?
હૃદયે રહેજો મૂર્તિ, કૃપાળુ! મુક્તિ દેજો ઉમાપતિ!
નમઃ શિવાય ૐ નમઃ શિવાય (૨)

૨૨૮. [રાગ : ગરબે રમે છે દેવી અંબિકા...]

ભોળા શંકર ભજીને લ્હાવો લીજીએ રે,
જીવડા! કલ્યાણ તારું થાય જો.... ભોળા શંકર૦

કંઠે છે સર્પ, રુદ્રમાળા છે સાથમાં,
ભસ્મલેપ લગાવ્યા રૂડી કાય જો.... ભોળા શંકર૦

વ્યાઘ્રચર્મ કેરાં આસન સોહામણાં,
ત્રિલોચનની જગને સહાય જો.... ભોળા શંકર૦

શિર પર ગંગાજી, સાથ ચંદ્રમા ઓપતો,
દેવો ગાય તમારો મહિમાય જો.... ભોળા શંકર૦

ત્રિશૂળ ને ડમરું ધારો છો ભૈરવી,
ભૂત પ્રેત આનંદ-ગીતો ગાય જો.... ભોળા શંકર૦

શરણુ, કૈલાસપતિ! એક સાચું તમારું,
ચિત્ત ચોંટ્યું છે ચરણોની માંય જો.... ભોળા શંકર૦

હર હર મહાદેવ તો ભોળા તે રીઝ્યા,
પ્રેમભર્યાં દર્શન વ્હાલા થાય જો.... ભોળા શંકર૦

૨૨૯. [રાગ : ભક્તિ તણાં જ્યાં પૂર ઊમટે...]

ભૂલો ભલે બીજું બધું માબાપને ભૂલશો નહીં,
અગણિત છે ઉપકાર એના એને વીસરશો નહીં.
પથ્થર પૂજ્યા પૃથ્વી તણા ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનના કાળજાને પથ્થર બની છૂંદશો નહીં.
કાઢી મુખેથી કોળિયા મોંમાં દઈ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે ઝેર ઉછાળશો નહીં.
લાખો લડાવ્યા લાડ તમને કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના કોડ પૂરવા ચૂકશો નહીં.
લાખો કમાતા હો ભલે, માબાપ જેથી ના ઠર્યા,
એ લાખ નહીં પણ રાખ છે એ માનવું ચૂકશો નહીં.
સંતાનથી સેવા ચહો, સંતાન શી સેવા કરો,
જેવું કરો તેવું ભરો એ ભાવના ભૂલશો નહીં.
પોતે સૂઈ ભીના મહીં સૂકે સુવાડ્યા જેમણે,
અમી ભરી એ આંખને ભૂલથી ય ભીજવશો નહીં.
પુષ્પો બિછાવ્યા પ્રેમથી જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર કંટક પાથરશો નહીં.
મળશે બધું ધન ખર્ચતાં માતપિતા મળશે નહીં.
પલ પલ પુનિત ચરણો તણી સેવા કદી ચૂકશો નહીં.

૨૩૦. [રાગ : લાજ તું મોરી રાખ મોરારી...]

માતા જશોદા વાત અમારી સુણજો ધરીને ધ્યાન;
તમારો માવો બહુ મસ્તાન (૨)
સમજાવ્યો સમજે ન જરીયે, ખૂબ કરે તોફાન,
તમારો માવો બહુ મસ્તાન (૨)
વૃંદાવનની વાટે વાટે, યમુનાજીના ઘાટે ઘાટે,
આડો આવી મારગ રોકે, માંગે મહીનાં દાણ....તમારો૦

માંકલડાં ઘર ઘર દોડાવે, નળિયાં ભાંગી ભૂકો કરાવે,
છાનો માનો છટકી જાયે રોજ કરે હેરાન....તમારો૦

દશવીશ ગોવાળોને લઈને, સૂનાં ઘર ઉઘાડે જઈને,
ઢંઢોળી જગાડે જઈને સૂતેલાં સંતાન....તમારો૦

મહી-માખણનાં માટ લુટાવે, ઘરવખરીને બહાર ફગાવે,
દોહવા ટાણે વાછરડાંને છોડે પકડી કાન....તમારો૦

રોજેરોજ શું બાઈ! કહેવું? કેમ કરી ગોકુળમાં રહેવું?
હવે જશોદા! ગોવિંદ ગિરિધર છેક નથી નાદાન....તમારો૦

૨૩૧. [રાગ : લાજ તું મોરી રાખ મોરારી...]

મારી લાજ તમારે હાથ જગતના નાથ, કહે પાંચાળી....
મને સહાય કરો ગિરિધારી!

મને ભરી સભા માંહે આણી, દુ:શાસન ચીર રહ્યો તાણી,
વળી પકડી મારા કેશ હસે દઈ તાળી.... મને સહાય૦

મુજ આંખે આંસુ જાય વહ્યાં, પાંડવ નીચે મુખ જોઈ રહ્યા,
હું પાલવ પાથરી કરગરું, ઓ વનમાળી.... મને સહાય૦

પ્રભુ! અલ્યા તેં તારી, બાઈ મીરાંને પણ ઉગારી,
ઓ ભક્ત તણા પ્રતિપાળ, ઓ મોરારી!.... મને સહાય૦

આવો ગોવિંદા ગરુડે ચડી, અબળાની આવી મોત-ઘડી,
ધીરજ કયાં સુધી ધરવી? છું અનાથ નારી.... મને સહાય૦

મુજ અપરાધો માફ કરીને, હરિ! આવો કર ચક્ર ધરી,
કહે અમૃતગર આવો કરગરતી પાંડવનારી.... મને સહાય૦

૨૩૨.

મન તું શંકર ભજી લે, મન તું૦
છોડી ને કપટ, ભોળાનાથને ભજી લે.... મન તું૦

કોણ ચઢાવે ગંગાજળ ને કોણ ચઢાવે દૂધ?
કોણ ચઢાવે બીલીપત્ર, કોણ ચઢાવે ભભૂત?.... મન તું૦

લોક ચઢાવે ગંગાજળ ને રાય ચઢાવે દૂધ,
બ્રાહ્મણ ચઢાવે બીલીપત્ર, યોગી ચઢાવે ભભૂત.... મન તું૦

કોણ માગે અન્ન ને ધન, કોણ માગે પૂત?
કોણ માગે કંચન કાયા, કોણ માગે રૂપ?.... મન તું૦

ગરીબ માગે અન્ન-ધન ને વાંઝિયા માગે પૂત,
રાજા માગે કંચન કાયા, ગણિકા માગે રૂપ.... મન તું૦

મનુષ્યને તો વ્હાલા લાગે વસ્ત્રોના શણગાર,
શંભુને તો વ્હાલા લાગે જોગીના વરણાગ.... મન તું૦

આકડો ધતૂરો વિજીઆ પીરસે પારવતી માજી,
પ્રસન્ન થાયે ભોળાનાથ, સેવક થાશે રાજી.... મન તું૦

૨૩૩. [રાગ : શામળા હો શામળા...]

માનજો હો માનજો, વાત સાચી માનજો,
સાચું હરિનું છે નામ, હો માનજો.... માનજો૦
દુનિયા દોરંગી છે, કોઈ નહીં સંગી છે,
સંગી છે સાચો શ્યામ, હો માનજો.... માનજો૦
ઈશ્વર રટણ કર, હૈયામાં ધ્યાન ધર,
ઊતરવા ભવરણ પાર, હો માનજો.... માનજો૦
ભક્તિનું ભાથું ભર, પરનું કલ્યાણ કર,
સહુ વાતનો એ જ છે સાર, હો માનજો.... માનજો૦
ફરી પામશો નહીં, માનવનો દેહ અહીં,
આવ્યો છે ઉત્તમ આ દાવ, હો માનજો.... માનજો૦
શ્યામને સંભારી લે, રામને સંભારી લે,
જીવનનો લઈ લે તું લ્હાવ, હો માનજો.... માનજો૦

૨૩૪. [રાગ : ખમ્મા મારા નંદજીના લાલ... ]

મળ્યો તને માનવ-અવતાર, હંસલા ! રામને રટી લે.
કોઈ તારો વાંકો કરશે ના વાળ, હંસલા ! રામને રટી લે.
જગતના ચોકમાં આવ્યો તું જ્યારથી,
કીધો વિચાર ના ઋણ ભરવાને ત્યારથી;
વધ્યો માથે દેવાનો ભાર, હંસલા !૦....મળ્યો૦
સંપત્તિમાં સુખ નથી સાચું જીવનનું,
કર્યું સદાય તેં તો ધાર્યું તારા મનનું;
જાણ્યો નહીં જિંદગીનો સાર, હંસલા !૦.... મળ્યો૦
ઝાંઝવાનું જળ જોઈ દૂર દૂર ભટક્યો,
તૃષ્ણાના તાંતણે અદ્ધર તું લટક્યો;
કામ નહીં આવે પરિવાર, હંસલા !૦.... મળ્યો૦
ભક્તિનો પંથ લઈ મનહર હંકારજે,
માયા છોડીને ધ્યાન પ્રભુનું ધારજે;
તારો થઈ જશે બેડો પાર, હંસલા !૦.... મળ્યો૦

૨૩૫. [રાગ : દેખ તેરે સંસારકી હાલત... ]

માટીની આ કાયાનો તું ના કરતો વિશ્વાસ....
એક દિવસ, ઓ માનવ ! તારે મરવાનું છે ખાસ.
હશે મનોરથ મોટા મનમાં, રહેવાના એ સઘળા તનમાં,
થયા નથી, નહીં પૂર્ણ થવાના....
રાખીશ ના તું આશ; એક દિવસ, ઓ૦.... માટીની૦
જ્યારે ત્યારે સર્વ જવાનું, એમાં શું આ આસક્ત થવાનું ?
વસ્તુ કે વ્યક્તિનો વ્હાલા !....
આખર તો છે વિનાશ; એક દિવસ, ઓ૦.... માટીની૦
પળમાં પ્રાણ જશે આ ચાલી, કાયા પિંજર પડશે ખાલી,
એ પિંજરની રાખ તણો પણ....
માટીમાં છે વાસ, એક દિવસ, ઓ૦.... માટીની૦

મરતાં પહેલાં સમજી પ્રીતે, શ્રી રણછોડ રીઝવ કોઈ રીતે,
બીજું નહીં તો રામ સ્મરણ તું....
કરજે શ્વાસે શ્વાસ, એક દિવસ, એ૦.... માટીની૦

૨૩૬. [રાગ : દેખ તેરે સંસારકી હાલત...]

મૂરખ મનવા! 'મારું-તારું' છોડી દે અભિમાન,
ભાવે ભજી લે સીતારામ.
સાચો સંગી શામળિયો છે, રાખી લે પહેચાન,
ભાવે ભજી લે સીતારામ.

મોહમાયાના મદમાં મ્હાલે, રામ વિના અંતે નહીં ચાલે,
ખાલી હાથે જાવું જ પડશે....
મૂકી ધન ને ધાન, ભાવે ભજી૦.... મૂરખ૦

સગાંસંબંધી છે સ્વારથનાં, કામ કરી લે પરમારથનાં,
ફેરો તારો ફોગટ જાશે....
કરતો શીદ ગુમાન, ભાવે ભજી૦.... મૂરખ૦

દીનદયાળુ છે મોરારી, ભક્તોનો ભવરણ-ભયહારી,
શ્રદ્ધા રાખી ગુરુ પ્રતાપે....
કહે છે સેવકરાય; ભાવે ભજી૦.... મૂરખ૦

૨૩૭.

મન તુંહી તુંહી બોલ રે, આ સપના સમ તન તારું,
અચાનક ઊડી જાશે રે, જેમ દેવતામાં દારૂ;
દેવતામાં દારૂ તન તારું રે.... મન તું૦

આકળ-જળ પળમાં વહી જાશે જેમ રણવગડે પાણી,
કાયાવાડી તારી એમ કરમાશે થઈ જાશે ધૂળધાણી;
પાછળથી પસ્તાશે રે, મિથ્યા કરે તારું-મારું;
આ આકળ સમ તન તારું રે.... મન તું૦

કાચનો કૂપો કાયા તારી, વણસતાં ન લાગે વાર રે,
જીવ કાયાને સગાઈ કેટલી? મૂકી ચાલે ભવમોઝાર રે;
ફોગટ ફૂલ્યા ફરવું રે, ઓચિંતું થાશે ઘન અંધારું;
ઘન અંધારું તન તારું રે.... મન તું૦

ચંચલ ચિત્તને ચેતવી લઈને ઝાલો હરિનું નામ રે,
જે હાથે તે સાથે રહેશે, પરમારથ છે ધામ રે;
ધીરો કહે ધરતી તો એવી જ્યાં કોઈ નહીં રહેનારું;
નહીં રહેનારું તન તારું રે.... મન તું૦

૨૩૮.

તારા મુખડાએ ચિત્તડું ચોર્યું રે, શ્યામ સલૂણા !
કાળજડું મારું કોર્યું રે, શ્યામ સલૂણા !
નીરખ્યું મેં જ્યાં તારું મુખડું, ભાગ્યું ભવનું દુઃખડું,
સુખડામાં લાધ્યું સુખડું રે, શ્યામ સલૂણા !....તારા૦
નીરખ્યાં તારાં નયન મધુરાં, પ્રેમે છલછલ પૂરાં,
નયનોમાં પરવશ દિલડું રે, શ્યામ સલૂણા !....તારા૦
કાળા ભમ્મર વાંકડિયાળા, લાગે કેશ રૂપાળા,
કાનોમાં કુંડળ ઝૂલતું રે, શ્યામ સલૂણા !....તારા૦
અંગે પીળાં અંબર પ્હેર્યાં, જરકશી ને જામા,
માથે મોરપીંછનું ફૂમતું રે, શ્યામ સલૂણા !....તારા૦
અમીભર્યા આ અધર હસે ને તે પર બંસી સોહે,
નાદે નાચે દિલ રૂમઝૂમતું રે, શ્યામ સલૂણા !....તારા૦
રૂપે ગુણે તું રંગીલો, છોગાળો ને છેલો,
પુનિતને લાગ્યું તારું ઘેલું રે, શ્યામ સલૂણા !....તારા૦

૨૩૯.

મારી નૈયાના ખેવનહાર, શ્યામ ! તમે આવોને.
હું તો દિલથી પોકારું વારંવાર !....શ્યામ તમે૦.... મારી૦

વાળી ઝૂડીને મેં તો સાફ બનાવ્યું,
સાથિયા પૂરીને આંગણું સોહાવ્યું;
મેં તો તોરણ બાંધ્યાં છે દ્વાર....શ્યામ તમે૦.... મારી૦

મીરાં તે બાઈને દરશન દીધાં.
ઝેર હળાહળ અમરત કીધાં;
એને ઉતારી દીધ ભવ-પાર....શ્યામ તમે૦.... મારી૦

પાંડવો કેરી ટેક તમે રાખી,
દ્રુપદ સુતાની લાજ તમે રાખી;
છો તમે સાચાને ઉગારનાર....શ્યામ તમે૦ મારી૦

નરસૈં મહેતાની તમે હૂંડી સ્વીકારી,
નાગરની નાતમાં આબરૂ રાખી;
રે તમે પહેર્યો હાથોહાથ હાર....શ્યામ તમે૦.... મારી૦

ગોકુળ ગામના તમે ગોવાળ છો,
ગોપીઓના વૃંદમાં કેવા છોગાળ છો,
આવો, શીદને લગાડતા વાર?....શ્યામ તમે૦.... મારી૦

દાસ તમારા ગુણલા ગાય છે;
ભક્તોના ઉરમાં ટાઢક થાય છે;
એજી બની બેઠા છે ગુલતાન....શ્યામ તમે૦.... મારી૦

ઝંખી ઝંખીને જીવ જાય મારો,
એક તું જ છે, બીજો નહીં સહારો;
આવો ઉર-આંગણે જુગદાધાર....શ્યામ તમે૦....મારી૦

૨૪૦.

મધુરી શી મોરલી બજાવજે, કનૈયા!
જમનાનો કાંઠડો ગજાવજે, કનૈયા! (ટેક)
રંગભર્યો રાસ રચાવજે, કનૈયા!
ગોપીઓને રંગમાં નચાવજે, કનૈયા!....મધુરી૦

મોરલીનો નાદ ઘણો મીઠો, કનૈયા !
તારા અંતરનો ભાવ મેં દીઠો, કનૈયા !
મોરલીનો મોહ ઘણો લાગે, કનૈયા !
માયાનો મોહ દૂર ભાગે, કનૈયા !....મધુરી૦

મોરલીનો બોલ મને વાગ્યો, કનૈયા !
જનમ-મરણુ ભય ભાગ્યો, કનૈયા !
મોરલીના વેણનું ઘેલું કનૈયા !
મન મારું નાચે છબીલું કનૈયા !....મધુરી૦

મોરલીમાં એવું શું બોલે, કનૈયા !
મન મારું ધ્યાનમાં ડોલે, કનૈયા !
મોરલીમાં મોહ્યા છે દેવો, કનૈયા !
ભક્તોને લ્હાવ એ લેવો, કનૈયા !....મધુરી૦

મોરલીને માન ઘણું મોટું, કનૈયા !
અમારું ભાગ્ય કાંઈ છોટું, કનૈયા !
મોરલી અધર-રસ ચાખે, કનૈયા !
અમારું મન ઘણું ઝાંખે, કનૈયા !....મધુરી૦

મોરલીનું પદ મારે લેવું, કનૈયા !
વનમાં હું વાંસ બની ઊગું, કનૈયા !
મોરલીને મુખ પર ધરો, કનૈયા !
મારો ભવ-ભવ ફેરો ટાળો, કનૈયા !....મધુરી૦

૨૪૧.

મને વશ કરી ગયો છે પેલો કહાન,
ભભૂતિ એણે નાખી છે;
હું તો ભૂલી ગઈ સાન ને ભાન,
ભભૂતિ એણે નાખી !

અડધી ઊંઘમાં જાગતી ને સમજી બેસું સવાર,
મુખ ધોઈને દાતણ કરું, નહાતાં ભીંજવું વાળ....ભભૂતિ૦

દોણી લઈને દોડતી હું વાછરડાની પાસ,
દૂધે ભરેલા ઠામમાં ધધકાવી દઉં છું છાશ....ભભૂતિ૦

કાળી મેંશ કપાળમાં ને આંજું નયન ગુલાલ,
શાક ભાત પહેલાં કરું ને, પછી મૂકતી દાળ....ભભૂતિ૦

વાગે એની વાંસળી ને રડતાં મેલું બાળ,
અવળાં સવળાં પહેરી લઉં વસ્ત્રો ને શણગાર....ભભૂતિ૦

એનું સગપણ જાણું નહીં ને કીધો મેં ભરથાર,
એની મસ્તી માણું ને હું ભૂલી છું સંસાર....ભભૂતિ૦

૨૪૨.

મેં તો પહેર્યો છે ભક્તિનો વેશ,
કનૈયો મને વ્હાલો લાગે છે;
મેં તો આંજી શામળિયાની મેંશ,
સંસાર-રસ ખારો લાગે છે.

દુનિયાના રંગ મને લાગે છે જૂઠડા,
નટખટ મોહન મને લાગે છે મીઠડા;
એ....મારા અંતરમાં એનો આવેશ, કનૈયો મને૦

તનના તંબૂરના તાલ મેં મિલાવ્યા,
મનનાં મંજીરાંના નાદ છે ગજાવ્યા;
એ....મેં તો દુનિયાને મારી છે ઠેસ, કનૈયો મને૦

ઓઢી છે ચૂંદડી ને પહેર્યો છે ચૂડલો,
નંદુના શ્યામ વ્હાલે ઝાલ્યો છે છેડલો,
એ....શાનો રે ભય મને હોય લવલેશ? કનૈયો મને૦

૨૪૩.

માયાનું મંડાણુ જોગણી ! કોણ પુરુષ-ધરનાર ?
શક્તિ કેરાં રૂપ, જોગણી ! કોણ રે ઓળખનાર ?
સતયુગમાં સતી સીતા કહેવાયાં, રાજા રામનાં ઘરનાર !
રાજા રાવણને એણે મરાવ્યો....(૨)
તો યે બાળકુંવારિકા, રે જોગણી !....માયાનું૦
ત્રેત્રાયુગમાં ઉમિયાં કહેવાયાં ભોળા શંભુ ઘરનાર !
ભસ્માસુરને એણે જલાવ્યો....(૨)
તો યે બાળકુંવારિકા, રે જોગણી !....માયાનું૦
દ્વાપર યુગમાં દ્રૌપદી કહેવાયાં, પાંડવ પાંચનાં નાર !
કૌરવકુળને એણે હણાવ્યું....(૨)
તો યે બાળકુંવારિકા, રે જોગણી !....માયાનું૦
કળિયુગમાં મહાકાળી કહેવાયાં, પતંગરાજનાં કાળ !
ઘર ઘર ભૂવા એણે ધૂણાવ્યા....(૨)
તો યે બાળકુંવારિકા, રે જોગણી !....માયાનું૦

૨૪૪.

મિત્રમાં પંકાઈ ગયાં છે શ્રીકૃષ્ણ સુદામા નામ;
એક તવંગર બીજો ગરીબ પણ સદા હૃદયમાં ભાવ.
ગુરુને આશ્રમ સાથે ભણતા, સાથે કરતા કામ,
એક દ્વારકાધીશ બની બેઠો, બીજાને નહીં ઠામ....મિત્રમાં૦
ભક્ત સુદામો સંકટ સહેતો, ભૂખ્યાં એનાં બાળ,
એની પત્ની બહુ અકળાણી, લાવો ખાવા ધાન....મિત્રમાં૦
મિત્ર તમારો મોજ કરે છે, જાઓ એને ધામ,
મિત્ર મિત્ર કહેતા ફરો છો, જાઓ કઢાવો કામ....મિત્રમાં૦
મિત્રને મળવા જાઉં ખરો પણ, જાવું ખાલી હાથ ?
કાકા પાસે એનાં બાળકને હોય ઘણેરી આશ....મિત્રમાં૦

પડોશમાંથી માગી લાવી તાંદુલ મુઠ્ઠી ભાર,
ચીંથરે બાંધી આપ્યા કેડે, વળાવિયા ભરથાર....મિત્રમાં૦

રાતદિન તો થયા કરે પણ હૈયે પ્રભુનું ધ્યાન,
આખર પહોંચ્યા દ્વારિકા પુરી, ઝળઝળ ઝળઝળ થાય....મિત્રમાં

મિત્ર પધાર્યા જાણી વિઠ્ઠલ હરખ્યા અનરાધાર,
પગ ઉઘાડા દોટ મૂકીને કર્યું ઘણું સન્માન....મિત્રમાં૦

ચરણુ પખાળ્યા, ચરણોદક લીધું, ભૂલ્યા દેહનું ભાન,
ચરણુ ચાંપે, વાયુ ઢોળે, હરખ-ઘેલા નાથ....મિત્રમાં૦

હેત કરીને તાંદુલ લીધા, અમૃત એનો સ્વાદ,
કૌતુક કીધું શામળિયા રે, વહોર્યો ઋણનો ભાર....મિત્રમાં૦

રાત વીતી, ના વાત ખૂટી ને વહ્યા દિવસ બે ચાર,
સુદામાને ભેટી વળાવ્યા, કાંઈ ન આપ્યું હાથ....મિત્રમાં૦

નટખટ નટવર શામળિયાએ છાનાં કીધાં કામ,
દળદળ ફેડયું સુદામાનું, સોનાનાં આપ્યાં ધામ....મિત્રમાં૦

ગરીબ સુદામો બન્યો તવંગર, છતાં નહીં અભિમાન,
મિત્રભાવમાં ભક્તિ-રત છે, હરિના ચરણે ધ્યાન....મિત્રમાં૦

ધન્ય કૃષ્ણુ ને ધન્ય સુદામા, ભક્ત અને ભગવાન,
દુઃખી જનો તો દોસ્ત હરિનાં, મૈત્રીમાં મસ્તાન....મિત્રમાં૦

જે કોઈ ગાયે, જે કોઈ શીખે આ મૈત્રી-મહિમાય,
એનાં દુઃખડાં દયાળ હરશે, મિત્ર મહા ભગવાન....મિત્રમાં૦

**૨૪૫.** [રાગ : બોલ રાધા બોલ, સંગમ...]

મોહન તું મસ્તાનો ને ચોરી કરતો છાનો.
તારે તારા ઘરનું કોઈ દિન ખાવું છે કે નહિ?....તારે૦

નંદ તણે ઘરે ગાય ઘણી છે,
છતાં યે પર ઘેર જાય છે,
દૂધ તારા ઘરનું તારે પીવું છે કે નહિ ?....તારે૦

મારી પાછળ શીદ પડ્યો છે ?
શાને કાજ રડાવે છે ?
ચકોર તારી ચાલાકીથી ખોટાં આળ ચઢાવે છે !
મારું ઘર છાડીને બીજે જાવું છે કે નહિ ?....તારે૦

મોટા ઘરનો બાળક તો યે
જરા નથી શરમાતો તું;
ઘર ઘર ભટકી મટકી પટકી હરામનું તો ખાતો તું;
ડાહ્યો ડમરો કદીય તારે થાવું છે કે નહિ ?....તારે૦

પ્રેમામૃતનું પુનિત પીણું,
પ્રેમભીનો થઈ પાતો જા;
કંસરાયનો કેર ઘણો છે, માટે બળિયો થાતો જા;
રામભક્તની વ્હારે તારે ધાવું છે કે નહિ ?....તારે૦

૨૪૬.

નમન કરું રે જલારામને....
વ્હાલા ! હું તો નમન કરું છું જલારામને !
વીરપુરને ધામ બનાવ્યું, સંતોનો સાચો વિશ્રામ રે !
વ્હાલા ! હું તો નમન કરું છું જલારામને !

ભજન ભાવ જ્યાં નિત્ય ગવાય રે,
આનંદ ઉમંગ નવ માય રે.... વ્હાલા ! હું તો૦

ધામની અંદર રામ બિરાજે ને ઢોલિયા ઉપર બાપા !
ઝોળી ધોકાનાં દરશન કરે રે,
ભક્તો લાગે છે તને પાય રે.... વ્હાલા ! હું તો૦

દેશ-પરદેશથી યાત્રિકો આવે ને માનતા મોંઘી લાવે !
સહુના મનોરથ પૂરા કરે રે,
ઉતારે ભવ પેલે પાર રે.... વ્હાલા ! હું તો૦

બાપા જલિયાણના ગુણલા ગાતાં હૈયે હરખ ના માયે !
શ્રીરામ ભજન મંડળ કરગરે,
રાખો ચરણ મોઝાર રે.... વ્હાલા ! હું તો૦

૨૪૭. [ રાગ : મન ડોલે મેરા તન ડોલે... ]

મન બોલે મારું તન ડોલે, મારે રોમ રોમ રણકાર રે....
જય શ્રીકૃષ્ણ શરણું મમ !
જમનાની જલ ધારા બોલે શ્રીકૃષ્ણ શરણું મમ !
ગોકુળ કેરી ગલીઓમાં શ્રીકૃષ્ણ શરણું મમ !
ગોપીજન મનવીણા તારે સંભળાયે ઝણકાર રે....
જય શ્રીકૃષ્ણ શરણું મમ !
ભરી સભામાં દ્રૌપદી બોલે શ્રીકૃષ્ણ શરણું મમ !
ભક્ત સુદામો રટતો નિશદિન શ્રીકૃષ્ણ શરણું મમ !
અર્જુનના ગાંડીવમાં થાતો યુદ્ધમહીં ટંકાર રે....
જય શ્રીકૃષ્ણ શરણું મમ !
નરસૈયાની કર કરતાલે શ્રીકૃષ્ણ શરણું મમ !
દાનવસૂત પ્રહ્લાદ પુકારે શ્રીકૃષ્ણ શરણું મમ !
પ્રેમદિવાની મીરાં નાચે ઘૂઘરીનો ઘમકાર રે....
જય શ્રીકૃષ્ણ શરણું મમ !
બોડાણાની વ્હેલના પૈડે શ્રીકૃષ્ણ શરણું મમ !
સૂરદાસના તંબૂરના તારે શ્રીકૃષ્ણ શરણું મમ !
બિંદુના જીવનનો સાચો એક જ છે આધાર રે....
જય શ્રીકૃષ્ણ શરણું મમ !
શ્રીકૃષ્ણ શરણું મમ....જય શ્રીકૃષ્ણ શરણું મમ !.... શ્રીકૃષ્ણ૦

૨૪૮.

મારો શ્યામ રૂઠે તો કરવું શું ?
સાવરિયાને મેળવવામાં.... (૨) લોકટીકાથી ડરવું શું ?
મારો શ્યામ રૂઠે તો કરવું શું ?

મીરાં કહે, મેં દિલડું દીધું, પ્રેમામૃતનું પ્યાલું પીધું;
મોહનવરનો ત્યાગ કરીને....(૨)
બીજવરને વરવું શું ?.... મારો શ્યામ૦

નરસિંહ કહે, મને ભૂધર ભાવ્યો, ભીડવેળા દોડી આવ્યો;
ભક્તિ કેરી છાયા છોડી....(૨)
માયામાં મિથ્યા મરવું શું ?.... મારો શ્યામ૦

બોડાણો કહે, દ્વારિકા જાઉં, રણછોડને ડાકોર લાવું;
તુલસી તોડી પગલાં માંડી....(૨)
અધવચ પાછા ફરવું શું ?.... મારો શ્યામ૦

ભક્તજન કહે, નાવ અમારી, શ્યામ સુકાની દેશે તારી;
રામભક્ત ભવસાગર છોડી....(૨)
બીજાં જળમાં તરવું શું ?.... મારો શ્યામ૦

૨૪૯.

માછીડા ! હોડી હંકાર, મારે જાવું હરિ મળવાને.
હરિ મળવાને, વ્હાલા ! પ્રભુ મળવાને....(૨) માછીડા ૦
તારી હોડીને હીરલા જડાવું,
ફરતી મેલાવું ઘૂઘરમાળ, મારે જાવું૦.... માછીડા ૦
સોનૈયા આપું, રૂપૈયા આપું,
આપું હૈયા કેરો હાર, મારે જાવું૦.... માછીડા૦
આણી તીર ગંગા ને પેલે તીર જમના,
વચમાં વસે નંદલાલ, મારે જાવું૦.... માછીડા૦

કાલિંદીને તીર વ્હાલો ધેનુ ચરાવે,
બનીને બાળ ગોવાળ, મારે જાવું૦.... માછીડા૦

વૃન્દા તે વનની કુંજગલીમાં,
ગોપી સંગ રાસ રમનાર, મારે જાવું૦.... માછીડા૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
વ્હાલા ! ઉતારો ભવ-પાર, પારે જાવું૦.... માછીડા૦

૨૫૦.

મેરુ પર્વતથી આવી રે ભીલડી,
તપ છોડાવવા આવી એ ભીલડી, તપ છોડાવવા આવી રે !

રુમઝુમ રુમઝુમ કરતી રે ભીલડી,
નાચ કરે છે મધમાતી એ ભીલડી, નાચ કરે છે મધમાતી રે !

નવરંગ ચૂંદડીવાળી એ ભીલડી,
શિવજીની પાસે ઊભી છે ભીલડી, શિવજી પાસે ઊભી રે !

(ભીલડી કહે છે :)
તમે તો દેવજી ! શખોડી ચોળો,
ના લઉં તમારો ઓળો, હો શિવજી ! ના લઉં તમારો ઓળો રે !

તમારે દેવજી ! ભૂતની રે ટોળી,
હું તો છું બાળા ભોળી, હો શિવજી ! હું તો છું બાળા ભોળી રે !

તમારે દેવજી ! આકડો ધતૂરો,
મારે ગુલાબ બટ મોગરો, શિવજી ! મારે ગુલાબ બટ મોગરો રે !

તમારે દેવજી ! ગંગા પારવતી,
ભીલડીને શુ કરશો, હો શિવજી ! ભીલડીને શું કરશો રે !

નીચી જાતિની નાર હું ભીલડી,
શરમ તમે કાંઈ રાખો, હો શિવજી ! શરમ તમે કાંઈ રાખો રે !

(શિવજી કહે છે :)

પારવતીને આજ પિયર વળાવું,
ગંગાને કરું તુજ દાસી, રે ભીલડી ! ગંગાને કરું તુજ દાસી રે !
દેશ વિદેશથી હીરચીર લાવું,
તારાં અંગ સોહરાવું, રે ભીલડી ! તારાં અંગ સોહરાવું રે !
ઘરેણાં લાવું ને હીરલા જડાવું,
મોતીની માળ પહેરાવું, રે ભીલડી ! મોતીની માળ પહેરાવું રે !
દક્ષિણ દેશથી દાંતીડો લાવું,
તારો ચૂડલો ઘડાવું, રે ભીલડી ! તારો ચૂડલો ઘડાવું રે !
મોંઘેરાં ઝાંઝર પગમાં પહેરાવું,
ઘમઘમ ઘૂઘરી જડાવું, રે ભીલડી ! ઘમઘમ ઘૂઘરી જડાવું રે !
રુમઝુમ રુમઝુમ મલકાતી ચાલે,
મારા કૈલાસમાં મ્હાલો, રે ભીલડી ! મારા કૈલાસમાં મ્હાલો રે !
થૈ થૈ શિવજી નાચવાને લાગ્યા,
ભીલડી રૂપ સંકોરે, પારવતી ! ભીલડી રૂપ સંકોરે રે !
માયાનો ત્યાગી શિવ મહાજોગી,
ભીલડી કાજ લોભાણો, શિવજી ! ભીલડી કાજ લોભાણો રે !
શિવ ઉમિયાનો આ વિનોદ સાચો,
સમજે તેને સાચો હો ભીલડી ! ના સમજે તો કાચો રે !
ભાવ થકી આ વિનોદ ગાય જે,
વૈકુંઠ પામે વાસો, હો શિવજી ! કૈલાસ પામે વાસો રે !

૨૫૧.

મારી શેરીએ આવો શામળિયા !
વાટલડી વેરાવું ફૂલ....પ્રીતમ પાતળિયા !....મારી૦
મેં જુગમાં જોયું શામળિયા !
નહીં કોઈ તમારી તુલ....પ્રીતમ પાતળિયા !....મારી૦

ધન્ય ધન્ય દેવકીનંદન શામળિયા !
જન્મ્યા છો સકળ સ્વરૂપ....પ્રીતમ પાતળિયા !....મારી૦
તારું મુખડું મનહર શામળિયા !
શું શરદ પુનમનું રૂપ....પ્રીતમ પાતળિયા !....મારી૦
રઘુનાથના સ્વામી શામળિયા !
હરી લો ભવ-ભય દુઃખ....પ્રીતમ પાતળિયા !....મારી૦

૨૫૨.

માતાપિતાનાં ઋણ ચૂકવવા કીધ સેવાનાં કામ,
ધન્ય ધન્ય દીકરા જેણે રાખ્યાં અવિચળ નામ.
જમદગ્નિએ આજ્ઞા આપી, માતાનું શિર નાખ્યું કાપી,
પરશુરામની પિતૃભક્તિથી રીઝયા હૃદયમાં રામ....ધન્ય૦
વચન માંગવા પિતાએ કીધું, પરશુરામે માંગી લીધું,
માતા મારી કરો સજીવન, આપો પ્રાણનું દાન....ધન્ય૦
યયાતિએ નિજ યૌવન આપ્યું, દુઃખ પિતાના મનનું કાપ્યું,
પિતાની મરજી શિર ચઢાવી, છોડયા મોહ તમામ....ધન્ય૦
આંધળાં આંખે જનકજનની, લાગી તીરથ કરવા લગની,
શ્રવણ કાવડ ખંભે લઈને ચાલ્યો તીરથ ધામ....ધન્ય૦
તીરથે તીરથે સ્નાન કરાવી, તૃષા માત-પિતાને લાગી,
શ્રેષ્ઠ શ્રવણ જળ ભરતાં ભરતાં પહોંચ્યો વૈકુંઠધામ....ધન્ય૦
ચેલૈયાની તમે સુણો કહાણી, માતાપિતાની ચિંતા જાણી,
ખાંડણિયે મસ્તક ખંડાવ્યાં, હાર્યો જરી ન હામ... ધન્ય૦
પિતાની ચિંતા જેણે ટાળી, રહ્યા જીવનમાં બ્રહ્મચારી,
ભીષ્મ પ્રતિજ્ઞા પાળી પૂરી પિતામહ ભીષ્મ મહાન....ધન્ય૦
પિતૃ આજ્ઞા મળતાં ચાલ્યા, ચૌદ વરસ વન દુઃખમાં ગાળ્યાં,
વચનપાલક દીકરા રૂપે જીવન જીવ્યા રામ....ધન્ય૦
જીવ્યા માતપિતાને કાજે, ગુણ એના દિગંતે ગાજે,
ગોવિંદ ગરવા દીકરા એવા પામે વૈકુંઠધામ....ધન્ય૦

૨૫૩.

મોરલી હો મોરલી! કાનુડાની મોરલી !
વાગી હો માઝમ રાત, હો મોરલી !....મોરલી૦
ગોકુળમાં ગાજતી, વૃંદાવન વાગતી,
ગજાવે કાલિન્દ્રી ઘાટ, હો મોરલી !....મોરલી૦
આસો તે માસની, પૂર્ણ પ્રકાશની,
ઊજળી પૂનમની રાત, હો મોરલી !....મોરલી૦
વ્રજનાર નીસરી, દેહભાન વીસરી,
ચાલી વૃંદાવન વાટ, હો મોરલી !....મોરલી૦
આવી પ્રભુને પાસ, રંગે રમવાને રાસ,
બંસરી બજાવે રસરાજ, હો મોરલી !....મોરલી૦
રાસ રચ્યો રંગમાં, ગોપીજન સંગમાં,
નાચે થનક થનક થૈ નાથ, હો મોરલી !....મોરલી૦

૨૫૪.

મને કોઈ બતાવો મારો લાલ, કનૈયો મારો ખોવાણો.
સદ્‌ગુરુજી બતાવો મારો લાલ, કનૈયો મારો ખોવાણો.
મને પડી છે પેટમાં ફાળ, વ્રજમાં ક્યાં રે રોકાણો !....મને૦

(સાખીઃ)

સવારમાં વહેલો ઊઠી, ગાયું ચરાવા જાય;
ઠંડા પાણીએ નાહી લે, એ તો ઠંડું ઢેબરું ખાય....
ઠંડું ઢેબરું ખાય, કનૈયો મારો ખોવાણો....મને૦

(સાખીઃ)

આખો દિવસ ગાયું ચરે ને સાંજરે આવે ઘેર,
ગોપીજનોની સંગમાં એ તો કરતો લીલાલ્હેર....
કરતો લીલાલ્હેર, કનૈયો મારો ખોવાણો....મને૦

(સાખી :)
વનમાં એકલો ક્યાં હશે ને થઈ ગયો અંધકાર,
વાઘવરૂની બીક ઘણી છે, મારા દિલમાં ધકધક થાય....
દિલમાં ધકધક થાય, કનૈયો મારો ખોવાણો....મને૦

(સાખી :)
દૂધ કઢાયાં મેં કીધાં, રાંધી ખંતે ખીર,
માખણ મિસરી તૈયાર કે જમે બળભદ્રવીર....
જમે બળભદ્રવીર, કનૈયો મારો ખોવાણો....મને૦

(સાખી :)
માતા આવ્યાં ડેલીએ ને પાડ્યો સુતને સાદ,
હતો રાધિકાના ઘર મહીં ત્યાં કીધો બંસીનાદ....
કીધો બંસીનાદ, કનૈયો મારો ખોવાણો....મને૦

(સાખી :)
કાનો આવ્યો ઘર વિશે ને લાગ્યો માતને પાય,
માતાએ લીધાં મીઠડાં કે ખમ્મા ખમ્મા મારા લાલ....
ખમ્મા ખમ્મા મારા લાલ, કનૈયો મારો ખોવાણો...મને૦

(સાખી :)
શાંતિ થઈ છે માતને ને ચાંપ્યો હૃદિયા સાથ,
માતાએ હેતે ફેરવ્યો નિજ બાળને માથે હાથ....
બાળને માથે હાથ, કનૈયો મારો ખોવાણો....મને૦

(સાખી :)
આ કૃષ્ણ-જશોદા રાસને જે ગાશે નરનાર,
કર જોડી કહે રામભક્ત એનો હરિચરણમાં વાસ....
હરિચરણમાં વાસ, કનૈયો મારો ખોવાણો...મને૦

૨૫૫. [રાગ : સોના વાટકડી રે...]

માવડી મારી રે, નાવડીને પાર ઉતારજો.
જોજો ના ડૂબી જાય, અંબા! આવી સંભાળજો.

અંતરની અરજી રે, માવડી ! હેતે સ્વીકારજો,
જોજો ના લાગે વાર, અંબા ! આવી સંભાળજો.

તારા ભરોસે રે, માવડી ઝૂકાવી નાવડી,
નથી અન્ય કોઈનો આધાર, અંબા આવી સંભાળજો.

સંસાર સાગર રે, માવડી ! ભારે તોફાની,
માયાનાં મોજાં અપાર, અંબા ! આવી સંભાળજો.

રખડી રખડી રે, માવડી ! થાકી ગયો છું,
હવે એક તારો આધાર, અંબા ! આવી સંભાળજો.

નરહરિ નાવડી રે, માવડી ! તમને સોંપી છે,
સુકાની બનજો હો માત ! અંબા ! આવી સંભાળજો.

૨૫૬. [રાગ : હાંરે તારા દુ:ખમાં રહે એક રતિ...]

મારા મન વસ્યો ગિરિધરલાલ, રાણાની સાથે રહેવું નથી....
હું તો એની બની થઈ ગઈ ન્યાલ રાણાની સાથે રહેવું નથી.
(સાખી :)
રાણાનું સુખ રાજ છે ને મારું સુખ વ્રજરાજ,
હું છું સુંદર શ્યામની ને એ મારો ભરથાર....
એ મારો ભરથાર, રાણાની સાથે રહેવું નથી....મારા૦
(સાખી :)
રાણાની રાણી બનું તો; મેવાડ જ મારું થાય,
પણ મારા મોહનની ધજા સારા જગ પર લ્હેરાય....
જગ પર લ્હેરાય, રાણાની સાથે રહેવું નથી....મારા૦
(સાખી :)
સંબંધ બાંધ્યો શ્યામથી ને છોડ્યો જગ વહેવાર,
મારે શાને વહોરવો એ સાસરિયાનો ભાર ?....
સાસરિયાનો ભાર, રાણાની સાથે રહેવું નથી....મારા૦

(સાખી)
મોહન વરને પામવા, હું પાડીશ મારી કાય,
ભલે આભ તૂટી પડે કે થવાનું હોય તે થાય....
થવાનું હોય તે થાય, રાણાની સાથે રહેવું નથી.... મારા૦
(સાખી)
મનડું મારું નીરખતું બસ મોહન વરની વાટ,
વિરહે દિન વિતાવતી ને ઝૂરું સારી રાત....
ઝૂરું સારી રાત, રાણાની સાથે રહેવું નથી.... મારા૦
(સાખી)
હું જોગણુ જગદીશની ને એ છે મારો નાથ,
રામભક્તના શ્યામને મેં સોંપી દીધો હાથ....
સોંપી દીધો હાથ, રાણાની સાથે રહેવું નથી.... મારા૦

૨૫૭.

મૂર્તિ નટનાગરની રાજે, ચિત્તડું ચોરી જાય ક્હાનો,
જાતો ગાય ચરાવા કાજે, ચિત્તડું ચોરી જાય ક્હાનો.
મોર મુગુટ પીતામ્બર શોભે, દરશન કરતાં મનડું લોભે,
હસતો રમતો જાય વ્હાલો, ચિત્તડું ચોરી૦.... મૂર્તિ૦
ગળે વૈજયંતી માળા પ્હેરી, અધર મોરલી મનોહારી,
બજાવતો એ જાય વ્હાલો, ચિત્તડું ચોરી૦.... મૂર્તિ૦
વાદળરંગી શ્યામ રૂપાળો, કામણગારો એ તો કાળો,
મતવાલી રે ચાલ વ્હાલો, ચિત્તડું ચોરી૦.... મૂર્તિ૦
ધીમાં પગલાં ભરતો ઘૂમી, ધન્ય રે વૃંદાવનભૂમિ,
પુનિત કરતો જાય વ્હાલો, ચિત્તડું ચોરી૦.... મૂર્તિ૦

૨૫૮. [રાગ : સોના વાટકડી રે...]
જમના કિનારે રે, ચાંદલો ઊગ્યો છોગાળા,
શરદપૂનમની રાત, ફૂલડાં વેર્યાં છોગાળા.

નંદલાલ આવ્યા છે ગોપીઓની સાથે, રંગીલા,
રમવાને રંગભર્યો રાસ.... રંગલો જામ્યો છોગાળા....જમના૦
સોનાની દાંડી રે, ઘૂઘરી ઘમકે રંગીલા,
સોહંતી રંગભરી રાત.... મનડાં મોહ્યાં છોગાળા....જમના૦
ક્હાનની સાથે રે, રાધિકા રમે રંગીલા,
સજીને સોળ શણગાર.... ગોપીઓ ઘૂમે છોગાળા....જમના૦
દેવો પધાર્યા રે, દરશન લેવા રંગીલા,
ઊડે અબીલ-ગુલાલ.... મોતીડાં વેર્યાં છોગાળા....જમના૦
જમનાને કાંઠે રે, રંગલો જામ્યો રંગીલા,
નરહરિ નાચે છે સાથ.... ધન્ય ભાગ્ય મારાં છોગાળા....જમના૦

૨૫૯.

રામ તમે આવો, ઘનશ્યામ તમે આવો.
અરજી સુણીને રાધેશ્યામ તમે આવો.
મનમંદિરિયે સાથિયા પૂર્યા છે,
આસોપાલવનાં તોરણ બાંધ્યાં છે;
આવો આવો હરિ! કહું છું ફરી ફરી, ભગવાન રે!.... રામ૦
તમે ભક્તોના બેલી કહેવાઓ,
તમને બોલાવું, કેમ ના આવો ?
મારું કોઈ નથી, જોયું મથી મથી, કિરતાર રે!.... રામ૦
નરહરિ-નૈયા પાર ઉતારજો,
તમને સોંપી છે હેતે સંભાળજો;
વાટ જોઈ રહ્યો, રોતો રહ્યો રહ્યો, ઓ ક્હાન રે!....રામ૦

૨૬૦.

રાત્રે નિદ્રા દિવસે કામ, ક્યારે ભજશો સીતારામ ?
તારી એક એક પળ જાય લાખની,
હાંરે તું માળા જપી લે મારા રામની.... તું માળા૦

સાથે શું લાવ્યા લઈને શું જાશો?
આવ્યા રે તેવા ખાલી રે જાશો;
જીવન ધન્ય બનાવો રે ભક્તિના દામથી.... તું માળા૦
જૂઠું છે જગ ને જૂઠા છે ખેલ,
માનવ ઓ મૂરખા, મારું મારું મેલ;
તું તો છોડી દેને ચિંતા આખા ગામની.... તું માળા૦
ભક્તિનો મારગ ખાંડાની ધાર છે,
ચાલે તો તે જ જે ઘણો હોશિયાર છે;
તું તો જાણી લેને ચાલ ભક્તિના ભાવની.... તું માળા૦

૨૧૬.

રાધેના શ્યામની ને સીતાના રામની
હરદમ ધૂન મચાવો રે!
હરદમ ધૂન મચાવો મારા વ્હાલા! હરદમ૦....
અવસરિયો રૂડો આજે મળ્યો છે,
મળે ના ફરી ફરી આવો રે.... રાધેના૦
ભાવ ધરીને કમર કસીને,
ગુણલા હરિના ગાવો રે.... રાધેના૦
ઘટો રે ઘટમાં વસ્યો છે વાલમો,
વહેમ એમાં કંઈ ના લાવો રે.... રાધેના૦
શંકર કહે શ્યામસુંદરને ભેટી,
જીવતાં જ વૈકુંઠ જાઓ રે.... રાધેના૦

૨૬૨. [રાગ : શ્રી રામ જય રામ જય જય રામ...]

(લઘુ રામાયણ)

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત-પાવન સીતારામ....
ભીડ પડી ભક્તોને જ્યારે, કષ્ટ હરવા પ્રભુજી ત્યારે,
દશરથ ઘેરે પ્રગટે રામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

ચાર ભાઈની સુંદર જોડી, હસતા રમતા ખેલે દોડી,
એમાં સૌથી મોટા રામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

તાલિક વનમાં તાડિકા મારી, ગૌતમપત્ની અહલ્યા તારી,
ઋષિમુનિનાં સાર્યાં કામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

જનકપુરી જઈ ધનુષ્ય તોડી, વર્યાં સીતાને સુંદર જોડી,
અયોધ્યા આવ્યાં સીતારામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

રાજ્યતિલકની થઈ તૈયારી, કૌશલ્યાએ બાજી બગાડી,
પિતૃવચન શિર ધારે રામ.... પતિત-પાવન....૦ રઘુપતિ૦

વન જાય રામ સીતા લક્ષ્મણ, ગૃહક રાજની મુક્તિ કારણ,
ગંગા પાર લગાવે રામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

ગોદાવરી તીર કુટિર બનાવી, પંચવટીની શોભા ન્યારી,
સુખે વસે ત્યાં જગદીશ રામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

છળ કરવાને શૂર્પણખા આવી, લક્ષ્મણ લેતો નાક કાપી,
નાઠી ને પહોંચી લંકા ધામ.... પતિત-પાવન૦ રઘુપતિ૦

રાવણનો એણે કાળ જગાડ્યો, મારીચને કપટી મૃગ બનાવ્યો,
સીતાની તૃષ્ણા તોષે રામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

આવ્યો રાવણ કપટ કરીને, ચાલ્યો સીતાહરણ કરીને,
જટાયુ મરતાં બોલે રામ.... પતિત-પાવન....૦ રઘુપતિ૦

સીતા સીતા રટતા ચાલ્યા, રસ્તે શબરી જપતી માળા,
બોરાં એઠાં ખાતા રામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

આગળ ચાલી માર્યો વાલી, હનુમંતે સેવા સ્વીકારી,
એ જઈ પહોંચ્યો લંકા ગામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

અશોક વનમાં જાનકી માતા, અંજનીસુતે દીઠાં રોતાં,
મુખે રટતાં રાઘવ રામ.... પતિત-પાવન૦.... રઘુપતિ૦

આપી નિશાની દીધો પરિચય, જાનકી હૈયે પામ્યાં ધીરજ,
હનુમાન જલાવે લંકા ધામ.... પતિત-પાવન.... રઘુપતિ૦

પાછા આવ્યા રામ સમીપે, કીધી વાતો બની હતી જે,
ચડાઈ કરવા તત્પર રામ....પતિત-પાવન૦.... રઘુપતિ૦
સમુદ્ર ઉપર રામનામથી, પથ્થર તારી સેતુ બાંધી,
રણભૂમિ પર શોભે રામ....પતિત-પાવન૦.... રઘુપતિ૦
મેઘનાદે જળશક્તિ લગાવી, લક્ષ્મણને ત્યાં મૂર્છા આવી,
સંજીવન બુટ્ટી લાવે હનુમાન....પતિત-પાવન૦ રઘુપતિ૦
રાક્ષસકુળ સંહાર જ કીધું, મુક્તિપદ રાવણને દીધું,
વિભીષણને સોંપ્યું રાજ....પતિત-પાવન૦.... રઘુપતિ૦
સીતા સહિત પ્રભુ પરત પધારે, ભરત ભાઈને ઉર લગાવે,
રાજમુગટ શિર ધારે રામ....પતિત-પાવન૦.... રઘુપતિ૦
તુલસીદાસ ભજે ભગવાન, પ્રભુચરણમાં રાખે ધ્યાન,
પૂરણ થાયે સઘળાં કામ....પતિત-પાવન૦.... રઘુપતિ૦
રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત-પાવન સીતારામ....

૨૬૩.

રાજ અમ્મર તપો રે રાજા રામનાં.
ધન્ય ભક્તો તણા પ્રતિપાળ, રાજ અમ્મર૦
સમાજ સંગ તેડવા આવ્યા ભરતજી;
ચાલો અયોધ્યાપુર તમે નાથ ! રાજ અમ્મર૦
અમે જાણી ગત, પરબ્રહ્મ આપ છો,
જોગમાયા છે જાનકી માત, રાજ અમ્મર૦
ભાઈ લક્ષ્મણ તો અનંત શેષ છે,
જન્મ્યા ઉતારવા ભૂમિનો ભાર, રાજ અમ્મર૦
અમ મતિ ગતિ બધું તમારે હાથ છે,
પ્રભુ ! પધારો અયોધ્યા ધામ, રાજ અમ્મર૦
અવધ વીત્યે અમે અયોધ્યા આવશું,
તમે રાખજો રાજની સંભાળ, રાજ અમ્મર૦

ચરણપાદુકા બેઉ આપી ભરતને,
ઉત્તમ ભક્તિ તણાં એંધાણ, રાજ અમ્મર૦
શિરે ધારીને પાદુકા રામની,
વસ્યા ભરતજી નંદી ગ્રામ, રાજ અમ્મર૦
ભ્રાતૃભાવ રૂપ ભક્તિ ભરતની,
દાસ પુરુષોત્તમ ભાવથી ગાય, રાજ અમ્મર૦

૨૬૪. [રાગ : બેસવું હોય તો બેસી જાજો... ]

શ્રી રામના ભરોસે મારી ગાડી હાલી જાય છે....
હાંકનારો રામ છે ને રોકે ત્યાં રોકાય છે.
જનની કેરા ઉદર માંહી ડબ્બા તૈયાર થાય છે,
અજબગજબની રચના એની કોઈથી ના સમજાય છે....શ્રીરામના૦
બારણે આવે ત્યાં તો બીજો માલિક બની જાય છે,
જૂના એના પાટા તોયે નવા નવા દેખાય છે....શ્રીરામના૦
સગપણ કેરી સાંકળ બાંધી ડબ્બા સહુ જોડાય છે,
અંજળપાણી ખૂટી જાતાં ડબ્બા છૂટી જાય છે....શ્રીરામના૦
અબુધથી સમજાય નહીં ને જ્ઞાની ગોથાં ખાય છે,
અકળ લીલા આ શ્યામની તો ભક્તિથી કળાય છે....શ્રીરામના૦

૨૬૫.

રહે છે રામ સીતા લક્ષ્મણ અયોધ્યા નગરી મોજાર;
એ ત્રણેય વનની વાટે જાય, રે ભાવિ કોણ થકી કળાય ?
શ્રીરામ વનની વાટે જાય, સાથે સીતા લક્ષ્મણ થાય,
દશરથનો ત્યાં જીવડો જાય.... રે ભાવિ૦
વસિયા પર્ણકુટિની માંય, મારીચ મૃગ બન્યો છે ત્યાંય,
સીતા રાવણ થકી હરાય.... રે ભાવિ૦

પૂછે બજરંગ બલિને રામ, કેમ કરીને થાશે કામ?
બજરંગ સીતાની શોધે જાય.... રે ભાવિ૦

સમુદ્ર કૂદી ગયો હનુમાન, પજવ્યો રાવણ દુષ્ટ મહાન,
લગાડી લંકાની તો લાય.... રે ભાવિ૦

સમુદ્ર ઉપર બાંધી પાળ, ઊતર્યું સૈન્ય પેલે પાર,
આવ્યું લંકાની મોઝાર.... રે ભાવિ૦

રાવણ રણમાં થયો તૈયાર, દશાનન રામ થકી છેદાય,
સોંપ્યું વિભીષણને રાજ.... રે ભાવિ૦

વળતાં ભરત-મિલન યોજાય, લોકો હરખે ગાંડાં થાય,
રૂડું રામરાજ્ય સ્થપાય.... રે ભાવિ૦

ભજન ગાતાં નર ને નાર, હૃદય રાખે રામનું નામ,
એ સહુયે વૈકુંઠે જાય.... રે ભાવિ૦

૨૬૬.

રામ સીતાપતિ! તારી લેહ લાગી.
વ્હાલા! તમને ભજ્યાથી મારી ભીડ ભાગી....રામ૦

ઘરનો ધંધો મને નથી રે ગમતો,
સાધુ સંગાથ મેં તો પ્રીત બાંધી....રામ૦

કામકાજ છોડ્યાં મેં, લોકલાજ છોડી,
પ્રેમમાં મગન હું તો મસ્ત નાચી....રામ૦

અંધારી કોટડીમાં ઊંઘ બહુ આવે,
હું તો પ્રેમ-પ્રકાશમાં ગઈ જાગી....રામ૦

દુર્જન લોક મારી નિંદા કરે છે,
તોય વ્હાલા લાગે છે મને વૈરાગી....રામ૦

ધ્રુવને લાગી, પ્રહ્લાદને લાગી,
ભરી સભામાં દ્રૌપદીની ભીડ ભાગી....રામ૦

નાચી કૂદીને હું બની છું ગાંડી,
લોકોની બીક નથી સ્હેજ રાખી....રામ૦
બાઈ મીરાંના પ્રભુ ગિરિધર નાગર,
તારી જનમોજનમની હું દાસી....રામ૦

૨૬૭.

રોજ રોજ આનંદ થાય ભક્તોની ન્યાતમાં,
હસતાં જીવન જિવાય ભક્તોની ન્યાતમાં.
ભક્તોની ન્યાત જેવી બીજી કોઈ ન્યાત નથી,
ત્યાં રામના ભજન વિના બીજી કોઈ વાત નથી;
અંધારે અજવાળું થાય, ભક્તોની ન્યાતમાં....રોજ૦
વાગે જ્યાં ઢોલકાં તો આવે સહુ દોડતાં,
ભેગાં મળે ને બધાં આનંદે ડોલતાં;
સુખ ત્યાં સાચું પમાય, ભક્તોની ન્યાતમાં....રોજ૦
ન્યાતનો પટેલ મારો રાય રણછોડ છે,
ન્યાતમાં ભળ્યા એના પુરાતા કોડ છે;
નંદુ જ્ઞાન-લ્હાણી વહેંચાય, ભક્તોની ન્યાતમાં....રોજ૦

૨૬૮. [રાગ : દાદા હો દીકરી...]

રાજા રણછોડ છે, ચિત્તડાનો ચોર છે.
એ તો મનડાં લેતો સૌનાં હરી....(૨)
તીરછી નજર એની જાદુભરી આંખડી !.... રાજા૦
બોડાણાના નેમથી આવ્યો નાથ પ્રેમથી;
ગંગાબાઈની ભક્તિ ફળી....(૨)
વાલ સંગની વાળી, તોલી જાતડી !.... રાજા૦
ભક્તની હજૂર છે ને દંભ થકી દૂર છે;
લીલા એની બધી જાદુભરી....(૨)
તોળ્યો ગોવર્ધન એણે એક આંગળી !.... રાજા૦

દર્શનથી દુઃખ જાય, જનમ સફળ થાય;
શ્યામ રસિકનો નાથ હરિ....(૨)
ભક્ત કાજ ઊભો રહ્યો હર પળ ને ઘડી !.... રાજા૦

૨૬૯.

રઘુવીર આવ્યા ગંગાજીને કાંઠડે રે !
સંગમાં સીતા ને લક્ષ્મણ વીર.... રઘુવીર૦
કેવટ ! નાવડી કાંઠડે લાવજો રે;
જાવું મારે ગંગાને સામે તીર ... રઘુવીર૦
તમે મારી હોડીને અડશો નહીં રે,
તમ ચરણે જાદુઈ ચમકાર.... રઘુવીર૦
શલ્યાની પેર મારી હોડીનું થાય રે;
મુજ રંકનો ટળે રોજગાર.... રઘુવીર૦
ચરણ ધોયા વિણ કોટિ ઉપાયે રે;
નહિ દઉં નાવમાં બેસવા લગાર.... રઘુવીર૦
રઘુપતિ વળતાં વાણી ઓચર્યા રે;
ભાઈ! ભલે, લાવો ભરી નીર.... રઘુવીર૦
જળથી ચરણ ધોયાં મારા નાથનાં રે;
ઉરમાં ઊપજ્યું આતમ-જ્ઞાન.... રઘુવીર૦
સીતા ને લક્ષ્મણ મન મલકાય જી રે;
ધન્ય ધન્ય ભીલનાં ધન્ય ભાગ્ય.... રઘુવીર૦
નાવિકે હોડી શણગારી હેતથી રે;
પછી નાવમાં બેઠા જગન્નાથ.... રઘુવીર૦
સીતાપતિ ! ઉતરાઈ અમને આપજો રે;
કરી દ્યો ભવસાગરની પાર.... રઘુવીર૦
કર ધરી કોલ દીધો ભીલરાયને રે;
રીઝયા રે પુરુષોત્તમના નાથ.... રઘુવીર૦

૨૭૦. [રાગ : રામરટણ નવ કીધું... ]

ફરી ફરી જનમ ન આવે રે, હો મનવા !
ફરી ફરી જનમ ન આવે રે.
લક્ષ ચોર્યાશીના ફેરા રે ફરતાં,
તને મળ્યો મનુષ્ય અવતાર રે, હો મનવા !
ફરી ફરી જનમ ન આવે રે.
માતપિતા ભ્રાતભગિની ધરનાર,
સાથે કોઈ નહીં આવે રે, હો મનવા !
ફરી ફરી જનમ ન આવે રે.
બાઈ મીરાંએ હરિ-રસ માણ્યો,
ભાવભક્તિ ભરોસો રાખ્યો રે, હો મનવા !
ફરી ફરી જનમ ન આવે રે.

૨૭૧.

રંગીલા ! રંગ તારો લાગ્યો,
રંગીલા રે, રંગ તારો લાગ્યો !
એજી....જનમોજનમનો ભય ભાગ્યો, ભાગ્યો....રંગીલા૦
મુખડું જોયું ને ભાન ભૂલ્યો જગતનું,
ચિત્તડું મોહ્યું ને માન મૂક્યું જગતનું;
એજી....તારી પ્રીતે, પાતળિયા ! બંધાયો, બંધાયો....રંગીલા૦
કાળા કાનુડા ! તેં તો કામણ કીધું,
મોરલી વગાડી તેં તો મન મોહી લીધું;
એજી....મારા અંતરને નાદ લગાડયો, લગાડયો....રંગીલા૦
રાતદિવસ તારા ગુણલા ગાઉં છું,
ઢોલક મંજીરાંના તાલ બજાઉં છું;
એજી....વ્હાલા ! તારા રંગમાં હું રંગાયો, રંગાયો....રંગીલા૦

૨૭૨.

શતડી અજવાળી, ચાંદ ખીલ્યો પૂનમનો;
કાનુડો રાસ રમે વૃંદા તે વન, રાતડી અજવાળી....

મોરમુગટધારી કાન આવ્યો ઉમંગે,
ગોપ-ગોપીઓનાં ટોળાંની સંગે;
આજે છે સહુનાં હૈયાં મગન....
કાનુડો રાસ રમે વૃંદા તે વન, શતડી અજવાળી....

ગોપીઓના પગમાં ઝાંઝરિયાં ઝમકે,
ગોપ કેરા દાંડિયે ઘૂઘરીઓ ઘમકે;
વાગે મૃદંગ, મંજીરાં છમ છમ....
કાનુડો રાસ રમે વૃંદા તે વન, રાતડી અજવાળી....

નાચે છે ગોપ-ગોપી લઈ દઈ તાળી,
બાજે છે કાનજીની વાંસળી રૂપાળી;
વચમાં શોભે રૂડાં રાધા-મોહન....
કાનુડો રાસ રમે વૃંદા તે વન, શતડી અજવાળી....

ધન્ય રાત પૂનમની, ધન્ય ક્હાન આવ્યા,
ધન્ય ધન્ય ગોપીઓ ને ધન્ય ગોવાળિયા;
રામભક્ત નીરખી રહે, ડોલે છે તન....
કાનુડો રાસ રમે વૃંદા તે વન, શતડી અજવાળી....

૨૭૩. [ રાગ : અમે મહિયારાં રે... ]

રાજા રણુછોડજી રે, ડાકોર ગામના.
હાંરે....હું તો એના શરણુમાં જાઉં, રણુછોડજી રે, ડાકોર ગામના.

ગોમતીના ઘાટે મંદિર તમારું,
સોનાશિખરથી સોહે સોહામણું;
હાંરે....એ તો ડાકોર ગામની શોભા, રણુછોડજી રે૦

ઓડાણો નાથને ડાકોરમાં લાવ્યો,
ગાડે બેસીને મારો વાલીડો આવ્યો;
હાંરે....એ તો ગોમતી-જળમાં ન્હાયા, રણછોડજી રે૦

આશા લઈ અમે મંદિરિયે આવ્યાં,
તમારા ચરણોમાં માથાં નમાવ્યાં;
હાંરે....તારા ગુણલા બહુ બહુ ગાયા, રણછોડજી રે૦

દીનદુઃખિયાંના બેલી ઓ શામળા !
ભક્તજનોના તમે રખવાળા;
હાંરે....તેં તો ભક્તજનોને તાર્યા, રણછોડજી રે૦

મહિલા મંડળ તારે દરવાજે આવ્યું,
ધોળી ધજાઓ સાથે રે લાવ્યું;
હાંરે....દાસ રસિકનાં ઉર ઉર હરખાયાં, રણછોડજી રે૦

૨૭૪ [રાગ : સાવનકા મહિના...]

રાધા સાથે કાનુડો ને ગોપી સાથે ગ્વાલ,
વૃંદાવનની કુંજગલીમાં જાગી છે ધમાલ.

રાસવિહારી રસિયો આવ્યો છે રંગમાં,
અણમોલ મસ્તી આજ વ્યાપી છે અંગમાં;
લટકે મટકે ચાલે સહુયે લટકાળી ચાલ....વૃંદાવનની૦

શામળિયે શણગાર આજે ખૂબ સજાવ્યો,
બધા ગોવાળિયા નોંતરીને લાવ્યો;
ગોપીઓએ સાડી પહેરી લીલી પીળી લાલ....વૃંદાવનની૦

ગોપીઓના પગ માંહે ઝાંઝરિયાં ઝમકે,
ગોપ કેરા દાંડિયાની ઘૂઘરીઓ ઘમકે;
વાગે વીણા મૃદંગ ને વાગે રૂડા તાલ....વૃંદાવનની૦

રામભક્ત રાસ જોઈ ગાંડા થયા છે,
પુનિત પ્રભુ પર આજ વારી ગયા છે;
વહાલીડાએ મનભરી વરસાવ્યું વહાલ....વૃંદાવનની૦

૨૭૫. [રાગ : વિધિના લખિયા લેખ લલાટે...]

જગમાં સુખ ને દુ:ખની વારાફરતી છાંય છાંય છાંય.
રામજી પંચવટીમાં રહે છે,
સીતા લક્ષ્મણ દુ:ખડાં સહે છે,
સોનાનો મૃગ જોઈ સીતા કહે છે લાવો રાય રાય રાય.
રામજી મૃગને હણવા જાયે,
'લક્ષ્મણ ! ધાજો મારી સહાયે,
સુણતાં લક્ષ્મણ ત્યાં જાયે કૌતુક થાય થાય થાય.
રાવણ સાધુ વેશે આવી,
સીતા સામે અલખ જગાવી,
ભિક્ષા દેતી સીતા ઉઠાવી ગગને ઊડ્યો જાય જાય જાય.
વિષ્ટિ અંગદે ઘણી કીધી,
મંદોદરીએ શીખ જ દીધી,
રાવણ સોંપો સીતા પાછી લાગું પાય પાય પાય.
પહોંચ્યો વાનર સાગર ઠ્હોળી,
રામે નાખ્યો રાવણ રોળી,
હનુમંતે કીધી લંકાની હોળી લાગી લાય લાય લાય.
રામરાજ્ય રૂડું સ્થપાયે,
અયોધ્યામાં સુખ વરતાયે,
અમૃતગર હરખી હરખી ગુણલા ઘેલો ગાય ગાય ગાય.

૨૭૬.

રામનામ સાચો આધાર છે રે, આ કળિયુગના કાળમાં,
ભાવે ભજો તો બેડો પાર છે રે, આ કળિયુગના કાળમાં.

કળિયુગના કાળમાં ને માયાના મારમાં,
જૂઠી જંજાળમાં ને જૂઠા સંસારમાં,
હરિ એક સહુને ઠારનાર છે રે, આ કળિયુગના કાળમાં.

વાણી વિચાર વર્તન જેનાં સમ છે,
સંત સેવામાં ને ગુરુજીમાં ગમ છે,
એની આંખે અમીની ધાર છે, આ કળિયુગના કાળમાં.

હૈયાના હેતમાં ને ભાવનાની ભેટમાં,
પ્રભુની પ્રીતમાં ને સંતોની વેઠમાં,
વ્હાલો રીઝે જે પાલનહાર છે રે, આ કળિયુગના કાળમાં.

રોમ રોમ રણકાર હોય રામનામના,
વ્હાલા લાગે છે જેને સંદેશા શ્યામના,
એના દિલમાં હરિ નિરાકાર છે રે, આ કળિયુગના કાળમાં.

મનુ મોહનમાં મસ્ત બની ગાય છે,
સંસારી આપદા સ્હેજ ટળી જાય છે,
હાંરે ભક્તિનો લાગ્યો સંસ્કાર છે રે, આ કળિયુગના કાળમાં.

૨૭૭.

રણછોડરાય ! છોડી દ્વારિકા ધામ રે,
ભલે આવ્યા ડાકોર ગામ રે !

સંઘ આવ્યો છે ડાકોર ગામ, જાણ થઈ ભગતને
ક્યાં જવું ? બોલો હરિજનો , રણછોડ રટતે ?
હો અમે જઈએ દ્વારિકા ધામ રે.... રણછોડ૦

ગંગાબાઈની આજ્ઞા લઈને ભગત દ્વારિકા જાયે,
ગોમતીજીમાં સ્નાન કરીને હરખે પાવન થાયે,
હો મારા મનની પૂરો હામ રે.... રણછોડ૦

રણછોડરાયને શીશ નમાવે, તુલસી ચરણે ધરે,
પ્રાણ લઈ બાંધીને ચાલે, પગપાળો હર વખતે,
હો એ તો પ્રેમે કરે પ્રણામ રે.... રણછોડ૦
જમણા હાથે તુળસી વાવે, હર છ છ મહિને જાવે,
માંઝર ચઢાવે શીશ નમાવે, ગુણલા ગાતો ભાવે;
હો પ્રસન્ન થયા ઘનશ્યામ રે.... રણછોડ૦
આખર ઘડપણ આવ્યું જ્યારે, ડગમગતો એ ચાલે,
જઈને વિનવ્યા પ્રભુજી ત્યારે, ભગતે ભોળા ભાવે;
હો પ્રભુ! પધારો મારે ગામ રે.... રણછોડ૦
પ્રભુ કહે તું ડાકોર જઈને જોડી લાવને વ્હેલ,
હળવે હળવે હાંકજે વીરા! જોજે મજાનો ખેલ;
હો હું આવીશ તારે ગામ રે.... રણછોડ૦
મધ્યરાત્રિએ વ્હેલ જ હાંકી, થઈ ઉમરેઠની ઝાંખી,
લીમડા નીચે વાસ કરીને પાવન જુક્તિ નાંખી;
હો પ્રભુ બેઠા શ્રી રઘુરામ રે.... રણછોડ૦
મીઠી ડાળી કડવા લીમડે ભક્તજને તે ચાખી,
ત્યાંથી વ્હેલડી સીધી હાંકી, પત ભગવાને રાખી;
હો હરિ આવ્યા ડાકોર ગામ રે.... રણછોડ૦
ગુગળીઓ સહુ દોડીને આવ્યા, સોનાએ લલચાવ્યા,
તાંબાપત્રે લેખ કરાવ્યા, હૈયે અતિ હરખાયા;
હો કાંટે ચઢયા ઘનશ્યામ રે.... રણછોડ૦
સવા વાલની સોનાની વાળી, ઓછા થયા વનમાળી,
સાખ વધારી બાંધારાની, ગુગળી ગયા સૌ ચાલી;
હો કીધાં ભક્તનાં અમર નામ રે.... રણછોડ૦

૨૭૮.

લાવી લાવી ફૂલડાં કેરા હાર, પહેરો પહેરો નંદલાલા!
પ્રેમ થકી પહેરાવું મારા શ્યામ! પહેરો પહેરો નંદલાલા!

ફૂલ ગૂંથીને મેં તો હાર બનાવ્યો,
ચંપાકળી ને ગુલાબ.... પહેરો૦.... લાવી૦
જાઈ જૂઈ ને મઘમઘ મોગરો,
ગૂથ્યાં છે ફૂલો અપાર.... પહેરો૦.... લાવી૦
હીરા માણેક તો ક્યાંથી રે લાવું?
નથી મોતીડાં કેરી માળ.... પહેરો૦.... લાવી૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
તમને ભજીને થઈ ગઈ ન્યાલ....પહેરો૦.... લાવી૦

૨૭૯. [રાગ : દેખ તેરે સંસારકી...]

લાજ તું મારી રાખ, મુરારિ! આજ હવે તું માન,
મારી સ્હાય કરો ભગવાન.
બળતો હું સંસારના તાપે, જીવી રહ્યો છું તારા પ્રતાપે,
લાજ જતી આ જો તું રાખે, નહીં બનું હેરાન....મારી૦
ડગલે પગલે ઠોકર ખાતો, કરી રહ્યો છું દિલની વાતો,
સાચો રાહ નહીં સમજાતો, ભૂલી રહ્યો છું ભાન....મારી૦
બન્યો ભિખારી સંસારી થઈ, દુનિયા છોડી રહેવું ક્યાં જઈ?
દશા અમારી કરુણ બની ગઈ, વાત ભલા, તું માન....મારી૦

૨૮૦. [રાગ : મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા...]

લગની લાગી છે, શ્યામ ! તારા એક નામની.
અંતરમાં એક રામ નામ, શામળા ! તારાં સંભારણાં.
ખાતાં પીતાં, પ્રભુ ! સૂતાં ને બેસતાં,
ચિત્તડામાં તારા વિચાર, શામળા ! તારાં સંભારણાં.
ભૂલું ન શ્યામ, ભલે નિંદરડી આવે,
સપનામાં સાંભરે શ્યામ ! શામળા ! તારાં સંભારણાં.

તારા સંભારણે ભૂલ્યો સંસાર હું,
નિશદિન જપું તુજ નામ, શામળા ! તારાં સંભારણાં.
લાગ્યો છે ઝેર સમો આ રે સંસારરસ,
એનું મારે ના કામ, શામળા ! તારાં સંભારણાં.
કર જોડી વિનવે આ બાળક તમારો,
દયાળુ તમે લેજો સંભાળ, શામળા ! તારાં સંભારણાં.

૨૮૧.

લેખ નહીં સમજાય, વિધિના લેખ નહીં સમજાય.
દશરથ રામનો અભિષેક કરવા અતિ ઘણા હરખાય;
રામજી વનમાં જઈ વસ્યા ને દશરથ જીવડો જાય....વિધિના૦
માયામૃગને નીરખી સીતા તૃષ્ણાને વશ થાય;
રામજી મૃગની પાછળ દોડયા, સીતાહરણ ત્યાં થાય....વિધિના૦
રાવણ સરખો જ્ઞાની રાજા ધર્મચલિત રે થાય;
સુવર્ણ લંકા ભડભડ લાગી, રાવણ સદ્ગત થાય....વિધિના૦
સીતારામનું નામ જપીને પાપી પાવન થાય;
સતી સીતાજી વણ ગુનાએ ફરી જ વનમાં જાય....વિધિના૦
રામરાજયનાં ન્યાયી લેખાં સમજ્યાં નહીં સમજાય;
શિવરામ વાંકા લેખ વિધિના ના કોઈ થકી વંચાય....વિધિના૦

૨૮૨.

લ્હેરમાં લ્હેરમાં લ્હેરમાં રે,
અમે ગાંડાં બન્યાં છૈં લ્હેરમાં !
શ્યામમાં શ્યામમાં શ્યામમાં રે,
અમે ઘેલાં બન્યાં છૈં લ્હેરમાં !
દુનિયાનો મોહ તો દુઃખડાંનો દરિયો,
અમે સુખિયાં મોહનની મ્હેરમાં રે....અમે ગાંડાં૦

જગતના રંગરાગ ગમતા નથી કંઈ,
અમે વસિયાં છબીલના શહેરમાં રે....અમે ગાંડાં૦

સ્નેહી સગાં સૌ અમે વિસાર્યાં,
અમે સમર્યા પ્રીતમને પેરમાં રે....અમે ગાંડાં૦

હવે અમોને નથી કોઈની ય પરવા,
અમે પામ્યાં અમરત જગ-ઝેરમાં રે....અમે ગાંડાં૦

૨૮૩.

લીલી લીલી ઓઢણી ઓઢી ઓઢી,
યમુનાને તીર જાઉં દોડી દોડી....

યમુનાને તીર કહાન બંસી બજાવે,
બંસી બજાવે મન મારું મૂંઝાવે;
શોભે રાધા ને કાનની જોડી જોડી....યમુનાને૦

યમુનાનાં જળ મને પ્યારાં લાગે છે,
બંસરીના બોલ મને મીઠા લાગે છે;
પહોંચું છું ઘેર હું તો મોડી મોડી....યમુનાને૦

યમુનાને તીર ગોપી ટોળે વળી છે,
રમવાને રાસ ઘણી તાલાવેલી છે;
આવે શ્યામ લઈ ગોપની ટોળી ટોળી....યમુનાને૦

પીળાં પીતામ્બર જરકશી જામા,
ગળે શોભે છે વૈજયંતી માળા;
કાને કુંડળની ઝળકે જોડી જોડી....યમુનાને૦

મહીડાં માગે, મારો પકડે છે છેડલો,
નયનોનાં બાણુ થકી જગાવે નેડલો;
મહીડાં નાખે છે બધાં ઢાળી ઢાળી....યમુનાને૦

એના સહવાસમાં ગાંડી ને ઘેલી,
વણબોલાવ્યે પહોંચું વ્હેલી ને વ્હેલી;
લોકો માને છે મને ભોળી ભોળી....યમુનાને૦

બાઈ મીરાંના પ્રભુ દરશન આપો,
દાસી બનાવો ને ચરણોમાં રાખો;
સંસારી પ્રીત મેં તોડી તોડી....યમુનાને૦

૨૯૪.

લંકા કેરા રાજવીની વાટિકાની માંય, રોતાં બેઠાં સીતા માત.
કે રોતાં બેઠાં સીતા માત !

ગગને ચમકે ચાંદની ને હરણીઓ પથરાય,
સીતા-ઉરમાં કંઈ કંઈ થાય....કે રોતાં૦.... લંકા૦

સાગર ભરતી ચઢે ને જળ હિલોળા ખાય,
સીતા સાન-ભાન ભૂલી જાય....કે રોતાં૦.... લંકા૦

શીતળ વાતો વાયરો ને ફૂલ ખીલ્યાં લ્હેરાય,
સીતા લળી ઢળી પડી જાય....કે રોતાં૦.... લંકા૦

મોરલા થનગન નાચતા ને ઢેલડીઓ વીંટાય,
સીતા મનમાં ઘણું ઘણું મૂંઝાય....કે રોતાં૦.... લંકા૦

હંસા હંસી ખેલતાં ને મેના પોપટ ગાય,
સીતા ગભરું બની ગભરાય....કે રોતાં૦.... લંકા૦

કોયલડી ટહુકારતી ને ઝૂલે આંબા-ડાળ,
સીતા રડી રહ્યાં ચોધાર....કે રોતાં૦.... લંકા૦

લેલાં હોલાં કાબર ચકલાં પંખીના કિલકાર,
સીતા-ઉરમાં ઘણા ધમકાર....કે રોતાં૦.... લંકા૦

કોઈ જાજો દૂર દૂર રામજીના દેશ,
સીતા મોકલતાં સંદેશ....કે રોતાં૦.... લંકા૦

રઘુવીર વહેલા આવજો ને હણજો રાવણ રાય,
સીતા ઉરમાં તો હરખાય....કે રોતાં૦.... લંકા૦
કહે અમૃતગર વિનવીને જોડે કરની જોડ,
બોલો જય જય શ્રી રણછોડ....કે બોલો૦.... લંકા૦

૨૯૫.

લીલી વાડીમાં અખંડ દીવો, ત્યારે શ્રવણનો જનમ હુઓ.
ચાર પાંચ વર્ષનો શ્રવણ થયો, લઈ પાટીને ભણવા ગયો.
ભણીગણીને શ્રવણ મોટો થયો, સુઘરેલી નારને પરણી ગયો.
સુઘરેલી નાર, મારાં વચન સુણો, આંધળાં માબાપની સેવા કરો.
આંધળાં માબાપને નાખો કૂવે, મારે મહિયર વળાવો મને.
આગળ શ્રવણને પાછળ નાર, જઈ પહોંચ્યાં સસરાને દ્વાર.
ઓ રે સાસુજી, મારાં વચન સુણો, તમારી દીકરીને ઘરમાં પૂરો.
ઓ રે જમાઈરાજ, જમતા રે જાવ, દીકરીના અવગુણ ગાતા જાવ.
ત્યાંથી શ્રવણ ચાલ્યો રે જાય, દરજીડાનાં ઘર પૂછતો જાય.
ભાઈ રે દરજીડા, વચન સુણો, આંધળાં માબાપનાં કપડાં સીવો.
કપડાં સીવજો ઘાટો શું ઘાટ, સોહીલાં પ્હેરે મારાં મા ને બાપ.
ત્યાંથી રે શ્રવણ ચાલ્યો રે જાય, મોચીડાનાં ઘર પૂછતો જાય.
ભાઈ મોચીડા, મારાં વચન સુણો, આંધળાં માબાપની મોજડી સીવો.
મોજડી સીવજો ઘાટો શું ઘાટ, સોહીલાં પહેરે મારાં મા ને બાપ.
ત્યાંથી રે શ્રવણ ચાલ્યો રે જાય, સુથારીનાં રે ઘર પૂછતો જાય.
ભાઈ સુથારી, મારાં વચન સુણો, આંધળાં માબાપની કાવડ ઘડો.
કાવડ ઘડજો ઘાટો શું ઘાટ, સોહીલાં બેસે મારાં મા ને બાપ.
ત્યાંથી રે શ્રવણ ચાલ્યો રે જાય, તીરથ માબાપને કરાવતો જાય.
કરાવી જાતરા રે અડસઠ ધામ, જઈને પહોંચ્યો સરયૂને ઘાટ.
ભાઈ રે શ્રવણ, તું પાણીડાં લાવ, તરસે મરીએ જીવડો જાય.

ત્યાંથી રે શ્રવણ ચાલ્યો રે જાય, પાણીમાં ઘડુલો બુડબુડ થાય.
રાજા દશરથનાં વાગ્યાં રે બાણ, મુખથી શબ્દ રામ રામ થાય.
સુણતાં રે દશરથ દોડતો જાય, શ્રવણનો પ્રાણિયો ચાલ્યો જાય.
ત્યાંથી રે દશરથ ચાલ્યો રે જાય, આંધળાં માબાપને કહેતો રે જાય.
રાજા દશરથ, મારાં વચન સુણો, દીકરા વિજોગમાં તમે રે મરો.
એવા રે શાપને શીદને ટળાય, રામના વિજોગમાં દશરથ જાય.

૨૮૬.

વિધિના લખિયા લેખ લલાટે, ઠોકર ખાય ખાય ખાય,
શ્રવણ કાવડ લઈને ફરતો, સેવા માતપિતાની કરતો;
તીર્થે તીર્થે ડગલાં ભરતો ચાલ્યો જાય જાય જાય.... વિધિના૦
કરવા માતપિતાની સેવા, શ્રવણ ચાલ્યો પાણી ભરવા;
ઘડુલો ભરતાં મૃગના જેવા શબ્દો થાય થાય થાય.... વિધિના૦
દશરથ મૃગયા રમવા આવે, શબ્દ સુણીને બાણ લગાવે;
બાણે શ્રવણનો જીવ જાય છોડી કાય કાય કાય.... વિધિના૦
અંધાં માતપિતા ટળવળતાં, દીધો શ્રાપ જ મરતાં મરતાં;
મરજો દશરથ પુત્ર-વિજોગે કરતાં હાય હાય હાય.... વિધિના૦
જ્યારે રામજી વન સંચરિયા, દશરથ પુત્ર-વિજોગે મરિયા;
અમૃત ઉરમાં દુઃખના દરિયા છલકી જાય જાય જાય.... વિધિના૦

૨૮૭.

વિધિના લેખ નહીં સમજાય,
નસીબમાં થવાનું હોય તે થાય,
કૈકયી માતાનું વચન પાળવા, રામજી વનમાં જાય,
વિધાતાએ લેખ લખ્યા જે, કોઈથી મિથ્યા થાય ?.... વિધિના૦
દશરથ રામને રાજા જોવાં હૈયે ઘણું હરખાય,
રામજી વનમાં હાલી નીકળ્યા, દશરથ છોડે કાય.... વિધિના૦

માયા મૃગ સીતાએ જોયો, લેવા મન લલચાય,
રામ મૃગની પાછળ દોડ્યા, હરણ સીતાનું થાય.... વિધિના૦
નાનું સરખું રાજ્ય રાવણનું, અનીતિ બહુ થાય,
દશ મસ્તક છેદાઈ ગયાં ને લંકામાં લાગી લ્હાય.... વિધિના૦
રામનામનો મહિમા મોટો, જે કોઈ ભાવે ગાય,
રામસીતાનાં નામ જ લેતાં, પાપી પાવન થાય.... વિધિના૦

૨૮૮.

વારે વારે અવસર નહીં આવે રે ફરી,
બોલ, માનવ! બોલ કૃષ્ણ ગોવિંદ હરિ!
બોલ, માનવ! બોલ શ્યામ માધવ હરિ!
જેણે જન્મ દીધો દુનિયામાં તેને તું તો ભૂલી ગયો,
જૂઠા જગની જૂઠી માયા જોઈને મનમાં ફૂલી ગયો;
પ્રભુને વિસારી તમે કદી ફાવશો નહિ.... બોલ૦
મોંઘો માનવ દેહ મળ્યો છે આ ભવસાગર તરવાને,
જાગ મુસાફિર, આ જીવનમાં પુણ્યનું ભાથું ભરવાને;
પ્રભુ જેવો દીનદયાળ કો' બીજો મળશે નહિ.... બોલ૦
કંચન જેવી કાયા તારી આખર રાખ થવાની છે,
અંત સમયનો કોઈ ના સાથી, સવારથની સૌ બાજી છે;
નંદુ ચોર્યાંશી જોજે નવ આવે ફરી.... બોલ૦

૨૮૯.

વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે.
એનો શબ્દ ગગનમાં ગાજે છે.... વૃંદાવન૦
વૃંદા તે વનમાં રાસ રચ્યો છે,
વ્હાલો રાસમંડળમાં બિરાજે છે....વૃંદાવન૦

પીળાં પીતાંબર જરકશી જામા,
વ્હાલો પીળો તે પટકો વિરાજે છે.... વૃંદાવન૦
કાને રે કુંડળ માથે છે મુગટ,
વ્હાલો મુખ પર મોરલી વિરાજે છે.... વૃંદાવન૦
વૃંદા તે વનની કુંજગલીમાં,
વ્હાલો થનક થૈ થૈ નાચે છે.... વૃંદાવન૦
બાઈ મીરાં ગાય ગિરિધરના ગુણ,
વ્હાલો દર્શનથી દુઃખડાં ભાગે છે.... વૃંદાવન૦

૨૯૦.

વન વન શોધે ભટકે રાધા, શ્યામ સલૌના સાંવરિયા !
ક્ષણ ક્ષણ બોલે રાધે પ્યારી, શ્યામ સલૌના સાંવરિયા !
ગાયો તમારી તમને બોલાવે,
ગોપીઓ સઘળી આંસુડાં સારે;
ક્યાં રે ગયા તમે કિશન મુરારિ ?....
હું તો બની છું બાવરિયા; શ્યામ સલૌના સાંવરિયાં !
પનઘટ તટ બધા સૂના રે લાગે,
બંસીના સૂર બેસૂરા રે લાગે;
ક્યાં રે છુપાઈ ગયા ગિરિધારી ?....
રૂડી બજાવોને બાંસરિયાં; શ્યામ સલૌના સાંવરિયા !
વનની લતાઓ સૂકી ઝૂરે છે,
ગોપીઓ ભોળી વાટ જુએ છે;
ક્યાં રે વિરાજ્યા બાંકે બિહારી ?....
નેહ બરસાવો બાદલિયાં; શ્યામ સલૌના સાંવરિયા !
જોઈને થાક્યાં વાટ લોચનિયાં,
શાને સતાવો ઓ રે શામળિયા ?

ક્યાં રે ભરાયા એ ભાવભિખારી ?....
આવો પધારો આંગણિયાં; શ્યામ સલૌના સાંવરિયા !

૨૯૧.

વાગી વાગી વ્હાલમની વાંસલડી,
મીઠી લાગી વ્હાલમની વાંસલડી;
સુણી જાગી હૈયામાં પ્રીતલડી.... વાગી વાગી૦
એની ભીની મોહકતા દિલ હરતી,
મને નિશદિન એ પરવશ કરતી;
મારું હૈયું બનાવે અધીર, વ્હાલમની વાંસલડી.... વાગી૦
મનમોહન મોરલી બજાવે છે,
મારી સુધબુધને વિસરાવે છે;
મને પહેરવાં ભુલાવે ચીર, વ્હાલમની વાંસલડી.... વાગી૦
એની વાંસળીએ બ્રહ્મા મોહ્યા છે,
શિવશંકરે દેહભાન ખોયાં છે;
એ તો થંભાવે યમુના નીર, વ્હાલમની વાંસલડી.... વાગી૦
રામભક્તને નાચ નચાવે છે,
વ્હાલો રંગીલો રાસ રચાવે છે;
મીઠી જગાવે હૃદિયામાં પીર, વ્હાલમની વાંસલડી.... વાગી૦

૨૯૨.

વાતમાં ને વાતમાં, પારકી પંચાતમાં,
ગુમાવ્યાં દિવસ ને રાત....હો જીવડા !.... વાતમાં૦
પાપની તેં ગાંઠ કરી, જોયું ના સામું જરી,
કેમ ઊતરશે ભવ પાર ?....હો જીવડા !.... વાતમાં૦
ખૂબ ખૂબ મોજ માણી, જિંદગી ના જીવી જાણી,
એળે ગુમાવ્યો અવતાર....હો જીવડા !.... વાતમાં૦

ખાધું ન ખાવા દીધું, વિષનું તેં પ્યાલું પીધું,
ખૂબ ખૂબ કીધાં તોફાન....હો જીવડા !....વાતમાં૦
હરિરસ ચાખ્યો નહિ, પ્રેમરસ માણ્યો નહિ,
નં'દુ કરી લે વિચાર....હો જીવડા !....વાતમાં૦

૨૯૩.

વ્હેંતભરી વાંસનો કટકો....
તેની તે મોરલી ઘડાવી રે, મારા કૃષ્ણ કનૈયા !
ક્યાં રે ઘડાવી ને ક્યાં રે મઢાવી ?
ગોકુળ ઘડાવી ને મથુરે મઢાવી,
મસમોંઘા હીરલે જડાવી રે, મારા કૃષ્ણ કનૈયા !
કોણે ઘડાવી ને કોણે મઢાવી ?
બ્રહ્માએ ઘડાવી ને વિષ્ણુએ મઢાવી,
મોતીની ભાત્યો પડાવી રે, મારા કૃષ્ણ કનૈયા
કોણે સજાવી ને ક્યાં રે બજાવી ?
કૃહાને સજાવી ને વ્રજમાં બજાવી,
ગોપીઓને ઘેલી બનાવી રે, મારા કૃષ્ણ કનૈયા !
કોણ છે રાધા ને કોણ છે કૃહાનો ?
હું જ છું રાધા ને હું જ છું કૃહાનો,
મોરલીએ સુરતા જગાવી રે, મારા કૃષ્ણ કનૈયા !

૨૯૪.

વેશધારી ને સાવ અલગારી,
કેવો છે ભોળો વેશધારી !
ઊંચા શિખર પર રહે છે એકલડો,
બધી ભીતિને ભોંય ભંડારી, કેવો છે૦....વેશધારી૦
અંધારી રાતમાં અજવાળા માટે,
બીજ ચંદ્રને દીધો ઠરાવી, કેવો છે૦....વેશધારી૦

આકડો-ધતુરો ઝેરભર્યો ખાય છે,
ભલી મસ્તી છે ભાંગની ભારી, કેવો છે૦.... વેશધારી૦
ઘરેણાં એનાં ઘણી ઘણી ખોપરી,
વ્હાલે જટામાં ગંગા ધારી, કેવો છે૦.... વેશધારી૦
સવારીનો છો રહ્યો નંદી રખડતો,
એણે સ્મશાને કીધી પથારી, કેવો છે૦.... વેશધારી૦
રામભક્ત એનો છે, એ રામભક્તનો,
વાહ! લીલા છે કેવી ન્યારી! કેવો છે૦.... વેશધારી૦

૨૯૫.

વહેપાર કરો રે, વહેપાર કરો રે....
રામના ભજનનો વહેપાર કરો રે!
ભવ પાર કરો રે, ભવ પાર કરો રે....
માંડી વહેપાર ભવ પાર કરો રે!
માલ ખરીદવા નાણાં ના જોઈએ,
ફોગટમાં માલની વખાર ભરો રે!....માંડી.... વહેપાર૦
ખોટનું નામ નહીં નફાનો પાર નહીં,
વેચી સાટીને કલદાર કરો રે!....માંડી.... વહેપાર૦
હરતાં ને ફરતાં રામના ભજનમાં,
રહો ને પ્રેમનો પ્રચાર કરો રે!....માંડી૦.... વહેપાર૦
રામનામ લેજો ને સૌનેય કહેજો,
બનીને શેઠ ભલીભાત ફરો રે!....માંડી૦.... વહેપાર૦
રામનામ પૂંજી શિર પર ધારી,
નિરાંતે સાગર સંસાર તરો રે!....માંડી૦.... વહેપાર૦

૨૯૬. [રાગ : સરસ્વતી માત હો મારી...]

જગત-જંજાળ છોડીને, ઊભો છું હાથ જોડીને,
વ્હાલા! તું આવ દોડીને, ઊભો હું હાથ જોડીને.

દયા તું દિલમાં લાવી, સુધારી આપજે ભાવિ.... જગત૦
ન માગું સ્વર્ગની સીડી, ન માંગું મોક્ષની મૂડી,
સદા દે ભક્તિની શક્તિ, કદી ના જાય જે ખૂટી;
દયા તું દિલમાં લાવી, મને દે માર્ગ સમજાવી.... જગત૦
મળે છે માંડ દેવોને લીધો અવતાર તેં એવો,
ફરતાં લાખ ચોર્યાશી કીધો અપકાર તેં કેવો!
દયા તું દિલમાં લાવી, ચરણમાં રાખ અપનાવી.... જગત૦
અધિકું સ્થાન આત્માને દીધું તેં સાધવા સિદ્ધિ,
ભુલાશે ના કદી મનહર, ખબર તેં રાત દિ લીધી;
દયા તું દિલમાં લાવી, બતાવી દે અસલ ચાવી.... જગત૦

૨૯૭.

વ્હાલા! તારી બૅંકમાં ખાતું ખોલ્યું છે,
જોજે ના બંધ થઈ જાય રે!
તારા નામનો વેપાર મારે હાથ વધતો જાય છે.... વ્હાલા૦
વિશ્વ બૅન્ક તું છે, તારા નામ તણો ચેક છે (૨)
તારે ગ્રાહક ઘણા, મારે તો તું એક છે (૨)
જેમ જેમ વાપરું ચેક વટાવી, નાણાં અધિકાં થાય છે....વ્હાલા૦
શ્રદ્ધાની સહી ટૂંકી ચેક પર ચાલતી (૨)
વાંધાભરી સહી બૅન્ક ગ્રાહ્ય નથી રાખતી (૨)
સહી તપાસનાર તીરછી નજરનો, ના કદીય છેતરાય છે....વ્હાલા૦
રામભક્ત લેણાદેણી ખૂબ ખૂબ રાખજે (૨)
રામભરોસે તારું ખાતું ચાલુ રાખજે (૨)
અજબ બૅન્કની ગજબ યોજના કેવી મજેદાર છે....વ્હાલા૦

૨૯૮.

વાંક નથી કંઈ મારો રે લક્ષ્મણ વાંક નથી કંઈ મારો....
સતી સીતાજી રથમાં બેઠાં, લક્ષ્મણ હાંકણહારો,
ઋષિમુનિનો આશ્રમ દીઠો, આવ્યો છે ગંગાકિનારો....રે લક્ષ્મણ૦



૧૧૭૧૭૬૧૧૭૭

કહે લક્ષ્મણ, સુણો સીતાજી ! ખેલ વિધિનો ન્યારો,
કાંઈ કારણે રામજી રૂઠ્યા, ત્યાગ કીધો છે તમારો.... સીતાજી૦

રડતાં રડતાં બોલ્યાં સીતાજી, શો અપરાધ અમારો ?
તન ને મનથી મેં રામને સેવ્યા, સતી ધરમ છે અમારો....રે લક્ષ્મણ૦

અયોધ્યા નગરીમાં નારીને વઢતાં બોલ્યો ધોબી ધુતારો,
રામે સીતાજીને પાછાં રાખ્યાં એવો નથી હું થનારો.... સીતાજી૦

મારે કારણ રામે રાવણ માર્યો ને બાંધ્યો સમંદર ખારો,
આવા ભાવિની ખબર હોત તો ત્યજત પ્રાણ હું મારો....રે લક્ષ્મણ૦

વનવગડામાં જીવન વિતાવ્યું, ના તોય આવ્યો દુઃખનો આરો,
અવિચારી જનના વચનને વળગી, શીદ છોડયો રે સથવારો...રે લક્ષ્મણ૦

ગર્ભવતીને કોણ સાચવશે ? થશે એકલનો કેમ રે ઉગારો ?
પુરુષોત્તમનો ભરોસો ભારી, વ્હાલો રામ છે રાખણહારો....રે લક્ષ્મણ૦

૨૯૯.

વિઠ્ઠલ ! અંતવેળાએ વહેલો આવજે રે,
વ્હાલા ! અંતવેળાએ વહેલો આવજે રે,
સ્મરણ કરતાં છૂટે પ્રાણ....વિઠ્ઠલ ! ૦

મનડું મસ્ત રહે તારા નામમાં રે,
તનડું મત્ત બને તારા નામમાં રે,
ભૂલી બીજી સહુ ભૂમરાણ....વિઠ્ઠલ ! ૦

મૂર્તિ નાચે નયનમાં નાથની રે,
સુરતા રાચે હૃદયમાં નાથની રે,
પળપળ એક જ તમારું નામ....વિઠ્ઠલ ! ૦

હુંપદ છૂટે હરિના ચરણમાં રે,
માયા છૂટે હરિના શરણમાં રે,
છૂટે જૂઠી સહુ તાણાતાણ....વિઠ્ઠલ ! ૦

ભૂલું દેહ ને દુનિયા દોહ્યલી રે,
તવ અમીનજર હોજો સોહ્યલી રે,
ગાઉં જનમોજનમ ગુણગાન....વિઠ્ઠલ ! ૦
મન તો મુસાફર દૂર ધામનું રે,
તન હવે ચાકર મૂળ ગામનું રે,
મૂક્યાં તારા ભરોસે માન....વિઠ્ઠલ ! ૦

૩૦૦.

શંભુ ! ચરણે પડી, માગું હર પળઘડી, કષ્ટ કાપો...
દયા કરી દરશન શિવ આપો.

તમે ભક્તોનાં દુઃખ હરનારા, શુભ સહુનું સદા કરનારા;
હું તો મંદમતિ, તારી અકળ ગતિ, સમજણ આપો....દયા૦
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત-ટોળી;
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમરત વ્યાપો....દયા૦
'નેતિ નેતિ' જ્યાં વેદ વદે છે, મારું ચિતડું ત્યાં જવા ચહે છે;
કણ કણ કણમાં છે તું, વસું તારામાં હું, સિદ્ધિ આપો....દયા૦
હું તો એકલપંથી પ્રવાસી, છતાં આત્મા કેમ ઉદાસી ?
થાક્યો મથી મથી, કારણ મળતું નથી, મૂંઝવણ માપો....દયા૦
આપો દૃષ્ટિનું નૂર અનોખું, સારી સૃષ્ટિને શિવરૂપ દેખું;
મારા ઉરે વસો, હોઠે આવી હસો, શાન્તિ સ્થાપો....દયા૦
ભોળા શંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનો લહાવો આપો;
ટાળો માન મદા, ગાળો ગર્વ સદા, હૈયે ચાંપો....દયા૦

૩૦૧. [ રાગ : શામળા હો શામળા... ]

શામળા, હો શામળા !
સાચો મને એક તારો આધાર, હો શામળા !

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી,
વ્હાલા ! તમે ચૂકવિયા કલદાર, હો શામળા !....સાચો૦
મીરાં તે બાઈનાં ઝેર તમે પીધાં,
મીરાંને કંઠ અમી ઓડકાર, હો શામળા !....સાચો૦
ભક્ત પ્રહ્‌લાદની પત ભલી પાળવા,
સ્થંભ થકી તમે પ્રગટ્યા સાકાર, હો શામળા !....સાચો૦
શબરી તે બાઈનાં એઠાં રે બોરાં,
ઉત્તમ ગણી તમે કીધો આહાર, હો શામળા !....સાચો૦
ભક્ત બોડાણાનો ભાવ લીધો જાણી,
વ્હાલા ! તમે આવ્યા ડાકોર દ્વાર, હો શામળા !....સાચો૦
ભાવે ભજ્યા જે ભક્તો તમોને,
કીધાં છે કામ તમે એનાં અપાર, હો શામળા !....સાચો૦
ભજનમંડળની આશભરી અરજી,
વ્હાલા ! દરશન ધો એકવાર, હો શામળા !....સાચો૦

૩૦૨.

શામળિયા લાલજી રે ! એકવાર આંગણિયે આવજો.
ખમ્મા, ખમ્મા ! નંદજીના લાલ !....એકવાર આંગણું દીપાવજો.
વાટલડી જોઈ જોઈ થાકી છે આંખડી,
ક્યારે પધારશો નાથ ?
જોજો કરમાય ના હૈયાની પાંખડી,
વ્હેલેરા ઝાલજો હાથ !....ગિરિધર ગોપાલજી રે !
ગિરિધર ગોપાલજી રે ! એકવાર આંગણિયે આવજો....શામળિયા૦
વારે વારે વાયદા કરશો ના વિઠ્ઠલા !
અંતરની પૂરજો આશ;
દરશનની ઝંખના જાગી છે, વાલમા !

જપતો શ્વાસો શ્વાસ...ભક્ત પ્રતિપાલજી રે!
ભક્ત પ્રતિપાલજી રે! એકવાર આંગણિયે આવજો....શામળિયા૦

એકવાર મહેમાન બનીને આવતાં
તમને છે શાની બાધ?
ભાવનાનાં ભોજન તમને ખવરાવતાં
થઈશું અમે તો ન્યાલ.....છોગાળા છેલજી રે!
છોગાળા છેલજી રે! એકવાર આંગણિયે આવજો....શામળિયા૦

પૂરણ ગુરુની પૂરણ કૃપાથી,
લેવો અમારે લ્હાવ;
રામભક્ત બાળની વહારે પધારી
પ્રેમની ચાલ તું ચાલ....લટકાળા લાલજી રે!
લટકાળા લાલજી રે! એકવાર આંગણિયે આવજો....શામળિયા૦

૩૦૩.

શમણાની વાટે મેં તો જોયો ગિરિધારી,
વરણાગી વેશે મન મોહ્યો વનમાળી, મોહ્યો વનમાળી....
શમણાની વાટે૦....

વાંકી હતી ચાલ, માથે શોભે એનું છોગું,
મમતાની દોરે બાંધ્યું મન મારું ડોલ્યું;
બની હું દિવાની એની નજરું નિહાળી, નજરું નિહાળી....
શમણાની વાટે૦....

બાંધ્યો'તો ચંદરવો ને ટાંગી ફૂલમાળા,
વાગ્યાં રે ચોઘડિયાં હૈયું લેતું હિલોળા;
માંડવડે મોહનવર જોયો મેં મુરારિ, જોયો મેં મુરારિ....
શમણાની વાટે૦....

ઓઢી એની ચૂંદલડી ને ગૂંથ્યા લખ તારા,
પાતળિયાને પ્રેમે મેં તો પહેરાવી વરમાળા;

એની રે પ્રીતલડીની દોરે હું બંધાણી, દોરે હું બંધાણી....
શમણાની વાટે૦....

મનના મંદિરિયામાં નાખ્યા એણે ડેરા,
શામળિયાની સાથે મેં તો ફરી લીધા ફેરા;
અની બડભાગી મારા દિલમાં દિવાળી, દિલમાં દિવાળી....
શમણાની વાટે૦....

શોભે રે સોહામણા કેસરિયા વાઘા,
પરણ્યો પ્રીતમ મારો, હું એની રાધા;
બન્યો મારો જીવનસાથી બાંકો બિહારી, બાંકો બિહારી....
શમણાની વાટે૦....

૩૦૪. [ રાગ : સીતારામને ભજીને લ્હાવો લઈએ... ]

શ્યામ ! હવે સાચું સ્વરૂપ બતાવો.
આઝું નહીં તલસાવો, રે શ્યામ ! હવે સાચું સ્વરૂપ બતાવો.
આ રે જગતમાં સર્વસ્વ જોયું, છેક નકામો કુગાવો;
જનમ ધરી, વ્હાલા ! તમને ન જોયા, થાય ઘણો પસ્તાવો....
રે શ્યામ ! હવે૦

પૂરવ જનમનાં એવાં શાં પાપો ? શામળિયા ! સમજાવો;
કેમ રહ્યો છે વિજોગ તમારો ? દયા કરી દરશાવો....
રે શ્યામ ! હવે૦

આશાએ આશાએ ઉંમર વીતી ને હજુય કાં તરસાવો ?
પ્રાણ ઝૂરી ઝૂરી પરલોક જાશે, બાકી અમુલખ લ્હાવો....
રે શ્યામ ! હવે૦

નોંધી રાખો, નાથ ! તમારી પોથીમાં એક અમારો દાવો;
અચૂક એકવાર દર્શન દેવા વચને તમે બંધાઓ....
રે શ્યામ ! હવે૦

મૂર્તિ જોતાં મનડું લોભાયું, સ્હેજ તો ઝાંખી કરાવો;
પ્રીત કર્યા પછી નિષ્ઠુર આવા, રણછોડા! શું થાઓ?....
રે શ્યામ! હવે૦

૩૦૫.

શાને ઊભો મારગમાં ક્હાન!....જવા દે મને મહી વેચવા.
તારાં નથી તોફાનો અજાણ....જવા દે મને મહી વેચવા.

જનનીની કૂખ છોડી ભાગેલો જેલથી,
ગોપીઓને વશ કીધી નખરાળા ખેલથી;
ક્યા હકથી માગે તું દાણ?....જવા દે૦.... શાને૦

કોણ અહીં સગું તારું હતું ગોકુળમાં?
કાલ સવારનો તું, રમતો'તો ધૂળમાં;
આ તો રાખું જશોદાનું માન....જવા દે૦.... શાને૦

ચુપચૂપ ચોર તું પનઘટ પર આવતો,
માથે ભરેલ હેલ, તેથી તું ફાવતો;
તને ક્હેવું શું? તું છે નાદાન!....જવા દે૦.... શાને૦

હોય ભલે લાડકો તું નંદજીના બારણે,
મનહર ના નાનો, ના ઝૂલે તું પારણે;
આવી હજીય ના તુજને સાન....જવા દે૦.... શાને૦

૩૦૬.

શ્યામ! મને દેજે સમાચાર, ભેટો ક્યારે થવાનો?
રોજ રોજ આવે વિચાર, ભેટો ક્યારે થવાનો?

નીકળ્યો છું શોધવા રાહે અટવાઉં છું,
સાચું સરનામું, પ્રભુ! તારું ભૂલી જાઉં છું;
આડો આવે માયાનો તાર, ભેટો ક્યારે૦.... શ્યામ૦

માયાના પડદાને ફાડી તું નાખજે,
કૃપાળુ નાથ! મને સીધે રાહ રાખજે;
ચાહું છું તારો સહકાર, ભેટો ક્યારે૦.... શ્યામ૦

મીઠી નજર એક નાખે તો બસ છે,
બાળને બચાવવા તારે હાથ જશ છે;
ભવસાગરથી કરજે પાર, ભેટો ક્યારે૦.... શ્યામ૦

વિમાસે રામભક્ત એ પળ ક્યારે આવશે?
ભાવ થકી બાપ હાથ દીકરાનો ઝાલશે?
આવી જા, બહુ થઈ વાર, ભેટો ક્યારે૦.... શ્યામ૦

૩૦૭. [રાગ : અમે મહિયારાં રે...]

શોભે કૈલાસમાં રે ભોળા મહાદેવજી....
વસ્યા કૈલાસમાં રે હર હર મહાદેવજી.

સંગે પાર્વતી ને ગણપતિ મોરીઆ,
કાલાઘેલા ગુણ ગાય ભક્તો સૌ ભોળિયા;
એ.... ઉઘાડો અંતરના દ્વાર, કૈલાસમાં રે.... શોભે૦

શંકર સમરથ! તારા ગુણલા ગાઈએ,
ભક્તિની ગંગામાં રોજ રોજ નાહીએ;
એ.... વરસાવો કરુણાની ધાર, કૈલાસમાં રે.... શોભે૦

પશુપતિ! ચરણોમાં શીશ નમાવીએ,
નમઃ શિવાય ૐ ધૂન મચાવીએ;
એ.... ગાજે ગગન જયકાર, કૈલાસમાં રે.... શોભે૦

ચંદન ફૂલ બીલી તુજને ધરાવીએ,
ભલી જલધાર, ભલા દૂધે નવરાવીએ;
એ.... આરતીમાં આંસુડાં ધાર, કૈલાસમાં રે.... શોભે૦

વ્યાઘ્રાંબર ચીર તારું, ગળે રુદ્રાક્ષ માળા,
ભાલે બીજ ચંદ્ર કરે અંતર અજવાળાં;
એ....સર્પોના સોળ શણગાર, કૈલાસમાં રે....શોભે૦
કાશી કેદાર કૈલાસ વળી સોમનાથ,
વસ્યા ચોમેર ખંડ ખંડે ભભૂતનાથ;
એ....શાંતિ ને સુખના દેનાર, કૈલાસમાં રે....શોભે૦

૩૦૮.

શંભુજી સોમવારે ગયા ગંગાજીને આરે....
મને તો વન મેલી, સંગ લીધી સાહેલી,
અન્નપાણી ન ભાવે, વિયોગે પ્રાણ જાયે;
રે વાત કોને કહીએ? મનમાં વિમાસી રહીએ.
ભવાની મંગળવારે ચિંતા કરે અપારે....
નયણે નિદ્રા ના'વે, શંભુના ગુણ ગાવે,
નથી ભૂલ કોઈ કીધી, પ્રેમ થકી પૂજા કીધી;
રે કેમ અમને વિસાર્યાં? વિચારી વિચારી હાર્યાં.
બહુનામી બુધવારે ન લઈ ગયા તે આરે....
ગંગાને શિર ધારી, મૂકયાં અમને વિસારી,
ગંગાનાં ભાગ્ય મોટાં, અમારાં અતિશે છોટાં;
હું તજી ત્રિલોકનાથે, ગંગા ચઢાવી માથે.
ગંગાજી ગુરુવારે મહેણાં અમને મારે....
માનીતી આજ એ છે, સુખ શંભુજી દે છે,
આધીન છે એ તેને, આ વાત કહું કોને?
વઢાય નહિ કો' દહાડિ, કરું શું હવે માડી!
શુક્રવારે સ્વામી શંભુને શીશ નામી....
છે સાંખનામ સારા ને અલ્પ ભાગ્ય મારાં,
શિવદત્ત સુખ પાયા, શંભુના ગુણ ગાયા;
પતિનું રાજ મળ્યું કે સર્વ દુઃખ ટળ્યું.

શનિ સંતોષ ધરી ભવાની પાય ઢળી....
રેવાને તીર માડી, મહિમા અપરંપારી,
મનવાણી વ્યાધિ હરતી, શંભુનું તપ કરતી;
ચાલો સામૈયાં નારી, પૂજા પ્રેમે ઓશરિ;
સુણે શીખે ને ગાયે, વિયોગ દુઃખડાં જાયે....
વલ્લભ વદે વાણી, સુણો સર્વે પ્રાણી.

૩૦૯.

સોમવારે મેં શંકર પૂજ્યા રે,
વ્રત કરું તેનું નિરધાર રે ભક્તિ ભાવે કરું.
મંગળવારે ગૌરી માતા પૂજ્યા રે,
અખંડ રહે સૌભાગ્ય રે, ભક્તિ ભાવે કરું.
બુધવારે ભજ્યા મેં મહાદેવ રે,
મટ્યા તન મન સંતાપ રે, ભક્તિ ભાવે કરું.
ગુરુવારે દત્ત પ્રભુજી ગાયા રે,
કૃપાવંત ભગવાન રે, ભક્તિ ભાવે કરું.
શુક્રવારે મા સંતોષી પૂજું રે,
કરતાં સહુને સહાય રે, ભક્તિ ભાવે કરું.
શનિવારે ભજું હનુમંતાને રે,
ભજું હું શનિશ્ચર દેવ રે, ભક્તિ ભાવે કરું.
રવિવારે આદિત્ય દેવને રે,
વંદુ હું વારંવાર રે, ભક્તિ ભાવે કરું.
પળપળ સ્મરતો રામશ્યામને રે,
જનમ-મરણ ભય જાય રે, ભક્તિ ભાવે કરું.

(સાખી)

હે....સોમે મેં શંકર ભજ્યા, ને મંગળ ગૌરી માત;
એ....બુધ ભજ્યા મહાદેવને, ગુરુએ દત્ત મહાન. ૧

હે...શુક્રે સંતોષી મા સ્મરું, ને શનિએ વીર હનુમાન;
એ...રવિએ નમું સૂર્યદેવને, હાં, વંદું વારંવાર. ૨

હે...હરપળ મુખે રામ છે, ને હર શ્વાસે છે શ્યામ;
એ...જનમમરણ ભય ના મને, સપ્ત વાર મહિમાય. ૩

૩૧૦.

સીતારામ કહો, રાધેશ્યામ કહો,
રાધેશ્યામ કહો, સીતારામ કહો,
સીતારામ વિના ઉદ્ધાર નથી, રાધેશ્યામ વિના બેડો પાર નથી.
સીતારામ કહો, રાધેશ્યામ૦....

રમવામાં ખોયું બાળાપણું, સ્ત્રીસંગ વિતાવ્યું યુવાપણું;
આ ઘડપણ આવ્યું, જવાનું થયું, તોય હરિ ભજવા મન ના જ થયું;
સીતારામ કહો, રાધેશ્યામ૦....

આ જગમાં જન્મી પ્રભુને ભજશો, તો ભવસાગર પાર થશો;
નહીં તો નર્કની ખાણ ઊતરશો, કુંભીપાકે સડવા પડશો;
સીતારામ કહો, રાધેશ્યામ૦....

પરધન ને પથ્થર સમ સમજો, પરસ્ત્રી માત સમી ગણજો;
કામક્રોધ ને મદ લોભ હરો, પછી સાયુજય મુક્તિ નિત્ય વરો;
સીતારામ કહો, રાધેશ્યામ૦....

સહુ ભક્તજનો ! સીતારામ કહો, સુખ સ્વર્ગ તણું તમે સ્હેજે લહો,
નહીં તો ભવરણ ભટક્યા કરો, લખ ચોર્યાસી ફેરા ફરતા ફરો;
સીતારામ કહો, રાધેશ્યામ૦....

૩૧૧.

સાચો સગો શ્રીરામ છે, બીજાં સગાં શા કામનાં?
ઓથ જ્યાં ઈશ્વર તણી, ઓઠાં બીજાં શા કામનાં?

તૃષ્ણા છિપાવવા મૃગલો રણવનમાં ભટકી મરે....
ભક્તિ સરિતા જો વહે તો, ખાબોચિયાં શા કામનાં ?

ધનદોલત ને વૈભવો એ સુખદુઃખનું મૂળ છે....
પારસમણિ જો હાથ લાગ્યો, પથ્થર બધા શા કામના ?

ગાઢ તિમિર રજની મહીં, જ્યોતિ મળે એ આશ છે....
ઊગે રવિ આકાશમાં, ભલાં આગિયાં શા કામનાં ?

પોથાં અને થોથાં મહીં, તત્ત્વ-તારણ ના મળે....
દિવ્ય દૃષ્ટિ સાંપડે તો ચશ્માં ભલાં શા કામનાં ?

ભગવાનદાસનો તો ધણી સાચો સીતારામ છે....
જ્ઞાન-સંપદ આવી મળ્યું, ફાંફાં મળે શા કામનાં ?

**૩૧૨.**

સત્ય નામ બોલ, રામ રામ બોલ....તેમાં કલ્યાણ છે.
શ્યામ શ્યામ બોલ....તેમાં કલ્યાણ છે.
અંતરના પડદા ખોલ....તેમાં કલ્યાણ છે.

સત્ય નામ બોલો, અંતરદ્વાર ખોલો,
ચેતના મહેલમાં આનંદ-મત્ત ડોલો;
અવસર આવ્યો છે અણમોલ....તેમાં કલ્યાણ છે.
સત્ય નામ૦....

આ રે સંસારમાં જીવનની નાવડી,
સુકાની વિના તો અથડાતી બાપડી;
જોજે ના થાય ડોલમડોલ....તેમાં કલ્યાણ છે.
સત્ય નામ૦....

આ રે સંસાર તો માયાની હાટડી,
જનમોજનમ શિર પાપોની ગાઠડી;
સદ્દગુરુ સન્મુખ તું ખોલ....તેમાં કલ્યાણ છે.
સત્ય નામ૦....

સેવા સત્સંગ ગુરુ ત્રણેના સંગથી,
બચ્યા છે જીવ બહુ માયાના ફંદથી;
ભાવભક્તિનો લૂંટી લે મોલ....તેમાં કલ્યાણ છે.
સત્ય નામ૦....

૩૧૩.

સેવાથી દેહને દીપાવજો, માનવ-અવતારમાં,
રટણથી રામને રીઝાવજો, માનવ-અવતારમાં.

સેવાનો શણગાર સજજો ઉમંગથી,
કાયાને રંગજો ભક્તિના રંગથી;
દુઃખિયાંના દિલને ભાવજો, માનવ-અવતારમાં....સેવાથી૦

અંતર્યામીથી તાર અંતરના જોડજો,
મોહ અને માયાની બેડીને તોડજો;
સરિતા સ્નેહની વહાવજો, માનવ-અવતારમાં....સેવાથી૦

મળ્યો માનવ-દેહ મોંઘેરો લ્હાવ છે,
નર મટી નારાયણ થવાનો દાવ છે;
ભક્તિથી જીવન ભીંજાવજો, માનવ-અવતારમાં....સેવાથી૦

સેવા સ્મરણ થકી રામભક્ત થવાય છે,
પુનિત કરો કામ પાવન થવાય છે;
અંતરમાં પ્રેમ-બીજ વાવજો, માનવ-અવતારમાં....સેવાથી૦

૩૧૪.

સ્નેહીઓ ! આવો, શ્રી રામનામ ઝીલવા.
માયાના રંગને દિલથી હઠાવજો,
રામનું રસિક નામ હૃદયમાં રાખજો;
રામ ! હૈયાના હીંચકે હીંચાવજો, સ્નેહીઓ ! આવો૦....

દશરથના લાલ છે, કૌશલ્યા બાળ છે,
સીતાના નાથ છે, જગતના આધાર છે;
રામ ! અંતરના ઓરડે વસાવજો, સ્નેહીઓ ! આવો૦....

નીતિ આદર્શને પુણ્યતાનું નામ છે,
એને ભજ્યાથી બધે સુખ રામરાજ છે;
રામ ! આનંદે અબીલ ઉડાવજો, સ્નેહીઓ ! આવો૦....

શબરીનાં બોરના ભોગી એ રામ છે,
ઉદ્ધારી અહલ્યા જોગી એ રામ છે,
સેવાનું સુખ લઈ લાભ્યા હનુમાન છે,
ભક્તોની ભાવનાના ભૂખ્યા ભગવાન છે;
રામ ! ભાવનાનાં ભાણું જમાડજો, સ્નેહીઓ ! આવો૦....

૩૧૫.

સીતાના રામને ને રાધાના શ્યામને,
ડગલે ને પગલે સંભારો રે !
ડગલે ને પગલે સંભારો, મારા વ્હાલા !
શ્વાસે શ્વાસે સંભારો રે !.... સીતાના૦
અવળે મારગડે અટવાયો જીવડો,
સીધે મારગ એને વાળો રે !.... સીતાના૦
છોડી જંજાળ જગ કેરી, મારા વ્હાલા !
હરિનું ધ્યાન તમે ધરો રે !.... સીતાના૦
વર્ષો વીતાવ્યાં તમે ઊંઘ ને આળસમાં,
બાકી આયુમાં જીવ ઉદ્ધારો રે !.... સીતાના૦
લાંબી સફર છે તમારી, મારા વ્હાલા !
નાવડીને હેમખેમ તારો રે !.... સીતાના૦

૩૧૬.

સુણો સુણો આ વાણી, બોલે યમુનાનાં પાણી,
કલકલ કરતાં વહેતાં કહેતાં એક કહાણી;

યુગ યુગથી હું વહી રહી છું, જગનાં પાપો ધોઈ રહી છું,
ઋષિમુનિનાં ચરણો ધોઈ, રંગે હું રંગાણી.... સુણો૦

મુજ ઓવારે કંઈ સંતોએ સાધી યોગ સમાધિ,
અલખ જગાવી ૐ પુકારી અનુપમ સિદ્ધિ લાધી;
સતયુગથી હું વહી રહી છું સરિતાની મહારાણી.... સુણો૦

કાલિન્દીને કાંઠે નાચી ક્‌હાને બંસી બજાવી,
કંધે કામળી, હાથ લાકડી લઈને ધેનુ ચરાવી;
ગોપ ગોપીના રાસવૃંદમાં રમતાં રાધા રાણી.... સુણો૦

છે પાવની અહીં કણકણ ધરતી, પાવન મારાં પાણી,
મુક્તિ કારણ જેઓ નાહ્યા, નિશ્ચે મુક્તિ પ્રમાણી;
ભગવદ્ કૃપા મુજ પર આવી, જાણી હું હરખાણી.... સુણો૦

મુરલીધર મોહનની માયા મુજ કાંઠે મંડાણી,
તકલીધર મોહનની કાયા મુજ કાંઠે લોપાણી;
રાધામોહન રાસ રમ્યા અહીં, બાપુએ સોડયું તાણી.... સુણો૦

૩૧૭. [ રાગ : એક મહિયારી મહીડાં વેચતી'તી... ]

સખી ! જોને દેખાડું મારો શામળિયો,
એ તો મોહન મોરલીવાળો, નંદાજીનો લાલો, દેખાડું મારો શામળિયો.

ગોરા કુંભારની નોકરી એ કરતો'તો,
બધા માટીના ઘાટ ઘણા ઘડતો'તો;
એ તો ઘાટ નવા ઘડતો, લોકોનાં મન હરતો, દેખાડું મારો૦....સખી૦

પેલા નામદેવ દરજીને ખબર પડી,
મારો વ્હાલો નથી રૂહેતો મંદિર મહીં;
એ તો દોડીને દોટ સીધી મૂકતો, ગોરાને જઈ વઢતો, દેખાડું મારો૦.. સખી૦

અલ્યા ! દુનિયાનો નાથ તેં બાંધી લીધો,
અણસમજણમાં તેં દાસ એને કીધો;
એ તો ગોરો ઊભો ઊભો રુએ, અવાક થઈ જુએ, દેખાડું મારો૦....સખી૦

એવે માટી ખોદીને મારો વ્હાલો આવે,
લઈ ત્રીકમ તગારું સંગ લક્ષ્મીજી ચાલે;
એ તો ગરુડ ગર્દભ-ભાર તાણે, વાત કોણ જાણે ? દેખાડું મારો૦....સખી૦

ભક્ત ભગવાનની ચારે આંખો મળી,
ગોરો લાગે છે પાયે લળી લળી;
વ્હાલો ભક્તોને વશ થઈ રહેતો, મોક્ષ-દાન દેતો, દેખાડું મારો૦....સખી૦

૩૧૮.

સચ્ચા મોશ જલારામ, રાધેશ્યામ રાધેશ્યામ,
રાધેશ્યામ સીતારામ રાધેશ્યામ સીતારામ.

વ્હાલા વીરપુરવાળા શ્યામ, જલારામ રાધેશ્યામ,
બે કર જોડી વંદે રામ, જલારામ સીતારામ.

અંતર એના વસિયા શ્યામ, જલારામ રાધેશ્યામ,
ભક્તિવશ કીધા છે રામ, જલારામ સીતારામ.

માનવ-સેવા કીધી શ્યામ, જલારામ રાધેશ્યામ,
સુખની છાયા દીધી રામ, જલારામ સીતારામ.

અમ પર કૃપા આણો શ્યામ, જલારામ રાધેશ્યામ,
ઉરમાં સ્થાપો કાયમ રામ, જલારામ રાધેશ્યામ.

૩૧૯. [ રાગ : સખી જોને છુપાઈ ગયો કાનુડો... ]

સખી ! સ્હેજે ભુલાય નહીં કાનુડો.
એના વિયોગે વ્યાકુળ થાતી, મનમાં મૂંઝાતી, ભુલાય નહીં૦....

પેલો અક્રૂર રથમાં લઈને ગયો;
ફરી પાછો પ્રીતમ ના આવ્યો, સંદેશ ના કહાવ્યો, ભુલાય નહીં૦....

મારું અંતર ઉચાટથી ભર્યું બળે,
મારાં નયનોમાં નિદ્રા ન આવે, ખાવું ન ભાવે, ભુલાય નહીં૦....

એક સખી આવી ને ખબર લાવી,
કાળી કુબ્જા કાનુડાને ભાવી, એને રાણી બનાવી, ભુલાય નહીં૦....

એણે દેવકીને બંધન થકી છોડાવી,
વ્હાલે મામા તે કંસને મારી, ધન ધરા ઉગારી, ભુલાય નહીં૦....

એણે માતા પિતા તો બીજા કર્યા,
એ તો નથી જશોદાનો જાયો, કે નંદજીનો છૈયો, ભુલાય નહીં૦....

અમે પાણીડાં ભરવા સહિયર જતી,
એ તો મળે વૃંદાવન વાટે, જમનાજીને ઘાટે, ભુલાય નહીં૦....

સખી ! એ તો ગયો ને મારું અંતર જલે,
નહીં આવે કદીક જો કૂહાનો, મુએલી મુને જાણો, ભુલાય નહીં૦....

પૂરો વાયદો થયો ને હજી આવ્યો નથી,
એના વિના તો કેમ જિવાય ? ચિમન ગુણ ગાય, ભુલાય નહીં૦....

૩૨૦. [રાગ : ઉપર મુજબ]

સખી ! જોને છુપાઈ ગયો કાનુડો,
એના વિરહે વ્યાકુળ થાતી, હું ભાન ભૂલી જાતી, છુપાઈ૦....

વ્હાલો વાડામાં આવે છે વ્હેલો,
મારું વલોણું તાણવા કાજે, આવ્યો નથી આજે, છુપાઈ૦....

આજે સવારથી એને જોયો નથી,
ના જોયો તે થાય ચટપટી, નથી આંખ પટપટી, છુપાઈ૦....

એને કુંજગલીમાં શોધી વળી,
હું તો ભટકું છું રોતી રોતી, મધુવન જોતી, છુપાઈ૦....

આખી વ્રજ ભૂમિ કાંઈ ઘૂમી વળી,
નથી બેઠો જમનાજીના આરે, કદંબની ડાળે, છુપાઈ૦....

એક સખી આવી ને સંદેશો લાવી,
એ તો ગયો જનાબાઈને મળવા, બેસી ગયો દળવા, છુપાઈ૦....
ઘંટી તો વિઠ્ઠલ વિઠ્ઠલ એમ ગરજે,
ને જનાબાઈ શ્યામ શ્યામ બોલે પુંઢારનાથ ડોલે, છુપાઈ૦....
વ્હાલા ! સખીમંડળ ભાવથી બોલાવે,
અમે રોકીશું નહીં વધારે, આવ અમારી વ્હારે, છુપાઈ૦....

૩૨૧. [રાગ : ઉપર મુજબ]

સખી ! ચાલો, જશોદાને રાવ કરીએ.
તારો ક્હાન રોજ રોજ થકવે, ગોકુળિયું ગજવે, ગોપીઓને પજવે,
—જશોદાને રાવ૦.... સખી૦....

એના જુલમ તે કેટલાક સહીએ ?
ચાલો, જઈએ જરૂર વાત કહીએ;
લઈ ગોવાળ સહુ ટોળે, મટુકી ફોડે, ગોરસ એ ઢોળે,
—જશોદાને રાવ૦.... સખી૦....

અમે જઈએ જ્યાં જમના જળ ભરવા,
પાછળ આવે છબીલો છેતરવા;
મારા બેડામાં કાંકરી મારી, છુપાય ગિરિધારી, ટેવ એ નઠારી,
—જશોદાને રાવ૦.... સખી૦....

એ તો લટકે મટકે મટકે ધીમેરો આવે,
મરક મરક મંદ મુખ મલકાવે;
વ્હાલો મલકાતો મારગ રોકે, જરી કોઈ ટોકે, તો રડતો પોકે,
—જશોદાને રાવ૦.... સખી૦....

અમે આવ્યાં કાનુડાને વીનવીને,
મારું હૃદય લીધું એણે છીનવી રે !
હાજી, હવે નથી છોડવાનાં, બન્યાં દિવાનાં, આંસુ વહે છાનાં,
—જશોદાને રાવ૦.... સખી૦....

૩૨૨.

સમય મારો સાચવજે, વ્હાલા ! કરું હું કાલાવાલા.

અંત સમય મારો આવશે જ્યારે, દેહનું નહીં રહે ભાન,
—દેહનું નહીં રહે ભાન;

એ રે સમયે મુખ તુળસી મૂકજો, દેજો યમુના-પાન,
—દેજો યમુના-પાન.... અંત૦

જીભલડી મારી પરવશ બનશે, હારી બેસીશ હામ,
—હારી બેસીશ હામ;

એ રે સમયે મારા, ઓ અલબેલા ! રાખજે હોઠે 'રામ',
—રાખજે હોઠે 'રામ'.... અંત૦

કંઠ રૂંધાશે, નાડીઓ તૂટશે, મૂંઝાશે શ્વાસો શ્વાસ,
—મૂંઝાશે શ્વાસો શ્વાસ;

એ રે સમયે, વ્હાલા વ્હારે ચઢીને બંસીનો કરજે નાદ,
—બંસીનો કરજે નાદ.... અંત૦

મારી આંખડી દરશનથી ઠારજે, અમુલખ દેજે લ્હાણુ,
—અમુલખ દેજે લ્હાણુ;

શ્યામ સુંદર ! તારી ઝંખના સાથે, પુનિત છોડે પ્રાણુ,
—પુનિત છોડે પ્રાણુ.... અંત૦

૩૨૩.

સુણાવો ગીતા સાર, ઉતારો ભવ પાર,
ગુરુજી મારા ! હું પૂજું ચરણુ તમારાં.

હું આવી પડ્યો છું આ જગમાં,
નથી રે કોઈ દિલાસો દિલમાં,
હું રખડી રઝળી થાક્યો.... ગુરુજી મારા ! હું પૂજું૦

હજી દિલમાં કંઈ કંઈ આશ મને,
સત્પંથ બતાવનારા શોધું તને;
જ્યોતમાં જ્યોત મિલાવો.... ગુરુજી મારા ! હું પૂજું૦

હશે દોષ અમારા, સહુ માફ કરો,
અમ દીન-ગરીબની વ્હાર કરો;
તમે દૈવી દયા વરસાવો.... ગુરુજી મારા! હું પૂજું૦

જો દાસ પરે તમે દયા કરો,
તો ભવનો ફેરો પલમાં હરો;
હું આશાએ અહીં આવ્યો.... ગુરુજી મારા! હું પૂજું૦

૩૨૪.

સાચે સાચું બોલજો, હૈયાને ખોલજો.
માયાનો મોહ છે, મોટાઈનો શોખ છે,
જૂઠા જગમાં જોયો શું સાર?
રોજ ઊઠીને રોતાં દૂહાડો જાય છે રે.... સાચે સાચું૦

નાણાંની તાણ છે, કાયમ મોંકાણ છે,
મૂંઝવણ વધતી રોજ અપાર!
ધાર્યા કરતાં અવળો વાયરો વાય છે રે.... સાચે સાચું૦

ખરચા વિશાળ છે, કપરો આ કાળ છે,
જેમ તેમ સાચવવો વટ-વહેવાર!
બહારનો ભભકો, અંતર ઘણું અકળાય છે રે.... સાચે સાચું૦

સુખનો દુકાળ છે, દુઃખનો સુકાળ છે,
મોટા થવામાં ખાધો છે માર!
રામભક્ત બનતાં જંઝાળ સઘળી જાય છે રે.... સાચે સાચું૦

૩૨૫. [રાગ : ત્રણ સતીઓમાં એક દિવસ...]

સરવર કાંઠે શબરી બેઠી રટે રામનું નામ.
એક દિન આવશે સ્વામી મારા અંતરના આરામ....
વડલા નીચે ઝૂંપડી એની, માતાપિતા નહીં બાંધવ-બ્હેની;
એકલડી એ ધ્યાને બેઠી, ગાંડી કહેતું ગામ.... સરવર૦

વચન ઋષિનાં હૈયે રાખી, અતિદૂર એણે નજરો નાખી;
ફળફૂલ લાવે ભોગ ધરાવે, કરતી એનું કામ....સરવર૦
દિવસ મહિના વર્ષો ગયાં, શબરીબાઈ તો ઘરડાં થયાં;
ઝગમગતી આશાની જ્યોતિ, ભલે સુકાયાં ચામ....સરવર૦
આજે વનમાં વેણુ વાગે, વસંતસેના નીકળી જાણે;
શીતલ મંદ સુગંધી વાયુ વાતો ઠામો ઠામો....સરવર૦
શબરીબાઈ નાથ પધાર્યા, દરશન દઈને દિલડાં ઠાર્યા;
એઠાં બોરાં ખાઈ પ્રભુએ આપ્યાં મુક્તિ-ધામ....સરવર૦
પંપા સરની ભીલડી આ તો, એની જગમાં રહી ગઈ વાતો;
રામ ગયા રાવણને હણવા, શબરી ગઈ સ્વધામ....સરવર૦

૩૨૬.

સહનશીલતા પ્રેમ વિનયની જેના ઘરમાં ખોટ;
ભલે બનાવ્યો બંગલો એમાં ભૂતડાં મારે દોટ.
સંગેમરમરની લાદી જડેલી, સોફાસેટ ને મખમલ મઢેલી;
ટેલિવીઝન સેટ હશે એ પણ આંખે અંધાર કોટ....ભલે૦
મેડી ઝરુખા એના ઝગમગ થાતા, પણ કંકાશ કલેશ ત્યાં ઉભરાતા;
આપઘાત કરી કંઈક મરે ને કંઈકને લાગે ચોટ....ભલે૦
સત્તાના દોરમાં સ્નેહી સૌ થાતા, પૈસાના જોરમાં સહુયે લોભાતા;
દાનવતાના દાવાનળમાં ભરમાઈ જાતા ભોટ....ભલે૦
મહેણાંના માર મૂંગાં સ્નેહી સહેતાં, ભારે ભોજન એના ભાણે રહેતાં;
આરસમઢ્યા ઓરડા માંહી મરવાનો લાંબો સોટ...ભલે૦

૩૨૭.

સતી અનસૂયાને આંગણે આવ્યા બ્રહ્મા વિષ્ણુ મહેશ;
પંચ બની પરીક્ષા કરવા ધરિયો ભગવો વેશ..સતી૦
ત્રણેય દેવો મળીને આવ્યા, આવ્યા સતીની પાસ;
'સતી! અમોને ભિક્ષા આપો, આવો ઉઘાડે વાન'...સતી૦

સતીએ પતિનું ધ્યાન ધરીને મનમાં કર્યો વિચાર,
અંજલિ ભરીને પાણી છાંટ્યું દેવ બની ગયા બાળ....સતી૦

ત્રણેય બાળુડાં પારણે પોઢ્યાં, સતી ઝુલાવે દોર;
ધરીને હેત હાલરડું ગાતી, પોઢે ત્રણેય પરમેશ....સતી૦

ત્રણેય દેવીઓ મળીને આવી, આવી સતીની પાસ;
'સતી! અમોને સ્વામી આપો, આપો અમારા નાથ'....સતી૦

'ત્રણેય અહીં આ પારણે પોઢ્યા, લઈ લો તમારે હાથ';
'આમાં અમોને ગમ નથી પડતી, કોણ છે કોનો નાથ!'....સતી૦

સતીએ પતિનું ધ્યાન ધરીને મનમાં કર્યો વિચાર;
અંજલિ ભરીને પાણી છાંટ્યું, બાળ બન્યા ભગવાન....સતી૦

સતીનું ભજન જે કોઈ ગાશે, હેતભાવથી નર ને નાર;
ગાય શીખે ને સાંભળે સહુ, વૈકુંઠ પામે વાસ....સતી૦

૩૨૮. [રાગ : કાફીનો; કવિ : ધીરો]

હાલો હાલી કહે છે રે, પ્રભુજી મારી વ્હારે ચઢો;
બચ્ચાં મારાં માંહે રે, તળે આવી ભીલ ખડો....હાલો૦

બાણ તાણીને ઊભો પારધી, ઉપર આવ્યો બાજ;
પોલાણમાંથી સર્પ નીસર્યો, તેને તો સરી ગયા કાજ;
ગરુડનો ગામી રે, હરિ બિરદદાર બડો....હાલો૦

વિનતી સુણી વિઠ્ઠલ પરવરિયા સાપ માંહે નિવારણ;
બિલને ઠેસતાં પારધીના તત્ક્ષણ લીધા પ્રાણ;
બાણ ત્યાંથી છૂટ્યું રે, બાજ આવી હેઠો પડ્યો....હાલો૦

જુઓ હરિ કેવા સંકટમોચન, બચ્ચાં બચાવ્યાં કૃપાળ;
કાળું કરનારનું કરતો કાળું એવો એ દીનદયાળ;
કાળાનો કાળ કાળો રે, પ્રહ્‌લાદની વારે ચડ્યો....હાલો૦

કઠણ વેળાએ કામ જ કરશે, ભજન કરો ભય જાય;
સ્વામીસેવાનું ફળ અમુલખ, અંત સમે કરે સહાય;
થાય હરિ ઊભો રે, કદી કાળ સામો તડૂક્યો.... હોલો૦

૩૨૯. [રાગ : કાફીનો; કવિ : ધીરો]

અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મૂરખ જ્યારે સૂતો મરવા.... અંતે૦

નાનપણે ઘરધંધો કીધો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે, અગ્નિ એ કેમ હોલાય;
જીતી બાજી હાર્યો રે, પથ્થરની નાવે બેઠો તરવા.... અંતે૦

અંતસમે છાપતિલક લગાવે, ભૂલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વૈમાન;
ગુરુજ્ઞાન ના'વ્યું રે, બુદ્ધિ તારી ગઈ ચરવા.... અંતે૦

યુવતી નારીને જેમ પુરુષની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધ નારીને નહિ પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય;
હરિને બેઠો ઠગવા રે, એંશી વર્ષે વર વરવા.... અંતે૦

વીસ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કર્યે ભય જાય;
હરિશું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજનરાય;
દાસ ધીરો કહે છે રે, મટ્યા ચોર્યાસી ફરવા.... અંતે૦

૩૩૦. [રાગ : કાફીનો; કવિ : ધીરો]

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે ?
અવર નહિ દેખું રે, બીજો કોઈ પ્રભુ પખે.... જેને૦

ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રાય;
થળને થાનક જળ ચલાવે, જળ થાનક થળ થાય;
તરણાનો તો મેરુ રે, મેરુનું તરણું કરી દાખવે.... જેને૦

નીંભાડેથી બળતાં રાખ્યાં માંજારીનાં બાળ;
ટીંટોડીનાં ઈંડાં ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ;
અંતવેળા આવો રે, પ્રભુ! તમે તેની તકે.... જેને૦

બાણ તાણીને ઊભો પારધી, સીંચાણો કરે તકાવ;
પારધીને પગ સર્પ ડસિયો, સીંચાણા-શિરને ઘાવ;
બાજ પડ્યો હેઠો રે, પંખી ઊડી ગયાં સુખે.... જેને૦

ગજ કાતરને લઈને બેઠા, દરજી તો દીનદયાળ;
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરનો રે, હરિ તો મારો હીંડે હકે.... જેને૦

૩૩૧.

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.... હરિનો૦

સુત વિત્ત દારા શીશ સમર્પે તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા માંહી પડ્યા મરજીવા જોને.... હરિનો૦

મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.... હરિનો૦

પ્રેમ-પંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.... હરિનો૦

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સ્હેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને....હરિનો૦

રામ-અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા તે રજનીદિન નરખે જોને.... હરિનો૦

૩૩૨.

નહિ રે વિસારું હરિ,
અંતરમાંથી નહિ રે વિસારું હરિ. (ટેક)

જળ જમુનાનાં પાણી રે જાતાં શિર પર મટકી ધરી;
આવતાં ને જાતાં મારગ વચ્ચે અમુલખ વસ્તુ જડી.... નહિં૦

પીળાં પીતાંબર જરકશી જામા, કેસર આડ કરી;
મોર મુગટ ને કાને રે કુંડળ, મુખ પર મોરલી ધરી.... નહિં૦

આવતાં ને જાતાં વૃંદા રે વનમાં ચરણુ તમારે પડી;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણુ, વિઠ્ઠલવરને વરી.... નહિં૦

૩૩૩.

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું. (ટેક)

આ રે કાયા રે હંસા ! ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહ્યું.... મારો૦

તારે ને મારે હંસા ! પ્રીત્યું બંધાણી રે,
ઊડી ગયો હંસ, પિંજર પડી તો રહ્યું.... મારો૦

બાઈ મીરાં કહે છે પ્રભુ ગિરિધર નાગર !
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં.... મારો૦

૩૩૪.

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે;
જેની સુરતા શામિળયા સાથ, વદે વેદવાણી રે....(ટેક)

વ્હાલે ઉગાર્યો પ્રહ્‌લાદ હિરણ્યાકંસ માર્યો રે;
વિભીષણુને આપ્યું રાજ, રાવણુ સંહાર્યો રે.... હરિને૦

વ્હાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે.... હરિને૦

વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;
પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે.... હરિને૦

આવો હરિ-ભજનનો લ્હાવો, ભજન કોઈ કરશે રે;
કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ ટળશે રે.... હરિને૦

૩૩૫.

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
મોહ માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામશું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં કુળ ઈકોતેર તાર્યાં રે.

૩૩૬. [રાગ : જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા...]

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવા, શિવ થકી જીવ થયો એ જ આશે.
વેદ તો એમ વદે શ્રુતિસ્મૃતિ શાખ દે, કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.
ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન વચન કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.

૩૩૭.

પ્રાતઃ સમે સૂર ઊગ્યા પહેલાં, જો રે રસના મુખ રામ કહે;
હાંરે હાંરે કૃષ્ણને તું ભજ નામે, જગમાં તારું નામ રહે....પ્રાતઃ૦

રામનામનો મહિમા મોટો, શિવસનકાદિક ધ્યાન ધરે;
મેરુ થકી મોટું હોય પ્રાયશ્ચિત, નારાયણના નામે તરે....પ્રાતઃ૦

કેસરી ઘૂરે જયમ મૃગ જ ત્રાસે, રવિ ઊગે જયમ તિમિર ટળે;
પૂરણ બ્રહ્મ અકળ અવિનાશી, કુબુદ્ધિના તાપ તરત હરે....પ્રાતઃ૦

કોટિ કલ્યાણ ફળ ઉદય ભાણે, પાપ બાપડું કયાં રે રહે?
અધમ નીર ગંગામાં વહ્યું ત્યારે ગંગા સરસું થઈને વહે....પ્રાતઃ

એ રસને શુકદેવજી જાણે, કોઈ વીરલા સંત લહે;
ભણે નરસૈંયો તમે પ્રભુ ભજી લો, આવાગમનનો ફેરો ટળે....પ્રાતઃ૦

૩૩૮.

શાંતિ પમાડે તેને તો સંત કહીએ,
તેના દાસના દાસ થઈ રહીએ રે.... શાંતિ૦

વૈદ મળ્યો મળતિયો ને રોગ રહ્યો ઊભો,
ત્યારે તેની તે ગોળી ખઈએ રે.... શાંતિ૦

રાણાની ચાકરીમાં ભૂખ રહી ઊભી,
ત્યારે તેનો તો પાર શીદ સહીએ રે.... શાંતિ૦

વિદ્યાનું મૂળ પૂરું ન ભણાવે,
ત્યારે પંડયાનો માર શીદ ખઈએ રે.... શાંતિ૦

કલ્પવૃક્ષ સેવ્યે જયારે દારિદ્ર ના જાય,
ત્યારે તેના તે ગુણ શીદ ગઈએ રે.... શાંતિ૦

લીધો વળાવો લૂંટવા રે લાગ્યો,
ત્યારે એની તે સોબતે શીદ જઈએ રે.... શાંતિ૦

આપી બાંયધરી ને પછી માથું વઢાવે,
એવી તે સંગત શીદ કરીએ રે.... શાંતિ૦
બાપુ કહે મારા ગુરુએ બતાવ્યું,
તે તો લાગ્યું છે મારે હૈયે રે.... શાંતિ૦
બાપુ ભગત સર્વે રિદ્ધિસિદ્ધિ તેને,
એવા જ પુરુષને લહીએ રે.... શાંતિ૦

૩૩૯. [ભક્ત ભોજાનો ચાબખો]

પ્રાણિયા ! ભજી લે ને કિરતાર, આ તો સપનું છે સંસાર (ટેક)
ધન દોલત ને માલખજાના, પુત્ર અને પરિવાર,
એમાંથી જઈશ તું એકલો, પછી ખાશે જમના માર રે....પ્રાણિયા૦
ઊંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખ તણો નહિ પાર,
કોટિધ્વજ ને લખપતિ, તેનાં બાંધ્યા રહ્યાં ઘરબાર રે....પ્રાણિયા૦
ઉપર ફરેરાં ફરફરે, ન હેઠે શ્રીફળ ચાર,
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર રે....પ્રાણિયા૦
સ્મશાન જઈને ચેહ ખડકી, ને માથે કાષ્ટનો ભાર,
અગ્નિ મેલીને ઊભાં રહ્યાં, અને નિશ્ચય ઝરે અંગાર રે....પ્રાણિયા૦
સેજતળાઈ વિના સૂતો નહિ, જીવ હુન્નર કરતો હજાર,
ખોરી ખોરીને ખૂલ જલાયો, જેમ લોઢું ગાળે લુહાર રે....પ્રાણિયા૦
સ્નાન કરીને ચાલી નીકળ્યાં, નર ને વળી સહુ નાર,
ભોજો ભગત કહે દશ દિ રોઈને, પછી મેલ્યો વિસાર રે....પ્રાણિયા૦

૩૪૦. [રાગ : સારંગ–દીપચંદી તાલ]

જનની જીવો રે ગોપીચંદની પુત્રને પ્રેર્યો વૈરાગ્ય જી,
ઉપદેશ આપ્યો એણી પેરે,
લાગ્યો સંસારીડો આગ જી.... જનની૦

ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યાં કઠણ વચન જી;
રાજ સાજ સુખ પરહરી,
વેગે ચાલિયા વંન જી.... જનની૦

ઊઠી ન શકે રે ઊંટિયો, બહુ બોલાવ્યા બાજંદ જી;
તેને રે દેખી ત્રાસ ઊપજ્યો,
લીધી ફકીરી છોડ્યો ફંદ જી....જનની૦

ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી સોળસો નાર જી;
મંદિર ઝરૂખા ત્યજી દઈ,
આસન કીધેલાં બહાર જી.... જનની૦

એ વૈરાગ્યવંતને જાઉં બારણે, બીજા ગયા રે અનેક જી;
ભલા રે ભૂંડા અવની ઉપરે,
ગણતાં ન આવે છેક જી.... જનની૦

ક્યાં ગયું કુળ રાવણ તણું સગરસુત સાઠ હજાર જી;
ન રહ્યું નાણું રાજા નંદનું,
સર્વ સુપન વ્યવહાર જી.... જનની૦

છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજન જી;
દેવ દાનવ મુનિ માનવી,
સર્વે જાણે સુપેર જી.... જનની૦

સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમ જી;
નિષ્કુળાનંદ કહે નહિ મટે,
સાચું કહું ખાઈને સમ જી.... જનની૦

૩૪૧. [રાધાની રીસ-૧]

શ્યામ રંગ સમીપે ન જાવું,
મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું. (ટેક)

જેમાં કાળાશ તે સહુ એકસરખું,
સર્વમાં કપટ હશે આવું.... મારે૦
કસ્તૂરીની બિંદી તે કરું નહિ,
કાજળ ના આંખમાં અંજાવું.... મારે૦
કોકિલાનો શબ્દ સુણું નહિ,
કાગવાણી શકુનમાં ન લાવું.... મારે૦
નીલાંબર કાળી કંચુકી ના પહેરું,
જમનાનાં નીરમાં ન ન્હાવું.... મારે ૦
મરકત મણિ ને મેઘ નજરે ન જોવાં,
જાંબુ વંતાક ના ખાવું.... મારે૦
દયાના પ્રીતમ સાથે મુખે નેમ લીધો,
પણ મન કહે કે પલક ન નિભાવું.... મારે૦

૩૪૨. [રાધાની રીસ-૨]

હાવાં હું સખી નહીં બોલું રે,
કદાપિ નંદકુંવરની સંગે;
મુજને શશીવદની કહી છે રે,
ત્યારની દાઝ લાગી છે અંગે.... હાવાં૦
ચંદ્રબિંબમાં લાંછન છે વળી,
રાહુ ગળે ખટ માસે રે;
પક્ષે વધે ને પક્ષે ઘટે કળા, પૂરણ,
નિત્ય તે નવ પરકાશે.... હાવાં૦
તે કરતાં ચંદ્રવદની કહી તો,
ઠર્યાં હું ને ચંદ્ર એક રાશે રે;
ત્યારે મુજ વિના શું અટક્યું છે?
જોશે ચંદ્ર આકાશે.... હાવાં૦

નહિ તો શિવને સમીપ રાખશે, ને
ભાલે ચંદ્ર દેખાશે રે;
પ્રસન્ન થઈ પાસે રહેશે નહિ તો,
કહેવાય નહિ નિજ દાસે.... હાવાં૦
એવડો શ્રમ પણ શીદ કરે જુઓ,
ચંદ્ર પોતાની પાસે રે;
વામ ચરણમાં ઈન્દુ અચળ છે,
શીદ રહે અન્યની આશે ?.... હાવાં૦
દયાના પ્રીતમને કહે સખી, જુઓ,
શશીમુખ સરખું સુખ પામે રે;
કોટિ પ્રકારે હું નહિ આવું,
એવા પુરુષની અડાસે.... હાવાં૦

૩૪૩. [રાધાની રીસ-૩]

કોરો કાગળ આજ લખું છું, કાન !
ખોટું લાગે ય ખરું જાણું છું, કાન !
લાવું તો લેખણી ક્યાંથી રે ? કાન !
આંજ્યું કાજળ ના વરસોથી, કાન !
કહેવાનું એક બસ આટલું; ઓ કાન !
સંદેશો કોઈ તું કહાવતો ના, કાન !.... કોરો૦
ઘમકે ના કોઈનું ય વલોણું, કાન !
રહે છે અબોલડે સાહેલી, કાન !
જમનાનાં જળ થયાં ખારાં રે, કાન !
ભડકે સહુ ગાવડી મારાથી, કાન !
કહેવાનું આજ બસ આટલું; ઓ કાન !
ગોકુળિયે કોઈ દી આવતો ના, કાન !.... કોરો૦

રાત પડી આંહીં ન જાણી મેં કાન !
દિવસ ઊગ્યોય કદી જાણ્યો ના, કાન !
ઓધવ સંગાથ કાં ના'વ્યો રે, કાન !
સગપણુ હવે કાંઈ રહેતાં ના, કાન !
કહેવાનું આખરમાં આટલું, ઓ કાન !
રાધાની કોઈ ઘા ખાતો ના, કાન !
રાધાનું નામ હવે લેતો ના, કાન !.... કોરો૦

૩૪૪.

પ્રેમપંથ પુરુષોત્તમ કેરો, વિકટ છે તે ઘાટી વસમી રે !
પીએ તે પરમપદ પામે, દેખો એ ભક્તિ દશમી રે !.... પ્રેમ૦
એ કૃતિ જેના ઉરમાં આવે, અમરલોક લઈ જાય રે;
પ્રેમસુધા પીએ કોઈ પૂરા, જીવ મટી શિવ થાય રે !.... પ્રેમ૦
પહેલે જુગે પ્રહ્લાદે પીધાં, માર્યો પિતા તે ન મૂઓ રે;
તેલ કઢામાં તર્યો સુધન્વા, જીવતો રહ્યો એ જીવો રે !.... પ્રેમ૦
જનકવિદેહીએ રસ જાણ્યો, વ્રજવનિતાને ઘણો વ્હાલો રે;
રાય હરિશ્ચંદ્ર ને તારા, પીધો પ્રેમનો પ્યાલો રે !.... પ્રેમ૦
મીરાંબાઈએ મહારસ માણ્યો, સ્વદેહે હરિમાં સમાણી રે;
પૂર્વજનમના પુણ્યે પ્રગટે, કોઈકની સાચી કમાણી રે !.... પ્રેમ૦
કબીર, કરમા, સજનો ને શબરી હરિરસનાં અધિકારી રે;
ગણુપત કહે ગુણુ ગોવિંદ કેરા, નીરખો નર ને નારી રે !.... પ્રેમ૦

૩૪૫.

રંગ લાગ્યો કનૈયા ! મને તારો,
જગત બધું આંખું દીસે,
તારા પ્રેમનો પ્રસાદ મેં તો ચાખ્યો,
વિષયરસ ફિક્કો દીસે.... રંગ૦

સૃષ્ટિ સકલમાં તું જ સમાયો,
જલ સ્થલ નભ તારો પડછાયો;
તારો મહિમા મુનિઓએ ગાયો,
જગત બધું ઝાંખું દીસે....રંગ૦
ચાંદ સૂરજ બે આંખો છે તારી,
રાત દિવસ પલકયા કરનારી;
તારાં ગીતો સમંદર ગાતો,
જગત બધું ઝાંખું દીસે....રંગ૦
સ્થિર બની પર્વત પર બેઠો,
તો કો’ દિન સરિતામાં વહેતો;
તારા પ્રેમનો પ્રવાહ મેં તો જોયો,
જગત બધું ઝાંખું દીસે....રંગ૦
સાંધ્ય ઉષા કેરા રંગોમાં,
સુંદરવર છે તું જ સમાયો;
કીધો વીજળીમાં તેં ચમકારો,
જગત બધું ઝાંખું દીસે....રંગ૦
ફોરમ થઈ ફૂલડાંમાં ફરતો,
આમ્રકુંજ બની કોકિલ ટહુકતો;
વનમાળી વને વન પ્રગટતો,
જગત બધું ઝાંખું દીસે....રંગ૦
શ્યામ સુંદર! તવ શોભા અનેરી,
નવતર લીલા નિત નિત તારી;
તને નીરખી હું તો હરખાતો,
જગત બધું ઝાંખું દીસે....રંગ૦

૩૪૬. [જેસલ તોરલ : લોકગીત]

જેસલ! કરી લે વિચાર, માથે જમ કેરો માર,
સપના જેવો છે સંસાર, તોરલ કરે છે પોકાર;

આવોને જેસલરાય, પ્રેમ થકી આપણ મળીએ જી,
પૂરાં સંત હોય ત્યાં જઈ ભળીએ જી....... (ટેક)

આવ્યો અમુલખ અવતાર, માથે સદ્‌ગુરુ ધાર,
જાવું ધણીને દુવાર, કાયા-બેડી ઉતારે ભવપાર....આવોને૦

ચાંદો સૂરજ છે આકાશ, નવલખ તારા એની પાસ,
પવન પાણી ને પ્રકાશ, સહુ લોક કરે એની આશ....આવોને૦

ગુરુના ગુણનો નહિ પાર, ભક્તિ ખાંડા કેરી ધાર,
નુગરા શું જાણે સંસાર, એનો એળે ગયો અવતાર....આવોને૦

ગુરુની ગતિ ગુરુની પાસ, જેવી કસ્તુરીમાં વાસ,
ધણી, તારા નામનો વિશ્વાસ, સેવકોની પૂરો હવે આશ....આવોને૦

છીપો સમંદરમાં થાય, તે નીચું સફળ કમાઈ,
સ્વાતિનાં મોતીડાં કહેવાય, મોતી મોંઘે મૂલ રે વેચાય....આવોને૦

મોતીડાં એરણમાં ઓરાય, માથે ઘણ કેરા ઘાય,
ફૂટે તે ફટકિયાં કહેવાય, ખરાની ખળે ખબરુ થાય....આવોને૦

નવલખ કોથળિયું બંધાય, કે તો ગાંધીડા કહેવાય,
હીરા માણેક હાટે વેચાય, તેનાં મૂલ મોંઘાં થાય....આવોને૦

નિત નિત ઊઠી નાહવા જાય, કોયલા ઊજળા ન થાય,
ગણિકાને બેટડો જો થાય, બાપ કોને કહેવાને જાય ?....આવોને૦

પ્રેમના ખાટ પ્રેમના ઘાટ, ઝળઝળ જ્યોતિના ઝળહાટ,
આગળ નમન્યું જ્યાં થાય, આવોને જેસલરાય !....આવોને૦

મનની માંડવિયું રોપાય, તન કેરા પડદા બંધાય,
જતી સતી મટી ભેળાં થાય, સતીઓના પંજા મેળાય....આવોને૦

દેખાદેખી કરો રે મત ભાઈ! હાથમાં દિવડિયો દરશાય,
અંતરે અજવાળાં થાય, ચાર જુગની વાણી તોળલ ગાય....આવોને૦

૩૪૭.

હર રે શંકર! તમને હરખે ઝુલાવું;
ભોળા રે શંભુ! તમને શીશ ઝુકાવું.
આવાગમન ફેરો ટાળો રે....મહાદેવજી! હર રે૦

સોમે કરું રે, પ્રભુ! તમારી સેવા,
આ ભવથી પાર ઉતારો રે....મહાદેવજી! હર રે૦

મંદિરે જાતાં જ મહાસુખ પામું,
દહેરે જતાં દુઃખ કાપો રે....મહાદેવજી! હર રે૦

મન મારું ચંદન, તન રે ઓરસિયો,
સુખડ ચંદન તો સ્વીકારો રે....મહાદેવજી! હર રે૦

મન મારું જ્યોતિ, તન રે દિવડિયો,
કરું છું આરતી સ્વીકારો રે....મહાદેવજી! હર રે૦

પ્રભુ સહાય કરો, દેવાધિદેવા!
ભક્તોને દર્શન દેજો રે....મહાદેવજી! હર રે૦

જે કોઈ શિવનું પારણું આ ગાશે,
કૈલાસે સુખરૂપ વાસો રે....મહાદેવજી! હર રે૦

૩૪૮.

હાંરે મને તારો ભરોસો ભારી,
હો શ્યામ! મને તારો ભરોસો ભારી.
હાંરે કહું તુજને હું પોકારી, હો શ્યામ! મને તારો૦

અવનવી ઉપાધિ કેટલીક સહેવી?
અંતરની વાત મારે કોને જઈ કહેવી?
હાંરે બધી આફતથી લેજે ઉગારી, હો શ્યામ! મને તારો૦

મનની મટુલીમાં માયા ને ભક્તિ,
બંને સમાવવા આપજે તું શક્તિ;
હાંરે લાજ સાચવજે મોરલીધારી, હો શ્યામ ! મને તારો૦

યાચું છું, અલબેલા ! આટલું જીવનભર,
આવી બિરાજ તું હૃદય આસન પર;
હાંરે આવી ઉઘાડ ચિત્ત-બારી, હો શ્યામ ! મને તારો૦

કોઈને છે આશા, ને કોઈને નિરાશા,
મુજમાં ન જોઈએ હાર-જીત પાસાં;
હાંરે સોંપી બધીય તને બાજી, હો શ્યામ ! મને તારો૦

નૌકા જીવનનાં શઢ ને સુકાન તું,
ચાહે ડુબાડ કે ચાહે તો તાર તું;
હાંરે તારા પ્રેમનો હું ભિખારી, હો શ્યામ ! મને તારો૦

૩૪૯.

હરિ ! તારાં નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી ?
રોજ રોજ બદલે મુકામ, કયા નામે લખવી કંકોતરી ?

મથુરામાં મોહન તું, ગોકુળ ગોવાળિયો,
દ્વારિકામાં રાજા રણછોડ.... કયા નામે લખવી૦.... હરિ૦

કોઈ તને રામ કહે, કોઈ રાધેશ્યામ કહે,
કોઈ કહે નંદનો કિશોર.... કયા નામે લખવી૦.... હરિ૦

નરસિંહ મહેતાનો તું સ્વામી શામળિયો,
મીરાંનો ગિરિધર ગોપાળ.... કયા નામે લખવી૦.... હરિ૦

ભક્તોની રાખી ટેક, રૂપો ધર્યાં અનેક;
અંતે અનેકમાં તું એક.... કયા નામે લખવી૦.... હરિ૦

નામો તારાં અપાર, ગણતાં ન આવે પાર;
પહોંચે ના પૂરો વિચાર.... કયા નામે લખવી૦.... હરિ૦

હૃદયના ભાવથી, આ લખી કંકોતરી;
આવો આવોને અવિનાશ !.... કયા નામે લખવી૦.... હરિ૦

ભક્તોનો દાસ છે, કણ કણમાં વાસ છે;
પહોંચ્યાનો પૂરો વિશ્વાસ.... કયા નામે લખવી૦.... હરિ૦

૩૫૦. [રાગ : સાવનકા મહિના]

હીરે જડયું પારણું ને મોતીગૂંથી દોર,
ઝુલાવે જશોદા, ઝૂલે નંદનો કિશોર.

આઠમની રાતડી ને શ્રાવણનો મહિનો,
ભાર ઉતારવાને ધરા-ધરણીનો;
જન્મ્યો છે ગોકુળમાં આજે મહીમાંખણનો ચોર... હીરે૦

ઊમટયું ગોકુળિયું નંદજીના દ્વારે,
શ્યામસુંદરની માતા નજરો ઉતારે;
સોળ કળાએ નાચી રહ્યો છે રાધાનો મન-મોર.... હીરે૦

શીતળ ચંદ્ર નભમાં રે શોભે,
વ્રજનો ચંદ્ર પારણિયે શોભે;
ગોપ અને ગોપીઓનાં બન્યાં નયનો ચકોર.... હીરે૦

આજે ગોકુળમાં સઘળે આનંદ છે,
જશોદાનો જાયો પરમાનંદ છે;
જુગ જુગ જીવો લાલા હરિ, યમુના કરે શોર.... હીરે૦

૩૫૧.

હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે,
મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે !....હળવે૦

કીધું કીધું કીધું મુજને કંઈક કામણ કીધું રે,
લીધું લીધું લીધું મારું ચીતડું ચોરી લીધું રે !....હળવે૦

જાગી જાગી જાગી હું તો હરિમુખ જોવા જાગી રે,
ભાગી ભાગી ભાગી મારા ભવની ભાવટ ભાગી રે !...હળવે૦

ફૂલી ફૂલી ફૂલી હું તો હરિમુખ જોઈ ફૂલી રે,
ભૂલી ભૂલી ભૂલી મારા ઘરનો ધંધો ભૂલી રે !....હળવે૦

પામી પામી પામી હું તો મહાપદવીને પામી રે,
મળિયો મળિયો મળિયો મહેતા નરસૈંયાનો સ્વામી રે !....હળવે૦

૩૫૨. [રાગ : હાંરે મને મારી પ્રેમકટારી...]

હાંરે ઓલી રાધા રૂપની રાણી,
કાનુડાની પટરાણી રે, કાનુડાની પટરાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે એણે નવરંગ ચૂંદડી પહેરી,
હાંરે એ તો ગોકુળ ગામની છોરી;
વ્રજસખી કહેવાણી રે, વ્રજસખી કહેવાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે આવી રાત શરદ રઢિયાળી,
હાંરે વાગી વાંસલડી મતવાલી;
ગોપી સહુ વીંટળાણી રે, ગોપી સહુ વીંટળાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે રાધિકાને ગર્વ ઘણેરો રાસે,
હાંરે પ્રભુજી રહેતા કેવા પાસે;
ફુલાણી વ્રજરાણી રે, ફુલાણી વ્રજરાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે એક આંબા કેરી ડાળે,
હાંરે રાધા ફળ ત્યાં ભાળે;
લેવાને લલચાણી રે, લેવાને લલચાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે પ્રભુ કહેવા લાગ્યા પ્રીતે,
હાંરે ગોરી ! સ્કંધ ચઢોને હેતે;
કેરીને લ્યો તાણી રે, કેરીને લ્યો તાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે સ્કંધે ચઢિયાં રાધા રાણી,
હાંરે માન્યાં શ્રેષ્ઠ ગણ્યાં પટરાણી;
વિચારે મલકાણી રે, વિચારે મલકાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે જેવી આંબા-ડાળી પકડી,
હાંરે અંતર્ધાન થયા હરિ કપટી;
રાધિકા લટકાણી રે, રાધિકા લટકાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે વ્હાલો ગર્વનું ખંડન કરતો,
હાંરે ભોળા ભક્તનું ચીત્તડું હરતો;
શ્રી પ્રભુને લો જાણી રે, પ્રભુને લો જાણી, રૂપરાણી....ઓલી૦

હાંરે ચીમન ગર્વ ગળ્યો રાધાનો,
હાંરે પામી પ્રેમનો રસ કાનાનો;
રાધિકા હરખાણી રે, રાધિકા હરખાણી, રૂપરાણી....ઓલી૦

**૩૫૩.** [રાગ : હાંરે મને મારી પ્રેમકટારી...]

હાંરે કોઈ આજ જશે કોઈ કાલે;
એમાં ચાલે ન બહાનું રે, એમાં ચાલે ન બહાનું, જવાનું....કોઈ૦

હાંરે સંસાર મુસાફરખાનું,
હાંરે ના રે કાયમ રહેવાનું;
કરી લે કાંઈ કરવાનું રે, કરી લે કાંઈ કરવાનું, જવાનું....કોઈ૦

હાંરે પરબે પંખીડાં મળતાં,
હાંરે મળતાં ને પથ પળતાં;
લઈ કર્મનાં ફળ વળવાનું રે, લઈ કર્મનાં ફળ વળવાનું, જવાનું....કોઈ૦

હાંરે ઊગ્યાને આથમવાનું,
હાંરે ખીલ્યાને કરમાવાનું;
જન્મ્યું એ તો જવાનું રે, જન્મ્યું એ તો જવાનું, જવાનું....કોઈ૦

હાંરે દિન ચારની મહેમાની,
હાંરે શીદ બનતો તું અભિમાની?
કર ભજન થકી તરવાનું રે, કર ભજન થકી તરવાનું, જવાનું....કોઈ૦
હાંરે અસલ કરમને લે તું જાણી,
હાંરે ચાલજે સમજી લઈને, પ્રાણી!
તારું રહેશે નહિ ઉધરાણું રે, તારું રહેશે નહિ ઉધરાણું, જવાનું....કોઈ૦
હાંરે ગોવિંદ શીખામણ દે સાચી,
હાંરે માયાની પ્રીત તો કાચી;
પ્રભુથી કાંઈ નવ છાનું રે, પ્રભુથી કાંઈ નવ છાનું, જવાનું....કોઈ૦

૩૫૪.

હરિના નામનો હો એક જ આધાર છે;
જીવન-સંગ્રામનો હો એક જ આધાર છે.
કીર્તન કર્યે ચિત્ત દર્પણથી ઊજળું;
પાપો ધોવાનો હો એક જ આધાર છે....હરિના૦
તાપે તપેલાંને મારગમાં ઝાડ છે;
આશ્રય લેવાનો હો એક જ આધાર છે....હરિના૦
કડવી આ લીમડીમાં મીઠી એક ડાળ છે;
અમૃત પીવાનો હો એક જ આધાર છે....હરિના૦
દુઃખોના દરિયામાં પુનિત એ બેટ છે;
સુખી થવાનો હો એક જ આધાર છે....હરિના૦

૩૫૫.

હાંરે મને મારી પ્રેમકટારી.
ગયો રે કરી દુઃખિયારી રે, ગયો રે કરી દુઃખિયારી, ગિરિધારી....મને૦
હાંરે એ તો મોજ મથુરા માણે,
હાંરે હું તો ઝુરતી જીવું પરાણે;
નહિ જાણે એ પીડા મારી રે, નહિ જાણે એ પીડા મારી, ગિરિધારી....મને૦

હાંરે એના લટકાથી લોભાણી,
હાંરે પ્રીત પૂરી કરી પછતાણી;
હવે શું કરું અબળા નારી રે, હવે શું કરું અબળાનારી ગિરિધારી...મને૦

હાંરે શું કરવી દુઃખની વાતો,
હાંરે નહીં સ્હેજ ગમે ઘરમાં તો;
નથી વિસરાતો મુરારિ રે, નથી વિસરાતો મુરારિ, ગિરિધારી....મને૦

હાંરે કુબ્જાએ કેદી બનાવ્યો,
હાંરે ભૂરકી નાખી ભમાવ્યો;
મને બેઠો છે વિસારી રે, મને બેઠો છે વિસારી, ગિરિધારી....મને૦

હાંરે શીદ વિરહ આગમાં તાવે,
હાંરે એને કોણ જઈ સમજાવે?
ઝૂરી મરશે રાધા તારી રે, ઝૂરી મરશે રાધા તારી, ગિરિધારી....મને૦

૩૫૬. [રાગ : હાંરે મને મારી પ્રેમ કટારી...]

હાંરે મને આશરો એક છે તારો.
નથી બીજો કોઈ સહારો રે, નથી બીજો કોઈ સહારો, ઓ દયાળુ!

હાંરે દીધો દેહ સફળ તું કરજે,
હાંરે અવગુણ ચિત્ત ન ધરજે;
તું આતમ-શક્તિ ભરજે રે, તું આતમ-શક્તિ ભરજે, ઓ દયાળુ!

હાંરે મન ભ્રમણા માંહી ભમતું,
હાંરે નહીં સુખ જીવનમાં જડતું;
ઘડી રે ઘડી દિલ રડતું રે, ઘડી રે ઘડી દિલ રડતું, ઓ દયાળુ!

હાંરે તારા ગુણલા નિશદિન ગાતાં;
હાંરે તોયે દરદ નહીં દૂર થાતાં;
ભક્તો બહુ અકળાતા રે, ભક્તો બહુ અકળાતા, ઓ દયાળુ!

હાંરે તને વીનવતાં જીભ થાકી.
હાંરે કાંઈ કહેવાનું નથી બાકી;

૩૫૭. [રાગ : એકડે એક ભજનની રાખો ટેક...]

હાલરડું ગાઉં, મારા લાલને સુણાવું....,
ઝુલો ઝુલો પારણિયામાં લાલજી!

કાનો મારો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો....ઝુલો૦
પાટલો ગયો ખસી, કાનુડો પડ્યો હસી....ઝુલો૦
ચાંદા ચાંદા ચોરી, ગિરિધર ને રાધા ગોરી....ઝુલો૦
અગર ચંદન ગોટી, કાનાથી રાધા મોટી....ઝુલો૦
સાવ સોનાની ઝારી, કાનાને રાધા પ્યારી....ઝુલો૦
રાધાને હાથે ચૂડો, એનો ગિરધર વર છે રૂડો....ઝુલો૦
વ્રજની ગોપી આવે, ઝભલાં ને ટોપી લાવે....ઝુલો૦
કાનાને માખણ વ્હાલું, એ તો બોલે કાલું કાલું....ઝુલો૦
રમકડાં હું આપું, કાનાને આંજણ આંજું....ઝુલો૦
મુખમાં મિસરી નાખું, કાનાને છાનો રાખું....ઝુલો૦
છો કુમુદીના પ્યારા, લાડકડા મોહન મારા....ઝુલો૦

૩૫૮. [રાગ : એક વાર એક વાર એક વાર મોહન...]

હરિના નામમાં ને તાળીના તાનમાં
જે જન જાતાં થાકી રે,
જે જન જાતાં થાકી, મારા વ્હાલા!
એને આપો હરિ-નામ ફાકી રે....હરિના૦

હરિનું નામ તમે કેમ નથી લેતાં?
ઉંમર ગઈ બધી પાકી રે....હરિના૦

આ રે સંસારમાં જોઈ બધું લીધું,
હજી રહ્યું શું બાકી રે?....હરિના૦

નાનાં નથી તમે મોટાં થયાં છો,
છોકરાં કહે કાકા કાકી રે....હરિનાo
પ્રાણશંકર કહે બેઉ કર જોડી,
મળ્યું નિશાન લ્યો તાકી રે....હરિનાo

૩૫૯.

હરિ ઓમ્ હરિ ઓમ્ (૨)
કરે છે હૈયું પોકાર....હરિ ઓમ્....
એકાગ્ર ધ્યાનથી, હૃદિયાના ભાવથી;
સમરું છું સાંજ સવાર....હરિ ઓમ્.... હરિo
મનડાનાં માન મૂકી, તનડાનાં ભાન ભૂલી,
ઝંખે છે દિલડાના તાર હરિ ઓમ્.... હરિo
સમરણના સૂર સજું, ભાવે ભગવાન ભજું,
ઊઠે છે હૃદય-રણકાર....હરિ ઓમ્.... હરિo
સદ્‌ગુરુ સાથમાં, સંતના સંગાથમાં,
બોલે છે ઊર્મિ-સિતાર....હરિ ઓમ્.... હરિo
કરું છું કાલાવાલા, ભક્તોના નાથ, વ્હાલા!
ગિરિધર ઉતારો ભવપાર....હરિ ઓમ્.... હરિo

૩૬૦.

હરિ ઓમ્, હરિ ઓમ્, બોલો સહુ હરિ ઓમ્....
શ્વાસે શ્વાસે રણકાર....હરિo
સ્વયં પ્રકાશી છે, અમર અવિનાશી છે;
હટાવે કાળનો કાળ....હરિo
નાદ કલા બિંદુ છે, મહાસુખ સિંધુ છે;
અંતર-ચક્ષુ ઉજાળ....હરિo
મન તારું સ્થિર કરી, ત્રિપુટિમાં ધ્યાન ધરી,
ઝળહળ જ્યોતિ જલાવ....હરિo

સનકાદિ સૂર ગાય, નેતિ નેતિ વેદ ગાય,
નિર્ગુણ ને નિરાકાર....હરિ૦

બ્રહ્મ જ્યોતિ ધામ છે, પુનિત એ નામ છે,
નરહરિ વાણીથી બહાર....હરિ૦

૩૬૧.

હરિ તને કેમ કરી દેખાય ? તારા દિલનું કપટ નવ જાય.
ઘુવડ પંખી ધોળે દહાડે અંધારે અથડાય;
તાપ લાગે, રાહ ન સૂઝે, કુટાઈને મરી જાય;
એમ તારા જીવનનું પણ થાય....
નયન ખૂલે તો દરશન થાય....હરિ તને૦

શરદ પૂનમની રાત ભાળી, ચકોર ઘેલું થાય;
સોળ કળાએ ચંદ્ર ખીલ્યો, કાગડા ગોથાં ખાય;
ગુણને બદલે દોષ જોવાને જાય....
તેની એવી જ હાલત થાય....હરિ તને૦

ગર્દભ પીઠ પર સાકર લાદી, કીડી હોંશે ખાય;
ગર્દભ એનો સ્વાદ ન ચાખે, ખાય તો મરી જાય;
ગધ્ધા-મજૂરી કરતાં જીવન જાય....
મધુરા રસથી વંચિત રહેવાય....હરિ તને૦

હરિરસ મીઠો અમૃત કરતાં, પીતાં અમર થવાય;
શિવરામ, પામર ! વાર કરે શું ? જન્મારો વહી જાય;
પાછળથી પસ્તાએ શું થાય ?....
હરિગુણ ઘડપણમાં નહીં ગવાય....હરિ તને૦

૩૬૨.

હું ગાંડો નથી રે, હું ઘેલો નથી રે,
કોઈનો છેતર્યો છેતરાઉં એવો ભોળો નથી રે !....હું૦

બે-પાંચ ફૂલ લઈ મંદિરમાં આવે,
લોટરી લાગે એવી માનતા ધરાવે;
એવાં પાંચ ફૂલે પાંચ લાખ દેતો નથી રે !....હું૦

સાચી ખોટી મારી ફિલ્મો ઉતારે,
ભોળા ભક્તોને પછી જોવા લલચાવે;
દોઢ રૂપિયાના ભાવમાં હું સસ્તો નથી રે !....હું૦

મારા બનાવેલા મુજને બનાવતા,
ગર્ભમાં દીધેલો કોલ વિસારતા;
એને વખત આવ્યે હું છોડતો નથી રે !....હું૦

કળિ તે કાળમાં ભાવથી ભીંજાઉં છું,
મુસાફર-મંડળની સાથે જ હોઉં છું;
નથી ભાવ તેને દરશન હું દેતો નથી રે !....હું૦

૩૬૩.

હવે કૃપા કરી, જલદી આવો હરિ !
રણછોડ રાયા ! ગાઈએ ગાઈએ ગુણલા તારા.

ત્યાં તો ગંભીર ગોમતીજી ગાજે,
એના દરવાજે નોબત વાગે;
એના શબ્દો સુણી, દેહ-ભાન ભૂલી, રણછોડ૦.... હવે૦

કરમાં પુષ્પની માળા લેતા,
તુજને માખણ ખાવા દેતા;
હૈયે હોંશ ભરી, ચરણે ચિત્ત ધરી, રણછોડ૦.... હવે૦

તમે તો દ્વારિકાવાસી કહેવાઓ,
પ્રભુ ! ભક્તોના મનને ભાવો;
વ્હાલા ! વેગે ચઢી, આવો ભક્તો ભણી, રણછોડ૦.... હવે૦

રામભક્ત તમારો છે દાસ,
એના અંતરની પૂરજો આશ;
હૈયું રહેતું રડી, દરશન દેજો હરિ! રણછોડ૦.... હવે૦

૩૬૪. [રાગ : જાદુગર છૈયા છોડો મારી બૈયા]

હટો ગિરિધારી, ફૂટે ગગરી મારી, તન પર ઢળશે નીર....
હમ ઘર જાવા દો.

શીદ કરો ઝઘડો, મૂકો મારગડો–
–જશોદાના લાલ! મૂકો અમારાં ચીર....
હમ ઘર જાવા દો.

હું વ્રજ ગોપી, શાને રોકી, બોલો શ્યામ શરીર!....
હમ ઘર જાવા દો.

કહે કાનુડો, મૂકું પાલવડો, આપો મહીનાં દાણ....
હમ ઘર જાવા દો.

સુણો સુણો કાન, મૂકીએ બાન–
–માનો અમારી વાત, મૂકો અમારાં ચીર....
હમ ઘર જાવા દો.

આવજો કાલ, નંદજીના લાલ, આપીશું મહીનાં દાણ....
હમ ઘર જાવા દો.

કહે ગજા ભૈયા, જશોદાના છૈયા–
–તારી લીલા અપાર, ઘટ ઘટમાં વસનાર....
હમ ઘર જાવા દો.

૩૬૫. [રાગ : મૈં કયા કરું રામ, મુઝે બુઢ્ઢા મિલ ગયા...]

હટો હટો નંદલાલ, મારે જાવું જમના તીર,
તમને દઉં છું મારા સમ, શાને રોકો મારા વીર?
ગાગરને લઈને જાવું ભરવા જમના નીર,

મૂકો મૂકો મારગડો ને મૂકો અમારાં ચીર....
હટો હટો નંદલાલ૦....

નણુદી લડશે, સાસુ લડશે, લડશે મુજ ભરથાર;
મારી પાસે જવાબ લેશે, કેમ લાગી વાર....
હટો હટો નંદલાલ૦....

કહે કાનુડો, ગોપી! સાંભળ વ્રજની નારી;
ડર નથી મુજને કોઈનો, બાળક બુદ્ધિ મારી;
કહેજે કહેજે આવી ક્હાન રોકે જમનાને તીર....
હટો હટો નંદલાલ૦....

મારગ વચ્ચે ઊભી રાખે, માગે મહીનાં દાણ;
માખણ માગે, દહીં માગે, કરે છે તોફાન....
હટો હટો નંદલાલ૦....

તમે જીત્યા ને હું તો હારી, આવજો મારે ઘેર;
માખણ આપું, દહીં આપું, કરજો લીલા લહેર....
હટો હટો નંદલાલ૦....

ગોપી હારી, પડી પાયે, મૂકો મારાં ચીર;
કર જોડીને ગજો કહે, ઓરે નંદદુલાર....
હટો હટો નંદલાલ૦....

લીલા વિસ્તારીને અમે ગાયા ગુણ ગંભીર;
દરશન દેજો નંદલાલા, મળશે નહીં શરીર....
હટો હટો નંદલાલ૦....

૩૬૬. [રાગ : સાવનકા મહિના...]
હાંરે મેં તો ઓઢી છે ચૂંદડી તમારી,
ઓ શ્યામ! મારી લાજ લૂંટાય ના,
લાજ લૂંટાય ના, ભૂલી જવાય ના,–
મેં તો ઓઢી છે ચૂંદડી તમારી

તારે કાજે મેં તો માબાપ છોડયાં,
સગાં સંબંધીનાં બંધન તોડ્યા;
હાંરે મને દેશો ના તમે હડસેલી.... ઓ શ્યામ! મારી૦

ઝાલીને હાથ મારો ભૂલી શું જાય છે?
મળવાને શ્યામ! મારું મનડું મૂંઝાય છે;
હાંરે મને લોકો કહે છે રખડેલી.... ઓ શ્યામ! મારી૦

ઓઢી છે ચૂંદડી ને પ્હેર્યો છે ચૂડલો,
નંદુના શ્યામ, હવે ઝાલી લોને છેડલો;
હાંરે મને લોકો કહે છે વરઘેલી.... ઓ શ્યામ! મારી૦

૩૬૭.

હું શોધું છું ભગવાન, પ્રભુથી સાવ અજાણ,
મારે કોનું ધરવું ધ્યાન?
મારે કોનું ધરવું ધ્યાન, પ્રભુજી! મારે કોનું ધરવું ધ્યાન?....
કોઈ કહે એને રામ સીતા ને કોઈ કહે ઘનશ્યામ;
કોઈ કહે એને કૃષ્ણ મોરારિ, લાખો એનાં નામ;
મારે કોનું ધરવું ધ્યાન?....
પથ્થરનાં મંદિર બનાવ્યાં, પથ્થરના ભગવાન;
બન્યા પૂજારી પથ્થર જેવા, કેવા ઈશ મહાન!
મારે કોનું ધરવું ધ્યાન?....
કબીરની માએ કબીર જન્માવ્યા, કબીર ન થાયે કોઈ;
ડાળે ડાળે કબીર જ વસિયા, પાને પાને રામ,
મારે કોનું ધરવું ધ્યાન?....
જળ વિનાની સૂકી સરિતા, વચ્છ વિણ સૂની ગાય;
પુત્ર વિનાની સૂની માતા, ભક્ત વિના ભગવાન,
મારે કોનું ધરવું ધ્યાન?....

૩૬૮. [રાગ : હો હો રે મારું ઝાંઝર ખોવાયું...]

હો હો રે હવે કેમનું થવાનું ?
કાને થયા બ્હેરા ને આંખે થયા આંધળા,
દાંતે કાઢયું દેવાળું ને જીભે વળે લોચા;
કોણ જાણે ક્યાંથી આવ્યું ઘડપણ રે આવું ?....હો હો રે૦

વહુ-બેટા સામું બોલે, વાત મારી કાપતાં,
કમાયેલું મારું છતાં ખાવા ય નથી આપતાં;
માંદગીમાં સડી રહ્યો, કોઈ નથી મારું....હો હો રે૦

પહેલાં તો હું કરું એમ માનતો'તો,
સમજાયું માંડ હવે, કરનાર તો છે બીજો;
આજે ભાન થયું એની શરણે જવાનું....હો હો રે૦

૩૬૯.

હે કરુણાના કરનારા ! તારી કરુણાનો કોઈ પાર નથી.
ઓ સંકટના હરનારા ! તારા શરણે સુખનો પાર નથી....
હે કરુણાના કરનારા૦

મારાં પાપ થયાં છે એવાં, તારી કરવી ભૂલ્યો સેવા,
મારી ભૂલોના ભૂલનારા ! તારી કરુણાનો૦.... ઓ સંકટના૦

હે પરમ કૃપાળુ વ્હાલા, મેં તો પીધા વિષકટોરા,
મારા જીવનના રખવાળા ! તારા શરણે૦.... હે કરુણાના૦

હું અંતરમાં થઈ રાજી, બધી અવળી ખેલ્યો બાજી,
એને સવળી ઓ કરનારા ! તારી કરુણાનો૦.... ઓ સંકટના૦

ભલે છોરું કછોરું થાયે, તું તો માવતર કહેવાયે,
શીળી છાયાના દેનારા ! તારા શરણે૦.... હે કરુણાના૦

મારું જીવન સાવ ઉદાસી, નહીં ભજ્યા પૂરણ અવિનાશી,
ઓ અંતરમાં વસનારા ! તારી કરુણાનો૦.... ઓ સંકટના૦

મને સૂઝતો નથી કિનારો, મારો ક્યાંથી થશે ઉગારો,
ઓ જીવન ખેવનહારા! તારા શરણે૦.... હે કરુણાના૦

૩૭૦.

હર હર ભોળા મહાદેવ! મારા હૈયાના હાર છો.
હર હર શંકર મહાદેવ! મારા હૈયાના હાર છો.
હૈયાના હાર છો, જીવન આધાર છો.... હર હર ભોળા૦....

આશા, અવિનાશી! પૂરો અંતરની (૨)
દરશન દેજો, મહાદેવ! હૈયાના હાર છો....હર હર શંકર૦....

રાજા રાવણને રાજ તમે આપ્યું (૨)
દળદર ફેડ્યું, મહાદેવ! હૈયાના હાર છો....હર હર ભોળા૦

ભક્તોનો ભોળો તો ભાવનાનો ભૂખ્યો (૨)
શરણે લેજો, મહાદેવ! હૈયાના હાર છો....હર હર શંકર૦

ગિરજો અધમ, તમે કૃપાના ધામ છો (૨)
કૃપા કરજો, મહાદેવ! હૈયાના હાર છો....હર હર ભોળા૦

૩૭૧.

હો, જેને શ્વાસે શ્વાસે રામ, તેને તીરથનું શું કામ?
તીરથ તેના તનમાં રે, તેને તીરથનું શું કામ?
રોમે રોમે રામ રટણથી પાવન થઈ જવાય....તીરથ તેના૦

રોહીદાસના સ્પર્શ થકી થઈ સોપારી સદ્‌ભાગી,
સુંદર શ્યામે લીધી સ્વીકારી, નિજ કરને લંબાવી;
શ્વાસે શ્વાસે રામ ભજ્યાથી પરમાણુ પલટાય....તીરથ તેના૦

સૂરદાસે હર પળ રટિયા રામ શ્યામ ગિરિધારી,
સુંદર શ્યામે દીધાં દરશન, ભવ લીધો ઉગારી;
અંતરચક્ષુ રામ ભજે તો અજવાળું થઈ જાય....તીરથ તેના૦

લોકો પાવન બનવા કાજે ગંગા આરે જાતા,
સ્નાન કરાવા ભક્ત જલાને આવ્યાં ગંગા માતા;
મનમાં તનમાં રામ-સ્મરણુ છે, ચોર્યાશી ટળી જાય....તીરથ તેના૦

રામ-સ્મરણુનો મહિમા મોટો નરસિંહ મીરાં ગાયે,
દાસ દયા ને પ્રીતમ ભોજો ધીરો નરસિંહ ગાયે;
રામ-સ્મરણુથી રામ-શરણુમાં સ્હેજે જઈ પહોંચાય....તીરથ તેના૦

૩૭૨.

હાંરે મેં તો જોયા રે, રઢિયાળી પૂનમની રાતે;
શ્યામ રાસ રમતા'તા ગોપીઓની સાથે.

ચંદ્ર સરીખું મુખડું રે શોભે,
મુખડું જોઈને દિલડું રે લોભે;
હાંરે ચિત્ત મોહ્યાં રે, જળ જમનાના ઘાટે;
શ્યામ રાસ રમતા'તા ગોપીઓની સાથે....હાંરે૦

પીળાં પીતાંબર જરકશી જામા,
ગળે શોભે છે વૈજયંતી માળા;
હાંરે ઝમક ઝાંઝરી રે ચરણુકમળમાં બાજે;
શ્યામ રાસ રમતા'તા ગોપીઓની સાથે....હાંરે૦

એક એક ગોપી ને એક એક કાનજી,
લીલા અદ્‌ભુત કરી નાચે છે નાથજી;
હાંરે ધન્ય બનિયાં રે, વૃંદા તે વન વાટે;
શ્યામ રાસ રમતા'તા ગોપીઓની સાથે....હાંરે૦

પૂનમની રાતડી ને ખીલ્યો ચાંદલિયો,
ધન્ય ભાગ્ય મારાં, મેં જોયો શામળિયો;
હાંરે હું તો નાચી રે, છેલ છબીલા સાથે;
શ્યામ રાસ રમતા'તા ગોપીઓની સાથે....હાંરે૦

૩૭૩.

હાંરે એના ભક્તોને ખૂબ સતાવે, ભગવાન-
એના ભક્તોને ખૂબી બતાવે.
હાંરે તાવી તાવીને એના બનાવે, ભગવાન-
એના ભક્તોને ખૂબી બતાવે.

આરંભે દુઃખના ડુંગર ખડકાવે,
ભર્યા સમંદર માંહી ફસાવે;
હાંરે મઝધારે એની વ્હારે આવે, ભગવાન-
એના ભક્તોને ખૂબી બતાવે.

અવરોધ અવનવા લાડમાં લાવે,
ઊંચે ચઢાવે ને પ્હાડથી પછાડે;
હાંરે પછી પુષ્પોની સેજ બિછાવે, ભગવાન-
એના ભક્તોને ખૂબી બતાવે.

સ્નેહી નથી રહેતું કોઈ જગતનું,
એવું દેવાળું તે કાઢે ભગતનું;
હાંરે એવા કસોટીના ચાકડે ચઢાવે, ભગવાન-
એના ભક્તોને ખૂબી બતાવે.

પોતાને પળવાર નહીં વિસરવા,
આપે સંકટ, એને પોતાનો કરવા;
હાંરે પછી ઇતિહાસે અમ્મર કરાવે, ભગવાન-
એના ભક્તોને ખૂબી બતાવે.

આમ છતાં એનો પીછો ન છોડે,
એને શ્રી રણછોડ ના તરછોડે;
હાંરે એને અંતે આવી અપનાવે, ભગવાન-
એના ભક્તોની ખૂબી બતાવે.

૩૭૪.

હાંરે નથી ભક્તોની લાજ જવા દેતા, ભગવાન–
નથી ભક્તોની લાજ જવા દેતા.

હાંરે એના પડખે આવીને ઊભા રહેતા ભગવાન–
નથી ભક્તોની લાજ જવા દેતા.

વિશ્વાસે વળગીને હિંમત ન હારતા,
તેનાં એ કોઈ રીતે કારજ સુધારતા;
હાંરે ભાર કોઈનોય શિર નથી લેતા, ભગવાન–
નથી ભક્તોની લાજ જવા દેતા.

લાખ લાખ વલખાં વિરોધીઓ મારે,
એમાંથી પણ પ્રભુ પળમાં ઉગારે;
હાંરે છૂપા સંદેશ કાન માંહે કહેતા, ભગવાન–
નથી ભક્તોની લાજ જવા દેતા.

ભક્તોને ભીડ પડે આખરમાં આવે,
કષ્ટ-બંધનમાંથી સહેજે છોડાવે;
હાંરે આવી પ્રેમ તણા પૂરમાં વહેતા, ભગવાન–
નથી ભક્તોની લાજ જવા દેતા.

પ્હેલાં પૂરેપૂરા ભક્તને સતાવે,
પછી શ્રી રણછોડ ખૂબી બતાવે;
હાંરે સદા સ્હાય કરે સૃષ્ટિ-પ્રણેતા, ભગવાન–
નથી ભક્તોની લાજ જવા દેતા.

૩૭૫.

હંસલો પિંજરે પુરાણો....
ગુરુજી મારા ! હંસલો પિંજરે પુરાણો....
કાયાનું કોડિયું ઝોલા રે ખાતું, ને આતમડો મૂંઝાણો;
ગુરુજી વ્હાલા ! હંસલો પિંજરે પુરાણો....હંસલો૦

હાડ માંસ ને રુધિર ભરેલું આ માટીનું અંગ,
ચાર દિવસના ચાંદરણાનો કાચો કાયા રંગ;
કયાં જઈને તારો જીવ ભરમાણો ? ગુરુજી૦

પળ પળ છળતી મૃગજળ શી આ સંસારી જાળ,
હોય ભલેને રાણીનો જાયો, સૌને માથે કાળ;
જે આવે તે જાય એટલું જાણો.... ગુરુજી૦

બાંધ ગઠરિયાં પાપ-પુણ્યની જાવું સામે પાર,
ઉપર ફૂલ ને નીચે કાંટા, અવળો આ સંસાર;
એ જી, કાયાનો કાચો તાણો-વાણો.... ગુરુજી૦

૩૭૬.

હાંરે તારા દુ:ખમાં રહે એક રતિ,
મૂરખ મન ! ભજ શિવ ઉમિયાપતિ....

જમણા અંગનો મેલ ઉતારી (૨)
એના બનાવ્યા ગણપતિ....મૂરખ મન૦

એ રે ગણપતિને દ્વારે બેસાડયા (૨)
ન્હાવા બેઠાં મહા સતી....મૂરખ મન૦

કૈલાસમાંથી શંકર આવ્યા (૨)
દ્વારે દીઠા બાળ જતી....મૂરખ મન૦

રંગના ભોગી આઘા રહેજો (૨)
ન્હાવા બેઠાં મહા સતી....મૂરખ મન૦

શંકરને ત્યાં ક્રોધ જ વ્યાપ્યો (૨)
શિર છેદ્યું ત્રિશૂળ વતી....મૂરખ મન૦

નાહીને સતી બારણે આવ્યાં (૨)
દીઠા નહિ ગણપતિ....મૂરખ મન૦

મારા કુંવરને કોણે રે માર્યો ? (૨)
આક્રંદતાં મહા સતી....મૂરખ મન૦
તારા કુંવરને મેં તો રે માર્યો (૨)
રડો નહીં મહા સતી....મૂરખ મન૦
હાથી કેરું મસ્તક લાવીને (૨)
સજીવ કીધા ગણુપતિ....મૂરખ મન૦
હાંરે તારા દુઃખમાં રહે એક રતિ....મૂરખ મન૦

૩૭૭.

હંસલો ચાલ્યો જવાનો એકલો રે,
ત્યાં નથી કોઈનો રે સંગાથ....હંસલો ચાલ્યો૦
રસ્તો વિકટ ઘણેરો આવશે રે,
ભોમિયો લેજો તમે ત્યાં સાથ....હંસલો૦
સાચા સંતોની સેવા કીજીએ રે,
સંતો મુક્તિ તણા દેનાર....હંસલો૦
ભક્તિ-ભાથું ભરી સાથ રાખજો રે,
ત્યાં નથી વાણિયા કેરાં હાટ....હંસલો૦
ભજનમાં ઝાઝો સમય તમે ગાળજો રે,
તે ત્યાં ચોપડે જમા થાય....હંસલો૦
પુનિત પ્રભુનું ભજન કીજીએ રે,
તે તો ઉતારે ભવ-જળ પાર....હંસલો૦

૩૭૮. [રાગ : કવ્વાલી–'આ ગયા એલપ...']

હે પ્રભુ! આ વિશ્વમાં તું શાન્તિ સઘળે સ્થાપજે,
સંપીને સંતોષથી સહુ જન રહે એ આપજે....હે પ્રભુ૦
પૂર્વના સત્ કર્મથી ને આપ કરુણાથી અમે,
વૈભવ પામી તને ના ભૂલીએ એ ભાળજે....હે પ્રભુ૦

યમનિયમના નિત્યપાલન કાજ સૌ તત્પર રહે,
પ્રેમનો પરિમલ પ્રસારે એ હૃદય વિકસાવજે....હે પ્રભુ૦

ધનિક જન ધન ગર્વ-લોભે હૃદયશૂન્ય કદી બને,
ને ગરીબ ચગદાય તો, તે પર દયા લાવજે....હે પ્રભુ૦

ન્યાય સત્ય સ્વમાન ખાતર સંકટ સજ્જન સહે,
દિલ કઠણ સત્તાધીશોનાં રહેમથી પીગળાવજે....હે પ્રભુ૦

દેશહિત હૈડે ધરી તન-તોડ જન સેવા કરે,
દેવ સમ તે વ્યક્તિને સો વર્ષ તું જિવડાવજે....હે પ્રભુ૦

સંપત્તિ સત્તા અને ગૌર અંગ એ ત્રણના મદે,
લાલ હડધૂત થાય છે ત્યાં પણ નજર તું રાખજે....હે પ્રભુ૦

૩૭૯. [રાગ : કાફી ધીરાની]

દુનિયા તો દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્તા વસે પાસે રે, મૂરખને નવ સૂઝે. (ટેક)

જીવ નહિ તેને શિવ કહી માને, પૂજે કાષ્ઠ પાષાણ,
ચૈતન્ય પુરુષને પૂઠે રે મૂકે, એવી અંધી જગ અજાણ;
અરકને અજવાળે રે, પારસમણિ નવ સૂઝે....દુનિયા૦

પથ્થરનું નાવ નીરમાં મૂકો, સો વાર પટકો શીશ,
કોટિ ઉપાયે તરે નહિ રે, તે બૂડે વસા વીશ;
વેળુમાં તેલ ક્યાંથી રે, ધાતુની ધેનુ શું દૂઝે?....દુનિયા૦

અંતર મેલ ભર્યો અતિ પૂરણ, નિત નિર્મલ જળમાં ન્હાય,
મહા મણિધર પેઠો રે દરમાં, તો રાફડો ટીપ્યે શું થાય?
ઘાયલ અતિ ઘાયલ રે, જાણીને જ્ઞાની ઘાવ રુઝે....દુનિયા૦

સદ્‌ગુરુ શબ્દનું ગ્રહણ કરીને પ્રગટ પંડમાં પેખ,
દૂર નથી, નાથ નજીક નિરંજન, દિલ શુદ્ધે દેદાર દેખ;
ધુરંધર બોલે ધીરો રે, જાહેર જગત મધ્યે ગૂઝે....દુનિયા૦

૩૮૦. [રાગ : જિંદગી એક સફર હૈ સુહાના...]

આવ્યો છે આ દુનિયામાં તું શું કરવા ?
આ સંસાર સાગરને તરવા.

દુનિયામાં કોઈ કોઈનું નથી,
સાથે કોઈ આવવાનું નથી;
જાગી જા, લાગી જા ભજન કરવા....આ સંસાર૦

દુઃખ આવે તો ડરતો ના,
સુખ આવે તો છલકાતો ના;
હસતાં હસતાં ગુણ ગાવા....આ સંસાર૦

નિંદા થતી તો પરવા ન કર,
પ્રભુભજનમાં પાછો ન પડ;
શક્તિથી ભક્તિનું ભાથું ભરવા....આ સંસાર૦

નરહરિ સહુને નમતો જા,
કોઈ સાથે ઝઘડતો ના;
સેવાથી સહુને રાજી કરવા....આ સંસાર૦

૩૮૧.

મારાં મારાં કરી શાનો ફૂલી મરે ?
આખરમાં એ જીવ તારો જાશે,
તારા વ્હાલાં વેરી થઈ જાશે....મારાં મારાં૦

મનનાં માનેલાં તને મૂકી ચાલી જાશે,
સાચો સંગાથી શ્યામ વિના કોણ થાશે ?
ખાલી હાથે આવ્યો તું ને ખાલી હાથે જાશે,
માટે પુણ્ય કરી લે તારે હાથે....મારાં મારાં૦

મનુષ્યજન્મ તારો એળે વહી જાશે,
ભાવથી ભજી લે તો બેડો પાર થાશે;

ભક્તિ કરી લે, ભાથું આવે તારી સાથે,
માટે રામ રટી લે હર શ્વાસે....મારાં મારાં૦

ભજનમંડળ તારા પ્રેમે ગુણ ગાવે,
કીર્તન કરી લો તો ભવ ફેરા જાશે;
બાબુ કહે છે તને સાચું સમજાશે,
વ્હાલા ! ધાર્યું ધણીનું થાશે....મારાં મારાં૦

૩૮૨.

તારાં ચરણોની સેવામાં લાગી રહ્યો,
તારી ભક્તિના રંગે રંગાઈ રહ્યો, મા ! રાખો ચરણની માંય-
ભીખ માગી રહ્યો....તારાં૦

મારી નૈયા ડગમગ થાય છે,
મા ! તારો સુકાની ગભરાય છે;
બચવાને મા, માગે તારી સહાય, મા ! લળી લળી લાગું પાય-
ભીખ માગી રહ્યો....તારાં૦

મારું મનડું જ્યાં ત્યાં જાય છે,
મા ! તારા દરશન કાજ મૂંઝાય છે;
આપો શક્તિ, સદાય તારું નામ જપાય, મા ! લાગી ઉરમાં લ્હાય-
ભીખ માગી રહ્યો....તારાં૦

એજી ગુણલા તમારા જે ગાય છે,
મા ! અંબા તેને સદા સ્હાય છે;
બાબુ ગુણલા ગાય, સદા માની સહાય, મા ! રાખો ચરણની માંય-
ભીખ માગી રહ્યો....તારાં૦

૩૮૩.

કોનાથી બગાડું રે ? નહિ રે બગાડું;
જીવવું થોડું ને હું તો કોનાથી બગાડું ?

વહેલું કે મોડું સહુએ ચાલી રે જવાનું,
આ દુનિયા તો છે મુસાફરખાનું;
સુખમાં સૂતેલાને નહીં રે જગાડું....જીવવું થોડું૦

પંખી અમે સૌ સાથે જ રહેશું,
વડલા ડાળે વિસામો રે લેશું,
સાથમાં રહેનારાંને નહીં રે ઉડાડું....જીવવું થોડું૦

કોણ છે વેરી ને કોણ રે વ્હાલા,
ખાલી હાથ આવ્યા ખાલી રે જવાના;
કીમતી છે ક્ષણ ક્ષણ, નહીં રે બગાડું....જીવવું થોડું૦

અંતર્યામી એટલું હું માગું,
પરદુઃખ ભંજન બનવાને ચાહું;
પ્રેમનાં આંસુડાંથી આગ રે બુઝાવું....જીવવું થોડું૦

શ્રદ્ધાનો દીવડો જલતો તું રાખજે,
પ્રેમળ જ્યોતિ જલતી રે રાખજે;
તારે સહારે મારી નૈયા ઝુકાવું....જીવવું થોડું૦

પુરુષોત્તમના પ્રીતમ પ્યારા,
સદ્ગુરુ તમે મારા તારણહારા;
માણસાઈભર્યું મારું જીવન વિતાવું....જીવવું થોડું૦

૩૮૪. [રાગ : સાવનકા મહિના...]

કાંકરી મારીને, ક્હાન ! ગાગરડી ના ફોડ;
ઘેર જાતાં મોડું થાશે, છેડો મારો છોડ.

યમુના તટ પર પાછળ આવે,
કાંકરી મારીને મારી મટુકી ફોડાવે;
જાને અહીંથી ચાલ્યો જાને વગડે ચારવા ઢોર–
ઘેર જાતાં મોડું૦.... કાંકરી૦

વૃંદાવનની ગલીઓમાં ચાલી,
મહી વેચવાને જાઉં છાની માની;
છાનો માનો પાછળ આવે મહીમાખણનો ચોર–
ઘેર જાતાં મોડું૦.... કાંકરી૦

વાટે ને ઘાટે મારગડો રોકે,
કોઈ કહે તો ત્યાં રડતો પોકે;
લાગે છે તો નાનો પણ જબરું એનું જોર–
ઘેર જાતાં મોડું૦.... કાંકરી૦

રંગે તો શ્યામ છે લાલ લટકાળો,
સખી મંડળને લાગે છે પ્યારો;
દેખાતો તો શાણો પણ તકરારી મસ્તીખોર–
ઘેર જાતાં મોડું૦.... કાંકરી૦

૩૮૫. [રાગ : કાનિયા રે કાનિયા...]

કૃષ્ણ રે કૃષ્ણ ! નામ તારું સાચું,
જગથી ન્યારું રે, હો હો જગથી ન્યારું.
તારે ને મારે, પ્રભુ ! પ્રીતડી બંધાણી,
તૂટે નહીં જોજે, વ્હાલા પ્રીત એ પુરાણી;
ઓ કૃષ્ણ કાળા, મોરલીવાળા....(૨)
પ્રભુ ! રાખો તમારી પાસ રે.... હો હો જગથી ન્યારું; કૃષ્ણ૦

જૂઠા જગની આ માયામાં હું ભરમાયો,
સૂઝે નહીં કોઈ મને બીજો કિનારો;
ઓ નંદલાલા, ગાયોના ગોવાળા....(૨)
તમે છોડવો માયાની ઝાળ રે.... હો હો જગથી ન્યારું; કૃષ્ણ૦

યમુના કિનારે કાનો બંસરી બજાવે,
વિરહ તણી વ્હાલો વેદના જગાવે;

જશોદાના લાલા, કરું છું કાલાવાલા....(૨)
મીઠા છોડોને બંસીના સાદ રે.... હો હો જગથી ન્યારું કૃષ્ણ૦

મને રંગ લાગ્યો તારો રે માવા,
મન મારું મોહ્યું છે સંગે વ્હાલા;
છેલ છોગાળા, ઓ ગોકુળવાળા....(૨)
એવા રંગીલા રાય રણછોડ રે.... હો હો જગથી ન્યારું કૃષ્ણ૦

જે જે પુકારે પ્રભુ એની વ્હારે ધાઓ,
એડલી તારવાને દોડી દોડી આવો;
ભક્તોના તારા, મોરલીવાળા....(૨)
ભક્તમંડળ તણા રખેવાળ રે.... હો હો જગથી ન્યારું કૃષ્ણ૦

૩૮૬. [રાગ : ઝિલમિલ સિતારોંકા...]

જન્મો જન્મનાં મારાં દુઃખડાં ટાળો,
તારા વિના, મૈયા ! કોનો સહારો ?
તું છે મારી માવડી ને હું છું બાળ તારો....જન્મો૦

મનુષ્યજન્મ મારો એળે વહી જાય છે,
તારા વિયોગે, મૈયા ! ઝૂરી દિન જાય છે,
તારો જાણીને મને ના તલસાવો,
જગતજનની, મૈયા અંબા કહાવો....જન્મો૦

જીવનનાવ મેં તો સોંપ્યું તારે હાથ છે,
મારો કે તારો તમે સાચી એ જ વાત છે;
ભવ સાગરમાં, મૈયા ! આશરો છે તારો,
પ્રેમથી પોકારું, મૈયા ! બતાવો કિનારો....જન્મો૦

દિલડું મારું તો, મૈયા ! સદા તને ચ્હાય છે,
શરણે આવીને બાળુ ગુણ તારા ગાય છે;
અરજી વાંચીને મારી વાત રે વિચારો,
દર્શન વિના તો, મૈયા ! જીવ દુઃખિયારો....જન્મો૦

૩૮૭.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ! સૌનું કરો કલ્યાણ.
નર નારી પશુ પંખીની સાથે, જીવજંતુનું તમામ....દયાળુ૦
જગનાં વાસીઓ સહુ સુખ ભોગવે, આનંદે આઠે યામ....દયાળુ૦
દુનિયામાં દર્દ દુકાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ....દયાળુ૦
સર્વ જગે સુખાકારી વધે, ને વળી વધે ધન-ધાન્ય....દયાળુ૦
કોઈ કોઈનું બુરું ના ઇચ્છે, સૌનું ઇચ્છે સહુ સમાન....દયાળુ૦
પોતપોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન....દયાળુ૦

૩૮૮.

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં....સુખ૦
નળ રાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી,
અડધે વસ્ત્રે વનવન ભમ્યાં, ન મળ્યાં અન્ન કે પાણી....સુખ૦
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી....સુખ૦
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી....સુખ૦
રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી,
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી....સુખ૦
હરિશ્ચંદ્ર રાજા સતવાદિયો, જેની તારામતી રાણી;
તેને વિપતિ બહુ રે પડી, ભર્યાં નીચ ઘેર પાણી....સુખ૦
એ વિચારી હરિને ભજો, તે સહાય જ કરશે,
જુઓ આગે સહાય ઘણી કરી, તેથી અર્થ જ સરશે....સુખ૦
સર્વ કોઈને જ્યારે ભીડ પડી, સમર્યા અંતર્યામી,
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી....સુખ૦

૩૮૯. [રાગ : હરિનો મારગ છે શૂરાનો...]

સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને;
શ્વાસે શ્વાસે સ્મરણ કરતાં પાંચે પાતક જાય જોને....સંત૦

કેસરી કેશ નાદે નાસે કોટિ કુંજર જૂથ જોને;
હિંમત હોય તો પોતે પામે સઘળી વાતે સુખ જોને....સંત૦

અગ્નિને ઊધઈ ન લાગે મહારાણીને મહેલ જોને;
અપાર સિંધુ મહાજળ ઊંડા મરજીવાને સહેલ જોને....સંત૦

બાજીગરની બાજી તે તો જંબુરો સહુ જાણે જોને;
હરિની માયા બહુ બળવંતી, સંત નજર એ જાણે જોને....સંત૦

સંત સેવતાં સુકૃત વાધે, સહેજે સિદ્ધિ કાજ જોને;
પ્રીતમના સ્વામીને ભજતાં આવે અખંડ રાજ જોને....સંત૦

૩૯૦.

સંત-સમાગમ શું કરે રે; અવગુણ છે પોતાની માંય,
મચ્છી ગંધ મૂકે નહિ, જો અહોનિશ પાણીમાં ન્હાય;
પથ્થર રહે છે પાણીમાં રે ભાઈ, અગ્નિ નવ હોલાય,
ભલા રે રામા ! ....અગ્નિ નવ હોલાય....સંત૦

અઢાર જાતની વનસ્પતિ તો વરસ્યા મેહે લીલી થાય;
મેઘ બિચારો શું કરે રે ભાઈ, જળચર જો સુકાય;
ભલા રે રામા ! ....જળચર જો સુકાય....સંત૦

ઝીંગોડો દૂધ પીએ નહિ ને રુધિર પીવા જાય;
અવગુણિયા પર ગુણ કરો રે ભાઈ, આટો લૂણમાં જાય;
ભલા રે રામા ! ....આટો લૂણમાં જાય....સંત૦

છાલાં રહેતાં ચારણીમાં ને લોટ નીકળી જાય;
કહે પ્રીતમ એનું હૃદય રે કાણું, સમસ્ત નીકળી જાય;
ભલા રે રામા ! ....રામરસ નીકળી જાય....સંત૦

૩૯૧. [જેના મુખમાં રામનું નામ નથી...]

સીતારામ સમોવડ કોઈ નથી,
રાધેશ્યામની જગમાં જોડ નથી....સીતારામ૦
સીતારામ એ શાંતિના સાગર છે,
રાધેશ્યામ એ નટખટ નાગર છે....સીતારામ૦
સીતારામ એ ધનુષ્યધારી છે,
રાધેશ્યામ એ મુરલીધારી છે....સીતારામ૦
સીતારામથી સરયૂ પાવન છે,
રાધેશ્યામથી યમુના પાવન છે....સીતારામ૦
સીતારામે રાવણ માર્યો છે,
રાધેશ્યામે કંસ સંહાર્યો છે....સીતારામ૦
સીતારામને જાણે અજાણે ભજે,
રાધેશ્યામને દાસ મુકુન્દ ભજે....સીતારામ૦

૩૯૨.

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે;
મનસા વાચા કર્મણા કરીને લક્ષ્મીવરને ભજીએ રે....(ટેક)

કુળને તજીએ, કુટુંબ તજીએ, તજીએ મા ને બાપ રે;
ભગિનીસુતદારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે....નારાયણ૦

પ્રથમ પિતા પ્રહ્લાદે તજિયો, નવ તજિયું હરિનું નામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજિયા શ્રી રામ રે....નારાયણ૦

ઋષિ-પત્નીએ શ્રી હરિ કાજે તજિયા નિજ ભરથાર રે;
તેમાં તેનું કંઈયે ન ગયું, પામી પદારથ ચાર રે....નારાયણ૦

વ્રજવનિતા વિઠ્ઠલને કાજે સર્વ તજીને ચાલી રે,
ભણે નરસૈંયો વૃંદાવનમાં, મોહન સાથે મહાલી રે....નારાયણ૦

૩૯૩. [રાગ : સાવનકા મહિના...]

થોડામાંથી થોડું આપો, ખૂટયું નહિ ખૂટનાર;
ધર્મ કરો તો ધરણીધર દેશે ભરી ભંડાર.

પાપ જાશે, ભાઈ! પુણ્ય કર્યાથી,
આધિ-ઉપાધિ ટળે દાન કર્યાથી;
આપ્યું કોઈનું વૃથા ના જાશે, બદલો દે દયાળ....
ધર્મ કરો તો૦.... થોડામાંથી૦

ભૂખ્યાને ભોજન, ને તરસ્યાને પાણી,
અતિથિને માન આપો, બોલો મીઠી વાણી;
આંતરડી ઠારો જો કોઈની, ઠરશે જુગદાધાર....
ધર્મ કરો તો૦.... થોડામાંથી૦

ખોટું કરવાનું કાલ ઉપર રાખો,
સાચું કરવાનું આજે કરી નાખો;
નિશ્ચય મનનો એક જ રાખો, સહાય કરે રઘુનાથ....
ધર્મ કરો તો૦.... થોડામાંથી૦

ચાડી ચુગલી નિંદા કરશો ના,
મનદુ:ખ કરનારી હાંસી કરો ના;
દીનદુ:ખિયાંની દાદ સુણો તો થાશે બેડો પાર....
ધર્મ કરો તો૦.... થોડામાંથી૦

ચંદુ કહે છે ધર્મ કરી લો, ભાઈ!
તો હરિહરથી થશે પ્રેમ સગાઈ;
હરિ પકડશે હાથ જ એનો, જગનો પાલનહાર....
ધર્મ કરો તો૦.... થોડામાંથી૦

૩૯૪.

ભજનનો વેપાર, હરિ! તારા નામનો આધાર;
બેડલો પ્રભુ ઉતારે ભવપાર....કર મન ભજનનો વેપાર જી૦
પ્રથમ નમું ગણપતિ, સરસ્વતીને લાગું પાય;

દેવના ગુરુ દેવને સમરું (૨)

જ્ઞાની જ્ઞાન બતાય....કર મન ભજનનો૦

હાડ જલે જેમ લાકડાં, ને બાલ જલે જેમ ઘાસ;

કંચનવરણી કાયા જલશે (૨)

કોઈ ન આવે સાથ....કર મન ભજનનો૦

શેરી લગણ તો સુંદરી, ને ઝાંપા લગણ મા-બાપ;

તીરથ સુધી બંધવ ભાઈ (૨)

ખોરીને બાળે હાડ....કર મન ભજનનો૦

માતા તારી જનમ રોશે, બ્હેની બારે માસ;

તેર દિવસ તારી પ્રિયા રોશે (૨)

જાશે ઘરની બ્હાર....કર મન ભજનનો૦

જ્યાં સરોવર નીર ભરિયાં, પ્રથમ ન બાંધી પાળ;

નીર સઘળાં વહી ગયાં, ને (૨)

પાછળ શું પસ્તાય?....કર મન ભજનનો૦

'મારું મારું' મિથ્યા માનો, જૂઠો જગ-વહેવાર;

નરસૈંયાના નાથ ભજી લો (૨)

ઊતરશો ભવ-પાર....કર મન ભજનનો૦

**૩૯૫.** [રાગ: ખમાજ: વૈષ્ણવજન તો તેને રે કહીએ...]

ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે;

પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોર્યાસી માંહી રે....ભૂતળ૦

હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે;

નિત સેવા, નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે....ભૂતળ૦

ભરતખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે;

ધન ધન રે એનાં માતપિતાને, સફળ કરી એણે કાયા રે....ભૂતળ૦

ધન વૃંદાવન, ધન રે લીલા, ધન એ વ્રજની વાસી રે;

અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ છે એની દાસી રે....ભૂતળ૦

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે;
કંઈ એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે....ભૂતળ૦

૩૯૬.

ભાઈ ! મારો સાથીડો રિસાણો રે....
તેને કોણ મના'વા જાય ?
કાચી માટીના ઘડચા ઘડુલા તે સહુ ફૂટી જાય;
પરદેશીની પ્રીતડી તે (૨)
પળમાં તૂટી જાય....ભાઈ૦
પિંજરમાંથી પોપટ હાલ્યો, પિંજર ઝોલાં ખાય;
સરખી મળી સાહેલીઓ (૨)
કંઈ અવળાં મંગળ ગાય....ભાઈ૦
પંચ તત્ત્વના પિંડ હમારા તે છોડી કેમ જાય ?
જ્ઞાન ગરીબી રાખ હૃદયમાં (૨)
થનાર વસ્તુ થાય....ભાઈ૦
સદ્‌ગુરુનું સમરણ કરતાં હૃદયકમળ ખૂલી જાય;
કહત કબીરા સુનો ભાઈ સાધુ (૨)
વૈકુંઠ વાસો થાય....ભાઈ૦

૩૯૭.

પ્રભુજીને પડદામાં રાખ મા,
પૂજારી ! તારા આતમને ઓઝલમાં રાખ મા.
વાયુ વીંઝાશે ને દીવડો હોલાશે એવી
ભીતિ વંટોળિયાની ભાખ મા;
આડે ઊભો તારો દેહ અડીખમ,
ભળી જાશે એ તો ખાખમાં....પૂજારી ! તારા૦

ઊડી ઊડીને આવ્યાં પંખી હિમાળેથી,
થાક ભરેલો એની પાંખમાં;
સાત સમંદર પાર કર્યા રે એનું
નથી રે ગુમાન એની આંખમાં....પૂજારી ! તારા૦
આંખનાં રતન તારાં છોને હોલાય, છોને
હીરા લૂંટાય તારા લાખના;
હૈયાનો હીરો તારો નહિ રે લૂંટાય કો'થી,
કાચના મણિનો મોહ રાખ મા....પૂજારી ! તારા૦

૩૯૮. [રાગ : છંદ ભુજંગી]

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી !
કરું હું સ્તુતિ આપની શીશ નામી.
દયાળુ પ્રભુ ! આપદાથી ઉગારો,
દીનાનાથ ! તું એક આધાર મારો.
પ્રભુ ! આપ છો સર્વને પોષનારા,
તમે છો સદા સંકટો ટાળનારા.
કીધા છે કરોડો તમે ઉપકારો,
દીનાનાથ ! તું એક આધાર મારો.
હું છું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી,
ન મારી કશી વાત તુંથી અજાણી.
કરો હે દયાળુ ! ક્ષમા વાંક મારો,
દીનાનાથ ! તું એક આધાર મારો.
અમે બાળકો બોલીએ હાથ જોડી,
અમારી મતિ હે પ્રભુ ! છેક થોડી.
દયા લાવીને પ્રાર્થના દિલ ધારો,
દીનાનાથ ! તું એક આધાર મારો.

અમે ને કુટુંબીજનો જે અમારાં,
રહીએ શરીરે સુખી સર્વ સારાં.
સદા આપજે નાથ ! સારા વિચારો,
દીનાનાથ ! તું એક આધાર મારો.
નથી મેં કરી આપની કાંઈ ભક્તિ,
નથી આપના ગુણ ગાવા જ શક્તિ.
દયા લાવીને દાસ દુઃખો નિવારો.
દીનાનાથ ! તું એક આધાર મારો.

૩૯૯. [ગઝલ **'આપની યાદી'**, કવિ : કલાપી]

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં યે આંખથી યાદી ઝરે છે આપની !
માશુકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન, જ્યાં જ્યાં ગુલો, ત્યાં ત્યાં નિશાની આપની !
જોઉં અહીં, ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !
તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !
આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમ-બ-દમ બજી રહી ઝીણી સિતારી આપની !
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા,
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની !
દેખી બુરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની ?
ધોવા બુરાઈને બધે ગંગા વહે છે આપની !
થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંયે આશ ના,
તાજી બની ત્યાં તો ચડે પેલી શરાબી આપની !

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેસાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની !
પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર,
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની !
રોઉં ન કાં એ રાહમાં એ બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની !
જૂનું નવું જાણું અને રોઉં હસુ તે તે બધું,
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની !
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને, જો એક યાદી આપની !
કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી,
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની.

૪૦૦.

મારે તો ભાઈ, કિનારે પહોંચવાની હામ.
આતમ ઓળખનો ધરમ તૂટ્યો, ને મૂકી કરમની મેં મામ;
ગંદું ને ગોબરું ખૂંદ્યું ખાબોચિયું (૨)
ધારીને હંસલાનું ધામ....તો યે, મારે તો૦
અમરતી આચમન ગ્યાં છે ઢોળાઈ, ને હોઠે મંડાયો છે જામ;
સારપની થાપણ હોડે હારી ગ્યો, ને (૨)
વલખું છું એક એક દામ....તો યે, મારે તો૦
મતીલો ઘોડલો મમતે ચઢ્યો છે, ને છુટ્ટી છે હાથથી લગામ;
અવળા મારગની મૂકી છે દોટ, કે (૨)
ફેરો આ જાય છે નકામ....તો યે, મારે તો૦
કાળી ડિબાંગ રાત જામી પડી છે, ને સૂઝે ના ઝાખુંય ઠામ;
રાવણની ચાકરીએ ચાંદો ને સૂરજ (૨)
અંધારે ગોતવાનો રામ !....તો યે, મારે તો૦

૪૦૧.

આશા ભર્યાં તે અમે આવિયાં ને મારા વ્હાલે રમાડેલ રાસ રે,
આવેલ આશા ભર્યાં.

શરદપૂનમની રાતડી ને પેલો ચંદ્ર ચડયો આકાશ રે,
આવેલ આશા ભર્યાં.

ઉતારા દેશું ઓરડા રે અને દેશું મેડી કેરા મહેલ રે,
આવેલ આશા ભર્યાં.

દાતણ દેશું દાડમી રે અને દેશું ભલેરી ભાત રે,
આવેલ આશા ભર્યાં.

નાવણ દેશું કુંડિયું રે અમે દેશું નદી કેરાં નીર રે,
આવેલ આશા ભર્યાં.

મુખવાસ દેશું એલચી રે અને દેશું નાગરવેલ પાન રે,
આવેલ આશા ભર્યાં.

પોઢણ દેશું ઢોલિયા રે અને દેશું હીંડોળા ખાટ રે,
આવેલ આશા ભર્યાં.

આશા ભર્યાં અમે આવિયાં ને વ્હાલા ! પૂરજો અમારી આશ રે.
આવેલ આશા ભર્યાં.

૪૦૨.

મથુરામાં ખેલ ખેલી આવ્યાં, હો ક્હાન ! કયાં રમી આવ્યાં ?
પગનાં તે ઝાંઝર કયાં મૂકી આવ્યા ?
સાંકળાં તે કોનાં ચોરી લાવ્યા, હો કાન૦....
માથાનો મુગટ કયાં મૂકી આવ્યા ?
વેણી તે કોની ચોરી લાવ્યા, હો કાન૦....
પીળાં પીતાંબર કયાં મૂકી આવ્યા ?
સાડી તે કોની ચોરી લાવ્યા, હો કાન૦....

કાનનાં કુંડળ ક્યાં મૂકી આવ્યા?
બુટ્ટી તે કોની ચોરી લાવ્યા, હો કાન૦....

તમારું હૈયું ક્યાં મૂકી આવ્યા?
સુધબુધ કોની ચોરી લાવ્યા, હો કાન૦....

નરસિંહ મહેતાના સ્વામી શામળિયા!
વ્હાલા! ભાવે ભક્તોને ભાવ્યા, હો કાન૦....

૪૦૩.

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા!

મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું રે, મોહન પ્યારા!.... મુખડા૦

સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી લેવું રે, મોહન પ્યારા!.... મુખડા૦

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને તે ઘેર શીદ જાવું રે, મોહન પ્યારા!.... મુખડા૦

પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
ભય રાંડવાનો ટાળ્યો રે, મોહન પ્યારા!.... મુખડા૦

મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી,
હવે તો હું બડભાગી રે, મોહન પ્યારા!.... મુખડા૦

૪૦૪.

મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સરજનહારા રે,
પળ પળ તારાં દરશન થાયે, દેખે દેખનહારા રે....મંદિર૦

નહીં પૂજારી, નહીં કોઈ દેવા, નહીં મંદિરને તાળાં રે,
નીલ ગગનમાં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે....મંદિર૦

વર્ણન કરતાં શોભા તારી, થાક્યા કવિગણ ધીરા રે,
મંદિરમાં તું ક્યાં છુપાયો? શોધે બાળ અધીરાં રે....મંદિર૦

૪૦૫. [રાગ ભૈરવી]

મંગલ મંદિર ખોલો,
દયામય! મંગલ મંદિર ખોલો.

જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો.... દયામય૦

નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ-અમીરસ ઢોળો.... દયામય૦

૪૦૬. [લોકગીત]

એજી તારાં આંગણિયા પૂછીને કોઈ આવે રે;
આવકારો મીઠો આપજે રે.
એજી તારે કાને રે સંકટ કોઈ સંભળાવે રે;
બને તો થોડું કાપજે રે!

માનવીની પાસે કોઈ માનવી ન આવે રે;
એજી તારા દિવસને જાણી રે દુઃખિયાં આવે રે....આવકારો૦

'કેમ તમે આવ્યા છો!' એમ નવ કહેજે રે;
એજી એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે....આવકારો૦

વાત એની સાંભળીને આડું નવ જોજે રે;
એજી એને માથું રે હલાવી હોંકારો દેજે રે....આવકારો૦

'કાગ' એને પાણી પાજે, સાથે બેસી ખાજે રે
એજી એને ઝાંપા રે સુધી તું મેલવા જાજે રે....આવકારો૦

૪૦૭. [લોકગીત]

એજી મારા હૃદિયામાં બાવળ ઊગિયો.
તીણા કાંટે છેદાયાં લીલાં મન....
તીણા કાંટે ભેદાયાં ભોળાં મન !....હૃદિયામાં૦

એજી મનસૂબો અંતર ધારિયો :
ફાગણ ફુલે મ્હોરીશું જોબન-વન;
એવી તે માલમ ક્યાં હતી ?:
ભડકે હોળી, ને દાઝે ગોરાં તન !
ઊના તાપે શેકાયાં શીળાં મન....
તીણા કાંટે છેદાયાં લીલાં મન !....હૃદિયામાં૦

એજી સહિયારાં કેસર ઘોળવાં,
ધાર્યું, છાંટી રંગીશું જીવન-ધન !
હૃદિયામાં પાતક મેં ધર્યા :
ભર્યાં મેળે ઊભો હું એકલ જન !
એકલ ભાવે સુકાયાં ભીનાં મન....
તીણા કાંટે ભેદાયાં ભોળાં મન !....હૃદિયામાં૦

એજી દુઃખિયાનાં મૂંગાં રોદણાં,
જાતે વહોરી લીધેલા કાળા દન !
મનખામાં કાજળ ઘૂંટિયાં :
કાળા રંગે રંગાયાં ધોળાં મન !
ઘેરાં કાજળ લેપાયાં કોરાં મન....
તીણા કાંટે છેદાયાં લીલાં મન !....હૃદિયામાં૦

૪૦૮. [લોકગીત]

ક્હાનને માથે મુગટ ને મોળિયું,
કાનને ખભે ખંતીલો ખેસ,
કે, કાનને ઘેર્યો વનરાવન ગોપીએ !

કાનને બાંયે બાજુબંધ બેરખા,
કાનને દશ આંગળિયે વેઢ,
કે, કાનને ઘેર્યો વનરાવન ગોપીએ !

કાનને પગે રાઠોડી મોજડી,
કાન તો ચાલે લટકતી ચાલ,
કે, કાનને ઘેર્યો વનરાવન ગોપીએ !

કાનને તેજી ઘોડી, વટ ચાબખો,
કાન વ્હાલો પાતળિયો અસવાર,
કે, કાનને ઘેર્યો વનરાવન ગોપીએ !

૪૦૯.

"જશોદા ! તારા કાનુડાને સાદ કરીને વાર રે;
આવડી ધૂમ મચાવે વ્રજમાં, કોઈ નહિ પૂછનાર રે....જશોદા૦

શીકું તોડ્યું, ગોરસ ઢોળ્યું, ઉઘાડીને દ્વાર રે,
માખણ ખાધું, ઢોળી નાખ્યું, જાન કીધું આ વાર રે....જશોદા૦

ખાંખા-ખોળા કરતો હીંડે, બીએ નહીં લગાર રે;
મહી મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે !....જશોદા૦

વારે વારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે;
નિત્ય ઊઠીને એમ કેમ સહીએ વસી નગર મોઝાર રે ?"....જશોદા૦

"આડીઅવળી વાત તમારી, હું નહીં સાંભળનાર રે;
ડાહ્યો ડમરો દીકરો મારો, કદી ન એમ કરનાર રે....આડી૦

મારો કાનજી ઘરમાં રમતો, ક્યારે દીઠો બહાર રે ?
દહીં-દૂધનાં માટ ભર્યાં છે, બીજે ન ચાખે લગાર રે....આડી૦

શાને કાજે મળીને આવી, ટોળે વળી દશ બાર રે ?
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે !"....આડી૦

૪૧૦.

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા;

ઝંઝાનાં ઝાંઝર પહેરી પધાર, પિયા !
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા;
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાવી તું જા....મારી૦

સૂના સરવર તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા;
ભૂખી શબરીનાં બોર બે-એક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા....મારી૦

ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા;
મનના માલિક ! તારી મોજને હલેસે,
ફાવે ત્યાં એને હંકારી તું જા....મારી૦

૪૧૧.

શામળા ! સુકાની થઈને સંભાળ, નૈયા મધદરિયે ડોલતી;
સાચો કિનારો કંઈક તો બતાવ, તું છે જીવનનો સારથિ.

જીવનનાવ ભવસાગરમાં ડોલતી,
આફતના પૂરમાં અંધારે ઝૂલતી;
વાગે માયાનાં મોજાં અપાર, હાંકું તારા આધારથી....શામળા૦

વૈભવના વાયરા દિશા ભુલાવતા,
આશાનાં આભલાં મનને ઝૂલાવતાં;
તોફાન જામ્યું છે દરિયા મોઝાર, હોડી હલકારા મારતી....શામળા૦

કાયાની હોડીનું કાચું છે લાકડું,
તું છે મદારી ને હું તારું માંકડું;
દોરી ભક્તિની ઝાલી આધાર, તરવું તારા જ નામથી....શામળા૦

તોફાની દરિયામાં નૌકાને તારજો,
છેલ્લી આ મારી વિનતી સ્વીકારજો;
રણછોડ દર્શન દેજો આ વાર, ઝૂરું તારા વિયોગથી....શામળા૦

૪૧૨.

સીતારામને ભજીને લ્હાવો લીજીએ રે,
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીએ રે....સીતારામને૦

મોંઘો આ અવસર પલપલ જાય છે;
તારા ઘરમાં બેસીને કાળ ખાય છે રે....સીતારામને૦

તારું જોબન જશે ને ઘડપણ આવશે,
તને ભાણે ભોજન નહિ ભાવશે રે....સીતારામને૦

તારાં વહાલાં સહુ વેરી થઈ લાગશે રે,
તારો દેહ દેખીને દૂર ભાગશે રે....સીતારામને૦

કાંઈ ધર્મ કર્યો હશે તે જ કામ આવશે,
તે જ જમ તણા મારથી બચાવશે રે....સીતારામને૦

સુણો રામદાસ કહે નરનારને રે,
સંત સેવ્યાથી ભવ-ભય ભાગશે રે....સીતારામને૦

૪૧૩. [રાગ : ભૈરવી]

દીનનાથ, દયાળ, નટવર ! હાથ મારો મૂકશો મા.
હાથ મારો મૂકશો મા, હાથ મારો મૂકશો મા....દીનનાથ૦

આ મહા ભવસાગરે, ભગવાન ! હું ભૂલો પડ્યો છું,
ચૌદલોકનિવાસ ચપલાકાન્ત ! આ તક ચૂકશો મા....દીનનાથ૦

ઓથ ઈશ્વર આપની, સાધન વિશે સમજું નહિ હું,
પ્રાણપાલક ! પોતે જોઈ, શંખ આખર ફૂંકશો મા....દીનનાથ૦

માત, તાત, સગાં સહોદર જે કહું તે આપ મારે,
હે કૃપામૃતના સરોવર ! દાસ સારું સૂકશો મા....દીનનાથ૦

શરણ 'કેશવલાલ'નું છે ચરણ હે હરિરામ ! તારું,
અખિલ નાયક ! આ સમય ખોટે મશે પણ ખૂટશો મા....દીનનાથ૦

૪૧૪.

હઠ લઈ બેઠા, છો હરિરાય ! હવે હદ થાય છે રે,
જગદીશ્વરજી ! જન્મ જડેલો નિષ્ફળ જાય છે રે....હઠ૦

શો અપરાધ થયો છે સ્વામી, પૂછું, છું પ્રણયે શિર નામી,
અંતરયામી ! અતિ અંતર ઊભરાય છે રે....હઠ૦

છે, ભગવાન ! મને ભય ભારે, આપ વિના નહિ કોઈ ઉગારે,
આ સંસારે અધવચ વહાણ તણાય છે રે....હઠ૦

ઘણા ઘણાની વહારે ધાયા, સેવકને ટાણે સંતાયા ?
માધવ ! ન કરો માયા, નયન ભરાય છે રે....હઠ૦

'કેશવ' હરિ ! બહુ કઠણ ન થાશો, નિર્દય થઈને દૂર ન જાશો,
પ્રિય ! કરુણામૃત પાશો, જીવન જાય છે રે....હઠ૦

૪૧૫. [રાગ : ધીરાના પદનો ઢાળ]

શામળિયા ! શઢતૂટી રે હોડી હવે હાલે નહિ,
આ ભવસાગર કેરા રે ઝપાટા ઝાલે નહિ.... શામળિયા૦

ભવસાગરના ભરદરિયામાં હાલકલોલક થાય,
નીશ્મ ન મળે નાથ વધારે, પવને પાછી જાય;
ડામણ ક્યાંથી દઈએ રે, કૂવસ્તંભ ક્યાં છે અહીં ?.... શામળિયા૦

ભાર ભર્યો છે, નાથ! વધારે પાણી પેસે માંહ્ય,
હાય, હલેસાં કામ ન લાગે, અન્ય ઉપાય ન કાંય;
હોકાની હોશિયારી રે, હરિ! હરિ! જાતી રહી....શામળિયા૦

માલિક મૂર્ખ નમાલો, માધવ! અધિક કરાવે આશ,
સહાયકારક સખા હતો તે પણ પામ્યો છે નાશ;
મારી કર્મકહાણી રે, હરિ! નહિ જાય કહી....શામળિયા૦

આ ઘનઘોર ઘટા ચડી આવી, એમાં છે તોફાન,
ઉપર આભ, તળે છે પાણી, ભૂલ્યો ભૂધર! ભાન;
દામોદર! ડૂબું છું રે, સંકટ સર્વ સહી....શામળિયા૦

વીજળીઓના થાય કડાકા, અતિ અંધારી રાત,
સુકાન કામ કરે નહિ કાંઈ હરિ! હવે ઝાલો હાથ;
વાર કર્યે શું વળશે રે, અધવચ આમ અહીં?....શામળિયા૦

શરણાગત-પાલક છો ત્યારે ચિંતા શાને હોય?
જગજીવન જાણું છું સઘળું, ધીરજ ન રહે તોય;
કેશવ! ક્યાં સંતાણા રે? અવસર જાય વહી....શામળિયા૦

૪૧૯.

ભલા મનની ને ભોળી છે બાપડી તે,
તારા કાળા....
તારા કાલા મોઢાની ગાળ ખાય જો!

તને ભાળીને રાજીના રેડ થાતી,
છોડી શીકું....
ભેળી હૈડું મીઠેરું વહાલ પાય જો!

વેણુ વાઈને ચોર્યું તેં ચીત એનું,
જાગે શમણાં....
ભીના શમણે ભીંજાતી કાય કાય જો!

ક્હાન ! કીધો શો ચાળો તેં કોણ જાણે,
માયા લાગી....
લાગી લાગી રાધાને ઉર લ્હાય જો !
નામ રાધા તે ભોળો છે ભાવ એનો,
ઠાલી મોહી....
મોહી ઘેલી તાશમાં ગળી જાય જો !
નકર સાહીને બાથે લઈ વેર વાળે,
પછી પૂરી દે હૈયાની કેદ માંહે;
મારે તે સમ....
અલ્યા ! મારા તે સમ....
મારા જેવી માથાની મળી જાય જો !

૪૧૭. (લોકગીત : 'બાળુડો જોગી')

સોનલા વાટકડી ને રૂપલા કાંગસડી;
બાળુડો જોગી બેઠો નાહવા રે, ભરથરી !
હાથપગ ચોળે એના ઘરની અસતરી,
વાંસાના મોર ચોળે માડી રે, ભરથરી !
મોર ચોળંતાં એનું હૈડું ભરાણું જો,
નેણલે આંસુડલાંની ધાર રે, ભરથરી !
'આવી કાયા રે તારા બાપની હતી જો,
એ રે કાયાનાં મરતુક થિયાં રે ભરથરી !'
'કહો તો માતા અમે દુવારકાં જાયેં જો,
દુવારકાંની છાપું લઈ આવું રે, ભરથરી !
કહો તો માતા અમે હીંગળાજ જાયેં જો,
હીંગળાજના ઠુમરા લઈ આવું રે, ભરથરી !
કહો તો માતા અમે જોગીડા થાયેં જો,
કહો તો લઈએ ભગવો ભેખ રે,ભરથરી !'

'બાર વરસ બેટા રાજવટું કરો જો,
તેરમે વરસ લેજો ભેખ રે, ભરથરી !'
'બાર વરસ માતા કેણે રે ન જોયાં જો,
આજ લેશું રે ભગવો ભેખ રે, ભરથરી !'
'દેશ જાજે ને દીકરા પરદેશ જાજે જો,
એક ન જાજે બહેનીબાને દેશ રે, ભરથરી !'
આંબાની ડાળે ને સરોવરની પાળે જો,
ઊતરી છે જોગીની જમાત રે, ભરથરી !
નણંદની દીકરી ને સોનલબાઈ નામ જો,
સોનલબાઈ પાણીડાંની હાર્ય રે, ભરથરી !
'કહો તો મામી તમારો વીરોજી દેખાડું જો,
કહો તો દેખાડું બાળો જોગી રે, ભરથરી !'
'સાચું બોલો તો સોનબાઈ સોનલે મઢાવું જો,
જૂઠું બોલો તો જીભડી વાઢું રે, ભરથરી !
હાલો દેરાણી ને હાલો જેઠાણી જો,
જોગીડાની જમાત જોવા જાયેં રે, ભરથરી !'
થાળ ભરીને શગ મોતીડે લીધો જો,
વીરને વધાવવાને જાય રે, ભરથરી !
બહેની જોવે ને બહેની રસરસ રોવે જો,
'મારો વીરોજી જોગી હુવો રે, ભરથરી !
કહો તો વીરાજી મારા પાલખી મંગાવું જો,
કહો તો અપાવું પાછાં રાજ રે, ભરથરી !'
'પાલખી ન જોઈં બહેનીબા રાજ ન જોઈં જો,
કરમે લખ્યો છે ભગવો ભેખ રે, ભરથરી.'

૪૧૮. [રાગ : સ્વરાજ લેવું સહેલ છે.../મારી બ્હેનો, રસીલું જોડું શોભશે...]
કુરમ જેવાં કરશો, ફળ તેવાં તો મેળવશો,
બંધવબહેની ! જપી લો ઈશ્વર નામને !
બંધવબહેની ! જપી લો જગદાધારને !

ખડ વાવી ખેતરમાં તું ઈશ્વરને છેતર મા....બંધવ૦
ગધેડું જેમ જીવે, તું મોંઘું જીવન ખૂવે....બંધવ૦
ઘર વડીલ વિના સૂનું, ભક્તિ વણ જીવન લૂલું....બંધવ૦
ચકલી-માળો જેવો, માનવદેહ છે તેવો....બંધવ૦
છત્રીના કાપડ-સળિયા, તેમ શરીર ચર્મે મઢિયા....બંધવ૦
જરૂર જાવું પડશે, પાપો સૌ આડાં નડશે....બંધવ૦
ઝબકે જયમ વીજલડી, તેમ જીવડો જાશે ઊડી....બંધવ૦
ટગમગ બળતો દીવો, એમ જીવે જગના જીવો....બંધવ૦
ઠસ્સો સઘળો ઠાલો, નીતિને રસ્તે ચાલો....બંધવ૦
ડફણાં વિધિનાં ખાશો, જો ઊંધે રસ્તે જાશો....બંધવ૦
ઢગલો નાણાં મળશે, પણ સંતોષ નહિ સાંપડશે....બંધવ૦
અણમૂલ અવસર વીતે, જે જાળવે એ જીતે....બંધવ૦
તલવાર નકામી જાશે, જો હરિવર-કૃપા થાશે....બંધવ૦
થરથર કંપે કાયા, તો યે મૂકતો નથી માયા....બંધવ૦
દડદડ આંસુ સારે, પ્રભુ વિણ કોણ ઉગારે....બંધવ૦
ધડથી શિર છો જાયે, પણ ઈશ્વર ના ભુલાયે....બંધવ૦
નકલી નાટક આ તો, ના મોહ પામી જાતો....બંધવ૦
પરમેશ્વર પ્રીત વધારો, આપ જ આપ ઉદ્ધારો....બંધવ૦
ફટાકડા જેમ ફૂટે, તેમ દેહ-નાડી સહુ તૂટે....બંધવ૦
બગડી બાજી બનાવો, ભક્તિમાં ભાવ બઢાવો....બંધવ૦
ભવની ભાવટ ભાંગો, મોહનની માફી માંગો....બંધવ૦
મથન હૃદયનું કરજો, નવનીત નીતિનું ભરજો....બંધવ૦
યમનું લેણું ચોખ્ખું, શું ધરશો કેવળ ખોખું ?....બંધવ૦
રખડી રવડી મરશો, નહિ ઠામ-ઠેકાણે ઠરશો....બંધવ૦
લગની હરિમાં રાખો, જેમ પૂડા શું મધમાખો...બંધવ૦
વરતી લો જો મોકો, જખ મારે જગનાં લોકો....બંધવ૦
શરીર કાચનો કૂપો, ફૂટશે નહિ રહે છૂપો....બંધવ૦

ષડ્‌રિપુને સંહારો, માંહ્યલા મનને મારો....બંધવ૦
સગડી અંગારા, સહુ જગના એવા ધારા....બંધવ૦
હરિવર શરણે આવો, 'પુનિત' લઈ લ્યો લ્હાવો....બંધવ૦

૪૧૯.

રહી જાને આજની રાત....
હંસા રાજા ! રહી જાને આજની રાત૦

કરવી છે દિલડાની વાત....
હંસા રે રાજા ! રહી જાને આજની રાત૦

પહેલો વિસામો, હંસા ! ઘરને તે ઉંબરે.
બીજો તે ઝાંપા બહાર....હંસા રાજા ! રહી૦

ત્રીજો વિસામો, હંસા ! ગામને ગોંદરે,
ચોથો વિસામો સમશાન....હંસા રાજા ! રહી૦

ચાર જણા રે, હંસા ! ઊંચકીને ચાલ્યા,
પાંચમો કરે રે પોકાર....હંસા રાજા ! રહી૦

ગાડું ભરીને, હંસા ! કાઠી રે મંગાવી,
કોરી મટકીમાં અંગાર....હંસા રાજા ! રહી૦

સમશાને જઈને, હંસા ! ચિતા રે ખડકાવી,
જમણે અંગુઠે મૂકી આગ....હંસા રાજા ! રહી૦

માતા ને માશી ને બહેન-બેનડીઓ,
ચકલા સુધીનો સંગાથ....હંસા રાજા ! રહી૦

સગાં સંબંધી, હંસા ! સાથે ના આવશે, ને
આવશે પુણ્ય ને પાપ....હંસા રાજા ! રહી૦

ઘરની નારી રે, હંસા ! પર ઘર જઈ બેઠી, ને
ખોળિયાની થઈ ગઈ રાખ....હંસા રાજા ! રહી૦

૪૨૦.

નોંતરું મારે નારાયણનું, અંતકાળે હરિ, આવો !
સારંગ ધરજો, વેળાએ વળજો,
વળજો વેળાએ, વાર ન લાગે....નોંતરું૦

સારાં કર્મ તમે જે કર્યાં, તેની ગાંઠલડી શિર બાંધી,
ગોપીચંદન તિલક તુળશી ને નામ નારાયણ વ્હાનું....નોંતરું૦

વિપરીત કર્મો કઠણ વિરોધીઓ, સગા થજો રઘુનાથ,
ઘોડલે ચડી ગોવિંદજી આવ્યા, સાર્યાં સેવકનાં કાજ;
મોરલી વગાડતા મોહનજીએ સુધાર્યું બાજી-પાનું....નોંતરું૦

૪૨૧.

મારી છેલ્લી ઘડીએ, પ્રભુજી ! આવજો.
આવજો ઉગારવા અંતકાળ....મારી૦

આગોતરાં, નાથ ! આપું છું નોતરાં,
જોજો, જીવણ ! લગાડશો ન વાર....આવજો૦

મેં તો નથી કીધાં દયા ને પુણ્ય જો,
નથી દીધાં ગાયો તણાં દાન....આવજો૦

મેં તો નથી કીધાં તીરથ કે જાતરા,
નહિ સંતોષ્યા બ્રાહ્મણ ને બાળ....આવજો૦

માધવદાસની વિનતી છે આટલી,
ક્ષમા કરજો, ઉતારજો પાર....આવજો૦

૪૨૨.

આવ સખી ! ઉતાવળી, મંદિરમાં શું બેઠી રે ?
નયણે નંદકુંવરને નીરખો, માયામાં શું પેઠી રે ?....આવ૦

એ અણિયાળાં રાતાં કાળાં લોચન કહીંયે ન દીઠાં રે,
મારા મનની વાત કહું : એ અમૃતપેં અતિ મીઠાં રે....આવ૦

સામું જો રે સજની મારી, પાંપણનો શો ચાળો રે,
ગોરી કોટિ ઓવારી નાખું, રૂપે રૂડો કાળો રે....આવ૦

અણિયારી અતિશય રાતી નાક તણી તે દાંડી રે,
ઉપમા શું કહું શુક-ચાંચની, જો જો મીટ્ડી માંડી રે....આવ૦

વાંસલડી વજાડતાં એની કોટ તણો જે લટકો રે,
મારે હૈડે નિશ્ચે બેઠો, ચોળા તણો જેમ ચટકો રે....આવ૦

લજ્જા મેહેલું લોકની, જાણું પાસે જાઉં રે:
'ભાલણ' પ્રભુ રઘુનાથ તણી હું ભવ ભવ દાસી થાઉં રે....આવ૦

**૪૨૩.**

પાયે પડીને શબરી બોલી, 'દાસી પ્રભુ ! હું તમારી;
પાવન કરી દો ઝૂંપડી મારી, પ્રેમે રામ પધારી–
પ્રભુજી ! સુણો વિનતી મારી.

ઉત્તમ કુળમાં હું નથી જન્મી, ભીલ જાતિ છે મારી;
સગાં સંબંધી કોઈ નથી મારું, એકલડી હું નારી....પ્રભુજી ! ૦

યમનિયમ હું કાંઈ નહિ જાણું, મૂઢ મતિ છે મારી;
પાઠપૂજા પણ કાંઈ નહિ કરતી, રામ રામ રટનારી'....પ્રભુજી ! ૦

હેત ધરીને રામચંદ્રજી બોલ્યા સદા સદા સુખકારી;
'નાત-જાતનો ભેદ નહિ મુને, પ્રેમ તણો છું પૂજારી....પ્રભુજી ! ૦

પાઠપૂજામાં પ્રીત ન મુજને, ભોળાં પર જઉં વારી;
તપ તીરથ કરતાં તો મુને ભાવભક્તિ પ્યારી'....પ્રભુજી ! ૦

ધન ધન રે તમે શબરીબાઈ, ધન ધન ટેક તમારી;
નાથ ! મારા સહુના થાશે. સંશય દેજો ટાળી....પ્રભુજી ! ૦

૪૨૪.

કૃષ્ણ ! ધરું હું તારું ધ્યાન, વહારે ચઢો મારા શ્રી ઘનશ્યામ !
વહારે ચઢો મારા શ્રી ઘનશ્યામ !

હું એક પામર માનવ છું, રખડી જગમાં થાક્યો છું;
આજે તમારા કરું ગુણગાન, વહારે ચઢો૦....

તારે નામે મારી ચાલે નાવ, પૂર્ણ વિશ્વાસ છે તારામાં ખાસ;
તું તારશે એવો દૃઢ વિશ્વાસ, વહારે ચઢો૦....

વિશ્વ વિશ્વંભર જાણે, ધૂન ગવાયે ખૂણે ખૂણે;
ભક્તો આજે બન્યાં મસ્તાન, વહારે ચઢો૦....

છેલ્લી વિનંતી મારી સુણજો, બાંય ઝાલી તારણ કરજો;
દેજો વૈકુંઠપુરીમાં વાસ, વહારે ચઢો૦....

આજે મારું અંતર હરખે, દરશન કરવાને તલસે;
ભક્તો માગે દરશન-દાન, વહારે ચઢો૦....

૪૨૫.

ગોકુળિયામાં નવાઈ સહુને લગાડી રે;
કાનુડાએ વાંસડાની વાંસળી વગાડી (ટેક)

ગામને ગોંદરે ગોધનના ઝોકમાં,
જોવા મળ્યાં છે નરનારી;
ભેટમાંથી વાંસળી કાઢી કાનુડે,
હોઠે ધરીને ફૂંક મારી રે.... કાનુડાએ૦

મથુરા નગરીમાં વાતો થાય, ભલા !
વાંસડો તો કેમ કરી વાગે ?
નિંદરામાં સંભળાતા ભણકારા,
કંસરાય ઝબકીને જાગે રે.... કાનુડાએ૦

જમુના તટ પર રાસ રચ્યો છે,
વાંસળીથી ૐ નાદ ગાજે;
ત્રણે ભુવનમાં રણકારો વ્યાપ્યો,
શંકર સમાધિથી જાગે રે.... કાનુડાએ૦

છયે છ રાગ ને છત્રીસે રાગની,
વાંસળી સરગમ બોલે;
તરુવર સરવર ચડયાં ચગડોળે,
દશેય દિક્પાલ ડોલે રે.... કાનુડાએ૦

વીર બળદેવજી વાંસળી લઈને,
ફૂંકે ઊભી ને આડી!
કડવો ભગત કહે, વાંસળી ન વાગે,
હસતાં જશોદા માડી રે.... કાનુડાએ૦

૪૨૬.

અમને અંતસમે ઉપકારી લેવા આવજો રે,
શ્રીમદ્ સદ્ગુરુ નામ સાચું, પ્રાણ જતાં પણ થાય ન કાચું;
મનહર મંગલ મૂર્તિ, નાથ! બતાવજો રે.... અમને૦

વિકટ સમય સાચવજો, વ્હાલા! કહું કોટિ કરી કાલાવાલા;
આવી, દીનદયાળા! દયા દરશાવજો રે.... અમને૦

વસમી અંત સમયની વેળા, વહારે ધાજો, વિઠ્ઠલ! વહેલા;
પરમ પરમાનંદ પહેલાં પણ પરખાવજો રે.... અમને૦

મરકટ જેવું મન અમારું, તત્ત્વનું તોડે તન તાન તમારું;
અંતર્યામી! અંધારું સંધું અજવાળજો રે.... અમને૦

દેજો દરશન જનમનહારી! પરમ કૃપાળુ! કૃષ્ણ મુરારિ!
રત્નમય બલિહારી, બાળને બચાવજો રે.... અમને૦

૪૨૭.

એક જ દે ચિનગારી, મહાનલ! એક જ ચિનગારી.
ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી.... મહાનલ૦
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી, વાત વિપદની ભારી.... મહાનલ૦
ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ! હું અધિક ન માગું, માગું એક ચિનગારી....મહાનલ૦

૪૨૮.

અહો અહો શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર;
આ પામર પર, પ્રભુ! કર્યો અહો અહો ઉપકાર.

શું પ્રભુ-ચરણ કને ધરું? આત્માથી બહુ હીન;
સઘળું તો પ્રભુએ આપ્યું, વસ્તુ ચરણાધીન.

આ દેહ આ દેહ આજથી વર્તું પ્રભુ-આધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

ખટ સ્થાનક સમજાવીને ભિન્ન બનાવ્યો આપ;
મ્યાન થકી તલવારવત્, એ ઉપકાર અમાપ.

જેહ સ્વરૂપ સમજાયા વિના પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ, નમુ શ્રી સદ્‌ગુરુ, ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું જ્ઞાન નિજનું, તેને સદા પ્રણામ.
દેહ છતાં જે આત્મરત વર્તે દેહાતીત;
તે ગુરુ જ્ઞાનીનાં ચરણોમાં હો વંદન અગણિત.

૪૨૯.

જંગલ વસાવ્યું જોગીએ, તજી જેણે તનડાની આશ જી;
વાત ન ગમે વિશ્વની, રહે આઠે પહોર ઉદાસ જી.
સેજ તળાઈ પર પોઢતાં મંદિર ઝરૂખાની માંહ્ય જી;
તેને ભલો તરણાં-સાથરો, રહેતો તરુવર છાંય જી.
શાલ દુશાલા ઓઢતાં ઝીણી જરકશી જામ જી;
તેણે રાખી કંથા ગોદડી, રહેતો સંતની સાથ જી.
હાજી કહેતાં હજારો ઊઠતાં ચાલતાં લશ્કરલાવ જી;
તે નર ચાલ્યો રે એકલો, પગમાં ન મળે પેજાર જી.
ભાવતાં ભોજનિયાં જમતાં અનેકવિધિનાં અન્ન જી;
તેણે રે માગિયા ટુકડા ભિક્ષા ભુવન ભવન જી.
રહો તો રાજા રસોઈ કરું, જમતા જાઓ જોગીરાય જી;
ક્ષણ નીપજાવ્યું ક્ષણ એકમાં તે તો ભિક્ષાને કાજ જી.
અન્નને કારણ ઊભો જે રહે, એક એકની આશ જી;
તે નહિ જોગી, જાણવો ભોગી, અંતે થાય વિનાશ જી.
ધન્ય એ ત્યાગ-વૈરાગ્યને, તજી જેણે સોળસેં નાર જી;
નિષ્કુળાનંદ કહે એ નરને સદાકુળ નિસ્તાર જી.

૪૩૦.

જગથી જવાનું તો થાશે, કોઈ નહીં આવે સાથે;
તારા મનના બધા વિચારો, તારા મનમાં રહી જાશે.
જ્યારે તેડું શ્રી પ્રભુજીનું થશે, સઘળું છોડીને જાવું પડશે;
યમના દૂતો આવી ઊભા રહેશે, ત્યારે જીવ ઘણો ગભરાશે;
તૈયાર થાવું પડશે, કાળાં કામો નડશે, તારા મનના૦....
ડોક્ટર વૈદ્યો આવી વિઝિટ કરશે, બહુ બાટલા દવાના ભરશે;
તારી લક્ષ્મી એમાં ખરચાશે, જોઈ જીવ તારો બળી જાશે;
પુણ્યપંથ ભૂલ્યો, કાળાધોળામાં ઝૂલ્યો, તારા મનના૦....

મોંઘું જીવન એળે વહી જાશે, પાછળથી ઘણો પસ્તાવો થાશે;
સારાં નરસાં કર્મો સાથે થાશે, ત્યારે તું અકળાઈ જાશે;
હંસલો ઊડી જાશે, પિંજરું પડી રહેશે, તારા મનના૦....

૪૩૧.

જોને વિચારીને તું જીવડા! શા સુખમેં મોહી રહ્યો જી! (ટેક)
આવ્યો ત્યારે તું એકલો, જતાં એકલા જાવું જી;
વચમેં સંબંધ શા કામના? માયા જાળ બંધાવું જી....જોને૦
મારું મારું શું કરી રહ્યો, નહીં રહે ધનભંડાર જી;
જૂઠાં રે પુત્ર ને પ્રેમદા, જૂઠો સગપણ સંસાર જી....જોને૦
ધન રે મળ્યાનો ધર્મ એ છે, જે કાંઈ હાથે વપરાય જી;
અંતસમે સહુ વેગળાં રહેશે, પલકમેં થાશે પરાય જી....જોને૦
જમ રે જોરાવર લઈ હાલશે, મેલશે ચોરાશીની માંહ્ય જી;
દારુણ દુઃખ જનમ-મરણનું, ત્યાં કોણ બેલી થાય જી....જોને૦
સાચું સગપણ હરિ ગુરુ સંતનું, જીવને જાલમેંથી કાઢે જી;
સુખ રે આપે ને દુઃખ દૂર કરે, પર બ્રહ્મને ભેટાવે જી....જોને૦
માની શકે તો માનજે રે, લેવા મનષાનો લ્હાવ જી;
દાસ કબીર સાચું રે ભણે, ફરી નહિ મળે આવો દાસ જી....જોને૦

૪૩૨.

જેના મુખમાં રામનું નામ નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી.
જેને હરિકીર્તનમાં પ્રેમ નથી, તેને શ્રીહરિ કેરી રહેમ નથી.
જેનું સંત સેવામાં ધ્યાન નથી, તેનું પરલોકે કંઈ સ્થાન નથી.
જેના હૈયે હરિ હરિ નામ નથી, તેને વૈકુંઠમાં વિશ્રામ નથી.
જેને ખોટા ખરાનું ભાન નથી, તેને સમજ ખરી પણ સાન નથી.
જેના હ્રદિયામાં શાલિગ્રામ નથી, તેને ક્યાંય કદી સુખધામ નથી.

જેના ઘરમાં નીતિ ધર્મ નથી, તેના ઘરમાં કર્મનો મર્મ નથી.
જેના મુખમાં સીતારામ નથી, તેને અંતરમાં આરામ નથી.
જેના હરિકીર્તનમાં પ્રેમ નથી, તેને શ્રીહરિ કેરી રહેમ નથી.
જેના મુખમાં રામનું નામ નથી, તેનો મનુષ્ય તણો અવતાર નથી.

૪૩૩.

તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે મારા રામની.

સાથે લાવ્યા શું લઈ જાશો ? આવ્યા તેવા ખાલી જાશો;
જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી....તું તો માળા૦

જૂઠા જગના જૂઠા ખેલ, મનવા ! મારું તારું મેલ;
તું તો છોડી દે ચિંતા આખા ગામની....તું તો માળા૦

રાજા રંગીલા રણછોડ, મારા ચિતડાનો ચોર;
મેં તો મૂર્તિ જોઈ છે મારા રામની....તું તો માળા૦

ભક્તિ ખાંડા કેરી ધાર, ઊંઘણશીનું નહિ કામ;
હાંરે મને લાગી રે લગન ભગવાનની....તું તો માળા૦

મનમાં લાગી તાલાવેલી, આંખે આંસુડાંની હેલી;
નંદુ ચેતીને ચાલ યમ તણા મારથી....તું તો માળા૦

૪૩૪. [રાગ : હરિને ભજતાં હજી કોઈની...]

જોયું જોયું વીરપુર એક ગામ, સોરઠ રૂડા દેશે રે,
ત્યાં તો પ્રગટ થયા જલારામ, જોગી જૂના વેશે રે.

લીધો જન્મ સેવાને કાજ, નવ જુએ જાતિ રે;
કીધું ઉજ્જવળ રઘુકુળ, બ્રાહ્મણ જ્ઞાતિ રે....જોયું૦

હૈયે રાખી ધીરજ ને ધ્યાન, ભક્તિ નિત કરતા રે;
મુખ બોલે રઘુપતિ રામ, સંકટ સહુ હરતા રે....જોયું૦

કરવા પારખું શ્રી ભગવાન, જાતે આવ્યા સામે રે;
'જલા ! સોંપી દે વીરબાઈ, લઈ જવા મુજ ધામે રે'....જોયું૦

દીધી તત્ક્ષણ ભાવે વિદાય : 'નથી કાંઈ મારું રે;
હજી માંગો વધુ, મહારાજ ! સર્વ કાંઈ તમારું રે'....જોયું૦

જોઈ ટેક જલાની એક, બ્રાહ્મણ સહુ ડોલ્યા રે;
કીધાં એણે પરમારથ કામ, અન્નક્ષેત્ર ખોલ્યાં રે....જોયું૦

'છોટુ' કહે અમ્મર કીધું નામ, જગમાં જલારામે રે;
હાલો તીરથ કરવાને આજ, પાવન વીરપુર ગામે રે....જોયું૦

**૪૩૫.** [રાગ : હરિને ભજતાં હજી કોઈની...]

મારી સુરતામાં લેજો સંભાળ, જલારામ જોગી રે !
તમે દીન તણા છો દયાળ, ભક્તિરસ ભોગી રે....મારી૦

ગુરુ ! વીરપુરે કીધો છે વાસ, સાચા ટેકધારી રે;
વહેતી ગંગા-યમુનાજી પાસ, પાવન કરનારી રે....મારી૦

ગુરુ ! તમે વૈરાગીને વેશ રઘુરામને નીરખ્યા રે;
માન્યો ભોજલ ગુરુનો ઉપદેશ, પૂરણ પ્રભુ પરખ્યા રે....મારી૦

ગુરુ ! સાધુને રૂપે કિરતાર, આવ્યા રે ગિરિધારી રે;
તમે નહિ રે કીધો ઈન્કાર, સોંપ્યાં નિજનાં નારી રે....મારી૦

દેવી ! ધન્ય સીતાનો અવતાર, સાધુની સંગ ચાલ્યાં રે;
ધન્ય નારીને ધન્ય ભરથાર, હુકમ લેઈ હાલ્યાં રે....મારી૦

ગુરુ ! ધરતીની જેવી રે ધીર, એવા છો વ્રતધારી રે;
માતા વીરલબાઈના શ્યામ ! તમ પર જાઉં વારી રે....મારી૦

ગુરુ ! કરમ ધરમ પ્રતિપાળ ! અરજી સાંભળજો રે;
અરજી કરે જોશી ગોપાળ : મહારાજ ! મળજો રે....મારી૦

૪૩૬.

ફરરરર ફરરરર ફરકે, રણછોડ! ધજા ધોળી તારી,
રણછોડ! ધજા ધોળી તારી.

રણછોડ! તારું મંદિર રૂડું, શોભે ગોમતી-ઘાટે;
સંઘ લઈને ભક્તો આવે (૨)
ધજા ચઢા'વા કાજે.... રણછોડ! ધજા૦

મનમોહન! તારી મૂર્તિ જોઈ, હૈડું તો હરખાયે;
ચરણકમળમાં શીશ નમાવે (૨)
પાપી પાવન થાયે.... રણછોડ! ધજા૦

બાવન ગજની ધજા ઊડે રે, દૂર દૂરથી દેખાયે;
'રામદાસ' તો નીરખવાને (૨)
ગાંડો ઘેલો થાયે.... રણછોડ! ધજા૦

૪૩૭.

તારા માથે નગારાં વાગે મોતનાં રે!
નથી એક ઘડીનો નિરધાર જો....
તોયે જાણ્યા નહીં જગદીશને રે!

મોટાં મેલીને રાજ મરી ગયા રે.
તેને જાતાં ન લાગી વાર જો.... તોયે જાણ્યા૦

તારું જોબન ગયું જખ મારતું રે,
માથે કાળા નથી રહ્યા કેશ જો.... તોયે જાણ્યા૦

અંતકાળે લેવાને જમ આવિયા રે,
તેનો ભાળ્યો ભયંકર વેશ જો.... તોયે જાણ્યા૦

રોમ કોટિ વીંછી તણી વેદના રે,
દુઃખ પામ્યો તું દેવનો ચોર જો.... તોયે જાણ્યા૦

સગાં સ્વાર્થી મળ્યાં સહુ લૂંટવા રે,
તેમાં જરા ન ચાલે તારું જોર જો.... તોયે જાણ્યા૦

જીભ ટૂંકી પડી ને તૂટી નાડીઓ રે,
હંસ ઊડી ગયો રે તત્કાળ જો.... તોયે જાણ્યો૦
કર જોડી દેવાનંદ બોલિયો રે,
ગયો એળે મનુષ્ય-અવતાર જો.... તોયે જાણ્યો૦

૪૩૮.

ભૂલ્યો, મન ભમરા ! તું, ક્યાં ભમ્યો દિવસ ને રાત જી;
માયાનો બાંધ્યો પ્રાણિયો, સમજ્યો નહિ સુધિ વાત જી.... ભૂલ્યો૦
કુંભ કાચો ને કાયા જાજરું, જોઈને કરો રે જતન જી;
વણસતાં વાર લાગે નહીં, રાખો રૂડું રતન જી.... ભૂલ્યો૦
કોનાં છોરું, કોનાં વાછરું, કોનાં મા ને બાપ જી;
અંતકાળે જાવું એકલા, સાથે પુણ્ય ને પાપ જી.... ભૂલ્યો૦
જે ઘેર નોબત બાજતી રૂડા છત્રીસ રાગ જી;
ખંડેર થઈને ખાલી પડયાં, કાળા ઊડે રે કાગ જી.... ભૂલ્યો૦
જીવન આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠ જી;
મોટા મોટા ચાલી ગયા ને લાખો લખપતિ શેઠ જી.... ભૂલ્યો૦
ઊલટી નદી પૂર ઊમટી, જાવું પેલે પાર જી;
આગળ નીર મળે નહિ રે, જોઈએ તો લેજો સાર જી.... ભૂલ્યો૦
સત્કર્મ સદ્ વસ્તુ ઓરંજો, ઈશ્વર-સ્મરણ સાથ જી;
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથ જી.... ભૂલ્યો૦

૪૩૯.

ભજ મન રે પંખીડા ! મત પડ પાંજરે, સંસાર માયાજાળ છે.
એક દિવસમાં ત્રણ જ ફેરા સદાય જંપે કાળ રે,
અણચિંત્યો તને લઈ જાશે, પછી કોણ છોડાવણહાર રે ?....મત પડ૦
દેવ દેવની પૂજા કીધી, નહિ ઓળખ્યા આતમરામ રે,
ભૂતની પેઠે ભમતો ફરે છે પછી કોણ થશે આધાર રે !....મત પડ૦

જ્યારે સરોવર ભર્યાં હતાં ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે,
નીર સઘળાં વહી રે ગયાં પછી હાથ ઘસ્યે શું થનાર રે?....મત ૫ડ૦

માતા રે તારી સદાય રુએ, બ્હેની રુએ દશ માસ રે,
સ્ત્રી રુએ તારી તેર દહાડા, ઓર ઢૂંઢે ઘરબાર રે!....મત ૫ડ૦

શેરી લગી સહુ સુંદરી ને ઝાંપા લગી માબાપ રે,
તીરથ લગી સગાં સંબંધી, હંસ તું એકલો જનાર રે!....મત ૫ડ૦

હાડ બળે જેમ લાકડું રે, કેશ જલે જેમ ઘાસ રે,
કંચન સરખી કાયા રે બળતી, કોઈ ના'વે ત્યાં સંગાથ રે....મન ૫ડ૦

મારું મારું મિથ્યા, મનવા! જૂઠો આ જગવહેવાર રે
દાસ રણછોડ શ્રી પ્રભુ ભજજો, પલમેં ઉતારે પાર રે....મન ૫ડ૦

૪૪૦.

ભલાં ભૂંડાં થઈ જાય, કુસંગે ભલાં ભૂંડાં થઈ જાય (ટેક)

કુસંગે કૈકેયીને બગાડયાં, પુત્રપતિનાં વેરી બનાવ્યાં;
જીવન ઝેર જેવું થાય, કુસંગે ભલાં ભૂંડાં થઈ જાય....ભલાં૦

કુસંગે રાવણને બગાડયો, માનવમાંથી દાનવ બનાવ્યો;
સર્વનાશ થઈ જાય, કુસંગે ભલાં ભૂંડાં થઈ જાય....ભલાં૦

કુસંગે દુર્યોધન હાર્યો, શ્વાનને મોતે ભીમે માર્યો;
મરીને નરકે જાય, કુસંગે ભલાં ભૂંડાં થઈ જાય....ભલાં૦

ભોગીની સંગે યોગી બગડે, મૂર્ખની સંગે પંડિત બગડે;
શિવરામ સઘળું જાય, કુસંગે ભલાં ભૂંડાં થઈ જાય....ભલાં૦

૪૪૧.

મારી નાડ તમારે હાથે, હરિ! સંભાળજો રે,
મુજને પોતાનો જાણીને પ્રભુ પદ પાળજો રે....મારી૦

પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઊભરાતું;
મને હશે શું થાતું? નાથ! નિહાળજો રે....મારી૦

અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઈ ઉપાય વિશે નહિં કાચા;
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે....મારી૦

વિશ્વેશ્વર! શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો?
મહા મૂંઝારો મારો, નટવર! ટાળજો રે....મારી૦

૪૪૨.

મૂરખો રળી રળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો. (ટેક)

ધાઈ-ધૂતીને ધન ભેળું રે કીધું, કોટિધ્વજ કહેવાણો;
પુણ્યના નામે પાઈ ન વાપરી, અધવચમાં લૂંટાણો રે....મૂરખો૦

ભર્યા કોઠાર તારા ભર્યા રહેશે, નહિ આવે સાથે દાણો;
મસાણુની રાખમાં રોળાઈ ગયા કૈંક, કોણુ રંક કોણુ રાણો રે....મૂરખો૦

મંદિર માળિયાં મેલી કરીને નીચે જઈ ઠેરાણો;
ભોજો ભગત કહે મૂઆ પછી જીવ ઘણું ઘણું પસ્તાણો રે....મૂરખો૦

૪૪૩.

મૂરખો કાલની વાતો કરે રે, માથે કાળનું ચક્કર ફરે. (ટેક)

કહે કંઈકને નહિ કરવું એવું નિજ કરતાં નવ ડરે;
વિષય વિકારમાં રહે વલખતો પારકા ઘરમાં ફરે રે....મૂરખો૦

સ્વારથમાં ચાલે છેક ચોધારો, અસત્ય ઘણું આચરે;
છળ-કપટ દગાબાજી કરે ને પારકા ધનને હરે રે....મૂરખો૦

ધર્મને મારગે ઢૂકડો ન આવે, પાપમાં પગલાં ભરે;
સુપની માયા સંઘરી રહે ક્યાં, વૈશ્યાનારીમાં વાવરે રે....મૂરખો૦

તેથી ચોર્યાસી સહી કરી જીવ, અલ્પ થઈ અવતરે;
ભોજો ભગત કહે ભજન કર્યા વિણુ, ભૂંડે હાલે મરે રે....મૂરખો૦

૪૪૪.

મૂરખો માની રહ્યો મારું મારું રે, તેમાં કાંઈયે નથી તારું. (ટેક)

સાત સાયર જેની ચોકી કરતા, ફરતું નીરે ખારું;
ચૌદ ચોકડીનું રાજ ચાલ્યું ગયું રાવણાદિકવાળું રે....મૂરખો૦

દુઃખને તો કોઈ દેખે નહીં ને, સુખ તો લાગે સારું;
વેળા વેળાની છાંયડી તારી, વળી જાશે વારું રે....મૂરખો૦

હરિભજનમાં હેત જ રાખો, સ્મરણ કરો સારું;
ભોજો ભગત કહે રાખો હૃદયમાં, પ્રભુનું ભજન પ્યારું રે....મૂરખો૦

૪૪૫.

માથે હરિ ભજવાનું દેવું, જોજો ભૂલમાં જાય નહીં;
એનું વ્યાજ હાથી જેવું, જોજો ભૂલમાં જાય નહીં. (ટેક)

આજે કાલે આળસ કરતાં, જીવન પૂરું થાશે,
મનુષ્ય-ફેરો ફોગટ જાશે....જોજો ભૂલમાં૦....માથે૦

જૂઠ કપટ ને ઝેર ભરેલા જગના ઝઘડા છોડો,
વ્હાલા હરિચરણે ચિત્ત જોડો....જોજો ભૂલમાં૦....માથે૦

અમુલખ માનવ-દેહ મળ્યો છે, નીતિ-પંથે ચાલો,
પીઓ ભક્તિરસનો પ્યાલો....જોજો ભૂલમાં૦....માથે૦

હૃદયે શ્રી રણછોડને રાખી સફળ કરો જન્મારો,
મળશે ભવસાગર-કિનારો....જોજો ભૂલમાં૦....માથે૦

૪૪૬.

રામબાણ વાગ્યાં હોય તે જાણે.
બોલ્યો મૂરખ મનમાં ન આણે રે....રામબાણ૦

ધ્રુવને વાગ્યાં, પહ્‌લાદને વાગ્યાં, તે તો ઠરીને બેઠા ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં, એવું વેદવચન પરમાણે રે....રામબાણ૦

મોરધ્વજ રાજાનું મન હરી લેવા વ્હાલા આવ્યા જે ટાણે,
કાશીએ જઈને કરવત મેલાવ્યાં, પુત્ર પત્ની બેઉ તાણે રે....રામબાણુ૦

બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને રાણો ખડ્ગ લઈને તાણે,
ઝેરના પ્યાલા ગિરિધરલાલે અમરત કર્યા એવે ટાણે રે....રામબાણુ૦

નરસિંહ મહેતાની વ્હાલે હૂંડી સ્વીકારી, ખેપ કરી ખરે ટાણે,
અનેક ભક્તોને એણે ઉગાર્યા, ધનો ભગત બધું જાણે રે....રામબાણુ૦

૪૪૭.

રામનામ લેજો રે દૂધ સાકરથી મીઠડાં.
જે નહિ બોલે, તેના કરમમાં ઠીકરાં રે....રામનામ૦

હાથ આપ્યા છે તેને હરિ-પૂજન કરવા,
નહિ તો જાણજો લાકડાં રે....રામનામ૦

પગ રે આપ્યા છે હરિ-મંદિર જાવા,
નહિ તો જાણજો થાંભલા રે....રામનામ૦

મોઢું આપ્યું છે હરિ-કીર્તન કરવા,
નહિ તો જાણજો ગોખલા રે....રામનામ૦

આંખો આપી છે હરિદર્શન કરવા,
નહિ તો જાણજો કાચકા રે....રામનામ૦

કાન આપ્યા છે હરિ-ગુણલા સૂણવા,
નહિ તો માનજો સૂપડાં રે....રામનામ૦

મન રે આપ્યું છે હરિ-તદ્દરૂપ બનવા,
નહિ તો માનજો માંકડાં રે....રામનામ૦

તન રે આપ્યું છે હરિ-સેવન કરવા,
નહિ તો જાણજો ખોખલાં રે....રામનામ૦

૪૪૮. [રાગ : સૌનું કરો કલ્યાણ...]

વીસરું નહિ પ્રભુનામ, કદી હું વીસરું નહિ પ્રભુનામ.

ચંદ્ર સૂરજ ને અગણિત તારા કર્યા ઉજાશને કામ....કદી૦
બહુ ઉપયોગી આપી હવા તેં, એસે નહિ કાંઈ દામ....કદી૦
અન્ન દિયે છે વરસાદેથી, પાળે જીવ તમામ....કદી૦
ગાય ભેંસને દૂધ દહીં દેવા સરજાવી સહુ ઠામ....કદી૦
ઝાડ પાન ફળ ફૂલ બનાવ્યાં, આંબો ગુલાબ બદામ....કદી૦
દયા કરીને સેવકને આપો સદ્‌વિદ્યા આઠે જામ....કદી૦

૪૪૯. [રાગ : સૌનું કરો કલ્યાણ...]

શરણે આવ્યો છું, રામ! તમારે શરણે આવ્યો છું.
અનેક જન્મનાં પાપ ઘણાં છે, પાવન કરી દો, રામ!....તમારે૦
દુઃખ દાવાનળે બળી રહ્યો છું, શાન્તિ આપોને, રામ!....તમારે૦
સંસાર-સાગરે ડૂબી રહ્યો છું, આરે પહોંચાડો, રામ!....તમારે૦
શિવરામ થાકીને શરણે આવ્યો, આપો, પ્રભુજી! આરામ....તમારે૦

૪૫૦.

હે નાથ! પકડ હાથ, હવે પાર થવા દે;
કિરતાર! કિનારે તું મારી નાવ જવા દે.
જીવનની નાવ ડૂબે સંસાર સાગરે (૨)
ઝાલ્યું સુકાન, પ્યારા! મેં તારા આશરે,
ડૂબે નહિ એ નાવ, તું બચાવ થવા દે.... કિરતાર૦
જ્ઞાની નહિ હું પૂરો, પૂજામાં અધૂરો (૨)
માયાનો રંગ દીસે, ઓ શ્યામ! બસૂરો,
એ રંગમાં, ઓ શ્યામ! તારો રંગ થવા દે.... કિરતાર૦
મળતો નથી કિનારો, ડૂબે નાવ ભારથી (૨)
ઓ શ્યામ! સાચો એક તું જ સારથિ,
નાવિક થઈને નાવડી ભવ પાર થવા દે.... કિરતાર૦

ચરણે ઢળી કરગરીએ રણછોડજી ! તુજને (૨)
તોફાન તરંગોમાં ઉગારજે મુજને.
આનંદઘન ઓ શ્યામ ! તું આનંદ થવા દે.... કિરતાર૦

૪૫૧. [સ્તવન]

હે જગત્રાતા, વિશ્વવિધાતા, હે સુખશાન્તિનિકેતન હે !
પ્રેમ કે સિન્ધો, દિન કે બંધો, દુઃખદરિદ્રવિનાશન હે !
નિત્ય અખંડ, અનંત, અનાદિ, પૂરણ બ્રહ્મ સનાતન હે !....હે જગ૦
જગઆશ્રય, જગપતિ, જગવંદન, અનુપમ, અલખ, નિરંજન હે !
પ્રાણસખા, ત્રિભુવનપાલક, જીવન કે અવલંબન હે !.... હે જગ૦

૪૫૨. [શિવ-સ્તવન; છંદ : શાર્દૂલવિક્રીડિત]

ઉત્પત્તિ-સ્થિતિ વિશ્વ આ સકલની છે સર્વ જે તાતથી;
ઉદ્ધારાર્થ મનુષ્યના અવતરે જે માનવી સાતથી;
જે ધાતા જગનો, પવિત્ર પ્રભુ, જે ત્રાતા, સ્વયં નંદન;
તે શ્રી સાંબ દયાળુ શંકર પિતા ! સ્વીકારજો વંદન !

૪૫૩.

જ્ઞાનગંગામાં નવડાવ, ગુરુ ! મુક્તિપદ લેવા;
માયા-કળિથી છોડાવ, ગુરુ ! મુક્તિપદ લેવા.
પૂરવનાં પાપો ધોવા, આત્મા શાંતિમાં પ્રોવા,
અદ્વૈત અલખમાં જોડાવ, ગુરુ ! મુક્તિપદ લેવા.... જ્ઞાન૦
આત્મસંયમ ને શુદ્ધિ, હો ધ્યાને નિર્મળ બુદ્ધિ,
દિવ્ય ચક્ષુથી બતાવ, ગુરુ ! મુક્તિપદ લેવા.... જ્ઞાન૦
મુક્તિ-સોપાને ચઢતા, લાખો જીવ પાછા પડતા,
વ્યાસ દાસનો કર સ્હાવ, ગુરુ ! મુક્તિપદ લેવા.... જ્ઞાન૦

૪૫૪. [રાગ : ધોળ]

ગોકુળમાં રે એક નંદજીનું ધામ, ત્યાં રે પ્રગટ્યા સુંદર શ્યામ;
કરવા સેવકજનનાં કામ.... કે ધન્ય જશોદા માવડી રે !

ભૂતળ-ભાર થયો અતિ ભારી, ત્યારે હરિએ મનુષા દેહ ધારી;
કંસાસુરને નાખ્યો મારી.... કે ધન્ય જશોદા માવડી રે !

તેત્રીશ કરોડ દરશને આવે, તનમનથી બહુ ભેટો રે લાવે;
માનુની નિશદિન મંગળ ગાવે.... કે ધન્ય જશોદા માવડી રે !

શિવજી કહે, સુણો મોરી માઈ ! અમને રે આપોને વધાઈ;
સુણી જાચકજન સૌ આવ્યાં ધાઈ.... કે ધન્ય જશોદા માવડી રે !

માણેક મોતી ને હીરા ઝવેર, નંદજીને આંગણુ લીલાલહેર;
આપે દાન ને ધરતા નૈવેદ્ય.... કે ધન્ય જશોદા માવડી રે !

નાનાવિધ વાજિંતર વાગે, પારણે પોઢ્યા હરિ ભક્તન કાજે;
ટોપી પર કોટિ સૂર્ય બિરાજે.... કે ધન્ય જશોદા માવડી રે !

કમલનયનની રે જ્યોતિ અપાર, ઉર પર લ્હેકે મોતી હાર;
કેડે કંદોરો ને સાંકળી સાર.... કે ધન્ય જશોદા માવડી રે !

સુંદર સરિતા જમનાને તીર, ત્યાં રમે હરિ બલભદ્રવીર;
ગુણવંતા ગુણના ગંભીર.... કે ધન્ય જશોદા માવડી રે !

દર્શન કરે એનાં ભવદુઃખ ટાળે, મોતીડે વધાવે એનાં રૂપ નિહાળે;
જશુમતી-સુતનાં ચરણ પખાળે.... કે ધન્ય જશોદા માવડી રે !

૪૫૫. [રાગ : ધોળ–ઉપર મુજબ]

રાધાજી રે ઘણું હરખ્યાં છે મન, આજે અમારો અવતાર ધન્ય;
પ્રગટ્યાં પૂરવ જનમનાં પુણ્ય.... કે પૂરણ બ્રહ્મને પરણીએ રે !

મારા મનમાં હુતી એક વાત, તે તો રે જાણી જદુ રે નાથ;
જનમોજનમ તમારો સાથ.... કે પૂરણ બ્રહ્મને પરણીએ રે !

અંતરિક્ષમાં બહુ વાજાં રે વાગે, જાણે ગગન મેહુલિયો ગાજે;
દેવતા આવ્યા વધાવવાને કાજે.... કે પૂરણ બ્રહ્મને પરણીએ રે !

સહુયે સાજન મળી બેઠા છે ટોળે, નંદ જશોદાએ લીધા છે ખોળે;
વલ્લભ ઊભા વાવજ ઢોળે.... કે પૂરણ બ્રહ્મને પરણીએ રે !

૪૫૬. [રાગ : મારું]

ભુલવણી ભારી, વ્હાલા ! ભુલવણી ભારી રે !
કળ પડે નહિ કોઈ ને એવી અકળ કળા તારી રે. (ટેક)

એ બાજીમાં સર્વે ભૂલવ્યું, નાખ્યા મોહમાં મારી રે;
શિવ વિરંચી વિસ્મય થયા સૌ, શું જાણે સંસારી રે ?....ભુલવણી૦

ભણ્યા ગણ્યા ભટકે ઘણા રે, અતિ થયા અહંકારી રે;
ભણ્યા નહિ તે શોચે ઘણુંયે, એકે સમજણ નહિ સારી રે....ભુલવણી૦

પરણ્યા પામ્યા આપદ ભારી, વણ-પરણ્યા ઇચ્છે નારી રે;
ગૂંચવણીમાં સહુ ગૂંચવાયા, સુધિનર રહ્યા સહુ હારી રે....ભુલવણી૦

અટકળમાં આવે જ નહિ રે, એવી ચાતુરી તારી રે;
જન પ્રીતમ એવું જાણી રે, જાયે પ્રભુ પર વારી રે....ભુલવણી૦

૪૫૭. [રાગ : મારું]

વૈકુંઠ ઢૂકડું, મહારાજ ! વૈકુંઠ ઢૂકડું રે !
પીંપળપાન નવ તોડીએ ને નવ તોડીએ વડલા-ડાળ;
સરોવરમાં નવ થૂંકીએ, નવ દીજીએ ગુરુને ગાળ રે....વૈકુંઠ૦

જીહ્વાએ જૂઠું નવ બોલીએ, મ્હોંથી કીજે નહિ લબાડ;
ચોરીમાં ચિત્ત નવ ભેળીએ, પરહરીએ પારકી આશ રે....વૈકુંઠ૦

સુપાત્ર જોઈને પૂજીએ રે, ભૂખ્યાને દીજીએ અન્ન;
કહત કબીરા સુનો ભાઈ સાધો, સેવીએ સાધુજન રે....વૈકુંઠ૦

૪૫૮. [રાગ : કેદાર]

એવા ગર્વી, ત્રિભોવનનાથ! ઘટે નહિ તમને રે;
અમો આવ્યાં વન-મોજાર, મેલી ગયા અમને રે. (ટેક)

પેર પેરનો પ્રેમ ધરીને પ્રીત કરી અમ સાથે રે;
અમરત પાઈ ઉછેર્યાં નાથ! વિષ પાઈ ગયા આજે રે....એવા૦

તમ સારુ શામળિયા વ્હાલા! છોડ્યો કુળનો સાથ રે;
કૂપ વિશે ઉતાર્યાં અમને, વરત વાઢી ગયા નાથ રે....એવા૦

રમ્યો ગિરિધારી કરીને નાચ, છંદ બહુ ભાત રે;
મોહી રહ્યાં અમે મૃગની પેર, કર્યો વિશ્વાસઘાત રે....એવા૦

આવડો ઉત્પાત કરતાં તમને નહિ લાગ્યો ત્રાસ રે;
અમર આશા દેખાડી અમને કરી ગયા નિરાશ રે....એવા૦

કપટ આવડું શાને કીધું, સંબંધ કરી, મહારાજ રે?
દાસ પુરુષોત્તમના નાથ! લોપીને રહ્યા લાજ રે!....એવા૦

૪૫૯.

માધવ ક્યાંય નથી મધુવનમાં.
ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં :
માધવ ક્યાંય નથી મધુવનમાં!

કાલિન્દીના જલ પર ઝૂકી પૂછે કદંબડાળી,
યાદ તને એસી અહીં વેણુ વાતા'તા વનમાળી?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં :
માધવ ક્યાંય નથી મધુવનમાં!

કોઈ ન માથે દાણ, કોઈની આણુ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં રાવ કદી ક્યાં કરતી!
નંદ કહે જશુમતીને, માતા લાલ ઝરે લોચનમાં :
માધવ ક્યાંય નથી મધુવનમાં!

શિર પર ગોરસમટુકી, મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન લાગ્યો, ગયાં ભાગ્ય મુજ ફૂટી;
કાળજ કહે આંખોને, આંખો વાત વહે અંસુઅનમાં :
માધવ ક્યાંય નથી મધુવનમાં !

૪૬૦.

બોલ મા, બોલ મા, બોલ મા રે,
રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા. (ટેક)
સાકર શેરડીનો સ્વાદ તજીને,
કડવો તે લીમડો ઘોળ મા રે.... રાધા૦
ચાંદા સૂરજનું તેજ તજીને,
આગિયા સંગાથ પ્રીત જોડ મા રે.... રાધા૦
હીરા માણેક ઝવેરાત તજીને,
કથીર સંગાથ મણિ તોલ મા રે.... રાધા૦
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
શરીર આપ્યું સમતોલમાં રે.... રાધા૦

૪૬૧.

રૈયાનું ભજન તમે ભૂલશો રે નહિ,
વારે વારે માનવ-દેહ આવશે રે નહિ. (ટેક)
આ રે કાયાનો રામે કોટ ચણાવ્યો,
કાંગરે કાંગરે ઊડી ગયા કંઈ.... વારે૦
રાજા રાવણ બહુ હતો અહંકારી,
અતિશે જુલમે ગઢ લંકા રે ગઈ.... વારે૦
મહીધરના સ્વામી મારે આંગણ પધાર્યા,
આનંદ આનંદની હેલી રે થઈ.... વારે૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
મારી જનમ-મરણની પીડા રે ગઈ.... વારે૦

૪૬૨.

સાધુજનનો સંગ, રે બાઈ! મને ભાગ્યે મળ્યો છે.

અડસઠ તીરથ મારા સંતને ચરણે,
કોટિ કાશી ને કોટિ ગંગ રે;
દુરિજન હોય તે દુરિજન રહેશે,
પાડે ભજનમાં ભંગ રે.... સાધુજનનો૦

નિંદા કરે તે નરકે રે જાશે,
થાશે અંધ અપંગ રે;
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
મારે તો એની સંગ રે.... સાધુજનનો૦

૪૬૩.

ગિરિધર કે ઘર જાવું, રે બાઈ! મારે ગિરિધર કે ઘર જાવું.

કોરી મટુકીમેં મહી જમાવું,
ગ્વાલન બનકર જાવું રે.... બાઈ૦

ફૂલ મંગાવું ગજરા ગૂંથાવું,
માલન બનકર જાવું રે.... બાઈ૦

વસ્ત્ર મંગાવું ભગવાં બનાવું,
જોગન બનકર જાવું રે.... બાઈ૦

કર કંકણ પગ ઘૂંઘર બંધાવું,
સહિયર બનકર જાવું રે.... બાઈ૦

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
નાચત નાચત જાવું રે.... બાઈ૦

૪૬૪. [કે=કહે; જે=જય; ભે=ભય; લે=લય; ચે=ચેહ; ભૈ=ભાઈ]

જ્યાં લગી આતમા અંગમાં છે રે
ત્યાં લગી 'હરિ હર હરિ હર' કે. (ટેક)
હાલતાં 'હરિ' ને ચાલતાં 'હરિ', બેસતાં 'હરિ હર' કે;
સૂતાં પહેલાં જે સમરણ કરે, ભૈ! તેની સહુ બોલો જે....જ્યાં૦
લીધા સરખું નામ 'હરિ હર', લઈ શકાય તો લે;
દીધા સરખું દાન ધરમ ભૈ! દઈ શકાય તો દે....જ્યાં૦
આ રે સંસાર અસાર ને ખોટો, સાચી વસ્તુ જ બે :
પહેલું કરમ બીજું હરિભજન, ભૈ! આટલું સમજી લે....જ્યાં૦
દ્રષ્ટ પદારથ સઘળાય મરતુક, આતમા અમ્મર છે;
કીડી થકીથી કુંજર લગણ, ભૈ! કાળચક્કરનો ભે....જ્યાં૦
બહુ દિન આંગણ વિવાહવિનોદ ને ઢોલ-શરણાઈના લે;
કહે જીવણ એવો એક દિ આવશે, ભડભડશે, ભૈ! ચે....જ્યાં૦

૪૬૫.

ગોળી ફોડી રે ગોળી ફોડી,
જુઓ, જશોદા! મારી ગોળી ફોડી.
ગાયની ગમાણે ગોવિંદ સંતાણા,
વાછરું એણે મેલ્યાં છોડી....જુઓ૦
સૂતા બાળકનાં અંગ મરોડયાં,
ગૈયાં નેતરાં નાખ્યાં તોડી....જુઓ૦
શીકેથી વ્હાલે ગોરસ ઉતાર્યાં,
ખાધાં ના એટલાં દીધાં ઢોળી....જુઓ૦
ચારપાંચ ગોપીઓ ભેળી મળીને,
કાનાને બાંધી દીધો તાણી....જુઓ૦
વલ્લભનો શામ પ્રભુ રસિકશિરોમણિ,
ગોળી ફોડે એ તો જાણી જાણી....જુઓ૦

૪૬૬.

બોલો હરિ ઓમ્ પરમાત્મા, સફળ કરો અવતાર;
સફળ કરો અવતાર, જગતમાં સફળ કરો અવતાર.

પાપ કરે જે રાત ને દિવસ, બોલી તે નવ શકનાર;
એક જ જનમે જે તરનારા, તે જ કરે ઉચ્ચાર!.... બોલો૦

જન્મ લીધો ને ધાવણ ધર્યું, ઉપકાર એના હજાર;
એ ઉપકારો ભૂલે જે માનવી, લાખો તેને ધિક્કાર!.... બોલો૦

કોણ તમે ને કોણ સંબંધી? કોના માટે વહેવાર?
ક્યાંથી આવ્યા ને ક્યાં રે જવાના? જરા તો કરો વિચાર!.... બોલો૦

માયાના વહેણમાં ભૂલા પડીને શાને ડૂબો મઝધાર?
નારી તો બારણે, સગાં સ્મશાને, દેશે કરી હદપાર!.... બોલો૦

હું-તું ને મારું-તારું કર્યાથી એળે જશે અવતાર;
ઓમ્ પરમાત્મા ભણી લો પ્રેમથી, બેડો થશે ભવપાર!.... બોલો૦

પાપ થકી આ પિંડ ભર્યો છે, નથી ધરમ-સંસ્કાર;
માટે કરી લો શુદ્ધ કરમ, ને વલ્લભ ઓમ્ રણકાર!.... બોલો૦

૪૬૭.

બેડી દેહની તોડાવ, તારી પ્રેમભક્તિમાં;
બ્રહ્મનાદ રે સુણાવ, તારી પ્રેમભક્તિમાં.

આતમભાન જ્યાં જાગે, માયા-કળિ ત્યાં ભાગે;
જ્ઞાન-હિંડોળે હીંચાવ, તારી પ્રેમભક્તિમાં.... બેડી૦

માયા મોહના ત્યાગે આત્મા-જ્યોતિ જાગે;
સાચું લક્ષ્ય બતાવ, તારી પ્રેમભક્તિમાં.... બેડી૦

માયા-વાસના છૂટે, પરમ ગતિ ત્યાં જૂટે;
મુક્તિ સાચી અપાવ, તારી પ્રેમભક્તિમાં.... બેડી૦

દાસ શરણમાં આવ્યો, ગુરુ વલ્લભને ભાવ્યો;
તારા સ્વરૂપમાં સમાવ, તારી પ્રેમભક્તિમાં....બેડી૦

૪૬૮.

આઠ કૂવા ને નવ વાવડી રે,
પાણી ભરે પનિહારી, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

સોના રૂપાનું મારું બેડલું રે,
ઈંઢોણી રત્ન જડાવ, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

વાંકી વળીને ઘડુલો ભરિયો રે,
બાઈ, મને માથે ચડાવ, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

તું રે સરીખા ગોવાળિયા રે,
મારા તે બાપના ગુલામ, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

તું રે સરીખી ગોવાલણી રે,
તે તો મારા ઘરની નાર, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

નરસિંહનો સ્વામી શામળો રે,
તે તો મારા હૈયાનો હાર, મારા વ્હાલા !
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ.

૪૬૯. [રાગ : કાલેરો]

આજ વૃંદાવન આનંદ સાગર, શામળિયો સંગે રાસ રમે;
નટવર વેશે બંસી બજાવે, ગોપીઓને મન ગોવિંદ ગમે.

સોળ કળાએ શશિ શિર ઉપર, ઉડુગણુ સહિત વિમાન ભમે;
નીર ગંભીર થિર યમુના તટ, ત્રિવિધ તનના તાપ શમે....આજ૦
ગોપી નીસરી નરહરિ નીરખવા, નીસરી સોળ શણગાર સજી;
ટોળે ટોળાં વળી ઊભી ને નીરખતી નયણાં ભરી ભરી....આજ૦
સોળસેં ગોપીઓ બીચમેં માધવ, કર ગ્રહી મંડળી માંહે રમે;
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ રાગણી સહુ શમે શમે....આજ૦
હરખ્યા સુરનર દેવ મુનિજન, પુષ્પવૃષ્ટિ કરી ચરણે નમે;
ભણે નરસૈંયો ધન્ય વ્રજનારી, જે કાજે જોગી દેહ દમે....આજ૦

૪૭૦. [રાગ : દેશી ફેર]

આ રત રૂડી રૂડી, મારા વ્હાલા ! રૂડો માસ વસંત;
રૂડા વનમાં કેસર ફૂલ્યો, રૂડો કમલા-કંથ....આ રત૦
રૂડા રંગે વાજાં વગાડે, તરુણી દે કર તાલ;
ચતુરા નારી ચંગ વગાડે, બંસી મદનગોપાલ....આ રત૦
અતિ રૂડું વૃંદાવન સોહે, રૂડો જમના-તીર;
રૂડું ગોપી-ગ્વાલનું મંડલ, રૂડો હળધર-વીર....આ રત૦
અતિ રૂડો ગુલાબ અરગજો, રૂડો મુખ તંબોળ;
રૂડો રે નરસૈંનો સ્વામી, નિશદિન ઝાકમઝોળ....આ રત૦

૪૭૧.

કહો કેમ કરી વસીએ, રે મારી બ્હેની !
ગોકુળ લૂંટ મંડાણી રે.
નંદ તણો નાગડિયો નરહરિ થઈ બેઠો છે દાણી રે....ગોકુળ૦
લાગ નહિ એનો ભાગ નહિ, બાળક જાણી પાળ્યો;
મથુરામાં મહી વેચવાનો મારગ એણે ટાળ્યો રે....ગોકુળ૦
એકનું ઢોળે વ્હાલો એકનું ફોડે, એકનું ગોરસ ચાખે;
એક એકને વ્હાલો અટકળું બોલે, શ્યામ શરમ નહિ રાખે રે....ગોકુળ૦

એક એકને વ્હાલો ચીર પહેરાવે, એકને પહેરાવે ચોળી;
એક એકને વ્હાલો દધિ ખવડાવે, એકને દે રંગોળી રે....ગોકુળ૦
ગોપી મળી સૌ ભામા ભોળી, સહિયરની થઈ ટોળી;
નરસૈંયાનો સ્વામી વૃંદાવન રંગે રમાડે હોળી રે....ગોકુળ૦

૪૭૨.

કૃષ્ણ કહો, કૃષ્ણ કહો, આ અવસર છે કહેવાનું;
પાણી સઘળું વરસી જાશે, રામનામ છે રહેવાનું....કૃષ્ણ૦
રાવણ સરખા હાલી ચાલ્યા, અંતકાળની આંટીમાં;
પલકવારમાં પકડી લીધા, જાણે જમની ઘાટીમાં....કૃષ્ણ૦
લખેસરી લાખો લૂંટાયા, કાળે તે નાખ્યા કૂટી રે;
કરોડપતિનું કાંઈ ન ચાલ્યું, ઝટઝટ હાલ્યા ઊઠી રે....કૃષ્ણ૦
રટિયા જેણે રાધેકૃષ્ણ, અંતર લગની લાગી રે;
નરસૈંયાનો સ્વામી મળ્યો, ભવની ભાવટ ભાગી રે....કૃષ્ણ૦

૪૭૩.

ગૌ ચારી ઘેર આવે, શામળિયો વ્હાલો ગૌ ચારી ઘેર આવે.
પીંઢારું પરવાર્યા મોહનજી, મધુરી મોરલી બજાવે રે....શામળિયો૦
ગળે ગુંજામણિ હાર મન-મોહન, મોર મુગટ શિર સોહે;
શ્યામ તણી સુંદરતા જોઈ જોઈ ને વ્રજનારી મન મોહે રે....શામળિયો૦
અગર-ચંદનના સેર દેવડાવું ને મોતીડે ચોક પુરાવું;
નરસૈંના સ્વામી ! મંદિર પધારો, મારગડે ફૂલ વેરાવું રે....શામળિયો૦

૪૭૪.

નહિ આવ્યા રે, નહિ આવ્યા, નાથજી નહિ આવ્યા;
મળી મથુરામાં મોહિની નાર....ગોકુળિયું કેમ ભાવે ?
ગોકુળિયું કેમ ભાવે ? મળી મથુરામાં મોહિની નાર....નાથજી૦

આગળ હતા ગોવાળિયા, હવે થયા મથુરાના રાય,
રાયથી ગોકુળ કેમ રહેવાય? નિત પડે દોહવી ગાય!
નિત પડે દોહવી ગાય! રાયથી ગોકુળ કેમ રહેવાય?....નાથજી૦

મથુરામાં તો શાલ-દુશાલા, નાના વિધના વાઘા;
અહીં તો કાળી કામળી એક! ગોકુળિયું કેમ ભાવે?
ગોકુળિયું કેમ ભાવે? અહીં તો કાળી કામળી એક!....નાથજી૦

રાજા કંસની દાસી રે કુબ્જા, ખૂંધી ને વળી ખોડી;
કાળી કુબ્જા ને કાળુડો કહાન, સરખે સરખી જોડી;
સરખે સરખી જોડી! મળી મથુરામાં મોહિની નાર....નાથજી૦

વૃંદા તે વનની કુંજગલીમાં, વ્હાલે રમાડેલ રાસ;
નરસૈંયાનો સ્વામી અમને કરીને ગયો નિરાશ;
કરીને ગયો નિરાશ રે, નાથજી નહિ આવ્યા....મળી૦

**૪૭૫.** [રાગ : સોરઠ]

વ્યવહારના છો વારુ, નાથજી! વ્યવહારના છો વારુ.
કુબ્જાને તમે કમલા કીધી, રતિ એક ચંદન સારુ રે....નાથજી૦

તાંદુલને સ્વાદે ધાયા, મનડું ઠર્યું તમારું;
વિપ્ર સુદામાના વૈભવ આગળ અમરાપુરી ઓવારું રે....નાથજી૦

બલિરાજા પ્રતિ મહિમા યાચી, થઈ આવ્યા અધ્યારુ;
પાતાળપતિની પદવી એને, ઈન્દ્રનું કારજ સાર્યું રે....નાથજી૦

પાંડવનારનાં પટકુળ પૂર્યાં, પામ્યા સુતરતંતુ સારુ;
નરસૈંયાના સ્વામી ખાતે અમ હોજો જમા પાસું રે....નાથજી૦

**૪૭૬.** [લોકગીત]

લવિંગ કેરી લાકડિયે રામે સીતાને માર્યાં જો!
ફૂલ કેશ દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો!

'રામ! તમારે ઓલડિયે હું પર ઘેર બેસવા જઈશ જો!'
'તમે જશો જો પર ઘેર બેસવા, હું વાતૂડિયો થઈશ જો!'
'રામ! તમારે ઓલડિયે હું પર ઘેર દળવા જઈશ જો!'
'તમે જશો જો પર ઘેર દળવા, હું ઘંટૂલો થઈશ જો!'
'રામ! તમારે ઓલડિયે હું પર ઘેર ખાંડવા જઈશ જો!'
'તમે જશો જો પર ઘેર ખાંડવા, હું સાંબેલું થઈશ જો!'
'રામ! તમારે ઓલડિયે હું આકાશ-વીજળી થઈશ જો!'
'તમે થશો જો આકાશ-વીજળી, હું મેહુલિયો થઈશ જો!'
'રામ! તમારે ઓલડિયે હું બળીને ઢગલી થઈશ જો!'
'તમે થશો જો બળીને ઢગલી, હું ભભૂતિયો થઈશ જો!'

૪૭૭.

અમે રે સૂકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર....
તરબોળી દ્યો તારેતારને—
વીંધો અમને, વ્હાલા! આરંપાર;
આવો રે આવો હો જીવણ, આમના.
અમે રે સૂના ઘરનું જાળિયું, તમે તાતા તેજના અવતાર!
ભેદીને ભીડેલા ભોગળ-આગળા—
ભરો લખ-લખ અદીઠા અંબાર;
આવો રે આવો હો જીવણ, આમના.
અમે રે ઊધઈ-ખાધું ઈંધણું, તમે ધગધગ ધૂણીના અંગાર!
પડેપડ પ્રજાળો, વ્હાલા! વેગથી—
આપો અમને અગનના શણગાર;
આવો રે આવો હો જીવણ, આમના.

૪૭૮.

પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ
પ્રેમળ જ્યોતિ૦....

દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ;
મારો જીવનપંથ ઉજાળ.... પ્રેમળ જ્યોતિ૦

ડગમગતો પગ સ્થિર રાખ તું મુજ, દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય;
મારે એક ડગલું બસ થાય....પ્રેમળ જ્યોતિ૦

આજ લગી રહ્યો ગર્વમાં હું, ને માગી મદદ ન લગાર,
આપબળે માર્ગ જોઈને ચાલવા હામ ધરી મૂઢ બાળ;
હવે માગું તુજ આધાર....પ્રેમળ જ્યોતિ૦

ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણથી સ્ખલન થયાં જે સર્વ;
મારે આજ થકી નવું પર્વ....પ્રેમળ જ્યોતિ૦

તારા પ્રભાવે નિભાવ્યો મને, પ્રભુ! આજ લગી પ્રેમભેર;
નિશ્ચે મને તે સ્થિર પગલેથી ચલવી પ્હોંચાડશે ઘેર;
દાખવી પ્રેમળ જ્યોતિની સેર....પ્રેમળ જ્યોતિ૦

કર્દમ ભૂમિ કળણ ભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી, કૃપાળ!
મુને પ્હોંચાડજે નિજ દ્વાર....પ્રેમળ જ્યોતિ૦

રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોનાં વદન મનોહર, મારે હૃદય વસ્યાં ચીરકાળ;
જે મેં ખોયાં હતાં ક્ષણવાર....પ્રેમળ જ્યોતિ૦

૪૭૯. [લોકગીત : જેસલ-તોરલ]

પાપ તારું પરકાશ, જાડેજા! ધરમ તારો સંભાળ રે,
તારી બેડલીને બૂડવા નહીં દઉં, જાડેજા રે....
એમ તોળલ કહે છે જી.

વાળી ગોંદરેથી ગાય, તોળી રાણી ! વાળી ગોંદરેથી ગાય રે,
એની ભાણેજાં મારિયાં, તોળલદે રે....
એમ જેસલ કહે છે જી.
પાદર લૂંટી પાણિયાર, તોળી રાણી ! પાદર લૂંટી પાણિયાર રે,
વનના મોરલા મારિયા, તોળલદે રે....
એમ જેસલ કહે છે જી.
તોડી સરોવર પાળ, તોળી રાણી ! તોડી સરોવર પાળ રે,
વન કેરા મૃગલા મારિયા, તોળલદે રે....
એમ જેસલ કહે છે જી.
લૂંટી કુંવારી જાન, તોળી રાણી ! લૂંટી કુંવારી જાન રે,
સતવીસું મોડબંધા મારિયા, તોળલદે રે....
એમ જેસલ કહે છે જી.
હરણ હણ્યાં લખ ચાર, તોળી રાણી ! હરણ હણ્યાં લખ ચાર રે,
એવાં કરમ તો મેં કર્યાં, તોળલદે રે....
એમ જેસલ કહે છે જી.
જેટલા માથાના વાળ, તોળી રાણી ! જેટલા માથાના વાળ રે,
એટલાં કરમ તો મેં કર્યાં, તોળલદે રે....
એમ જેસલ કહે છે જી.
પુણ્યે પાપ ઠેલાય, જાડેજા ! પુણ્યે પાપ ઠેલાય રે,
તારી બેડલીને બૂડવા નહીં દઉં જાડેજા રે....
એમ તોળલ કહે છે જી.

૪૮૦. [રાગ : સામેરી]

જુવાનીને દહાડે હરિને ભજ્યા નહિ રે,
મોહું પરદારા પર મન;
વળી કાંઈ ખોયું રે કામની કલ્પના રે,
માયાશું બાંધ્યું રે મન.... (ટેક)

પચીસ ને પચાસ રે, તે પ્રપંચે ગયાં રે,
આવ્યા સાઠ વરસના દન;
સીત્તોર સુધી રે કાંઈ સમજ્યો નહિ રે,
હવે સાધવા ચાલ્યો રે વન....જુવાનીને૦

નયણે નહિ સૂઝે રે ગળે બહુ નાસિકા,
સુકાયું શિથિલ થયું તન;
દંતને રેખું રે મુખ દીધે નહિ રે,
તોય પાપી ઉદર માગે અન્ન....જુવાનીને૦

ભાગ્યહીણો રે અવસર જાણ્યો નહિ,
જાણે જે હરિના રે જન;
નરસૈંયાના સ્વામી રે, સુખમાં સંભારજો,
વ્હાલો પૂરણ પરમાનંદ....જુવાનીને૦

૪૮૧ [રાગ : કેદારો]

મોરલીએ મન મોહ્યાં, ઘેલી કીધી ગિરિધારીએ;
મેં કામકાજ સહુ ખોયાં, ઘેલી કીધી ગિરિધારીએ. (ટેક)
દોણી લઈ ગૌ દોહવા બેઠી, સાડી ભીંજી નવ જાણી રે;
નાવલિયાને નેતરે બાંધ્યો, ઘરનો તે ધારણ જાણી રે....ઘેલી૦
તાવ્યાં ઘી તક્રમાં રેડ્યાં પયમાં રેડ્યાં પાણી રે;
વાછરડાં વરાંછે મેં તો, બાળક બાંધ્યાં તાણી રે....ઘેલી૦
સાસુ કહે વહુને વંતર વળગ્યું, આકડિયા ઉતરાવો રે;
નણદી કહે ભાભીને બાંધો, સાન કરીને સમજાવો રે....ઘેલી૦
દિયર કહે એની પેર જાણું, એનું મન મોરલી મોહ્યું રે;
નરસૈંયાના સ્વામી સંગ રમતાં ભવદુઃખ તો ખોયું રે....ઘેલી૦

૪૮૨.

મને કાનજી જોયાના કોડ, સહિયર ! ચાલોને.

દહેરે દહેરે દીવા કરું, ને પૂજું શંકર દેવ;
શામળિયો વર પામવા, રે કરું શંભુની સેવ....
સહિયર ચાલોને....મને કાનજી જોયાના૦

ચંદનભરી તલાવડી, ને મોતીડે બાંધી પાળ;
કાનજી ધૂએ રૂડાં ધોતિયાં, રે રાધા પાણી લૈને હાર્ય....
સહિયર ચાલોને....મને કાનજી જોયાના૦

સાસુ અમારાં જશોમતી, ને સસરા શ્રી નંદરાય;
કંથ કોડીલો કાનજી, રે મારું સાસરું ગોકુળ ગામ....
સહિયર ચાલોને....મને કાનજી જોયાના૦

ગાય શીખે ને સાંભળે, શ્રી હરિ-રાધાનો રાસ;
તે સહુ વૈકુંઠ પામશે, રે ગુણ ગાયે નરસૈંદાસ....
સહિયર ચાલોને....મને કાનજી જોયાના૦

૪૮૩.

મારો પિયુજી પરઘેર જાય, સખી ! શું કરીએ ?
કેમ એકલડું રહેવાય ? વિજોગડે મરીએ રે....
સખી ! શું કરીએ ?

રૂપ જોઈ જોઈ રસિયો રૂડો પરાણે જોડે પ્રીત;
અણ તેડ્યો આંગણિયે આવે, રે એવી તે એની રીત....
સખી ! શું કરીએ ?....મારો પિયુજી૦

બોલાવ્યો બોલે નહિ, તો કોને કહીએ વેણ ?
શેરીએ જ્યાં સામો મળે, રે નીચેરાં ઢાળે નેણ....
સખી ! શું કરીએ ?....મારો પિયુજી૦

છળભેદમાં છાનો ફરે, ને વાયદા અમને વાય;
નરસૈંયાનો સ્વામી અંતર્યામી, હરિ અરઘવાથી ઓળખાય....
સખી ! શું કરીએ ?....મારો પિયુજી૦

૪૮૪.

મટકું માંડયા વિણ જોતી ઊભી, ને
લટકું કીધું ના શ્યામ શાણાએ, (ટેક)

ભૂલ્યો ભુલાય ના, એવો એનો નેહ;
સાંખ્યો સાંખાય ના, એવો દીધો છેહ;
માંગણ બનીને માંગ્યા કરું, ને બાઈ!
દરશન દીધું ના દાન દાતાએ....મટકું૦

અંખાની ઝાળથી દાઝે મારો દેહ;
વરસે ના કાળમાં મોંઘો એવો મેહ;
તરસી બનીને તલપ્યાં કરું, ને બાઈ!
વરસી ઠારી ના આગ આલાએ....મટકું૦

ઊંડેરી આશથી મારું હૈયું મગન;
અદકેરો નાથ છે, ઘેરી લેશે ગગન;
ચાતક બનીને તરસ્યાં કરું, ને બાઈ!
વીતક વીતાડયાં લાખ લાલાએ....મટકું૦

ઓધવના બોલથી ઊઠી ઉરમાં અગન;
ભૂલું, ભુલાય તો;–એવી લાગી લગન;
દામણુ છૂટે ના, દોડું હું કેમ, બાઈ!
કામણ કીધાં છે કાન કાળાએ....મટકું૦

૪૮૫.

આજે સૌને 'જય શ્રી કૃષ્ણ', કાલે વહેલાં આવજો;
હરિગુણ ગાવા, હરિરસ પીવા આવે એને લાવજો....આજે૦

મનમંદિરના ખૂણેખૂણેથી કચરો કાઢી નાખજો;
અખંડ અવિચળ પ્રેમળ જ્યોતિ કાયમ જલતી રાખજો.....આજે૦

હરતાં ફરતાં કામો કરતાં હૈયે હરિવર ધારજો;
માન-મસ્તકો અળગો ઠેલી, ઈર્ષ્યા કાઢી નાખજો....આજો૦

હૈયે હૈયાં ખૂબ મિલાવી હરિજન દિલ હરખાવજો;
ભક્તિ કેરાં અમરત પીજો, બીજાંને પીવડાવજો....આજો૦

સહુમાં એક જ રામ રમે છે, સમજી પ્રીતે બાંધજો;
શંકરની શીખ હૈયે ધારી હરિની સુરતા સાધજો....આજો૦

□

# હિન્દી પદ-ભજન

૪૮૬.

(હાં રે.... મરદો કયા ગુમાન કરના, ઋણુસે જવાબ દેના)
મિટ્ટી ખાના, મિટ્ટી પીના, મિટ્ટીસે મિલ જાના....
મિટ્ટીસે મિટ્ટી મિલ ગઈ તો ઉપર ગયે સબ લોગ,
....દાતા, સોણુ લે મારા લાલા!
એક દિન મિટ્ટીસે મિલ જાના.

કૌન મિલેગા મનકા મોદી, કૌન મિલેગા દરજી;
આંતર ઝોલા તૂટ ગયે તો, કૌન સીએગા દરજી?
....દાતા, સોણુ લે મારા લાલા!
એક દિન પંછીસે ઉડ જાના, એક દિન પવન ચલે ઉડ જાના.

સોના પહનો, ચાંદી પહનો, પહનો જરિયાંકી સારી,
રૂપયે ગજકા રેશમ પહનો, નહીં જીવનકી આશા,
....દાતા, સોણુ લે મારા લાલા!
એક દિન પવન ચલે ઉડ જાના, એક દિન મિટ્ટીસે મિલ જાના.

મિટ્ટી ચુન ચુન મહલ બનાયા, મૂરખ કહે ઘર મેરા,
આય ગયે જમરે લે ગયે જીવડે, નહીં જીવનકી આશા,
....દાતા, સોણુ લે મારા લાલા!
એક દિન મિટ્ટીસે મિલ જાના, એક દિન પવનસે ઉડ જાના.

માતા રુએ આસો માસો, બહના રુએ બારહ માસા,
ઘરકી સ્રીયાં તીન દિન રુએ, ઘરસે નીકલે બાર,
....દાતા, સોણુ લે મારા લાલા!
એક દિન પંછીસે ઉડ જાના, એક દિન મિટ્ટીસે મિલ જાના.

હાડ જલે જૈસે લકડી ભારા, કેશ જલે જૈસે ઘાસા,
કંચન કાયા જલ ગઈ ઐસે, સગે ન આવે સાથ,
...દાતા, સોણુ લે મારા લાલા !
એક દિન મિટ્ટીસે મિલ જાના, એક દિન પવનસે ઉડ જાના.

કબીરકી માને કબીર જનમ્યો, કબી ન પાયો સુખ,
ડાલિ ડાલિ કબીરો ભમિયો, ડાલિ ડાલિ દુઃખ,
...દાતા, સોણુ લે મારા લાલા !
એક દિન પંછીસે ઉડ જાના, એક દિન મિટ્ટીસે મિલ જાના.

કહત કબીરા સુનો ભાઈ સાધો, જૂઠી જગકી માયા,
ધ્યાન ધરો કુછ નામ લિયો, યે જૂઠા ખેલ રચાયા,
...દાતા, સોણુ લે મારા લાલા !
એક દિન મિટ્ટીસે મિલ જાના.

૪૮૭. [રાગ : ભૈરવી–તીન તાલ]

ઝીની ઝીની બિની ચદરિયા,
કાહે કે તાના, કાહે કે ભરની, કૌન તારસે બિની ચદરિયા;
ઈંગલા પિંગલા તાના ભરની, સુષમન તારસે બિની ચદરિયા.
ઝીની ઝીની બિની ચદરિયા.
આઠ કંવલ દલ ચરખા ડોલે, પાંચ તત્ત્વ ગુન તિની ચદરિયા;
સાંઈ કો સીવત માસ દસ લાગે, ઠોક ઠોક કે બિની ચદરિયા.
ઝીની ઝીની બિની ચદરિયા.
સો ચાદર સુરનર મુનિ ઓઢી, ઓઢી કે મૈલી કિની ચદરિયા;
દાસ કબીર જતનસે ઓઢી, જયોંકી ત્યોં ધરી દિની ચદરિયા.
ઝીની ઝીની બિની ચદરિયા.

૪૮૮. [રાગ : ધૂમાલી]

રહના નહિ દેસ વિરાના હૈ.

યહ સંસાર કાગદકી પુડિયા, બૂંદ પડે ઘુલ જાના હૈ;
યહ સંસાર કાંટેકી બાડી, ઉલઝ ઉલઝ મરિ જાના હૈ;
રહના નહિ દેસ વિરાના હૈ.

યહ સંસાર ઝાડ ઔર ઝાંખર, આગ લગે બરિ જાના હૈ;
કહત કબીર સુનો ભાઈ સાધો, સદ્‌ગુરુ નામ ઠિકાના હૈ;
રહના નહિ દેસ વિરાના હૈ.

૪૮૯.

યે મારગડા જુદા કબીરકા યે મારગડા જુદા.
ઈંટ પઢાવે, મસ્જિદ ચણાવે, અનેક પીર જ હુઆ;
યે પીરકા કોઈ ભેદ ન જાણે,
નમાજ પઢી પઢી મુઆ, કબીરકા યે મારગડા જુદા....યે૦

પથ્થર મંગાવે, મૂર્તિ ટંકાવે, અનેક દેવ જ હુઆ;
યે દેવકા કોઈ ભેદ ન જાણે,
ભૂવા ધૂણી ધૂણી મુઆ, કબીરકા યે મારગડા જુદા....યે૦

વાડી બંધાવે કથા કહાવે, અનેક સંત જ હુઆ;
કોઈ ભજનકા ભેદ ન જાણે,
કાંસા ઘસી ઘસી મુઆ, કબીરકા યે મારગડા જુદા....યે૦

કહત કબીરા સુનો ભાઈ સાધો, મનુષ્ય અવતાર હુઆ;
ભવ સાગરકી ભૂલ ભૂલૈયાં,
લખ ચોરાશી ફરી મુઆ, કબીરકા યે મારગડા જુદા....યે૦

૪૯૦. [ રાગ : કાલિંગડો–તીન તાલ ]

મન લાગો મેરો યાર ફકીરીમેં.
જો સુખ પાવો રામભજનમેં સો સુખ નાહિં અમીરીમેં....મન૦

ભલા બુરા સબકા સુનિ લીજૈ,
કર ગુજરાન ગરીબીમેં....મન લાગો૦

પ્રેમનગરમેં રહનિ હમારી, ભલિ બનિ આઈ સબૂરીમેં;
હાથમેં કૂંડી બગલમેં સોટા,
ચારોં દિશિ જાગીરીમેં....મન લાગો૦

આખિર યહ તન ખાક મિલેગા, કહા ફરત મગરૂરીમેં;
કહત કબીરા સુનો ભાઈ સાધો,
સાહિબ મિલે સબૂરીમેં....મન લાગો૦

૪૯૧.

નામ સુમર, પછતાયેગા.
પાપી જિયરા લોભ કરત હૈ, આજ કાલ ઉઠિ જાયેગા....નામ૦

લાલચ લાગી, જનમ ગંવાયા, માયા ભરમ ભુલાયેગા;
ધન જોબનકા ગરવ ન કીજે, કાગદ જ્યોં ગલિ જાયેગા....નામ૦

જબ જમ આઈ, કેશ ગહિ પટકૈ, તા દિન કછુ ન બસાયેગા;
સુમિરન, ભજન, દયા નહિ કીન્હો, તો મુખ ચોટા ખાયેગા....નામ૦

ધરમરાજ જબ લેખા માંગે, ક્યાં મુખ તૂ બતલાયેગા;
કહત કબીર સુનો ભાઈ સાધો, સાધુ-સંગ તરિ જાયેગા....નામ૦

૪૯૨.

પાની બિચ મીન પિયાસી !
મોહિ સુનિ સુનિ આવત હાંસી.

આતમજ્ઞાન બિના સબ સૂના, ક્યા મથુરા ક્યા કાશી;
ઘરમેં બસત ઘરી નહિ સૂઝે, બાહર ખોજન જાસી....પાની૦

મૃગકી નાભિ માંહિ કસ્તૂરી, બન બન ફિરત ઉદાસી,
કહત કબીર સુનો ભાઈ સાધો, સહજ મિલે અવિનાસી....પાની૦

૪૯૩.

મોકો કહાં ઢૂંઢો, બંદે ! મૈં તો તેરે પાસમેં.
ના મૈં બકરી, ના મૈં ભેડી, ના મૈં છુરી ગંડાસમેં....મોકો૦

નહીં ખાલમેં, નહીં પોંછમેં, ના હડ્ડી ના માંસમેં....મોકો૦
ના મૈં દેવલ, ના મૈં મસ્જિદ, ના કાબે કૈલાસમેં....મોકો૦
ના તો કોઈ ક્રિયા-કર્મમેં, નહીં જોગ-બૈરાગમેં....મોકો૦
ખોજી હોય તુરતે મિલિહોં પલભરકી તલાસમેં....મોકો૦
મૈં તો રહોં શહર કે બાહર, મેરી પુરી મવાસમેં....મોકો૦
કહત કબીરા સુનો ભાઈ સાધો, સબ સાંસોંકી સાંસમેં....મોકો૦

૪૯૪.

નામ અમલ ઉતરે ના ભાઈ!
ઔર અમલ છીન છીન ચઢિ ઉતરે,
નામ-અમલ દિન બઢે સવાઈ....નામ૦

દેખત ચઢે, સુનત હિય લાગે,
સુરત કિયે તન દેત ઘુમાઈ;
પિયત પિયાલા, ભયે મતવાલા,
પાયો નામ મિટી દુચિતાઈ....નામ૦

જો જન નામ અમલ રસ ચાખા,
તર ગઈ ગનિકા સદન કસાઈ;
કહત કબીર ગૂંગે ગુડ ખાયા,
રસના કા કરે બડાઈ?....નામ૦

૪૯૫.

સાધો! સો સત્ ગુરુ મોહિં ભાવૈ.
સત્ત નામકા ભર ભર પ્યાલા, આપ પીવે મોહિં પાવૈ....સાધો૦

મેલે જાય ન મહંત કહાવૈ, પૂજા ભેંટ ન લાવૈ;
પરદા દૂર કરૈ આંખનિકા, નિજ દરશન દિખલાવૈ....સાધો૦

જાકે દરસન સાહબ દરસૈં, અનહદ શબ્દ સુનાવૈ;
માયા કે સુખ દુ:ખકર જાનૈ, સંગ ન સુપન સમાવૈ....સાધો૦

નિસિ દિન સત્સંગતિમેં રાચૈ, શબ્દમેં સુરત લગાવૈ;
કહત કબીર તાકો ભય નાહિં, નિર્ભયપદ પરસાવૈ....સાધો૦

૪૯૬. [રાગ : પીલુ–તીન તાલ]

રઘુવર ! તુમકો મેરી લાજ.
સદા સદા મૈં શરન તિહારી, તુમ બડે ગરીબનિવાજ....રઘુવર !૦

પતિત-ઉધારન બિરુદ તિહારો, સ્રવનન સુની અવાજ;
હૌં તો પતિત પુરાતન કહિયે, પાર ઉતારો જહાજ....રઘુવર !૦

અઘ-ખંડન, દુઃખભંજન જનકે, યહી તિહારો કાજ;
તુલસીદાસ પર કિરપા કરિયે, ભક્તિદાન દેહુ આજ....રઘુવર !૦

૪૯૭. [રાગ : દેશી–દાદરા તાલ]

તૂ દયાલુ, દીન હૌં, તૂ દાનિ, હૌં ભિખારી;
હૌં પ્રસિદ્ધ પાતકી, તૂ પાપપુંજ-હારી....તૂ૦

નાથ તૂ અનાથકો, અનાથ કૌન મોસો ?
મો સમાન આરત નહિ, આરત-હર તોસો....તૂ૦

બ્રહ્મ તૂ, હૌં જીવ, તૂ ઠાકુર, હૌં ચેરો;
તાત, માત, ગુરુ, સખા તૂ, સબ વિધિ હિતુ મેરો....તૂ૦

મોહિં તોહિં નાતે અનેક માનિયે જો ભાવૈ;
જ્યોં ત્યોં તુલસી કૃપાલુ ચરન-સરન પાવૈ....તૂ૦

૪૯૮. [રાગ : ખમાજ–તીન તાલ]

જાકે પ્રિય ન રામવૈદેહી.
સો છાંડિયે કોટિ બૈરી સમ, જદપિ પરમ સનેહી....જાકે૦

ભજ્યો પિતા પ્રહ્લાદ, વિભીષણ બંધુ, ભરત મહતારી;
બલિ ગુરુ તજ્યો, કંત વ્રજવનિતનિ, ભયે મુદ-મંગલકારી....જાકે૦

નાતે નેહ રામકે મનિયત સુહૃદ સુસેવ્ય જહાં લૌં;
અંજન કહા આંખિ જેહિ ફૂટૈ, બહુતક કહૌં કહૌં....જાકે૦

તુલસી ! સો સબ ભાંતિ પરમહિત પૂજ્ય પ્રાણ તે પ્યારો;
જાસોં હોય સનેહ રામપદ, એતો મતો હમારો....જાકે૦

૪૯૯.

છાંડિ, મન ! હરિવિમુખનકો સંગ.
જિનકે સંગ કુબુધિ ઉપજત હૈ, પરત ભજનમેં ભંગ....છાંડિ૦

કહા હોત પયપાન કરાવે, વિષ નહીં તજત ભુજંગ;
કાગહિ કહા કપૂર ચુગાયો, સ્વાન ન્હવાયે ગંગ....છાંડિ૦

ખરકો કહા અરગજા લેપન, મરકટ ભૂષણ અંગ;
ગજકો કહા ન્હવાયે સરિતા, બહુરિ ધરૈ સિર છંગ....છાંડિ૦

પાહન પતિત બાંસ નહિ બેધત, રીતી કરત નિષંગ;
સૂરદાસ ખલ કારી કમરી, ચઢત ન દૂજો રંગ....છાંડિ૦

૫૦૦.

પ્રીતિ કરી કાહૂ સુખ ન લહ્યો.
પ્રીતિ પતંગ કરિ દીપક સોં, આપૈ દેહ દહ્યો....પ્રીતિ૦

અલિસુત પ્રીતિ કરિ જલસુત સોં, સંપુટ માંઝ ગહ્યો;
સારંગ પ્રીતિ કરી બંસી સોં, સનમુખ બાન સહ્યો....પ્રીતિ૦

હમ જો પ્રીતિ કરિ માધવ સોં, ચલત ન કછુ કહ્યો;
સૂરદાસ પ્રભુ બિન દુઃખપાવતિ નૈનન નીર બહ્યો....પ્રીતિ૦

૫૦૧.

રે મન, મૂરખ ! જનમ ગંવાયો.
કરિ અભિમાન વિષય-રસ રાચ્યો, શ્યામ-શરન નહિ આયો....રે૦

યહ સંસાર ફૂલ સેમરકો સુંદર દેખિ લુભાયો;
ચાખન લાગ્યો રૂઈ ગઈ ઉડી હાથ કછુ નહિ આયો....રે૦
કહા ભયે અબકે મન સોચે, પહિલે નાહિં કમાયો;
કહત સૂર ભગવંત-ભજન બિનુ સિર ધુનિ ધુનિ પછતાયો....રે૦

૫૦૨.

મો સમ કૌન કુટિલ ખલ કામી ?
જિન તનુ દિયો તાહિં વિસરાયો ઐસો નિમકહરામી....મો સમ૦
ભરિ ભરિ ઉદર વિષયકો ધાવૌં, જૈસે સૂકર ગ્રામી;
હરિજન છાંડિ હરિવિમુખનકી નિસદિન કરત ગુલામી....મો સમ૦
પાપી કૌન બડો હૈ મોતેં, સબ પતિતનમેં નામી;
સૂર પતિતકો ઠૌર કહાં હૈ ? સુનિયે શ્રીપતિ સ્વામી....મો સમ૦

૫૦૩.

સુને રી મૈંને નિર્બળ કે બલ રામ.
પિછલી સાખ ભરું સંતનકી, આડે સંવારે કામ....સુને૦
જબ લગ ગજ બલ અપનો વરત્યો, નેક સરો નહિ કામ;
નિર્બલ હ્વૈ બલ, રામ પુકાર્યો, આયે આધે નામ....સુને૦
દ્રુપદ સુતા નિર્બલ ભઈ તા દિન ગહલાયે નિજ ધામ;
દુઃશાસનકી ભુજા થકિત ભઈ, વસન રૂપ ભયે શ્યામ....સુને૦
અપ બલ, તપ બલ ઔર બાહુબલ, ચોથા હૈ બલ દામ;
સૂર કિશોર કૃપાસે સબ બલ ઘરકો હરિનામ....સુને૦

૫૦૪.

સબસે ઊંચી પ્રેમસગાઈ.
દુર્યોધનકો મેવા ત્યાગ્યો, સાગ વિદુર ઘર પાઈ.... સબસે૦
જૂઠે ફલ સબરી કે ખાયે, બહુવિધિ પ્રેમ લગાઈ;
પ્રેમ કે બસ નૃપસેવા કીન્હીં, આપ બને હરિ નાઈ.... સબસે૦

રાજસૂય યજ્ઞ યુધિષ્ઠિર કીન્હો, તામેં જૂઠ ઉઠાઈ;
પ્રેમકે બસ અર્જુન-રથ હાંકયો, ભૂલ ગયે ઠકુરાઈ.... સબસે૦
ઐસી પ્રીત બઢી વૃંદાવન, ગોપિન નાચ નચાઈ;
સૂર ક્રૂર ઈસ લાયક નાહિ, કહ લગિ કરૌં બડાઈ.... સબસે૦

૫૦૫.

મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ.
જાકે સિર મોર મુકુટ, મેરો પતિ સોઈ;
તાત માત ભ્રાત બંધુ આપનો ન કોઈ.... મેરે૦
છાંડિ દઈ કુલકી કાનિ, કહા કરૈ કોઈ;
સંતન ઢિગ બૈઠિ બૈઠિ, લોકલાજ ખોઈ.... મેરે૦
ચૂનરી કે કિયે ટૂક ઓઢિ લીન્હીં લોઈ;
મોતી મૂંગે ઉતારિ, બન-માલા પોઈ.... મેરે૦
અંસુઅન જલ સીંચિ સીંચિ પ્રેમ-બેલિ બોઈ;
અબ તો બેલિ ફૈલ ગઈ, આનંદ ફલ હોઈ.... મેરે૦
પ્રેમકી મથનિયાં બડે જતનસે બિલોઈ;
ઘૃત ઘૃત સબ કાઢિ લિયો, ડાર દઈ છોઈ.... મેરે૦
રાણા વિષકો પ્યાલો ભેજ્યો, પીય મગન હોઈ;
ભગત દેખિ રાજી ભઈ, જગત દેખિ રોઈ.... મેરે૦
અબ તો બાત ફૈલ ગઈ, જાણે સબ કોઈ;
દાસી 'મીરાં', લાલ ગિરિધર, હોની હોય સો હોઈ.... મેરે૦

૫૦૬.

મ્હને ચાકર રાખો જી.
ગિરિધારી લાલા ! ચાકર રાખો જી.
ચાકર રહસૂં, બાગ લગાસૂં, નિત ઉઠ દરસન પાસૂં;
વૃંદાવનકી કુંજગલિનમાં ગોવિંદ-લીલા ગાસૂં.... મ્હને૦

ચાકરીમેં દરસન પાઊં, સુમિરન પાઊં ખરચી;
ભાવ-ભગતિ જાગીરી પાઊં, તીનોં બાતાં સરસી....મ્હને૦

મોર મુકુટ પીતાંબર સોહે, ગલે બૈજંતી માલા;
વૃંદાવનમેં ધેનુ ચરાવૈ મોહન મુરલીવાલા....મ્હને૦

ઊંચે ઊંચે મહલ બનાઊં, બિચ બિચ રાખૂં બારી;
સાંવરિયાકે દરસન પાઊં, પહિરિ કુસુંબી સારી....મ્હને૦

જોગી આયા જોગ કરનકૂં, તપ કરને સંન્યાસી;
હરિ-ભજન કૂં સાધુ આયે, વૃંદાવન કે વાસી....મ્હને૦

મીરાં કે પ્રભુ ગહિર ગંભીરા હૃદૈ રહો જી ધીરા;
આધી રાત પ્રભુ! દરસન દીનો, જમુનાજી કે તીરા....મ્હને૦

૫૦૭.

મૈં તો સાંવરે કે રંગ રાચી.
સજિ સિંગાર, બાંધી પગ ઘુંઘરૂ, લોકલાજ તજિ નાચી....મૈં તો૦

ગઈ કુમતિ લઈ સાધુકી સંગતિ, ભગત રૂપ ભઈ સાંચી;
ગાઈ ગાઈ હરિ કે ગુણ નિસિ-દિન, કાલ-બ્યાલ સૂં બાંચી....મૈં તો૦

ઉન બિન સબ જગ ખારો લાગત, ઔર બાત સબ કાંચી;
મીરાં શ્રી ગિરિધારી લાલ સૂં, ભગતિ-રસીલી જાંચી....મૈં તો૦

૫૦૮.

હેરી મૈં તો પ્રેમદિવાની, મેરા દરદ ન જાને કોય.
સૂલી ઉપર સેજ હમારી, કિસ બિધ સોણા હોય?
ગગન-મંડલ પૈ સેજ પિયાકી, કિસ બિધ મિલણા હોય?....હેરી૦

ઘાયલકી ગતિ ઘાયલ જાનૈ, કી જિન લાગી હોય;
જૌહરિ કી ગતિ જૌહરિ જાને, કી જિન જૌહર હોય....હેરી૦

દરદકી મારી બન બન ડોલું, વૈદ મિલ્યા નહિં કોય;
મીરાંકી પ્રભુ પીર મિટેગી, જબ વૈદ સંવલિયા હોય....હેરી૦

૫૦૯.

બસો મેરે નૈનનમેં નંદલાલ.

મોહની મૂરત, સાંવરી સૂરત, નૈના બને વિસાલ;
અધર સુધારસ મુરલિ રાજતિ, ઉર વૈજંતી માલ....બસો૦

ક્ષુદ્ર ઘંટિકા કટિ તટ શોભિત, નૂપુર શબ્દ રસાલ;
મીરાં સંતન સુખદાઈ ભગત-બછલ ગોપાલ....બસો૦

૫૧૦.

પાયો જી, મૈંને રામ-રતન ધન પાયો.
વસ્તુ અમોલક દી મેરે સતગુરુ, કર કિરપા અપનાયો....મૈંને૦

જનમ-જનમકી પૂંજી પાઈ, જગમેં સબૈ ખોવાયો;
ખરચૈ, નહિ, કોઈ ચોર ન લેવે, દિન-દિન બઢત સવાયો....મૈંને૦

સતકી નાવ ખેવટિયા સતગુરુ, ભવસાગર તરિ આયૌ;
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરખિ હરખિ જસ ગાયૌ....મૈંને૦

૫૧૧.

માઈ ! મૈંને ગોવિંદ લીનો મોલ.
કોઈ કહે સસ્તા, કોઈ કહે મહંગા, લીનો તરાજૂ તોલ....માઈ !૦
કોઈ કહે ઘરમેં, કોઈ કહે બનમેં, રાધા કે સંગ કિલોલ....માઈ !૦
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, આવત પ્રેમકે ડોલ....માઈ !૦

૫૧૨.

પગ ઘૂંઘરૂ બાંધ મીરાં નાચી રે.
મૈં તો મેરે નારાયણકી, આપ હી હો ગઈ દાસી રે;
લોગ કહે મીરાં ભઈ બાવરી, ન્યાત કહે કુલનાસી રે....પગ૦

વિષકા પ્યાલા રાણાજીને ભેજ્યા, પીવત મીરાં હાંસી રે;
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સહજ મિલે અવિનાસી રે....પગ૦

૫૧૩.

મોહે લાગી લગત ગુરુ-ચરનનકી.
ચરન બિના મોહે કછુ નહિ ભાવે,
જૂઠ માયા સબ સપનનકી....મોહે૦
ભવસાગર સબ સૂખ ગયા હૈ.
ફિકર નહિ મોહે તરનનકી....મોહે૦
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
ઊલટ ભઈ મોરે નયનનકી....મોહે૦

૫૧૪.

નામ જપન ક્યોં છોડ દિયા ?
ક્રોધ ન છોડા, જૂઠ ન છોડા,
સત્યવચન ક્યોં છોડ દિયા ?....નામ૦
જૂઠે જગમેં દિલ લલચા કર,
અસલ વતન ક્યોં છોડ દિયા ?
કૌડીકો તો ખૂબ સમ્હાલા,
લાલ રતન ક્યોં છોડ દિયા ?....નામ૦
જિહિ સુમિરનતે અતિસુખ પાવે,
સો સુમિરન ક્યોં છોડ દિયા ?....નામ૦
'ખાલસ' ઈક ભગવાન ભરોસે,
તન-મન-ધન ક્યોં ન છોડ દિયા ?....નામ૦

૫૧૫.

સાધો ! મનકા માન ત્યાગો.
કામ ક્રોધ સંગત દુર્જનકી, તાતે અહનિસ ભાગો....સાધો૦

સુખ દુઃખ દોનોં સમ કરિ જાનૈ, ઔર માન અપમાના:
હર્ષ શોક તે રહૈ અતીતા, તિન જગ તત્ત્વ પિછાના....સાધો૦

અસ્તુતિ નિંદા દોઊ ત્યાગે, ખોજૈ પદ નિરવાના;
જન 'નાનક' યહ ખેલ કઠિન હૈ, કોઊ ગુરુમુખ જાના....સાધો૦

૫૧૬.

ઘડી ઘડી પલ પલ છીન છીન બિતી જાતી રે ઉમરિયાં,
રામ રામ રટ લે અબ તો, કલકી કૌન ખબરિયાં?....ઘડી૦

ક્યા જાને એ પાગલ પંછી, રહના કબ તક બાગમેં;
ક્યા જાને ક્યા લિખકર રખ્ખા બ્રહ્માને તેરે ભાગમેં;
સોચ સમઝકર ચલના જગમેં, જાના કૌન નગરિયાં?....ઘડી૦

આયા હૈ તૂ દુનિયામેં તો મિલના સબસે પ્યારસે;
ક્યા લાયા ક્યા લે જાયેગા સંગમેં યહ સંસારસે:
શિર પર તેરે બાંધ રહા ક્યોં પાપોંકી ગઠરિયાં?....ઘડી૦

રામભજન બિન જીવન તેરા બિરથા હી તો જાયેગા;
રાજેશ્વર તૂ અંત સમયમેં રો રો કર પછતાયેગા;
છોડ જગતકી જૂઠી મમતા જૂઠી યે ચદરિયાં?....ઘડી૦

૫૧૭.

બડે પ્યારસે મિલના સબસે દુનિયામેં ઈન્સાન રે;
ક્યા જાને કિસ વેષમેં, બાબા! મિલ જાયે ભગવાન રે!....બડે૦

કૌન બડા હૈ કૌન હૈ છોટા, કૌન ઊંચા ઔ' નીચા?
પ્રેમ કે જલસે સભીકો સીંચો, પ્રભુકા યહી બગીચા!
મત ખીંચો તુમ દિવારેં ઈન્સાંકે દરમ્યાન રે....બડે૦

દયા-ધરમ હો તેરા જીવન, કર સબસે તૂ યારી;
ક્યા જાને કબ શ્યામ મુરારિ, બન કર આયે ભિખારી!
કહીં લૌટ ન જાયે વાપસ, લિયે બિના કુછ દાન રે....બડે૦

૫૧૮.

કહા કમી જાકો રામજી ધણી હૈ, મનષા નાથ મનોરથ પૂરે,
સુખનિધાનકી બાત ઘની હૈ. કહા કમી જાકો રામ ધણી હે.
કૌન કાય? કલ્પિતકી માયા; કહત ફિરત અપની અપની હે;
બ્રા સકા નહિ બ્રાને ભી દિયા, શેષ શિર મણિ ઠહરી હે....કહા કમી૦
શિવ વિરંચી જાકો પાર ન પાવૈ, મોહે અબુધકી કહા ગણના હે?
જાકી પ્રીત નિરંતર હરિસૂં, 'રોહીદાસ' વો વાકા સદા બના હૈ....કહા કમી૦

૫૧૯. [ કેવટ-પ્રસંગ–'રામચરિતમાનસ'માંથી ]

[ રાગ : ચોપાઈ ]

માંગી નાવ ન કેવટ આના, કહઈ તુમ્હાર મરતુ મૈં જાના;
ચરન-કમલ-રજ કહું સબુ કહઈ, માનુષકરનિ મૂરિ કછુ અહઈ.
છુઅત સિલા ભઈ નારિ સુહાઈ, પાહન તેં ન કાઠ કઠિનાઈ;
તરનિઉ મુનિઘરની હોઈ જાઈ, બાટ પરઈ મોરિ નાવ ઉડાઈ,
એહિ પ્રતિપાલઉં સબુ પરિવારુ, નહિ જાનહું કછુ અઉર કબારુ;
જૌં પ્રભુ! પાર અવસિ ગા ચહહૂ, મોહિ પદપદુમ પખારન કહહૂ.

[રાગ : છંદ]

પદકમલ ધોઈ ચઢાઈ નાવ, ન નાથ ઉતરાઈ ચહઉં;
મોહિ રામ રાઉરિ આન, દસરથ-સપથ સબ સાંચી કહઉં.
બરુ તીર મારહિં લષનુ પૈ જબ લગિ ન પાય પખારિહઉં.
તબ લગી ન, તુલસીદાસ નાથ કૃપાલુ! પાર ઉતારિહઉં.

[રાગ : સોરઠો]

સુનિ કેવટ કે બૈન, પ્રેમ લપેટે અટપટે,
બિહંસે કરુનાએન, ચિતઇ જાનકી-લખન-તન.

[રાગ : ચોપાઈ ]

કૃપાસિંધુ બોલે મુસુકાઈ, સોઈ કરુ જેહિં તવ નાવ ન જાઈ;
વેગિ આનુ જલુ પાય પખારૂ, હોત વિલંબુ ઉતારહિં પારૂ.

જાસુ નામ સુમિરત એક બાશ, ઉતરહિં નર ભવસિંધુ અપાશ;
સોઈ કૃપાલુ કેવટહિ નિહોરા, જહિં જગુ કિય તિહું પગહું તેં થોરા.

પદનખ નિરખિ દેવસરિ હરષી, સુનિ પ્રભુવચન મોહમતિ કરષી;
કેવટ રામરજાયસુ પાવા, પાનિ કઠૌતા ભરિ લેઈ આવા.

અતિ આનંદ ઉમાગ અનુરાગા, ચરનસરોજ પખારન લાગા;
બરષિ સુમન સુર સકલ સિહાહીં, એહિ સમ પુન્યપુંજ કોઈ નાહીં.

[રાગ : દોહરા]

પદ પખારિ જલુપાન કરિ, આપુ સહિત પરિવાર;
પિતર પારુ કરિ પ્રભુહિં પુનિ, મુદિત ગયઉ લેઈ પાર.

૫૨૦.

નંદજીકા લાલા, મેરા મદન ગોપાલા-
નાચ રહ્યો રે હરિ મધુવનમેં;
હાં હાં નાચ રહ્યો રે વો તો મેરે મનમેં.... નંદજીકા૦

રૂનક-ઝુનક પાય પજનિયાં બાજે,
કુંડલ હલકે વાકે કાનનમેં.... નાચ રહ્યો રે૦
હાં હાં નાચ રહ્યો રે વો તો મેરે મનમેં.... નંદજીકા૦
જશોદાકા લાલા, મોહે પ્યારા પ્યારા.... નાચ રહ્યો રે૦

મોર મુકુટ પીતામ્બર સોહે,
મુરલી બિરાજે વાકે મુખનનમેં.... નાચ રહ્યો રે૦
હાં હાં નાચ રહ્યો રે વો તો મેરે મનમેં.... નંદજીકા૦

રાધાજીકા પ્યારા, વ્રજકા દુલારા.... નાચ રહ્યો રે૦

માત જશોદા વાકો રોટી ખિલાવે,
વાકા મન લાગા ખીર-મખનનમેં.... નાચ રહ્યો રે૦
હાં હાં નાચ રહ્યો રે વો તો મેરે મનમેં.... નંદજીકા૦
મોહન મતવાલા, ધેનુ-ચરાહા.... નાચ રહ્યો રે૦

૫૨૧.

હરિનામ સુમર સુખધામ;
જગમેં જીવન દો દિનકા, હરિનામ સુમર સુખધામ.

પાપ કપટ કર માયા જોડી, ગર્વ કરે ધનકા,
રે ગર્વ કરે ધનકા;
સભી છોડકર ચલા મુસાફિર, વાસ હુઆ મરઘટકા....જગમેં૰

સુંદર કાયા દેખ લુભાયા, લાડ કરે તનકા,
રે લાડ કરે તનકા;
છૂટા સાંસ જબ ગઈ દેહી, રહ ગયા મનમેં મનકા....જગમેં૰

સુંદર નારી લગે પિયારી, મોજ કરે મનકા,
રે મોજ કરે મનકા;
કાલ બલીકા લગે તમાચા, ભૂલ જાયે સબ ઠનકા....જગમેં૰

યહ સંસાર સુપનકી માયા, મેલા પલ છીનકા,
રે મેલા પલ છીનકા;
બ્રહ્માનંદ ભજન કર બંદે નાથ અલખ નિરંજનકા....જગમેં૰

૫૨૨.

દો દિનકા જગમેં મેલા, સબ ચલાચલીકા ખેલા.

કોઈ ચલા ગયા, કોઈ જાવે, કોઈ ગઠરી બાંધ ન પાયા જી;
કોઈ ખડા તૈયાર અકેલા, સબ ચલાચલીકા ખેલા....દો૰

કર પાપ કપટ છલ માયા, ધન લાખ કરોડ કમાયા જી;
સંગ ચલે નહિ એક અધેલા, સબ ચલાચલીકા ખેલા....દો૰

સુત નાર માત પિતુ ભાઇ, કોઈ અંત સહાયક નાહીં જી;
કહા ભરત તૂ પાપકા ઠેલા, સબ ચલાચલીકા ખેલા....દો૰

નશ્વર હૈ યહ સબ સંસારા, કર ભજન ઈશકા પ્યારા જી;
બ્રહ્માનંદ કે સુન ભાઈ ચેલા, સબ ચલાચલીકા ખેલા....દો૰

૫૨૩.

કોઈ તો લો રે, હરિનામ ભયો હૈ.

યોગ યજ્ઞ જપ તપ નીમ વ્રત યે સબ કૌન કામ ભયો હૈ?
કોઈ તો લો રે, હરિનામ ભયો હૈ.

એક પખ સબ વેદ-પુરાણુ, એક પખ અરધ નામ હરિકો;
તીરથ સકલ ભ્રમણ કીન્હા, કછુ નાહિં નામ સમાન ભયો હૈ;
કોઈ તો લો રે, હરિનામ ભયો હૈ.

નામ ન બૂંદા, રૂપ નાહિ રેખા, તાકો ધ્યાન ધર્યો હૈ શંભો;
તીન લોક જાકે ઓટ રહત હૈ પરમપદ નિર્વાણુ રચ્યો હૈ;
કોઈ તો લો રે, હરિનામ ભયો હૈ.

ભણે નામદેવ અંતરયામી, સત્ય લહો વિચાર ભયો હૈ;
રામનામસે મોક્ષ ન દૂજા, તરન-તારન મોરાર ભયો હૈ;
કોઈ તો લો રે, હરિનામ ભયો હૈ.

૫૨૪.

મનકી આંખેં ખોલ, રે બાબા! મનકી આંખેં ખોલ.
દુનિયા ક્યા હૈ?–એક તમાસા, ચાર દિનોંકી જૂઠી આસા;
પલમેં તોલા, પલમેં માસા (૨)–
જ્ઞાન-તરાજૂ હાથમેં લેકર, તોલ સકે તો તોલ;
બાબા! મનકી આંખેં ખોલ....મનકી૦

મતલબકી યે દુનિયાદારી, મતલબકે સબ હૈ સંસારી;
જગમેં તેરા કો હિતકારી? (૨)–
તનમનકા સબ જોર લગાકર નામ હરિ કા બોલ.
બાબા! મનકી આંખેં ખોલ....મનકી૦

૫૨૫. [રાગ : ભૈરવી–તીન તાલ]

ભજ મન રામ-ચરન સુખદાઈ.

જિહિ ચરનનસે નિકસી સુરસરી સંકટ-જટા સમાઈ;
જટાસંકરી નામ પર્યો છે, ત્રિભુવન-તારન આઈ....ભજ૦

જિન ચરનનકી ચરન-પાદુકા ભરત રહ્યો લવ લાઈ;
સોઈ ચરન કેવટ ધોય લીને, તબ હરિ નાવ ચલાઈ....ભજ૦

સોઈ ચરન સંતન જન સેવત સદા રહત સુખદાઈ;
સોઈ ચરન ગૌતમ-ઋષિ નારી પરસિ પરમ-પદ પાઈ....ભજ૦

દંડકવન પ્રભુ પાવન કીન્હો, ઋષિયન ત્રાસ મિટાઈ;
સોઈ પ્રભુ ત્રિલોકકે સ્વામી કનક-મૃગા સંગ ધાઈ....ભજ૦

કપિ સુગ્રીવ બંધુ ભય-વ્યાકુલ તિન જય-છત્ર ધરાઈ;
રિપુકો અનુજ વિભીષણુ નિસિચર પરસત લંકા પાઈ....ભજ૦

સિવ-સનકાદિક અરુ બ્રહ્માદિક સેષ સહસ મુખ ગાઈ;
તુલસીદાસ મારુત-સુતકી પ્રભુ નિજ મુખ કરત બડાઈ....ભજ૦

# પૂર્તિ : પરિશિષ્ટ

## શ્રી ગાયત્રી ચાલીસા

### ● ગાયત્રી મહામંત્ર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

[ભાવાર્થ : હે રક્ષક! હે પ્રાણાધાર! હે દુઃખનાશક અને આનંદદાયક! તમારા સુંદર, દિવ્ય અને તેજોમય સ્વરૂપનું અમે ધ્યાન ધરીએ છીએ; અને તમોને અમે સ્વાર્પણ કરીએ છીએ–વરીએ છીએ; કે અમારી બુદ્ધિમાં તમારું જ્ઞાન સ્થિર થાઓ।]

### ● ગાયત્રી પ્રાર્થના

ૐ એકદન્તાય વિદ્મહે, વક્રતુંડાય ધીમહિ
તન્નો દન્તિ પ્રચોદયાત્ ।

ૐ તત્પુરુષાય વિદ્મહે, મહાદેવાય ધીમહિ
તન્નો રુદ્રઃ પ્રચોદયાત્ ।

ૐ નારાયણાય વિદ્મહે, વાસુદેવાય ધીમહિ
તન્નો વિષ્ણુઃ પ્રચોદયાત્ ।

ૐ દેવ્યૈ બ્રહ્માણ્યૈ વિદ્મહે મહાશક્ત્યૈ ચ ધીમહિ
તન્નો દેવી પ્રચોદયાત્ ।

ૐ મહાલક્ષ્મી ચ વિદ્મહે, વિષ્ણુપત્ની ચ ધીમહિ
તન્નો લક્ષ્મીઃ પ્રચોદયાત્ ।

ૐ ભાસ્કરાય વિદ્મહે, મહદ્દ્યુતિકરાય ધીમહિ
તન્નો આદિત્યઃ પ્રચોદયાત ।

## □ ગાયત્રી સ્તવન

હ્રીં, શ્રીં, ક્લીં, મેધા, પ્રભા, જીવન જ્યોતિ પ્રચંડ ।
શાન્તિ, ક્રાન્તિ, જાગૃત, પ્રગતિ, રચના શક્તિ અખંડ ।૧।
જગત જનનિ, મંગલ કરનિ, ગાયત્રી સુખધામ ।
પ્રણવોં સાવિત્રી, સ્વધા, સ્વાહા, પૂરન કામ ।૨।

[હે મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલી રૂપે રહેલાં ગાયત્રી, તમે મેધાશક્તિ—ઉત્તમ બુદ્ધિ, પ્રતિભા-પ્રભાવ અને અમારાં જીવનને જ્યોતિ રૂપે પ્રગટાવનારાં છો. શાન્તિ આપનારાં, ક્રાન્તિ ઉપજાવનારાં, જાગૃતિ પ્રગટ કરાવનારાં પ્રગતિ કરાવનારાં અને અખંડ શક્તિ આપનારાં તમે જ છો—૧.

જગતની જનેતા રૂપ મંગલ કાર્યો કરાવનારાં એવાં સુખોના ધામ રૂપી હે ગાયત્રી માતા, ૐકાર રૂપે રહેલાં સાવિત્રી, સ્વયંધારણ કરનારા પિતૃ કાર્યોમાં સ્વધા દ્વારા અને યજ્ઞ કાર્યોમાં સ્વાહા દ્વારા થતાં કાર્યોને પૂર્ણ કરનારાં ગાયત્રીને હું ભજું છું—૨]

## ગાયત્રી-ચાલીસા

**ભૂર્ભુવ: સ્વ: ૐ યુત જનની । ગાયત્રી નિત કાલિમલ દહની ॥૧॥**

(પૃથ્વી, અંતરીક્ષ અને સ્વર્ગમાં જ્યાં ૐકારનું સ્થાન છે. તે સઘળા ૐકારમાં આપ માતા ગાયત્રી રૂપે વસી રહ્યાં છો અને નિત્ય કાળનું વહન અને દહન કરો છો—૧)

**અક્ષર ચોવીસ પરમ પુનિતા । ઇનમેં બસેં શાસ્ત્ર, શ્રુતિ, ગીતા ॥૨॥**

(આપના-ગાયત્રીના-જે ચોવીસ અક્ષરો છે, તે પરમ પુનિત હોવાથી પુણ્યને આપનારા છે કે જેમાં બધાં જ શાસ્ત્રોનો, શ્રુતિઓનો અને ગીતાનો સમાવેશ થઈ જાય છે, કે જેથી જો કોઈ માણસ બધાં શાસ્ત્રો, શ્રુતિઓ કે ગીતા ન વાંચી શકે તો પણ આપના ગાયત્રીમંત્રના ચોવીસ અક્ષરોનું રટણ કે જપ કરે તો બધાં જ શાસ્ત્રો અને શ્રુતિઓનું, તથા ગીતાનું જ્ઞાન થાય છે અને તેનું અધ્યયન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે—૨)

**શાશ્વત સતોગુણી સતરૂપા । સત્ય સનાતન સુધા અનૂપા ॥૩॥**

(તે ચોવીસ અક્ષરો યાવદ્ ચંદ્રદિવાકરૌની જેમ શાશ્વત અને સત્ત્વગુણોથી ભરેલા, સનાતન ધર્મ અને સત્યનો માર્ગ ચીંધે તેવા અમૃતતુલ્ય, અનુકૂળ માર્ગ બતાવનારા છે—૩)

**હંસારૂઢ સિતમ્બર ધારી । સ્વર્ણ કાન્તિ શુચિ ગગન-વિહારી ॥૪॥**

(હંસ ઉપર બેસીને જ્યારે તમારી સવારી નીકળતી હોય છે, ત્યારે આપ પીળાં વસ્ત્ર ધારણ કરેલાં, સુવર્ણની કાન્તિ સમાન લાગો છો અને ગગન-મંડળમાં વિહાર કરતાં જણાઓ છો—૪)

**પુસ્તક પુષ્પ કમંડલ માલા । શુભ્ર વર્ણ તનુ નયન વિશાલા ॥૫॥**

(તમારા એક હાથમાં પુસ્તક, બીજા હાથમાં પુષ્પ, ત્રીજા હાથમાં કમંડલ અને ચોથા હાથમાં માળાથી આપ શોભી રહ્યાં છો. તે વખતે દિવ્ય અને સુંદર નયનો ચળકતાં અને વિશાળ લાગે છે; અને આપનાં વર્ણ અને રૂપ ઘણાં જ દેદીપ્યમાન લાગે છે—૫)

**ધ્યાન ધરત પુલકિત હિય હોઈ ।**
**સુખ ઉપજત, દુઃખ દુરમતિ ખોઈ ॥૬॥**

આપનું આવું ધ્યાન ધરવાથી અમારું હૃદય ઘણું જ પુલકિત થઈ જાય છે. અમારા હૃદયમાં ઘણો જ હરખ ઉત્પન્ન થાય છે, આનંદ પ્રાપ્ત થાય છે; દુઃખો, દુર્મતિઓ કે ખરાબ વૃત્તિઓનો નાશ થઈ જાય છે; અને સુખ ઉત્પન્ન થઈને સંપત્તિની પ્રાપ્તિ થાય છે—૬)

**કામધેનુ તુમ સુર તરુ છાયા । નિરાકારકી અદ્‌ભુત માયા ॥૭॥**

(તમારી છાયામાં રહેનારની દરેક દરેક મનોકામના-કલ્પવૃક્ષ કે કામધેનુની જેમ દરેક ઇચ્છિત કામના પૂર્ણ થાય છે. તથા તમો નિરાકાર હોવા છતાં તમારી માયાનો કોઈ પાર નથી. તમારી માયા એવી અદ્‌ભુત છે કે જે નજરે દેખાતી ન હોવા છતાં પણ અનુભવી શકાય છે—૭)

**તુમ્હારી શરણ ગહે જો કોઈ । તરૈ સકલ સંકટ સોં સોઈ ॥૮॥**

(જે કોઈ પણ વ્યક્તિ તમારા શરણે આવે છે, તે સંકટો અને દુઃખોથી મુક્ત થઈને તરી જાય છે અને સુખશાન્તિથી જીવન જીવી શકે છે—૮)

**સરસ્વતી લક્ષ્મી તુમ કાલી । દીપૈ તુમ્હારી જ્યોતિ નિરાલી ॥૯॥**

(તમે જ સરસ્વતી છો, તમે જ લક્ષ્મી છો અને મહાકાલી પણ તમે જ છો. તે દરેકમાં નિરનિરાળા જુદા જુદા રૂપે ત્રણે સ્વરૂપમાં આપની જ જ્યોતિઓ ઝગમગે છે, દીપી ઊઠે છે—૯)

**તુમ્હરી મહિમા પાર ન પાવૈં । જો શારદ શત સુખ ગુન ગાવૈં ॥૧૦॥**

(તમારા મહિમાનો કોઈ પાર જ નથી. તે એવો પાર વગરનો છે કે જો અનેક મુખો દ્વારા પણ ગુણો ગાતા જ રહીએ તો પણ તેનો આરો આવી શકે તેમ નથી. તે તો અપરંપાર જ છે—૧૦)

**ચાર વેદ કી માતુ પુનિતા । તુમ બ્રહ્માણી ગૌરી સીતા ॥૧૧॥**

(તમે ચારે વેદની (ઋક્, યજુર્, સામ અને અથર્વવેદની) માતા છો, વેદોની જનની છો. તમે બ્રહ્માણી છો, તમે જ ગૌરી (પાર્વતી) છો અને સીતા રૂપે તમે જ છો—૧૧)

**મહામન્ત્ર જિતને જગ માંહીં । કોઊ ગાયત્રી સમ નાહીં ॥૧૨॥**

(આ જગતમાં જેટલા મહા-મંત્રો ગણાતા હોય, તેમાં તમારા સમાન (ગાયત્રીમંત્ર સમાન) કોઈ પણ મહામંત્ર હતો નહીં, છે નહીં, અને થશે પણ નહીં. તેવો આપનો મહા-મંત્ર (ગાયત્રીમંત્ર) છે. એટલે કે બધા જ મંત્રના શિરોમણિ રૂપે આપ ગણાઓ છો—૧૨)

**સુમિરત હિય મેં જ્ઞાન પ્રકાશૈ । આલસ પાપ અવિદ્યા નાસૈ ॥૧૩॥**

(આ મહામંત્ર (ગાયત્રી-મંત્ર)નું હૃદયમાં સ્મરણ કરવાથી, હૃદયમાં ધ્યાન ધરવાથી સઘળા જ્ઞાનનો પ્રકાશ થાય છે; અને તેનાથી આળસ, પાપ અને અવિદ્યાનો નાશ થાય છે, સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે, પુણ્ય અને વિદ્યાનો ઉદય થાય છે—૧૩)

**સૃષ્ટિ બીજ જગજનની ભવાની । કાલરાત્રિ વરદા કલ્યાણી ॥૧૪॥**

(સૃષ્ટિના બીજ રૂપે, જગતની જનની રૂપે, તમો ભવાની ગણાઓ છો; કાલરાત્રિને પણ વરદાન આપીને કલ્યાણકારી કરો છો—૧૪)

**બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સુર જેતે । તુમ સોં પાવૈં સુરતા તેતે ॥૧૫॥**

(બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર વગેરે જે જે દેવો બળવાન અને શૂરવીરો ગણાય છે, તે તે સઘળા તમારાથી જ શૂરવીરતા અને વિજય પામે છે—૧૫)

**તુમ ભક્તન કી ભક્ત તુમ્હારે । જનની હિ પુત્ર તે પ્યારે ॥૧૬॥**

(તમે ભક્તનાં છો, તે જ રીતે ભક્તો પણ તમારા જ છે, જેમ માતાને પોતાનું બાળક પ્રાણથી પણ પ્યારું હોય તે રીતે તમારા ભક્તોને તમે પ્રાણથી

પણ પ્યારા ગણો છો; અને તમારા ભક્તો પણ તમોને પ્રાણથી પ્યારાં ગણે છે—૧૬)

**મહિમા અપરંપાર તુમ્હારી । જય જય જય ત્રિપદા ભયહારી ॥૧૭॥**

(હે માતા ગાયત્રી! તમારા મહિમાનો તો કોઈ પાર જ નથી. તમારો મહિમા અપરંપાર ગણાય છે. હે માતા ત્રિપદા (૧. તત્સવિતુર્વરેણ્યં ૨ ભર્ગો દેવસ્ય ધીમહિ ૩ ધિયો યો નઃ પ્રચોદયાત્) ભયને હરણ કરનારાં ગાયત્રીજી! પૃથ્વીમાં દરેક ઠેકાણે તમારો જયાં જયાં જયકાર થતો જણાય છે, ત્યાં ત્યાંથી ભય ભાગી જાય છે—૧૭)

**પૂરિત સકલ જ્ઞાન વિજ્ઞાના । તુમ સમ અધિક ન જગમેં આના ॥૧૮॥**

(આખી પૃથ્વીનું પૂરેપૂરું અને બધું જ જ્ઞાન કે વિજ્ઞાન, એ બધું જ તમે છો. તમારાથી વધીને મારા માટે બીજું કોઈ પણ જ્ઞાન વધારે લાગતું નથી; તેમ જ વિજ્ઞાન પણ તમારાથી મોટું લાગતું નથી. જગતમાં તમે જ મારું સર્વ જ્ઞાન અને વિજ્ઞાન છો—૧૮)

**તુમહિં જાની કછુ રહેન શેષા । તુમહિં પાય કછુ રહે ન કલેષા ॥૧૯॥**

(હે માતા ગાયત્રી! ફક્ત તમને એકને જ જાણી લેવાથી શેષ બાકી જાણવાનું કાંઈ પણ રહેતું નથી. અને તમને પામવાથી કોઈ પણ જાતનો માનસિક કે શારીરિક કલેશ, કંકાસ કે અસંતોષ રહેવા પામતો નથી—૧૯)

**જાનત તુમહિં તુમહિં હૈ જાઈ । પારસ પરસિ કુધાતુ સુહાઈ ॥૨૦॥**

(તમને જાણવાથી જ તમારામય બની જવાય છે, જેવી રીતે પારસ-મણિના સ્પર્શથી લોઢા જેવી હલકી ધાતુ પણ શુદ્ધ સુવર્ણ-સોનામાં ફેરવાઈ જાય છે–તે સોનું બની જ જાય છે, તેમ તમને પામવાથી તમારામય જ (ગાયત્રીમય જ) બની જવાય છે. તમારામાં જ યુક્ત થઈ જવાય છે—૨૦)

**તુમ્હારી શક્તિ દિપૈ સબ ઠાઈ । માતા તુમ સબ ઠૌર સમાઈ ॥૨૧॥**

(તમારી અદ્‌ભુત જ્યોતિ સઘળે ઠેકાણે દીપી રહી છે. જગતનું એવું કોઈ સ્થળ નથી કે જયાં તમારી શક્તિનો પ્રકાશ ન પહોંચતો હોય. સઘળે ઠેકાણે તમારી દિવ્યશક્તિ ભરેલી જ રહે છે. હે માતા ગાયત્રી! તમે વિશ્વમાં પૃથ્વી, પાતાળ અને આકાશમાં સઘળે ઠેકાણે સમાયેલાં છો—૨૧)

**ग्रह नक्षत्र ब्रह्माण्ड घनेरे । सब गतिवान तुम्हारे प्रेरे ॥२२॥**

(વિશ્વના સઘળા ગ્રહો અને નક્ષત્રો તથા આખું બ્રહ્માંડ જે છે, તે તમારા થકી પ્રેરાઈને ગતિ કરે છે ૨૨)

**सकल सृष्टि की प्राण विधाता । पालक पोषक नाशक त्राता ॥२३॥**

(તમે આખી સૃષ્ટિને પ્રાણ આપનાર વિધાતા છો; આપની વિવિધ પ્રકારની ત્રણે શક્તિથી તેનું પાલન કરો છો, પોષો પણ છો અને તેનો નાશ કરીને તેને તારો પણ છો—૨૩)

**मातेश्वरी दया व्रतधारी । तुम सन तरे पातकी भारी ॥२४॥**

(હે માતેશ્વરી—માતા ગાયત્રી! તમે દયાનાં વ્રતધારી છો. મહાન પાપી કે મહાન ઘાતકી પણ તમારા શરણે આવ્યો હોય, તો પણ તમે તમારી દયા વર્ષાવો છો અને તેને પાપમાંથી કે પાતકમાંથી ઉગારો છો—૨૪)

**जा पर कृपा तुम्हारी होई । ता पर कृपा करें सब कोई ॥२५॥**

(જેના પર તમારી કૃપા પ્રાપ્ત થાય છે તેના પર પૃથ્વીના સઘળા લોકો કૃપા વર્ષાવતા રહે છે. તમારી કૃપા મળવાથી સઘળાની કૃપા તેને પ્રાપ્ત થયા જ કરે છે—૨૫)

**मंदबुद्धि ते बुद्धिबल पावें । रोगी रोग रहित हो जावें ॥२६॥**

(કોઈ પણ વ્યક્તિ ગમે તેવો મંદ બુદ્ધિવાળો હોય, ઓછી બુદ્ધિવાળો હોય, વિદ્યાભ્યાસમાં નબળો હોય, કે ભલે પાગલ કે ગાંડા જેવો હોય તો પણ તે આપની શરણમાં આવે કે આપના મહામંત્ર ગાયત્રીનું રટણ કે જપ કરે તો તે બળવાન બુદ્ધિનો થઈ જાય છે. અને વિદ્યા અભ્યાસમાં સફળતા મેળવતો થઈ જાય છે; ગાંડા જેવો કે પાગલ જેવો હોય તો તે ડાહ્યો બની જાય છે. તે ગમે તેવો રોગી હોય તો તે રોગથી પણ મુક્ત થાય છે; તેના બધા જ રોગો મટી જાય છે—૨૬)

**दारिद्र मिटै कटै सब पीरा । नासै दुःख हरै भव भीरा ॥२७॥**

(ગમે તેવો દરિદ્રી કે નિર્ધન હોય અથવા કોઈ પણ જાતની પીડા ભોગવતો હોય, તે જો તારા શરણે આવે છે, તો તેનાં ભવોભવનાં દુઃખો, દરિદ્રો અને પીડાઓ નાશ પામે છે, સુખી તથા સંપત્તિવાન અને ધનવાન બની જાય છે. તેથી તે અન્યનાં દુઃખો અને દરિદ્રો ઓછાં કરવાની શક્તિ ધરાવતો થઈ જાય છે. તેમાં જરાય શંકાને સ્થાન નથી—૨૭)

**ગૃહ કલેશ ચિત ચિન્તા ભારી । નાસૈ ગાયત્રી ભવ હારી ॥૨૮॥**

(ઘરમાં કોઈ પણ પ્રકારનાં કલેશ, કંકાસ કે ચિંતા ઘેરાયેલાં હોય; પતિને પત્ની કે પત્નીને પતિ કંકાસી કે કજિયાખોર પ્રાપ્ત થયેલ હોય, કુટુંબોમાં કજિયા–કંકાસ થતા રહેતા હોય, તો તમારું–ગાયત્રીનું સ્મરણ, રટણ અને ચિંતન ચાલુ કરવાથી ભય, કલેશ, કંકાસ કે ચિંતા વગેરે ભાગી જાય છે, નાશ પામે છે—૨૮)

**સંતતિહીન સુસંતતિ પાવેં । સુખ સંપત્તિ યુત મોદ મનાવેં ॥૨૯॥**

(તમારું રટણ કરવાથી સંતાનહીન હોય, સંતાનો થઈને મરી જતાં હોય, કે સંતાન વગરનાં હોય, તેમને સારાં સંતાનોની પ્રાપ્તિ થાય છે. ઉપરાંત તેને સુખ અને સંપત્તિની પણ પ્રાપ્તિ થાય છે અને તે સંપત્તિથી તેઓ ઘણાં જ સારાં કાર્યો કરતાં થઈ જાય છે; તથા ગાયત્રી અર્થે તેઓ ધર્મ દાનપુણ્ય કરતાં રહે છે—૨૯)

**ભૂત પિશાચ સબ ભય ખાવેં । યમકે દૂત નિકટ નહિ આવેં ॥૩૦॥**

(જો કોઈ ભૂત–પ્રેતના વળગાડથી પીડાતો હોય અને તે જો ગાયત્રી-મંત્રનું રટણ કે જપ કરે તો ભૂત કે પિશાચ ગાયત્રીનું રટણ, જપ અને સ્મરણ કરવાથી ભયભીત થઈને ભાગી જાય છે; ભૂતપ્રેતથી પીડાતો માનવી તેની પીડાથી મુક્ત થાય છે. ગાયત્રીના જપ કરનાર પાસે ભૂત, પ્રેત આવતાં નથી, અને યમરાજના દૂતો પણ તેની નજીક આવી શકતા નથી—૩૦)

**જો સધવા સુમિરેં ચિત લાઇ । અછત સુહાગ સદા સુખદાઇ ॥૩૧॥**

(જે સૌભાગ્યવતી સ્ત્રી આપનો, આ ગાયત્રીચાલીસાનો એકચિત્તે અને એકાગ્ર મન રાખીને પાઠ કરે છે. તે સદાય પોતાના પતિ તરફનું અખંડ સૌભાગ્ય પ્રાપ્ત કરી શકે છે. તેને સૌભાગની કે સુખની અછત આવતી નથી; અને સદાય સુખ ભોગવે છે—૩૧)

**ઘર વર સુખપ્રદ લહેં કુમારી । વિધવા રહેં સત્યવ્રત ધારી ॥૩૨॥**

(જો કુંવારી કન્યાઓ આ ગાયત્રીચાલીસાનો પાઠ કરે તો તેને સુંદર વર, સુંદર ઘર અને સુંદર સુખદાયક સાસરું મળે છે. જો વિધવા સ્ત્રી પણ આ ગાયત્રીચાલીસાનો પાઠ કરે, તો તેનું શીલ અને સત્ય જળવાઈ રહે છે. તેને કોઈ હેરાન–પરેશાન કરી શકતું નથી—૩૨)

**જયતિ જયતિ જગદંબા ભવાની । તુમ સમ ઔર દયાલુ ન દાની ॥૩૩॥**

(હે માતા ગાયત્રી! તમે જગદમ્બા ભવાની છો, જેથી તમારો જયજય-કાર હો, કારણ કે તમારા સમાન–તમારા જેવું દયાળુ, દાની કે ઉદાર આ વિશ્વમાં મને અન્ય કોઈ જણાતું નથી—૩૩)

**જો સદ્ગુરુ સોં દીક્ષા પાવેં । સો સાધન કો સફલ બનાવેં ॥૩૪॥**

(જો કોઈ સદ્ગુરુ દ્વારા તમારી–ગાયત્રી–દીક્ષા ગ્રહણ કરવામાં આવે, તો તે સઘળાં સાધનોને સફળ બનાવે છે અને તેની સાધના સફળ થાય છે. કદાચ સદ્ગુરુ ન મળે તો ગુરુ રૂપે (તમને જ) ગાયત્રીને જ ગુરુ માનીને સાધના કરે તો પણ તે સાધના સફળ થાય છે—૩૪)

**સુમિરન કરે સુરુચિ બડભાગી । લહૈં મનોરથ ગ્રહી વિરાગી ॥૩૫॥**

(જો કોઈ ભાગ્યવાન સારી ઇચ્છા રાખીને આપનું સ્મરણ કરે તો તેના સઘળા મનોરથો પાર પડીને તે વૈરાગ્ય અને મુક્તિને પામે છે— ૩૫)

**અષ્ટ સિદ્ધિ નવનિધિ કી દાતા । સબ સમર્થ ગાયત્રી માતા ॥૩૬॥**

(હે માતા ગાયત્રી! તમે આઠે પ્રકારની સિદ્ધિઓ—૧. અણિમા, ૨. મહિમા, ૩. લઘિમા, ૪. પ્રાપ્તિ, ૫. પ્રકાશ્ય, ૬. વશિતા અથવા શ્રુતદ્રષ્ટ-શક્તિપ્રેરણ, ૭. મૂર્તિ, ૮. ઇશિતા-તથા નવ પ્રકારની નિધિઓ સઘળું આપવા માટે તમે સમર્થ છો—૩૬)

**ઋષિ, મુનિ, જતી, તપસ્વી, જોગી । આરત, અર્થી, ચિન્તિત, ભોગી ॥૩૭॥**

(અને એટલા માટે જ સર્વે સિદ્ધિઓને આપવા તમે સમર્થ હોવાથી ઋષિ-મુનિ, તપસ્વી, જોગી, દુઃખી, ધનની ઇચ્છાવાળા, ચિંતામાં પડેલા કે ભોગી લોકો તમારું સ્મરણ કરે છે—૩૭)

**જો જો શરણ તુમ્હારી આવેં । સો સો મનવાંછિત ફલ પાવેં ॥૩૮॥**

(જે જે લોકો તમારી શરણમાં આવે છે તે તે સઘળા લોકોની પોતાની મનવાંચ્છિત ઇચ્છાઓ પૂરી થવાથી તે તે ઇચ્છાઓનું ફળ તેઓ પ્રાપ્ત કરતા હોય છે—૩૮)

**બલ બુદ્ધિ વિદ્યા શીલ સ્વભાઊ । ધન વૈભવ યશ તેજ ઉછાઊ ॥૩૯॥**

(અને આપના સ્મરણ-રટણ-જપ-તપ-અનુષ્ઠાનોથી બળમાં, બુદ્ધિમાં,

વિદ્યામાં, પ્રતિષ્ઠામાં અને સારા સ્વભાવમાં વધારો થવાથી તેનાં ધન, વૈભવ, યશ, તેજ અને પ્રતિભામાં વધારો થાય છે—૩૯)

**સકલ બઢેં ઊપજેં સુખ નાના । જો યહ પાઠ કરે ધરિ ધ્યાના ॥૪૦॥**

(જો કોઈ ગાયત્રી ચાલીસાનો પાઠ એક ચિત્તે અને ધ્યાન ધરીને કરે, તો તેનાં નાનાં કે મોટાં બધાં જ સુખોમાં વધારો થતો રહે છે એમાં શંકાને સ્થાન નથી —૪૦)

**યહ ચાલીસા ભક્તિ યુત, પાઠ કરે જો કોય ।**
**તા પર કૃપા પ્રસન્નતા ગાયત્રી કી હોય ॥**

(આ ગાયત્રી ચાલીસાનો પાઠ જે કોઈ વ્યક્તિ પૂર્ણ ભક્તિ અને શ્રદ્ધા રાખીને કરશે તેના પર માતા ગાયત્રીની સર્વથા સર્વદા કૃપા અને પ્રસન્નતા કાયમ રહેશે.)

ધનદાસ રચિત

## અર્જુન ગીતા

(સાખી)

શ્રી ગુરુ પ્રતાપે ગાઈએ, કિરપા તે સાધુજન!
પરબ્રહ્મ મારો આત્મા, મારું મન તે અરજણ.

અર્જુન! સુણો ગીતા-સાર, પાંડવ માનજો નિરધાર...... (ટેક)

અર્જુને એમ જ પૂછ્યું, 'તમે સાંભળો, વૈકુંઠરાય!
એક સાર ગીતા કહો, મને-નિજ ભક્તને મહિમાય'...... અર્જુન૦

ત્યારે શ્રી હરિ એમ ઓચર્યા, 'અર્જુન! ધરજો મન;
આ સાર ગીતા સાંભળે, અવતાર તેનો ધન્ય...... અર્જુન૦

ચૌદ લોક તે વશ માહરે, બ્રહ્માંડ કેરો ભાર;
પણ ધન્ય મારા દાસને, રાખે હૃદય મોઝાર!...... અર્જુન૦

જલ મધ્યે તો પદ્મ, જલસ્પર્શ નહીં લગાર;
તે ચિહ્ન મારા ભક્તનું રહે, વળગે ન વિષય-વિકાર...... અર્જુન૦

સંસારશું સરસો રહે, ને મન મારી જ પાસ;
સંસારમાં લોપાયે નહીં, જાણું તે મારો દાસ...... અર્જુન૦

ભાવ થકી મુજને ભજે, હૈયે હેત હંમેશ;
તો ભક્ત એને જાણીએ, કરે ન કોઈનો દ્વેષ...... અર્જુન૦

કરમાં તુલસી, કર્ણે તુલસી, કંઠે તુલસી હાર;
શુભ તિલક-છાપા શોભતા, મુજ ભક્તનો શણગાર...... અર્જુન૦

સાચા સાધુને જાણે નહિ. પાખંડ પૂજે લોક;
જે દંભ આડંબર કરે તે જાણું સર્વે ફોક...... અર્જુન૦

ઉત્તમ વર્ણ થઈ નવ ભજે, ચાંડાલ કહીએ તેહ;
ચાંડાલ હોય, મુજને ભજે, તે ભક્ત નિ:સંદેહ...... અર્જુન૦

મુજ ભક્તો કેરા કારણે, અવતાર લીધ મેં દશ;
હું નિરંજન નિરાકાર બ્રહ્મ, ભકતે કીધો વશ...... અર્જુન૦

વળી દેવ ઋષિ કારણે હું ગયો વસમે વન;
રાવણ મારી, રાજ્ય સોંપ્યું વિભીષણ રાજન...... અર્જુન૦

દુર્વાસા ઋષિએ દૂભિયો મુજ આત્મજ અંબરીશ;
ભયચક્ર મેલી છેદિયો દર્પ, ભલી લગાડી શીખ...... અર્જુન ૦

બલિરાજને મેં બાંધિયો, દેવોની કીધી વહાર;
પાતાલ ચાંપ્યો રાયને, ત્યાં રહ્યો હું છડીદાર...... અર્જુન ૦

ગોકુળમાં હું અવતરિયો, મોરપીંછ ધરતો મ્હોડ;
ખાધાં મેં માખણ તસ્કરી, જગમાં કહેવાણો ચોર...... અર્જુન ૦

માતા જશોદા ઊખળ બાંધે, હું જોડી ઊભો હાથ;
હું દીન થયો તહીં દાસનો, ચૌદ ભુવનનો નાથ...... અર્જુન ૦

ઈન્દ્ર વળી જ્યાં કોપિયો, કોઈ ન આવ્યું આડ;
મેં ગોકુળ રાખ્યું રેલતું, વ્રજમાં લડાવ્યાં લાડ...... અર્જુન ૦

સોળસેં ગોપી વચ હું રમ્યો, કોઈ ન જાણે ભેદ;
મેં તો ભક્ત કેરે કારણે, વહાલપ રચિયો વેદ...... અર્જુન ૦

વિરંચિ વાછરું હરી ગયો, કરી ગયો અધર્મ;
હું નવાં નિપજાવી લાવ્યો, કોઈ ન જાણે મર્મ...... અર્જુન ૦

વળી, પરથમ પોળે પેસતાં, પઢિયરે દીધી ગાળ;
મેં મારીને વસ્ત્ર લીધાં, સાહાવિયા ગોવાળ...... અર્જુન ૦

રે, ત્યાંથી આગળ ચાલતાં, માલણ લાવી હાર;
મેં અર્થ સાધ્યો તેહનો, આપ્યા પદારથ ચાર...... અર્જુન ૦

પછે મારગે નાવિક મળિયો, ધરિયું દરપણ હાથ;
પૂરિયા મનોરથ તેહના, મેં રાખ્યો મારી સાથ...... અર્જુન ૦

સંબંધી જનને જે હણે, ચાંડાલનો તે અંશ;
જગ-ભય નિવારણ કારણે, મેં માર્યો મામો કંસ...... અર્જુન ૦

મિત્ર સુદામો સંતોષિયો, કાંગના કણને કાજ,
સંપત્તિ આપી મેં તેહને, નવસિદ્ધિ સુદ્ધાં રાજ...... અર્જુન ૦

એકવાર વિદુરને ઘેર ગયો, આરોગ્યાં ભાજી-પાન,
મેં લાડ લડાવ્યાં દાસનાં, રાયનાં તોડ્યાં માન...... અર્જુન ૦

જાણ, કૌરવકુળ સંહારિયું, ને સાર્યો તારો અર્થ;
સકળ વિશ્વ પાલનહાર હું, મેં હાંક્યો તારો રથ...... અર્જુન ૦

એકવાર વનમાં હું ગયો, વન ઘણું હતું ઘનઘોર;
મેં ભાવ જોયો ભીલડીનો, ને ખાધાં એઠાં બોર...... અર્જુન ૦

અમે ઘણા મળી ગોવાળિયા, રમતા ગયા મહાવન;
ભાવના જોઈ ઋષિનારની, મેં જાચી લીધાં અન્ન...... અર્જુન ૦

પ્રહ્‌લાદ પિતુએ સંતાપિયો, મેં સ્થંભમાં પૂર્યો વાસ;
નખથી દુષ્ટ વિદ્દારિયો, ઉગારી લીધો દ્દાસ...... અર્જુન ૦

બાળક દુઃખ અતિ પામિયો, કાઢચો હતો ઘર બહાર;
હું દ્દઢ ભક્તિએ વશ થયો, ધન્ય ધ્રુવકુમાર...... અર્જુન ૦

ચંદ્રહાસ ને હરિશ્ચંદ્ર મુજ રાજ ભક્તો જેહ;
પડી વિપદ, ના વીસર્યાં, મુજ મુગટના મણિ એહ...... અર્જુન ૦

સુધન્વાને નાખ્યો તાતું તેલ ઊકળતું લ્હાય;
વેળા વરતી મેં દ્દાસની, કીધી તુરત જ સ્હાય...... અર્જુન ૦

દ્રૌપદીનાં પટકૂળ ખેંચ્યાં, હું પાસ નહિ તે કાળ,
અનાથ અબળા વલવલી, પણ કોણ લે સંભાળ ?...... અર્જુન ૦

પાંચાલીને પરભવી ચૂપ બેઠા પાંચે વીર;
ઋણ ફેડવા મેં પૂર્યાં, નવસો નવ્વાણું ચીર...... અર્જુન ૦

એક કોળીએ કૌતુક કીધું, જે લીધું મારું રૂપ;
રાજાની કન્યા પરહરી તે પરદળ કોપ્યો ભૂપ...... અર્જુન ૦

મેં ત્યાં જઈ શું કર્યું; મુજ તેજ મૂકયું ન્યાંય;
પરદળનો કીધ પરાજય, મેં બિરદ પાળ્યું ત્યાંય...... અર્જુન ૦

અજામિલ મહા પાપિયો, ને પાપી ગુણિકા જેહ;
સમરણ કરતાં માહરું વૈકુંઠ પામ્યાં તેહ...... અર્જુન ૦

ગજરાજને ગ્રાસે ગ્રહ્યો, ત્યાં સમર્યું મારું નામ;
ત્યાં એક કરતાં બેઉનાં, અર્જુન! સાધ્યાં કામ...... અર્જુન ૦

હું ને મારા ભક્તમાં અંતર ન્હોય લગાર;
મુજ ભક્તને નહિ ઓળખે તે ભૂલી ભમે સંસાર...... અર્જુન ૦

ભક્ત સુખી તો હું સુખી, ને દુઃખમાં દુઃખી જાણ;
મુજ ભક્તને કોઈ દૂભવે તો મુજને લાગે બાણ...... અર્જુન ૦

છે સ્વર્ગ મર્ત્ય પાતાળમાં જલથલમહીં મુજ વાસ;
સુણ, ઇન્દ્રસુત! તુજને કહું : હું થકી અદકો દાસ...... અર્જુન ૦

જપ યજ્ઞે નહિ મળું, નહિ તપ તીરથ કે દાન;
અર્જુન મહિમા જાણજે : છે ભક્તિવશ ભગવાન...... અર્જુન ૦

હું ભક્તની સંગે રહું મને ભક્તનો આધાર;
અર્જુન! મહિમા જાણજે, કહેતાં ન આવે પાર'...... અર્જુન ૦

હરિ-ભક્ત મહિમા સુણી અર્જુન પામ્યો હર્ષ અપાર;
મૂર્છિત થઈ ચરણે ઢળ્યો, નેત્ર વહે જલધાર...... અર્જુન ૦

આ ગીતાને અનુભવે જે ગાશે નર ને નાર;
અર્જુન! નિશ્ચે જાણજો, એ પામશે પદ નિરધાર...... અર્જુન ૦

આ ભક્તમહિમા માહરો, કહ્યે કહ્યો નવ જાય;
ધનભાગ્ય હોય તે અનુભવે ધનદાસ ગીતા ગાય...... અર્જુન ૦

# શ્રી રામ બાવની

જય રઘુનંદન જય સિયારામ, પ્રગટ્યા જગમાં પૂરણ કામ,
દશરથના અંતર આરામ, કૌશલ્યાના પ્યારા રામ.
ભવતારણ હે મનહર રામ! ભજતાં જાયે દુઃખ તમામ.
યજ્ઞ કર્યાથી પ્રગટ્યા બાળ, દાનવોનો આણ્યો કાળ. ૪
વિશ્વામિત્રની કીધી વ્હાર, તાડિકાનો કીધો સંહાર.
જનકરાયે જાણી વાત, નીરખવા ચાહે બેઉ ભ્રાત.
બંનેમાં છે તેજ અપાર, જાણે ઊભા જુગદાધાર.
સીતા સ્વયંવર ભવ્ય રચાય, શિવધનુના કટકા થાય. ૮
કરે પરાક્રમ અદ્‌ભુત રામ, અચરજ પામે રાય તમામ.
પામે પરાજય પરશુરામ, રામને ભેટી કરે પ્રણામ.
કૈકેયી માગે વરદાન, દશરથ રાય થયા બેભાન.
રામ સીતા ને લક્ષ્મણ આજ, વનમાં જાય વચન કાજ. ૧૨
નગર અયોધ્યા છે સુનકાર, રડતાં પશુપંખી નરનાર.
ઋષિમુનિઓને કરી પ્રણામ, વનમાં વિચરે સીતારામ.
ગુહ્ય રાયનો પામી પ્રેમ, આગળ વધતા કુશળક્ષેમ.
કેવટ કરતો ગંગા પાર, ચિત્રકૂટ પહોંચ્યા તે વાર. ૧૬
નીરખી શોભા અપરંપાર, પર્ણકુટિ કીધી તૈયાર.
શ્રવણનાં અંધાં મા-બાપ, દીધ લાગ્યો દશરથને શાપ.
ભરત રાજ્ય તજીને જાય, વનમાં રામનો ભેટો થાય.
ચરણપાદુકા અર્પે શ્રીરામ, ભરત વસિયો નંદીગ્રામ. ૨૦
પંચવટીમાં કરી નિવાસ, ખરદૂષણનો કર્યો વિનાશ.
દૂર કરીને રાક્ષસ-ત્રાસ, નિર્ભય કીધો જગ-નિવાસ.
શૂર્પણખાનું લેવા વેર, આવ્યો રાવણ યુક્તિભેર.
કનકમૃગ ત્યાં મારીચ થાય, સીતા નીરખીને લલચાય. ૨૪
રામ શિકારે પાછળ ધાય, મારીચ બૂમ પાડે ત્યાંય.
'ધાજો, લક્ષ્મણ! મારી વ્હાર...,' સીતા મચાવે હાહાકાર.
સુણી સીતાના શબ્દ-પ્રહાર, રક્ષણ-રેખા કરી તૈયાર.
લક્ષ્મણ રામની વ્હારે ધાય, સીતાહરણ રાવણથી થાય. ૨૮

ભક્ત જટાયુ વ્હારે જાય, રાવણ-હાથે પાંખ કપાય.
મુક્તિ આપે શ્રી રઘુનાથ, પછી મળ્યો સુગ્રીવનો સાથ.
વાલી-વધ કીધો અવિનાશ, પ્રભુ પધાર્યા શબરી પાસ.
ઋષિ-મુનિનો દર્પ હણાય, એંઠાં જૂઠાં બોર જમાય. ૩૨

સીતા શોધનું કામ મહાન, બીડું ઝડપે શ્રી હનુમાન.
પવનવેગે લંકા જાય, વિભીષણનો ભેટો થાય.
અશોકવનમાં પહોંચી જાય, લાગે સીતાજીને પાય.
લંકા બાળી, લાવ્યા ભાળ, બાંધી સેતુબંધની પાળ. ૩૬

જુદ્ધે ચઢયા રાવણ રામ, જબરો જામ્યો છે સંગ્રામ.
દાનવ સહુયે પામ્યા ત્રાસ, કુંભકર્ણનો કીધો નાશ.
મેઘનાદથી જુદ્ધ ખેલાય, લક્ષ્મણ મૂર્છા પામે ત્યાંય.
બજરંગ બુટ્ટી લાવ્યા જ્યાંય, ફરી લક્ષ્મણ સજીવ થાય. ૪૦

રાવણ દસ મસ્તક છેદાય, વિજયનાદ ત્યાં જબરો થાય.
વિભીષણ કીધો લંકા–રાય, આવે અયોધ્યા શ્રી રઘુરાય.
ધોબીએ દેખાડયો ડાઘ, રામ સીતાનો કરતા ત્યાગ.
વાલ્મીકિના આશ્રમ માંહ્ય, લવ-કુશ જન્મે, મંગળ થાય. ૪૪

અશ્વમેધ યજ્ઞ યોજાય, ઘોડો ફરતો આવે ત્યાગ.
લવ-કુશ જ્યારે જાણે વાત, ઘોડો બાંધ્યો ઝાડની સાથ.
બાળક બેઉ ઝૂઝયા જુદ્ધ, દીધ ભુલાવી સૌની સુધ.
આવ્યા શ્રી રઘુવીર રામ, લવ-કુશથી કરવા સંગ્રામ. ૪૮

સીતાજીએ જાણી વાત, વચમાં આવી રોકયો ઘાત.
ઓળખ સામાસામી થાય, પિતા–પુત્રો ભેટે ત્યાંય.
સીતા પૃથ્વી માંહી સમાય, પ્રભુલીલા અહીં પૂરી થાય.
'જયાનંદ' જો પાઠ કરાય, 'રામભક્ત !' મુક્ત થઈ જાય. ૫૨

(દોહરો)

રામભક્ત હનુમાનજી સેવે ચરણ સદાય;
'જયાનંદ' જપતો રહે, પુનિત પળ પળ થાય......સિયાવર૦......

□

# શ્રી શિવ બાવની

શિવ-મહિમાનો ના'વે પાર, અબુધ જન શું પામે પાર ?
સુર બ્રહ્મા પણ મંગળ ગાય, છતાંય વાણી અટકી જાય.
જેનામાં જેવું છે જ્ઞાન, તે રીતે સહુ કરતાં ગાન.
હું પણ અલ્પ મતિ અનુસાર, ગુણલા શિવના ગાઉં અપાર. ૪
કોઈ ન પામે શિવનો ભેદ, વર્ણન કરતાં થાકે વેદ.
બૃહસ્પતિ ખુદ ભાવે ગાય. અને વળી ખૂબ વિસ્મિત થાય.
મંદમતિ હું છું તુજ બાળ, લેજો શિવજી! મુજ સંભાળ.
બ્રહ્મા વિષ્ણુ શિવ સ્વરૂપ, મનહર તારું ત્રિવિધ રૂપ. ૮
જગનું સર્જન ને સંહાર, કરતાં તુજને થાય ન વાર.
તુજ શક્તિમાં શંકા થાય, લાખ ચોર્યાશી કાયમ થાય.
તારી શક્તિ કેરું માપ જે કાઢે તે ખાયે થાપ.
ખુદ અજન્મા કહાવો આપ, સૃષ્ટિ ક્યાંથી રચી અમાપ ! ૧૨
વારે વારે અચરજ થાય, અક્કલ સહુની અટકી જાય.
તારી કાયા અદ્‌ભુત નાથ! કોણ કરે તારો સંગાથ ?
ભસ્મ શરીરે પારાવાર, અદ્‌ભુત ધાર્યા તેં શણગાર.
ફણીધર ફરતા ચારે કોર, વનચર કરતાં શોરબકોર. ૧૬
નંદી ઉપર થાયે તું સ્વાર, ભૂતપ્રેતનું સૈન્ય અપાર.
બીજ ચંદ્ર છે ઠંડોગાર, ત્રિશૂળનો જબરો ચમકાર.
શિરથી વહેતી ગંગા–ધાર, ત્રીજું લોચન સોહે ભાલ.
સરિતા સાગર માંહી સમાય, જગત તારામાં લીન થાય. ૨૦
અસ્થિર જગ સઘળું કહેવાય, કેવળ તું છે સ્થિર સદાય.
વાત બધી સમજણની બહાર, બુદ્ધિ ફેરી થાયે હાર.
ગગનમંડળ બ્રહ્મા જાય, વિષ્ણુ પાતાળે સંતાય.
છતાં અજાણ તુજ શક્તિ–માપ, કેવી તારી અદ્‌ભુત છાપ ! ૨૪
ત્રિભુવનને પળમાં જીતનાર, તે પણ આવે તારે દ્વાર.
રાવણ સ્તુતિ તારી ગાય, છેદ્યું મસ્તક ચરણ ધરાય.
આપ કૃપાથી પામ્યો બળ, કૈલાસે અજમાવી કળ.
અંગુઠડે દાબ્યો તત્કાળ, રાવણ પાડી ગયો ચિત્કાર. ૨૮

તુજ શરણે આવ્યો બાણાસુર, બળ દીધું તેને ભરપૂર.
સાગર મથતા સુર-અસુર, વિષ નીરખીને ભાગ્યા દૂર.
આપે કીધું તે વિષ-પાન, નીલકંઠનું પામ્યા માન.
ઊભું કરે તમ સામે તૂત, પળમાં થાયે ભસ્મીભૂત. ૩૨
વિશ્વ સકળમાં તું છે સ્તુત્ય, ધરા ધ્રુજાવે તાંડવ નૃત્ય.
પૃથ્વી તારો રથ કહેવાય, સૂર્યશશી તુજથી સોહાય.
હરિ તમારું પૂજન કરે, સહસ્ર કમળ શિર પર ધરે.
ચઢાવતાં ખૂટયું જ્યાં એક, નયનકમળથી રાખી ટેક. ૩૬
દીધું સુદર્શન કરીને ભાવ, હરિએ હેતથી કર્યો સ્વીકાર.
યજ્ઞ થકી જે અર્પે ભાવ, તેના સાક્ષી આપ જ થાવ.
ફૂલ મદન આવ્યો વનમાંહ્ય, કામબાણ મારે છે ત્યાંય.
બાળ્યો પળમાં કરવા નાશ, થઈ શરણાગત આવ્યો પાસ. ૪૦
પ્રભુ! સ્મશાનમાં તેં કીધો વાસ, ભૂતપ્રેત નાચે ચોપાસ.
અગ્નિ સૂર્ય ને પવન શશી, આપ જ રહ્યા છો વ્યાપક વસી.
ગગનધારા વારિ તમ રૂપ, કહાવો વિશ્વ સકળના ભૂપ.
ૐકાર નિર્ગુણ છો આપ, સુર નર મુનિવર જપતા જાય. ૪૪
ચાર ખૂણા ને ચારે દિશ, વ્યાપક આપ વસો જગદીશ.
માર્કંડેયને રાખ્યો પાસ, યમ કેરો છોડાવ્યો પાશ.
ભોળા માટે ભોળો થાય, સંકટ સમયે કરતા સ્હાય.
શરણાગતનાં સુધરે કાજ, સંપદ્ આપે આપે રાજ. ૪૮
ધરતી આખી કાગળ થાય, સમુદ્ર શાહી થઈ રેલાય.
લેખણી કરો બધી વનરાય, ગુણ લખતાં નારદ થાકી જાય.
પાર કહો શી રીત પમાય? 'રામભક્ત' ઘેલો ગુણ ગાય.
પાઠ કરે તે પુનિત થાય, જન્મ-મરણનું ચક્કર જાય. ૬૨

(દોહરો)

પાઠ કરે જે પ્રેમથી સદાય પ્રાતઃકાળ;
'રામભક્ત' તેનો કદી, થાય ન વાંકો વાળ...સિયાવર૦...

□

# શ્રી રણછોડ બાવની

રણછોડ! તું રંગીલો નાથ, વિશ્વ સકળને તારો સાથ.
ભૂમિ કેરો હરવા ભાર, જગમાં પ્રગટ્યો વારંવાર.
જન્મ ધર્યો તેં કારાગાર, જગમાં કરવાને ચમત્કાર.
કંસરાયને થાયે જાણ, તેથી ત્યાંથી કર્યું પ્રયાણ. ૪
ગોકુળમાં જઈ કીધો વાસ, નંદ-જશોદા કેરી પાસ.
વર્ણન કરતાં ના'વે પાર, એવી તારી લીલા અપાર.
ગોવાળાની સાથે જાય, ગાય ચરાવે રાજી થાય.
છાનો ગોરસ લૂંટી ખાય, ચોર સહજમાં છટકી જાય. ૮
ગોપિકાનાં ચોર્યાં ચિત્ત, સૌના ઉપર સરખી પ્રીત.
બંસી કેરો સૂર મધુર, સુણનારા થાયે ચકચૂર.
શરદ પૂનમની માઝમ રાત, સૌનાં હૈયે થાય પ્રભાત.
વ્રજવનિતા છોડી આવાસ, દોડી આવે રમવા રાસ. ૧૨
તારલિયા ટમકે આકાશ, ચાંદલિયાનો પૂર્ણ પ્રકાશ.
દાનવ કેરો જ્યાં જ્યાં ત્રાસ, પળમાં જઈને કીધો નાશ.
પટકી માર્યો પળમાં કંસ, રહ્યો ન જગમાં તેનો વંશ.
સૌ કૌરવને કીધા તંગ, પાંડવ પાંચનો રાખ્યો રંગ. ૧૬
અર્જુનને તેં દીધો બોધ, જ્ઞાનામૃતનો વરસ્યો ધોધ.
યુદ્ધ તજીને કીધી દોડ, નામ પડ્યું તારું રણછોડ.
દ્વારિકા જઈ કીધો વાસ, ધર્મધજા ફરકે આકાશ.
ગુર્જર ભૂમિ ડાકોર ગામ, ભક્ત થયો બોડાણો નામ. ૨૦
પત્ની તેની ગંગાબાઈ, તે પણ ભક્તિમાં રંગાઈ.
હરતાં ફરતાં એક જ તાન, જય ભગવાન, જય ભગવાન.
એવામાં એક આવ્યો સંઘ, રેલાયો રાસ ભક્તિ-રંગ.
યાત્રાળુ દ્વારિકા જાય, ભક્ત બોડાણો સાથે થાય. ૨૪
ગોમતી જળમાં કીધું સ્નાન, ભાવે નીરખ્યા શ્રી ભગવાન.
છ છ માસે આવીશ ધામ, ટેક ભલી લીધી નિષ્કામ.
તુલસી હાથમાં વાવી જાય, અર્પી ઈશને રાજી થાય.
સહન કરે તે કષ્ટ અમાપ, ભલે પડે ઠંડી કે તાપ. ૨૮

વૃદ્ધ થયો પણ હૈયે હામ, અવિચળ શ્રદ્ધા આઠે જામ.
સીત્તેર વરસ વીત્યાં રે એમ, પૂરણ પાળી એણે નેમ.
બોડાણો જીત્યો છે દાવ, પ્રગટ્યો પ્રભુ–હૈયે ભાવ.
'હવે લાવજે ગાડું સાથ', બોલ્યો વિશ્વ સકળનો નાથ. ૩૨

ખડખડતી લીધી છે વહેલ, વૃદ્ધ થયેલા જોડ્યા બેલ.
ગંગાબાઈએ દીધી વિદાય, બોડાણો હરખાતો જાય.
બોડાણાને રાતો રાત, મૂક્યો દ્વારિકા મોઝાર.
દરશન કરતાં બોલ્યો, 'નાથ! હું ગાડું લાવ્યો છું સાથ.' ૩૬

ગૂગળીઓ મનમાં વહેમાય, રખે પ્રભુને આ લઈ જાય.
માર્યાં તાળાં મજબૂત દ્વાર, રાત પડી ને વાગ્યા બાર.
વ્હાલો નીકળી નાઠો બહાર, વહેલ તરત કીધી તૈયાર.
ગાડું હાંકે જુગદાધાર, કહો પછી શી લાગે વાર! ૪૦

ઉમરેઠ મુકામે લીમડા-ડાળ પકડી મીઠી થઈ તત્કાળ.
વ્હાણું વાયું વીત્યે રાત, ડાકોર માંહે થયું પ્રભાત.
ગંગાબાઈએ નીરખ્યા નાથ, ઉર–ઉમળકે જોડ્યા હાથ.
ડાકોર વીત્યો જય જયકાર, દ્વારિકામાં હાહાકાર. ૪૪

દ્વારિકાના રાયની સાથ, ગૂગળી લેવા આવ્યા નાથ.
ભગત સામે લેવા જાય, માર્યો ભાલો મૃત્યુ થાય.
ભાવિકોનાં દિલ દુભાય, બદલો લેવા સામા ધાય.
ગંગાબાઈએ ધીરજ ધરી, વાલમજીએ વિપદ હરી. ૪૮

ગૂગળી સોનાથી લલચાય, વ્હાલો બસ વાળી તોલાય!
રીઝ્યો ત્રણ ભુવનનો ભૂપ, મનસુખરામનું લીધું રૂપ.
સંત પુનિતને દીધી હામ, પૂરણ કીધાં સઘળાં કામ.
'રામભક્ત' જે કરશે પાઠ, નાથ પકડશે તેનો હાથ. ૫૨

(દોહરો)

પુનિત પૂરણ પ્રેમથી, ડાકોર દર્શન જાય;
રામભક્ત પુનિત બને, ભવભય નિર્મૂળ થાય...સિયાવર૦...

□

# શ્રી દત્ત બાવની

જય યોગેશ્વર દત્ત દયાળ, તું જ એક જગમાં પ્રતિપાળ.
અત્ર્યનસૂયા કરે નિર્મિત, પ્રગટ્યો જગ કારણ નિશ્ચિત.
બ્રહ્મા હરિ હરનો અવતાર, શરણાગતનો તારણહાર.
અંતર્યામી સચ્ચિત્–સુખ, વહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ. ૪
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલુ કર સોહાય.
કર્યા ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર.
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ.
સુણી અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્. ૮
દીધી રિદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.
કરતો આજે કેમ વિલંબ? તુજ વિણ મારો કો આલંબ?
વિષ્ણુશર્મા દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભ દૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર ત્યાં તેં તત્ખેવ. ૧૨
વિસ્તારી માયા દિતિસુત, ઇન્દ્ર–કરે હણાવ્યો તુર્ત.
એવી લીલા કંઈ કંઈ સર્વ, કીધી વર્ણવે કો તે સર્વ!
દોડ્યો આયુ–સુતને કામ, કીધો એને તેં નિષ્કામ.
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્ય દેવ પ્રહ્લાદ અકામ. ૧૬
એવી તારી કૃપા અગાધ, કેમ સુણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ, અનંત! મા કર અધવચ શિશુનો અંત.
જોઈ દ્વિજ–સ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મૃતિગામી કલિકાળ કૃપાળ, તાર્યો ધોબી છેક ગમાર. ૨૦
પેટપીડાથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણ શેઠ ઉગાર્યો શીઘ્ર.
કેમ કરે ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર.
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર, થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતના કૃત્સ્ન. ૨૪
કર્યો દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ.
વંધ્યા ભેંસો દુઝવી, દેવ! હર્યું દરદળ તેં તત્ખેવ.
ઝાલર ખાઈ રીઝ્યો એમ, કીધાં સુવર્ણદાન સપ્રેમ.
બ્રાહ્મણ–સ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર. ૨૮

પિશાચ પીડા કીધી દૂર, વિપ્ર-પુત્ર ઉઠાડયો, સુર!
હર્યો વિપ્ર મદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત!
નિમિષ માત્રે તંતુ એક, પહોંચાડયો શ્રી શૈલે છેક.
એકી સાથે આઠ સ્વરૂપ ધર્યાં, દેવ! બહુરૂપ અરૂપ. ૩૨
સંતોષ્યા નિજ સર્વ સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ.
રામકૃષ્ણ રૂપે દેવ! કરી લીલાઓ અગણિત એમ.
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ, પશુ પંખી પણ તુજને સાધ. ૩૬
અધમ-ઉદ્ધારણ તારું નામ, લેતાં સરે ના શાં શાં કામ?
આધિ વ્યાધિ ઉપાધિ રોષ, સ્મરણ માત્રથી ટળતો દોષ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર.
નાસે મુઠ્ઠી વાળી તુર્ત દત્તધૂન સાંભળતા મૂર્ત. ૪૦
મૂઠ ચોટનાં લાગે બાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
કરી ધૂપ ગાયે જે એમ, દત્તબાવની આ સપ્રેમ.
સુધરે તેનાં બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક.
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખદારિદ્ર તેનું જાય. ૪૪
બાવન ગુરુવાર રાખી નેમ, કરે પાઠ બાવન સપ્રેમ.
યથાવકાશે નિત્ય નિયમ, તેને કો દિ ન દંડે યમ.
અનેક રૂપે એ જ અભંગ, ભજતાં નડે ના માયા-રંગ.
સહસ્ર નામો, નામી એક, દત્તદિગંબર સત્ય જ છેક. ૪૮
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર.
થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું કથું અશેષ?
અનુભવ-તૃપ્તિનો ઉદ્ગાર, સુણો! હસે તે ખાશે માર.
તપસી તત્ત્વમસિ એ દેવ, બોલો જય જય શ્રી ગુરુદેવ. ૫૨

(દોહરો)

દત્ત તો ગુરુદેવ છે, દેવોના પણ દેવ;
ચરણ ઢળીને માગજો ચરણકમળની સેવ...સિયાવર૦...

❀

# શ્રી જલારામ બાવની

સોરઠ ભૂમિ પાવન ધામ, વીરપુર નામે પાવન ગામ.
પ્રગટ્યા ત્યાં શ્રી જય જલારામ, જનસેવાનું કરવા કામ.
રાજબાઈ માતાનું નામ, પ્રધાનજી પિતાનું નામ.
લોહાણા જ્ઞાતિ હરખાય, નામ સમરતાં રાજી થાય. ૪
સંત પધાર્યા એને દ્વાર, રાજબાઈએ કીધો સત્કાર.
ઉજ્જવળ થાશે તારી કૂખ, સંત બોલ્યા ત્યાં નિજમુખ.
સંવત્ અઢારસો છપ્પન માંહ્ય, કાર્તિક સુદ સાતમની છાંય.
આશીર્વાદથી પ્રગટ્યા રામ, નામ પાડ્યું શ્રી જલારામ. ૮
વૃદ્ધ સંતો આવ્યા તે ધામ, ઓળખ્યો જલો સાચો રામ.
માતાપિતા તો ગયાં સ્વધામ, કાકાને ત્યાં ઉછર્યા આમ.
સંવત્ અઢારસો સીત્તેર માંહ્ય, યજ્ઞોપવીત-વિધિ થાય.
સંવત્ અઢારસો બોત્તેર માંહ્ય, પ્રભુતામાં પગલાં મંડાય. ૧૨
કાકાનું સંભાળે હાટ, ધર્મ-દાનનો મનમાં ઘાટ.
સંત-સાધુને દેતા દાન, રઘુવીરનું જે ધરતા ધ્યાન.
એક સમે સંતોનો સંઘ, આવી જમાવે ભક્તિ-રંગ.
જલારામની પાસે આજ, આવ્યા સીધું લેવા કાજ. ૧૬
જલારામ લઈ માથે ભાર, દેવા ચાલ્યા એને દ્વાર.
પાડોશીને લાગી લ્હાય, કાકાને તે કહેવા જાય.
વાલા કાકા દોડ્યા ત્યાંય 'જલા' શું તું દેવા જાય ?
ગભરામણ છૂટી તે વાર, પણ પત રાખે છે દીનદયાળ. ૨૦
'છાણાં' કહ્યાં તો છાણાં થાય, ઘીને બદલે જળ દેખાય.
પાડોશી તો ભોંઠો થાય, દુરિજન કર્મ થકી પસ્તાય.
જલા ભક્તને લગની થાય, ભીતર બારી ઊઘડી જાય.
યાત્રા કરવા કીધી હામ, સુખે ફર્યા એ ચારે ધામ. ૨૪
ગુરુ કરવાને પ્રગટ્યો ભાવ, ફત્તેપુર જઈ લીધો લ્હાવ.
ભોજો ભગત કીધા ગુરુદેવ, વ્રત લે કરવા સાચી સેવ.
સંવત્ અઢારસો છોત્તેર માંહ્ય, સદાવ્રતનું સ્થાપન થાય.
વીરબાઈ સુલક્ષણી જે નાર, સંતોની રાખે સંભાળ. ૨૮

સાધુ સંતો આવે નીત, જલાબાપાની જોઈ પ્રીત.
અન્ન તણો નિધિ છલકાય, બાધા-આખડીએ દુઃખ જાય.
બાપા ભાળે સૌમાં રામ, ખવરાવીને લે આરામ.
ગાડાં ભરી અન્ન આવ્યે જાય, સાધુસંતો હોંશે ખાય. ૩૨

તન મનથી જે દુઃખી જન, આવે પ્રીતે કરે ભોજન.
બાપ સૌનાં દુઃખ હરનાર, ભેદ ન રાખે કાંઈ લગાર.
થોડા જનનાં જાણો નામ, મળિયો છે જેને આરામ.
જમાલ ઘાંચી જે કહેવાય, દીકરો તેનો સાજો થાય. ૩૬

હરજી દરજી પેટનું દુઃખ, ટાળ્યું ને પામ્યો એ સુખ.
મૃત્યુ પામ્યો કોળી એક, પિતા એનો કરગર્યો છેક.
બાપા હૈયે કરુણા થાય, રામનામની ધૂન મચાય.
થયો સજીવન તેનો બાળ, રામનામનો જય જયકાર. ૪૦

પૂર્ણ તપ્યા તપ બાપા આંહ્ય, વ્હાલો ઊતર્યા અવનિ માંહ્ય.
કરી કસોટી, માંગી નાર, જોવા કેવું દિલ ઉદાર.
ધન ધન રે વીરબાઈ નાર, પ્રભુ સમ જાણ્યા છે ભરથાર.
'આજ્ઞા આપો છું તૈયાર, સેવા સંતની સાચો સાર.' ૪૪

સેવા કરવા ગયાં સતી, જાણ્યા એણે ત્રિભુવન-પતિ.
આકાશવાણી સંભળાય, ધન્ય જલા ભક્તિ કહેવાય.
ઝંડો, ઝોળી, વીરબાઈ હાથ, દઈને અલોપ થયા ત્યાં નાથ.
વાયક પહોંચ્યા વીરપુર ગામ, સૌએ સમર્યા સીતારામ. ૪૮

આજે પણ વીરપુરની માંહ્ય, સૌને એનાં દર્શન થાય.
જન સેવા જ્યાં ખૂબ જ કરી, ઠાર્યા સૌને પોતે ઠરી.
ઓગણીસો-આડત્રીસ માંહ્ય, બાપા સિધાવ્યા વૈકુંઠ માંહ્ય.
'મનુદાસ' જે બાવની ગાય, દુઃખથી છૂટી સુખિયા થાય. ૫૨

(દોહરો)

રામ-નામ મેં લીન હૈ, દેખત સબ મેં રામ;
તાકે પદ વંદન કરું, જય જય શ્રી જલારામ...સિયાવર૦...

# આરતી સંગ્રહ

૧.

ઓમ્ જય જગદીશ હરે, પ્રભુ! જય જગદીશ હરે;
ભક્તજનોંકે સંકટ (૨)....ક્ષણમેં દૂર કરે........
ઓમ્ જય જગદીશ હરે.

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનસે મનકા....પ્રભુ! દુઃખ૦....
સુખ સંપદ ઘર આવે (૨)....કષ્ટ મિટે તનકા....ઓમ્ જય૦....

માતપિતા તુમ મેરે, શરણ ગ્રહું કિસકી....પ્રભુ! શરણ૦....
તુમ બિન ઔર ન કોઇ(૨)....આશ કરું જિસકી.... ઓમ્ જય૦....

તુમ પૂરણ પરમાત્મા, તુમ અંતરયામી....પ્રભુ! તુમ૦....
પરમ બ્રહ્મ પરમેશ્વર! (૨)....તુમ સબકે સ્વામી....ઓમ્ જય૦....

તુમ કરુણાકે સાગર, તુમ પાલન-કર્તા....પ્રભુ! તુમ૦....
મૈં બાલક અજ્ઞાની (૨)....કૃપા કરો ભર્તા.... ઓમ્ જય૦....

તુમ હો એક અગોચર, સબકે પ્રાણ પતિ....પ્રભુ! સબકે૦....
કિસ બિધ મિલું, દયામય!(૨)....મૈં હૂં અલ્પમતિ ...ઓમ્ જય૦....

દીનબંધુ દુઃખહર્તા, તુમ રક્ષક મેરે....પ્રભુ! તુમ૦....
કરુણા હાથ બઢાવો (૨)....શરણ પડા તેરે....ઓમ્ જય૦.....

વિષય વિકાર મિટાવો, પાપ હરો દેવા....પ્રભુ! પાપ૦....
શ્રદ્ધા-ભક્તિ બઢાવો (૨)....સંતનકી સેવા....ઓમ્ જય૦....

૨. જય શિવ ઓમ્ કારા, પ્રભુ! હર શિવ ઓમ્ કારા.
બ્રહ્મા વિષ્ણુ સદા શિવ (૨) ....હર ગંગે ધારા....
ઓમ્ હર હર હર મહાદેવ.

એકાનન, ચતુરાનન, પંચાનન રાજે....શિવ પ્રભુ! પંચા૦....
સિંહાસન ગરૂડાસન (૨)....વૃષવાહન સાજે....ઓમ્ હર હર૦....

ત્રિભુજ સાર ચતુર્ભુજ, દશભુજા સોહે....શિવ પ્રભુ ! દશ....
નિત નવ રૂપ નીરખતા(૨)....ત્રિભુવનજન મોહે....ઓમ્ હર હર૦

શ્વેતાંબર, પીતાંબર, વ્યાઘ્રાંબર અંગે....શિવ પ્રભુ ! વ્યાઘ્રાં૦
વિભુતાદિક, સનકાદિક(૨)....ભૂતાદિક સંગે....ઓમ્ હર હર૦....

અક્ષમાળા, વનફૂલમાળા, રૂદ્રમાળા, ધારી....શિવ પ્રભુ ! રૂદ્ર૦....
ચંદન મૃગમદ ચર્ચિત(૨)....ભાલે શુભ કારી....ઓમ્ હર હર૦....

કર સોહે છે કમંડલુ ચક્ર ત્રિશૂળ ધરતા....શિવ પ્રભુ ! ચક્ર૦....
યુગકર્તા, યુગભર્તા(૨)....યુગ સંહાર-કર્તા....ઓમ્ હર હર૦....

ત્રિગુણાનંદની આરતી, જે કોઈ નર ગાવે....શિવ પ્રભુ ! જે૦....
ભણે શિવાનંદ સ્વામી(૨)....વાંછિત ફલ પાવે....ઓમ્ હર હર૦....

૩. (શ્રી હરિહરની આરતી)

ઓમ્ જય શિવ રામ હરે, પ્રભુ ! જય શિવ શમ હરે.
વંદન કરીએ, વ્હાલા !(૨)....શિવજી શ્યામ હરે....ઓમ્ જય૦....

ડમરું શિવપ્રભુએ ધાર્યું, મોરલી શામળિયે....પ્રભુ ! મોરલી૦....
ભુત ભયંકર શિવ સહ(૨)....ધેનુ સંગ હરે....ઓમ્ જય૦....

ભોળા શિવજી ભોળા, કપટી કેશવજી....પ્રભુ ! કપટી૦....
કૈલાસ વસે રે શિવજી(૨)....વૈકુંઠ માધવજી....ઓમ્ જય૦....

કૃષ્ણ પ્રભુજી કાળા, શિવજી છે ગોરા....પ્રભુ ! શિવજી૦....
ભક્તજનો સૌ ભુધર(૨)....ઊચરે શિવ શિવ શિવ....ઓમ્ જય૦...

શિવ સંગે પારવતી, હરિ સહ રાધાજી....પ્રભુ ! હરિ૦....
હરિ હર એક સ્વરૂપે(૨)....ભજીએ ભાવ થકી...ઓમ્ જય૦....

૪.

આનંદ મંગળ કરું હું આરતી,
હરિ ગુરુ સંતની સેવા રે, વ્હાલા ! હરિ૦.... આનંદ૦....

પ્રેમ ધરીને મારે મંદિર પધારો (૨)
સુંદિર સુખડાં લેવા રે, વ્હાલા ! સુંદિર૦.... આનંદ૦....
મારે આંગણિયે તુલસી-ક્યારો (૨)
શાલિગ્રામની સેવા રે, વ્હાલા ! શાલિ૦.... આનંદ૦....
રત્ન સિંહાસન આપ બિરાજો (૨)
છો દેવાધિદેવા રે, વ્હાલા ! છો૦.... આનંદ૦....
કાને કુંડળ, માથે રે મુગટ (૨)
પ્રગટ્યા દર્શન દેવા રે, વ્હાલા ! પ્રગ૦.... આનંદ૦....
રામ લક્ષ્મણ ભરત શત્રુઘ્ન (૨)
ચારેય ભાઈઓની સેવા રે વ્હાલા ! ચારે૦.... આનંદ૦....
સંત મળે તો મહાસુખ પામું (૨)
ગુરુજી મળે તો મેવા રે, વ્હાલા ! ગુરુ૦.... આનંદ૦....
અડસઠ તીરથ સંતોને ચરણે (૨)
ગંગા યમુના રેવા રે, વ્હાલા ! ગંગા૦.... આનંદ૦....
ત્રિભુવન-તારણ ભવ-ઉદ્ધારણ (૨)
આવો દર્શન દેવા રે, વ્હાલા ! આવો૦.... આનંદ૦....
માખણ મિસરી મધુફળ ચાખો (૨)
ચાખો મીઠા મેવા રે, વ્હાલા ! ચાખો૦.... આનંદ૦....
દાસ પ્રીતમ છે હરિ ગુણ-ઘેલો (૨)
હરિના જન હરિ જેવા રે, વ્હાલા ! હરિના.... આનંદ૦....

૫. (દશ-અવતારની વારતા)

ઓમ્ જય જાદવરાયા, પ્રભુ શ્રી માધવરાયા
આરતી કરીએ કરુણાનંદન (૨)....વ્યાપે નહિ માયા,
જય દેવ જય જય દેવ.

પ્રથમે, મચ્છ તણો અવતાર, માર્યો શંખાસુર પાપી....પ્રભુ ! માર્યો૦...
ચતુરાનંદન દેવા (૨)....વેદ વિપ્રને આપી....જય દેવ૦....

બીજે, સુરને અસુર મળીયા, સાગર મથવાને કાજે....પ્રભુ ! સાગર૦....
વાંસા પર બાંધ્યો વિંધ્યાચળ (૨) કચ્છપ મહારાજે....જય દેવ૦....
ત્રીજે, હિરણ્યાકશ્યપ ભૂપ, દમતો પૃથ્વીને પાપી....પ્રભુ ! દમતો૦....
દાઢ ગ્રહી લાવ્યા વરાહસુર (૨) અવનિ સ્થિર સ્થાપી....જય દેવ૦....
ચોથે, નરસિંહરૂપ સ્વામી, ભક્ત પોતાનો જાણી....પ્રભુ ! ભક્ત૦....
નખે કરી સંહાર્યો નરહર (૨) નરસૈંના સ્વામી....જય દેવ૦....
પાંચમે, અતિ બળિયો બલિદેવ, જેથી સુરપતિઓ કાંપે....પ્રભુ ! જેથી૦....
વામન રૂપ ધર્યું મહારાજે (૨) બલિને પાતાળે ચાંપે....જય દેવ૦....
છઠ્ઠે, પરશુરામ પધાર્યા, ફરસી હાથોમાં લીધી....પ્રભુ ! ફરસી૦....
સહસ્રાર્જુનને માર્યો (૨) પૃથ્વી નક્ષત્રી કીધી....જય દેવ૦....
સાતમે, રઘુવંશી અવતાર, આનંદ કૌશલ્યા પામી....પ્રભુ ! આનંદ૦....
રણમાં રોળ્યો રાવણ (૨) સતી સીતાના સ્વામી....જય દેવ૦....
આઠમે, કૃષ્ણ તણો અવતાર, ગોકુળમાં ગૌ ચારી....પ્રભુ ! ગોકુળ૦....
રાખ્યાં ગોપી ને ગોવાળ (૨) કર ગોવર્ધન ધારી....જય દેવ૦....
નવમે, બુદ્ધ તણો અવતાર, ભાર પૃથ્વી પર વાધ્યો....પ્રભુ ! ભાર૦....
ધ્યાન ધરી બેઠા ધરણીધર (૨) જોગ જુગત સાધ્યો....જય દેવ૦....
દસમે, કલ્કિનો અવતાર, પૃથ્વી ન-કલંકી કરશો....પ્રભુ ! પૃથ્વી૦....
મ્લેચ્છને મારીને રાઘવજી ! (૨) સેવક-દુઃખ હરશો....જય દેવ૦....
અગિયારમે, મોહન ને મહાદેવ, આરતી અંતર ધરશો....પ્રભુ ! આરતી૦....
ભાવ થકી ભૂધરને ભજતાં (૨) ભવ-સાગર તરશો....જય દેવ૦....
દશ અવતારની આરતી જે કોઈ ભાવ ધરી ગાશે.... પ્રભુ ! જે૦....
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપદ થાશે.... જય દેવ૦....

૬.

ઓમ્ જય ગિરિવરધારી, પ્રભુ ! જય ગિરિવરધારી,
આરતી કરીએ પ્રીતે (૨).... જય કૃષ્ણ મોરારિ;
ઓમ્ જય ગિરિવરધારી.

ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ, આત્મા અવતારી.... પ્રભુ! આત્મા૦....
નંદ ઘેર જન્મીને (૨).... કરી લીલા સારી.... ઓમ્ જય૦....
નટવર નંદકિશોર, મોર મુગટધારી.... પ્રભુ! મોર૦....
મુરલીધર નટનાગર (૨).... મૂર્તિ મનહારી.... ઓમ્ જય૦....
ગોપી સંગે રાસ રંગે રમિયા ગિરિધારી.... પ્રભુ! રમિયા૦....
ભક્તોનું શુભ કરવા (૨).... ગાયો તેં ચારી.... ઓમ્ જય૦....
કેશવ કૃપાનિધાન! તવ કરુણા ન્યારી.... પ્રભુ! તવ૦....
સદાય ઓ કીશન! તું (૨).... દે કૃપા તારી.... ઓમ્ જય૦....

૭.

ઓમ્ જય કાના કાળા, પ્રભુ! જય કાના કાળા,
મીઠી મોરલીવાળા (૨).... ગોપીજન પ્યારા.... જય કાના૦....
કામણગારા કહાન કામણ કંઈ કીધાં, પ્રભુ! કામણ૦....
માખણ ચોરી મોહન (૨).... ચિત્ત ચોરી લીધાં.... જય કાના૦....
નંદ જશોદા આંગણ વૈકુંઠ ઉતારી, પ્રભુ! વૈકુંઠ૦....
કાલીય મર્દન કીધો (૨).... ગાયોને ચારી.... જય કાના૦....
તારા ગુણનો પાર તો કેમે નહીં આવે, પ્રભુ! કેમે૦....
નેતિ નેતિ વેદ પુકારે (૨).... પુનિત શું ગાવે?....જય કાના૦....

૮.

ઓમ્ જય રણછોડ રાયા, પ્રભુ! જય રણછોડ રાયા;
દ્વારિકાને છોડી (૨).... ડાકોરમાં આવ્યા.... જય૦....
બોડાણાએ ટેક ભલી દરશનની લીધી, પ્રભુ! દરશન૦....
છ છ માસે તુળસી (૨).... કર ધારી લીધી.... જય૦....
ભાવભૂખ્યા ભૂદરજી ભાવે વેચાયા, પ્રભુ! ભાવે૦....
પ્રેમ તણા બંધનમાં (૨) મોહન બંધાયા.... જય૦....

વહેલમાં બેઠા આપ જાતે હંકારી, પ્રભુ! જાતે૦...
કળિ કાળમાં વ્હાલે (૨)... લીલા કરી ન્યારી... જય૦...

ડંકનાથની સામોસામ અવીને બેઠા, પ્રભુ! આવી૦...
ગુગળી લેવા આવ્યા (૨)... હાથ પડ્યા હેઠા... જય૦...

બોડાણાનું નામ અમર તમે કીધું, પ્રભુ! અમર૦...
મનસુખરામ માસ્તરનું (૨)...રૂપ તમે લીધું... જય૦...

સંત પુનિતનાં કામ સાથે રહી કીધાં, પ્રભુ! સાથે૦...
રામભક્તને ભાવે (૨) ખોળે લઈ લીધા... જય૦...

૯.

ઓમ્ જય ગણપતિ દેવા, પ્રભુ! જય ગણપતિ દેવા;
પ્રેમ થકી પ્રભુ! તારી (૨)... કરીએ નિત સેવા... જય૦...

વિઘ્નેશ્વર વરદાયક શંભુ સુખદાતા, પ્રભુ! શંભુ૦...
પ્રથમ તમારું પૂજન (૨)... કરીએ ભયત્રાતા... જય૦...

શુક્લ ચતુર્થી તિથિ, માસ જ ભાદરવો, પ્રભુ! માસ૦...
સકલ ભક્તજનોએ (૨)... ઉત્સવ આદરવો... જય૦...

ભાવ ધરી પ્રભુ તારી આરતી ઉતારું, પ્રભુ! આરતી૦...
દીન કર જોડી વીનવું (૨)... કર સહુનું સારું... જય૦...

વિઘ્નેશ્વરની આરતી જે કોઈ ગાશે, પ્રભુ! જે૦...
ઉમા-તનય પ્રતાપે (૨)... કૈલાસે જાશે... જય૦...

૧૦.

ઓમ્ જય રામ કબીર ભગવાન, પ્રભુ! રામકબીર ભગવાન
આરતી કરીએ તમારી (૨)...દેજે ભક્તિ જ્ઞાન...જય રામ૦...

ચૌદસો છપ્પન સંવત જેઠ સુદી પૂનમ, પ્રભુ! જેઠ૦...
કાશીમાં લહર તળાવે(૨)...પ્રગટ્યા પૂરણ બ્રહ્મ...જય રામ૦...

નીરુ નિમાઈને ત્યાંહી દોહી છોટી ગાય, પ્રભુ ! દોહી૦...
રામાનંદ ગુરુ કીધા (૨)...રામ મંત્ર પાય...જય રામ૦...

મહાત કીધો સિકંદર દિલ્હીનો બાદશાહ, પ્રભુ ! દિલ્હી૦...
શેખતકીને નાથ્યો (૨)...હિન્દુ રક્ષણ-રાહ...જય રામ૦...

સમંદર જોરથી ત્રાટક્યો જગન્નાથપુરી માંહે, પ્રભુ ! જય૦...
સ્થપાવ્યા કૃષ્ણ પ્રભુને (૨)...પૂર્વધામ સોહે... જય રામ૦...

માગશર સુદી અગિયારસ પંદરસો પંચોતેર, પ્રભુ ! પંદર૦...
સત્યલોક પરહરિયા (૨)...શાપ ટાળી મગહર...જય રામ૦...

સત્ય અહિંસા એકતા એક પરમેશ્વરવાદ, પ્રભુ ! એક૦...
વિશ્વબંધુત્વની ભાવના (૨)...સ્થાપ્યો બ્રહ્મનાદ... જય રામ૦...

આરતી રામકબીરની જો કોઈ ભાવે ગાશે, પ્રભુ ! જે૦...
કહે દયાનંદ સ્વામી (૨)... મોક્ષ-ભાથું ભરશે...જય રામ૦...

શ્રી રામકબીર ભગવાન, પ્રભુ ! શ્રી રામકબીર ભગવાન;
સત્યલોક નિવાસી (૨)...સતમાળના કરનાર...જય રામ૦...

■

## થાળ-સંગ્રહ

૧.

મારા રસભીના રણછોડ! તમને શું રે કરી જમાડું?
જેના હાથે જીવનદોર, તેને શું રે કરી જમાડું?
તારું આપ્યું લેવું ને તારું દીધું દેવું;
એમાં મારું કાંઈ નહિ જોર, તમને શું રે૦.... મારા૦
દુનિયાનું પોષણ કરનારો, મારું શું જમનારો!
હું તો જનમજનમનો ચોર, તમને શું રે૦.... મારા૦
ભાવભરી પતરાળી, પ્રેમભર્યું જળ ઝારી;
મુખવાસે આ બે કર જોડ, તમને શું રે૦.... મારા૦
પુનિતના અંતરમાં પોઢો, સ્નેહની ચાદર ઓઢો;
મારા કાળજડાની કોર, તમને શું રે૦....
મારા વ્હાલા નંદકિશોર, તમને શું રે૦.... મારા૦

૨.

શેરી વળાવીને સજ્જ કરાવું, ઘેર આવોને.
હાંરે શેરીએ વેરાવું ફૂલ.... મોહન! ઘેર આવોને.
બાવળ સોટી જળે ભરેલી, ઘેર આવોને.
હાંરે તમે દાતણ કરતા જાવ.... મોહન! ઘેર આવોને.
તાંબા તે કુંડી જળે ભરાવી, ઘેર આવોને.
હાંરે તમે નાવણ કરતા જાવ.... મોહન! ઘેર આવોને.
માલપૂડા ને ગળી વેડમી, ઘેર આવોને.
હાંરે તમે ભોજન કરતા જાવ.... મોહન! ઘેર આવોને.
લવિંગ સોપારી ને એલચી, ઘેર આવોને.
હાંરે તમે મુખવાસ કરતા જાવ.... મોહન! ઘેર આવોને.

ઢાળ્યા સાગ-સીસમ ઢોલિયા, ઘેર આવોને.
હાંરે તમે પોઢણુ કરતાં જાવ.... મોહન ! ઘેર આવોને.
નરસૈંના સ્વામી શામળા, ઘેર આવોને.
હાંરે તમે મનડાની પૂરો આશ.... મોહન ! ઘેર આવોને.

૩.

આરોગો નૃસિંહ મહાપ્રભુ ! આરોગો નરસિંહ.
છપ્પન ભોગકે ભોજન, નાનાવિધકે ચંગ....મહાપ્રભુ૦
લક્ષ્મી ભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ;
પતશાલા નારદમુનિ લાયો, જલ ભર લાયો ગંગ....મહાપ્રભુ૦
ભાવ પ્રીત કરી ભોજન કીજે, તુમ મેરે પ્રાણાધાર !
અંતરકી ગત અંતર્યામી, સબ બિધિ જાનનહાર....મહાપ્રભુ૦
આરતી સાજ ઈન્દ્ર લઈ આયે, દૂર કિયો પટ ચીર;
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર....મહાપ્રભુ૦

૪.

જમવા પધારો, દીનાનાથ રે ! મારી પ્રેમની થાળી.
ભાતભાતના મેવા મીઠાઈ,
વિધવિધનાં પકવાન છે....મારી૦
મેં રે મારે હાથ બનાવી,
પ્રાણજીવન ! તમ કાજ રે....મારી૦
જળ જમુના ઝારી ભરી લાવી,
આચમન કરો દીનાનાથ રે....મારી૦
લવિંગ સોપારી ને પાનનાં બીડાં,
મુખવાસ કરો દીનાનાથ રે....મારી૦
નરસિંહના સ્વામી શામળિયા,
તમ પર જાઉં બલિહારી રે....મારી૦

૫.

જીવણુ! આવો જમવાને, અમને દર્શન દેવાને
સુંદર બાજઠ ઢાળ્યા છે, કંચનથાળ મુકાવ્યા છે....જીવણુ૦
શીરો પૂરી ખાજાં છે, ઘી ગવરીનાં તાજાં છે;
કંદમૂળ ભલી ભાંતિ છે, વિદુર ઘરની ભાજી છે....જીવણુ૦
શાક રસાળાં કીધાં છે, થાળ રતાળાં મૂકયાં છે;
લીંબું મરચાં કેળાં છે, શબરીબાઈનાં બોરાં છે....જીવણુ૦
ભાત કમોદનો કીધો છે, ઘીનો દોરો દીધો છે;
થાળ પીરસી દીધો છે, જીવણુ પરસાદ લીધો છે....જીવણુ૦
ખારું મોળું કહેજો જી, જે જોઈએ તે લેજો જી;
જમના જળની ઝારી છે, જમનારા મંગલકારી છે....જીવણુ૦
મુખવાસ લવિંગ સોપારી છે, પાનની બીડી વાળી છે;
ફૂલડે સેજ બિછાવી છે, ધન પ્રીતમ બલિહારી છે....જીવણુ૦

૬.

જમવાને આવજો નંદજીના લાલા!
કચારની કરું છું તમને કાલાવાલા.... જમવાને૦
માખણ મિસરી સૂકો મેવો છે,
બરફી પેંડા ને લીલો હલવો છે;
ભોજન મેં તો પીરસ્યાં છે કંચનથાળ.... જમવાને૦
મગજના લાડુ શીરો ને પૂરી,
પૂરણપોળી તાજા ઘીમાં ઝબોળી;
સાથે મેં તો બનાવી છે સુંદર કઢી.... જમવાને૦
માલપૂડા, બાસૂદી, વળી ટોપરાપાક છે,
કેસરિયો ભાત ને બત્રીસ શાક છે;
મેં તો ભરી મૂકી જમનાજળની ઝારી.... જમવાને૦

ખારું-મોળું કહેજો વ્હાલા ! માંગો તે આપું,
લવિંગ સોપારી પાન એલચી રે આપું;
વ્હાલા ! પ્રેમ કરી જમજો ને દરશન દેજો.... જમવાને૦

૭.

માતા કૌશલ્યાના બાળ, પિતા દશરથના કુમાર–
રાણી સીતાના ભરથાર ! જમવા પધારો મારે આંગણે–
હો મારે આંગણે.

કરુણા-સાગર દીનદયાળ, આખી આલમના આધાર–
સંતો ભક્તોના રખવાળ ! જમવા પધારો મારે આંગણે–
હો મારે આંગણે.

હો....કેરી કેળાં પપૈયાં સાકર શેરડી,
હો....લીલી દ્રાક્ષ નારંગી અલબેલડી;
દાડમ-દાણા બેસુમાર, લીંબુ જાંબુનો નહિ પાર–
આલુ અંજીર છે અપાર ! જમવા પધારો મારે આંગણે–
હો મારે આંગણે.....માતા૦

હો....શીરો પૂરી જલેબી ઠાર્યાં ચૂરમાં,
હો....ઘેબર ઘારી તળ્યાં છે ઘીના પૂરમાં;
કોડે કીધો છે કંસાર, ભાત કેસરિયો ને દાળ–
શાક તો તાજાં મજેદાર ! જમવા પધારો મારે આંગણે–
હો મારે આંગણે.....કરુણા૦

હો....દર્શન માટે અધીરી બની આંખડી,
હો ઉજ્જવળ હૈયે જુએ છે સર્વે વાટડી;
કીધાં ભોજનિયાં તૈયાર, રૂડો અજવાળેલો થાળ–
વહેતી ગંગાજીની ધાર ! જમવા પધારો મારે આંગણે–
હો મારે આંગણે.... માતા૦

હો....લઈને આવો લક્ષ્મણ સાથે જાનકી,
હો....ભોજન લઈને આરોગો બીડી પાનકી;
ગાદી તકિયા મશરૂ તાર, પોઢો સીતાના ભરથાર-
પોઢણ પોઢો જુગદાધાર! જમવા પધારો મારે આંગણે-
હો મારે આંગણે.... કરુણા૦

અમૃતગરના તે જુહાર, સંશય રાખો ના લગાર-
સુણી ભક્તોના પોકાર! જમવા પધારો મારે આંગણે-
હો મારે આંગણે.... માતા૦

૮૦

ભોજન કીધાં મનભાવતાં, ભોજન ભાવે લેજો.
પેંડા પતાસાં ને પુરીઓ, સુખડી સુખે લેજો.
માલપૂડા ગળી વેડમી, ચૂરમું ઝાઝું લેજો.
દાળ ભાત રૂડાં રાયતાં, ભૂલ હોય તો કહેજો.
બત્રીસ જાતનાં શાકભાજી ખારું-મોળું કહેજો.
શીતળ જળ જમના કેરાં, ભૂદર! ભાવે પીજો.
લવિંગ સોપારી એલચી, મુખવાસ મીઠો લેજો.
બીડાં બનાવું રે પાનનાં, તંબોળ સુખે લેજો.
સેજ બિછાવું મશરૂ ગાદી, પોઢણ પ્રેમે કરજો.
પ્રીતમના સ્વામી છોગાળા, દર્શન નિતનિત દેજો.

૯૦

મારે ઘેર જમવા આવો, મોહનજી!
જોઉં તમારી વાટડી;
કુમ કુમના પગલે આવો, શ્રીનાથજી,
ખોલું હૈયાની હાટડી.... મારે૦

રૂપાંના પાટલા ને સોનાના થાળ છે,
ભાવે બનાવેલાં ભોજન તૈયાર છે;

દાળ ભાત ચૂરમાના લચપચતા લાડવા,
સોડમ આવે ફાંકડી.... મારે૦

અળવીનાં પાતરાં ને પુરી દૂધપાક છે,
તેલમાં તળાવેલું કારેલાનું શાક છે;
તાજા તાજા દહીંનું બનાવ્યું રાયતું,
નાખીને ફૂણી કાકડી.... મારે૦

છોલેલા બટાટાનું શાક રસાદાર છે,
કોથમીર મરચાંની ચટણી રસાળ છે;
આદુ હળદર ને અથાણું કેરનું,
પાપડ ચણાની પાપડી.... મારે૦

ગંગા ને જમનાનાં ઝારીમાં જળ છે,
લવિંગ સોપારી ને એલચીનાં પાન છે;
ગોવિંદના નાથ સારુ રજાઈ ફૂલની,
ઢોલિયો રાખી પાથરી.... મારે૦

૧૦.

પ્રભુ ! પ્રેમનો પરસાદ લેજો રે....ભાવના છો ભૂખ્યા.
પ્રભુ ! દાસને દરશન દેજો રે....ભાવના છો ભૂખ્યા.
પ્રભુજી ! ભક્ત વિદુરની ભાજી ભાવે ખાધી,
કેળાના છોતરે રાજી રે....ભાવના છો ભૂખ્યા.
પ્રભુજી ! શબરીબાઈનાં બોર આરોગ્યાં,
ભગુનાં ચીભડાં ભાવ્યાં રે....ભાવના છો ભૂખ્યા.
પ્રભુજી ! કરમાબાઈનો ખીચડો ખાધો,
સેવકનો સમો સાધ્યો રે....ભાવના છો ભૂખ્યા.
પ્રભુજી ! પાંડવનું એક તારે દુઃખ શોષ્યું,
આરોગી જગને પોષ્યું રે....ભાવના છો ભૂખ્યા.

પ્રભુજી ! તૃપ્ત-આનંદી, તૃપ્ત શું કરીએ ?
વલ્લભ વાણુ ઓચરીએ રે.... ભાવના છો ભૂખ્યા.

૧૧.

જમવા પધારો, શ્યામ થાળ તૈયાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

મોહન ! તારા માટે મેં શીરો બનાવ્યો,
જાત જાતનો એમાં મસાલો નાખ્યો;
બટાટાનું શાક જુઓ કેવું રસાદાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

ગવરીના ઘીમાં મેં પુરી બનાવી,
વીણી વીણીને હું તો ગલકાં લાવી;
ગલકાનાં ભજિયાં જુઓ કેવાં મજેદાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

મગજ ને મેસુર બરફી ને ઘારી,
સાકરની ચાસણીમાં જલેબી ઠારી;
મઠો ને રાયતું જુઓ કેવાં ચટકદાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

જાત જાતનાં મેં તો શાક રે બનાવ્યાં,
રાઈ મેથીના વ્હાલા ! વઘારે તાવ્યાં;
કેરી અથાણું જુઓ કેવુંક વટદાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

કુલ કમોદનો ભાત ભલો કીધો,
ઘીનો દોરો વ્હાલા ! ઉપરથી દીધો;
દાળનો વઘાર જુઓ કેવો તેજદાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

જળ, જમુનાની હું તો ઝારી ભરાવું,
વ્હાલાને આચમન મારા હાથે કરાવું;
મસાલાનું પાન જુઓ કેવું મહેકદાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

બળવંત મહારાજની અરજ તું સુણજે,
દયા કરીને વ્હેલેરા પધારજે,
જલદી આવે તો, વ્હાલા ! ઘણો ઉપકાર છે....
આવી જા, આવી જા, તારી એક વાર છે....જમવા૦

૧૨.

તમે જમો તો તમને જમાડું, નંદલાલ !
પ્રેમે પીરસ્યો મેં તો ભોજન-થાળ.
વ્હાલા ! આવો તો ફૂલડે વધાવું, નંદલાલ !
પ્રેમે પીરસ્યો મેં તો ભોજન-થાળ.

કમળ કળીનો ગૂંથેલો હાર છે,
સ્વાગતમાં ફૂલ કેરી માળા તૈયાર છે;
આવો તો હેતથી વધાવું, નંદલાલ ! ....પ્રેમે૦

સોનાનો બાજઠ ને કંચનનો થાળ છે,
ભાવભરી સામગ્રી સર્વે તૈયાર છે;
આવો તો કોળિયા ભરાવું, નંદલાલ !....પ્રેમે૦

સેવ સુંવાળી ને લાપસી બનાવી,
બે પડની રોટલી ને વેડમી તૈયાર છે;
લાડવા વાળતાં લાગી છે વાર, નંદલાલ !....પ્રેમે૦

શીખંડ પુરી ને પાતરાં બનાવ્યાં,
માવાની ઘારી ને ઘૂઘરા તૈયાર છે;
જલેબી પાડતાં લાગી છે વાર !....પ્રેમે૦

વિધ વિધ જાતનાં શાક બનાવ્યાં,
આખા વેંગણનાં રવૈયાં તૈયાર છે;
સાથે છે પાપડીનું ઊંધિયું સાર !....પ્રેમ૦

કમોદના ચોખાનો ભાત બનાવ્યો,
ચોખ્ખા ઘીનો માંહી દોરો દીધેલ છે,
ઓસાવતાં નાખ્યાં લવિંગ દસ-બાર !....પ્રેમ૦

ઘરના વલોણાની દહીં કઢી બનાવી,
મીઠા રે લીમડાની પાંદડી નાખેલ છે;
જીરાનો કીધો છમછમતો વઘાર !....પ્રેમ૦

ઘરનું જળ જમનાજીનું માનજો,
પાન સોપારી ને એલચી તૈયાર છે;
પાનબીડાંમાં છે મસાલા મઝેદાર !....પ્રેમ૦

વ્હેલા વ્હેલા આવજો, વાર ના લગાડજો,
છાનામાના આવજો, ના ઝાંઝર ઝમકાવશો;
પેલી પડોશણ કરશે પારકી પંચાત !....પ્રેમ૦

મહિલામંડળની વિનતી સ્વીકારજો,
જ્યારે બોલાવે ત્યારે વ્હેલેરા આવજો;
તમને જમાડતાં થાક ન લગાર !....પ્રેમ૦

૧૩.

આવો નંદજીના લાલ, આવો જશોદાના બાળ !
મેં તો થાળી બનાવી ભલી ભાતની,
હું તો ઊઠી'તી, અલબેલા અરધી રાતની.

ઢાળ્યા રૂપા કેરા પાટ, મૂક્યા સોના કેરા થાળ;
તમને તકલીફ નહિ થવા દઉં કોઈ વાતની,
હું તો ઊઠી'તી૦.... આવો નંદજીના૦....

ઘેબર ઘારી મોહનથાળ, લાડુ ચૂરમાનો નહિ પાર;
મેં પાડી જલેબી ભલી ભાતની,
હું તો ઊઠી'તી૦.... આવો નંદાજીના૦....

પરવર ફ્લાવરનું શાક, સુરણ બટાટા સાથ;
ભૂદર ! ભાજી બનાવી ભલી ભાતની,
હું તો ઊઠી'તી૦.... આવો નંદાજીના૦....

ભજિયાં દાળ અથાણાં વાલ, તળ્યા પાપડ મેં ગોપાળ;
ચટણી, ચટકેદાર કરી જાત જાતની,
હું તો ઊઠી'તી૦.... આવો નંદાજીના૦....

કીધો કમોદ કેરો ભાત, સાથે વાલની છૂટી દાળ;
મેં તો કઢી બનાવી તાજી છાશની,
હું તો ઊઠી'તી૦.... આવો નંદાજીના૦....

જીવણ ! જમજો ભલી પેર, વ્હાલા ! જમજો ભરી પેટ;
કાળજાની કોરને જમાડું ઘણા વ્હાલથી,
હું તો ઊઠી'તી૦.... આવો નંદાજીના૦....

રાખી જળની ઝારી સાથ, વ્હાલા ! ધોજો મોઢું હાથ;
રસિયા વર શામળા લેજો બીડી પાનની,
હું તો ઊઠી'તી૦.... આવો નંદાજીના૦....

મારા હ્રદયકમળના નાથ, કરજો કાયમનો સંગાથ;
વ્હાલા ! મંજૂરી કરજો રે એક વાતની,
હું તો ઊઠી'તી૦.... આવો નંદાજીના૦....

□

# ધૂન-સંગ્રહ

ઓમ્ શ્રી ગણપતિ ગજાનંદ દેવા !
ગજાનંદ દેવા ! કરું તમારી સેવા.... ઓમ્ શ્રી૦....

માતા જેનાં પાર્વતી ને પિતા શંકર દેવા;
રૂડો આવ્યો, દુનિયા તારી, કરું તમારી સેવા.... ઓમ્ શ્રી૦....

માતા જેનાં દેવકી ને પિતા વસુદેવ દેવા;
સંગે આવ્યાં રાધાગૌરી, કરું તમારી સેવા.... ઓમ્ શ્રી૦....

માતા જેનાં કૌશલ્યા ને પિતા દશરથ દેવા;
સંગે આવ્યાં સીતા નારી, કરું તમારી સેવા.... ઓમ્ શ્રી૦....

❋

ગોવિંદ હરે, ગોપાલ હરે.... જય જય પ્રભુ, દીનદયાળ હરે !
ગોવિંદ હરે, ગોપાલ હરે.... જય કેશવ, કરુણાધામ હરે !

જય કેશવ, કરુણાધામ હરે, જય જય પ્રભુ, દીનદયાળ હરે !
ગોવિંદ હરે, ગોપાલ હરે.... જય જય પ્રભુ, દીનદયાળ હરે !

❋

તમે ઘેલા બનો એક ગોવિંદમાં;
એક ગોવિંદમાં, એક માધવમાં.... તમે૦

કોઈ ઘેલા બન્યા છે રૂપ ને રસમાં;
કોઈ ગાંડા બન્યા છે તન ને ધનમાં;
તમે ગાંડા બનો એક ગોવિંદમાં.... તમે૦

❋

તુમ બોલો મોરી રસના, હરિ રે હરિ !
ભાવથી બોલો, હરિ રે હરિ !

પ્રેમથી બોલો, હરિ રે હરિ!
હરિ રે બોલો, હરિ રે હરિ!
સત્ય રૂપે હરિ, પ્રેમ રૂપે હરિ!
હરિ રે બોલો, હરિ રે હરિ!
તુમ બોલો મોરી રસના, હરિ રે હરિ!....

❋

રામધૂન લાગી, ગોપાલ-ધૂન લાગી;
ભક્તમંડળમાં રામધૂન લાગી,
કૃષ્ણ કનૈયો ને નંદજીનો લાલો,
બંસી બજાવે મને લાગે છે વ્હાલો.... રામધૂન૦
મોહન, માખણચોર, મોરલીવાળો,
લાલ લટકાળો ને છેલ છોગાળો.... રામધૂન૦
દુઃખનો બેલી છે ડાકોરવાળો,
સુખનો સાગર શિવજી દયાળો.... રામધૂન૦
સીતાપતિ રામ, રામ રામ બોલો,
રામ રામ શ્યામ રામ રામ બોલો.... રામધૂન૦
સીતાપતિ રામા, રઘુપતિ રામા (૨)
મહિલા મંડળમાં રામધૂન લાગી,
ભક્ત-મંડળમાં રામધૂન લાગી.... રામધૂન૦

❋

ગોવિંદ બોલો, હરિ ગોપાળ બોલો.... (૨)
ગોપાળ બોલો, હરિ ગોવિંદ બોલો.... (૨)
રાધારમણ હરિ, ગોવિંદ બોલો.... ગોવિંદ૦
રાધારમણની જય જય બોલો,
કૃષ્ણ કૃપાળાની જય જય બોલો.... ગોવિંદ૦

રાધેના શ્યામની જય જય બોલો,
ગિરિધર ગોપાલાની જય જય બોલો....ગોવિંદ૦

❀

શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મોરારિ, હે નાથ, નારાયણ વાસુદેવ !
હે નાથ, નારાયણ વાસુદેવ ! (૨).... શ્રીકૃષ્ણ૦

❀

ગોવિંદ જય જય, ગોપાલ જય જય,
રાધારમણ હરિ, ગોવિંદ જય જય....

❀

શ્રીમન્નારાયણ, નારાયણ, નારાયણ.... (૨)
હરિ ભજ્યે ભવ પારાયણ, પારાયણ, પારાયણ....શ્રીમન્નારાયણ૦
લક્ષ્મી–નારાયણ, નારાયણ, નારાયણ....શ્રીમન્નારાયણ૦
બદ્રી–નારાયણ, નારાયણ, નારાયણ....શ્રીમન્નારાયણ૦
હરિ ઓમ્ નારાયણ, નારાયણ, નારાયણ....શ્રીમન્નારાયણ૦

❀

શ્રી રામ જય રામ જય જય રામ
પ્રેમ થકી સહુ બોલો નામ.... શ્રી રામ૦....
અંતરનો સાચો આરામ.... શ્રી રામ૦....
જાવું પડશે મોટે ગામ.... શ્રી રામ૦....
માટે ભજી લો દીનદયાળ.... શ્રી રામ૦....
ભાવે ભજી લો સીતારામ.... શ્રી રામ૦....
પૂરણ કરશે સઘળાં કામ.... શ્રી રામ૦....
ભક્તોના બેલી ભગવાન.... શ્રી રામ૦....
હાથે તાળી, મુખથી રામ.... શ્રી રામ૦....
હરતાં ફરતાં બોલો રામ.... શ્રી રામ૦....
સીતારામ જય રાધેશ્યામ.... શ્રી રામ૦....

❁

રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત-પાવન સીતારામ....
શંકરજીનું ડમરુ બોલે: રઘુપતિ રાઘવ રાજા રામ.
નારદની વીણા બોલે: પતિત-પાવન સીતારામ.... રઘુપતિ૦

ભરતજીની શ્રદ્ધા બોલે: જગત્પતિ શ્રી સીતારામ.
લક્ષ્મણજીની સેવા બોલે: દીનદયાળુ સીતારામ.... રઘુપતિ૦

હનુમંતાના હૈયા માંહે: જાનકી–વલ્લભ સીતારામ.
ભક્તજનોના હૈયાં માંહે: પતિત-પાવન સીતારામ.... રઘુપતિ૦

❁

રામ રાઘવકી જય, શ્યામસુંદરકી જય.....
બોલો હનુમંતા વીરકી જય જય જય

રામ રાઘવકી જય, શ્યામસુંદરકી જય....
બોલો ભક્તોંકે નાથકી જય જય જય.

❁

હે જગવંદન, દેવકીનંદન, કંસનિકંદન હરે હરે....
તન મન-રંજન, ભવદુઃખભંજન, અલખ નિરંજન હરે હરે....

❁

રામ રાઘવ, રામ રાઘવ, રામ રાઘવ પાહિ મામ્....
કૃષ્ણ ગોવિંદ, કૃષ્ણ ગોવિંદ, કૃષ્ણ ગોવિંદ રક્ષ મામ્....

❁

રઘુપતિ રાઘવ રાજા રામ પતિત-પાવન સીતારામ.
સીતારામ, સીતારામ, ભજ પ્યારે! તું સીતારામ.... રઘુપતિ૦
ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન.... રઘુપતિ૦
મંદિર મસ્જિદ તેરે ધામ, સારે જગમેં તેરા કામ.... રઘુપતિ૦
નિર્બલ કે બલ રાજા રામ, નિર્ધન કે ધન સીતારામ.... રઘુપતિ૦

રાતે નિંદ્રા દિવસે કામ, ક્યારે ભજશો સીતારામ....રઘુપતિ૦
ફરતાં રામ ફરતાં રામ, હરનિશ હરપળ સીતારામ....રઘુપતિ૦
તનમેં રામ, મનમેં રામ, અણુ અણુમેં રામ હી રામ....રઘુપતિ૦
ભજ લે મનવા રાજા રામ, મંગલ મૂરત સીતારામ....રઘુપતિ૦

●

(જન્માષ્ટમીની ધૂન)

નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી!
જય કનૈયાલાલ કી, હાથી ઘોડા પાલખી.... નંદ ઘેર૦
હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલ કી.... નંદ ઘેર૦
જય કનૈયાલાલ કી, જય કનૈયાલાલ કી.... નંદ ઘેર૦

●

ડાકોરમાં કોણ છે? : રાય રણછોડ છે!
રાય રણછોડ છે! : માખણનો ચોર છે!
માખણનો ચોર છે! : રાય રણછોડ છે!.... ડાકોરમાં૦

રાય રણછોડ છે! : ચિત્તડાનો ચોર છે!
ચિત્તડાનો ચોર છે! : રાય રણછોડ છે!.... ડાકોરમાં૦

રાય રણછોડ છે! : મનડાનો મોર છે!
મનડાનો મોર છે! : રાય રણછોડ છે!.... ડાકોરમાં૦

●

હરે રામ હરે રામ, રામ હરે હરે....
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે....

જય અંબે મા, જય અંબે....

ગબ્બરવાળાં અંબે મા !.... જય૦

શંખાપુરમાં બહુચર મા !.... જય૦

પાવાવાળાં કાળી મા !.... જય૦

ઘટઘટ વસતાં અંબે મા !.... જય૦

(બોલો,) હરતાં-ફરતાં અંબે મા !.... જય૦

(બોલો,) ખાતાં-પીતાં અંબે મા !.... જય૦

(સહુ) ભાવે બોલો અંબે મા !.... જય૦

આવો આવો અંબે મા !.... જય૦

# સાખી અને દુહા

૦ ( અધ્યાત્મ-વિષયક )

૧. કબીર કબીર કયા કરો? ખોજો આપ શરીર,
પંચેન્દ્રિયકૂ વશ કરો, કહ ગયા દાસ કબીર.

૨. હાડ જલે જ્યોં લાકડી, કેસ જલે જ્યોં ઘાસ,
સબ તન જલતા દેખિ કે, કબીરો ભયો ઉદાસ.

૩. મન મરે, માયા મરે, મર મર જાત શરીર,
આશા-તૃષ્ણા ના મરે, કહ ગયા દાસ કબીર.

૪. માયાકા ઘર ચાર દિન, મોહૈ કયા તૂ ગમાર,
સુપન પાયા રાજધન, જાતાં નહિ લાગૈ વાર.

૫. તુલસી મમતા રામસોં, સમતા સબ સંસાર,
રાગ રોષ ન દ્વેષ, દોષ, સહજ તરૈ ભવપાર.

૦ (ઈશ-પ્રભુતા, ઈશ-કૃપા વિષયક)

૬. સાહિબ, તેરી સાહ્યબી સબ ઘટ માંહિ સમાઈ,
જ્યોં મહેંદી કે પાનમેં લાલી રહી છિપાઈ.

૭. સાહિબ ઝરોખે બૈઠકે સબકા મુજરા લેત,
જૈસી જિસકી ચાકરી, વૈસા ઉસકો દેત.

૮. બંદેસે કછુ હોત નહિ, હરિ કરે સો હોઈ,
રાઈ કો પરબત કરે, પરબતકો કરે રાઈ.

૯. તુલસી તુલસી સબ કહે, તુલસી બનકા ઘાસ,
કૃપા ભઈ રઘુરાયકી, બન ગયો તુલસીદાસ.

૧૦. ચિત્રકૂટ કે ઘાટ પે ભઈ સંતનકી ભીર,
તુલસીદાસ ચંદન ઘિસે, તિલક કરે રઘુવીર.

૧૧. દીન-વત્સલ ભગવાનની ભલી નજર જો થાય,
તૃણનો મેરુ બને, ને મૂંગો મંગળ ગાય.

૧૨. સહુ દોરી એના હાથમાં ડગ ભરાવ્યું ભરે,
જંતર વગાડે જંતરી, તેવો જ સ્વર નીસરે.

૦ (ગુરુ-પ્રશસ્તિ-વિષયક)

૧૩. ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકો લાગૂં પાય?
બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો મિલાય.

૧૪. કામીકા ગુરુ કામ હૈ, લોભીકા ગુરુ દામ,
કબીરકા ગુરુ સંત હૈ, સંતનકા ગુરુ રામ.

૧૫. એક ઘડી આધી ઘડી, આધીમેં પુનિ આધ,
તુલસી સંગત સાધુકી, કટે કોટિ અપરાધ.

૧૬. જાતિ ન પૂછિયે સાધુકી, પૂછી લીજિયે જ્ઞાન,
મોલ કરો તલવારકા, પડા રહન દો મ્યાન.

૦ (ઈશ-સ્મરણ-વિષયક)

૧૭. રામનામકી લૂંટ હૈ, લૂંટ સકે તો લૂંટ,
અંતકાલ પછતાયગા, જબ પ્રાણ જાયગા છૂટ.

૧૮. સુખમેં સુમિરન ના કરે, દુઃખમેં કરે હૈ યાદ,
કહત કબીર તા દાસકી, કૌન સુને ફરિયાદ.

૧૯. માલા તો કરમેં ફિરૈ, જીભ ફિરે મુખ માંહિં,
મનુવા તો ચહુ દિસ ફિરૈ, યહ તો સુમિરન નાહિં.

૨૦. ચાર પહર ધંધો કીનો, તીન પહર રહ્યો સોઈ,
એક પહર હરિ ના ભજ્યો, મુક્તિ કહાંસે હોઈ?

૨૧. રામનામ અણમોલ હૈ, બિના દામકો બિકાઈ,
તુલસી અચરજ દેખિ હૈ, કોઈ ગાહક નહિ હોઈ!

o (નીતિ-વિષયક)

૨૨. તુલસી ઈસ સંસારમેં, ભાંત ભાંતકે લોગ;
સબસે હિલ-મિલ ચાલીએ નદી નાવ સંજોગ.

૨૩. દયા ધરમકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાણ.

૨૪. તુલસી હાય ગરીબકી કબહુ ન ખાલી જાય;
મૂએ ઢોરકે ચામસે લોહા ભસ્મ હો જાય.

૨૫. પરધન પથ્થર માનિયે, પરસ્ત્રી માત સમાન.
ઇતનેસે હરિ ના મિલે, તો તુલસીદાસ જમાન.

૨૬. તુલસી ઇસ સંસારમેં પાંચ રત્ન હૈં સાર;
હરિભજન, સાધુમિલન, દયા, દાન, ઉપકાર.

૨૭. તુલસી જગમેં આયકે કર લીજૈ દો કામ;
દેનેકૂ ટુકડા ભલા, લેનેકૂ હરિકા નામ.

૨૮. કબીર કહે કમાલકૂ, દો બાતેં સીખ લે;
કર સાહિબકી બંદગી, ભૂખેકૂ કુછ દે.

૨૯. કબીર આપ ઠગાઈએ, ઔર ન ઠગિયે કોય;
આપ ઠગે સુખ ઊપજે, ઔર ઠગે દુઃખ હોય.

૩૦. ગરવ કબહુ ન કીજિયે, રંક ન હસીએ કોય;
અજહુ નાવ સમુદ્રમેં, જાને કબ કયા હોય ?

૩૧. કબીર આયા સો જાયગા, રાજા રંક ફકીર;
કોઈ સિંહાસન ચઢ ચલા, કોઈ બાંધકે જંજીર.

૩૨. લઘુતામેં પ્રભુતા બસૈ, પ્રભુતાસે પ્રભુ દૂર;
કીડી મિસરી ચૂન લે, ફાકત હાથી ધૂલ.

૩૩. દુર્જનકી કૃપા બુરી, સજ્જનકા ભલા ત્રાસ;
જ્યોં સૂરજ ગરમી કરે, તબ બરસનકી આસ.

૩૪. જો રહીમ ઉત્તમ પ્રકૃતિ, કા કરિ સકત કુસુંગ,
ચંદન વિષ વ્યાપત નહિ, લપટે રહત ભુજંગ.

૩૫. તરુવર ફલ નહિ ખાત હૈ, સરવર પિયહિ ન પાન;
કહિ રહિમ પરકાજ-હિત સંપત્તિ સંચહિ સુજાન.

૩૬. ધન ગયા કુછ ના ગયા, સ્વાસ્થ્ય ગયા કુછ જાય;
ચારિત્ર્ય ગંવાયા સબ ગયા, તાકા ઠૌર ન હોય.

૩૭. જનની! જણુ તો ભક્ત જણ, કાં દાતા, કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

૦ (દુર્જન-નિંદા-વિષયક)

૩૮. માલા બનાઈ કાષ્ઠકી, બિચમેં રેશમ સૂત;
માલા બિચારી કયા કરે, જપનેવાલા કપૂત.

૩૯. કહા ઉચ્ચ કુલ જન્મ હો, કરની ઉચ્ચ ન હોય;
સુવર્ણકલશ સુરાભર્યો, સાધુ નિંદૈ સબ કોય.

૪૦. કામ ક્રોધ મદ લોભકી જબ લગ મનમેં ખાન;
તુલસી પંડિત યા મૂરખ, દોઉ એક સમાન.

૪૧. પ્રારબ્ધ તો પહિલે બના, પીછે બના શરીર;
તુલસી અજબસી બાત હૈ, મન નહિ ધારૈ ધીર.

૪૨. રામનામકો આલસી, ભોજનકો હુંશિયાર;
તુલસી અધમ વો આદમી, બાર બાર ધિક્કાર.

૪૩. આવ નહિ, આદર નહિ, નહિ નયનમેં નેહ,
ઉસ ઘર કબહુ ન જાઈએ, (ભલે) કંચન બરસે મેહ.

□

# મંગલ ઉચ્ચારણો

**o કરદર્શન:**

કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતીઃ ।
કરમધ્યે તું ગોવિંદઃ પ્રભાતે કરદર્શનમ્ ॥

[અર્થ : હાથના અગ્ર ભાગમાં લક્ષ્મી, હાથના મૂળ ભાગમાં સરસ્વતી અને હાથના મધ્ય ભાગમાં શ્રી ગોવિંદ વસે છે; માટે સવારમાં (ઊઠતાં વેંત) હાથનું દર્શન કરવું.]

**o પૃથ્વીને ક્ષમાવંદન :**

સમુદ્રવસને દેવી પર્વતસ્તનમંડલે ।
વિષ્ણુપત્ની નમસ્તુભ્યં પાદસ્પર્શં ક્ષમસ્વ મે ॥

[અર્થ : સમુદ્રરૂપી વસ્ત્રવાળી, પર્વતરૂપી સ્તનવાળી વિષ્ણુ ભગવાનની પત્નીરૂપ એવી ઓ પૃથ્વી દેવી! તમને નમસ્કાર કરું છું. મારા પગનો સ્પર્શ થાય છે તે માટે તમે ક્ષમા કરો ]

**o સ્નાન-સ્તુતિ :**

ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતી ।
નર્મદે સિન્ધુ કાવેરી જલેઽસ્મિન્ સન્નિધિં કુરુ ॥

[અર્થ : હે ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, સિંધુ, કાવેરી નદીઓ! તમે સર્વે આ (સ્નાન માટેના) જળમાં પધારો.]

**o મંગલ પ્રાર્થના :**

અસતો મા સત્ ગમય ।
તમસો મા જ્યોતિર્ગમય ।
મૃત્યોર્મા અમૃતં ગમય ।
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

[અર્થ : હે પ્રભુ! તું મને અસત્યમાંથી સત્યમાં લઈ જા, અંધકારમાંથી પ્રકાશમાં લઈ જા, મૃત્યુમાંથી અમરત્વમાં લઈ જા, ૐ શાન્તિ, શાન્તિ, શાન્તિ હો.]

० मंगल कामना :

सर्वेऽत्र सुखिनो सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

[અર્થ : બધાં જ સુખી થાઓ; બધાં જ તંદુરસ્ત બનો; બધાં જ કલ્યાણ પામો; અને કોઈ પણ દુઃખ ન પામે.]

० विभिन्न देवोने नमस्कार :

श्री कृष्णने वंदन :

वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम् ।
देवकी परमानन्दं कृष्णं वन्दे जगद्गुरुम् ॥

[અર્થ : વસુદેવના પુત્ર, કંસ અને ચાણૂર મલ્લને સંહારનાર, દેવકીના પરમ આનંદરૂપ અને જગતના ગુરુ એવા શ્રી કૃષ્ણ ભગવાનને હું વંદન કરું છું.]

श्री माधवने वंदन :

मूकं करोति वाचालं, पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे परमानंदं माधवम् ॥

[અર્થ : જેની કૃપા મૂંગાને બોલતો કરે છે; પાંગળા-અપંગને પર્વત ઓળંગતો કરે છે તે પરમ આનંદરૂપ શ્રી માધવને હું વંદન કરું છું.]

श्री नारायणने वंदन :

नारायणं निराकारं नरवीरं नरोत्तमम् ।
नृसिंहं नागनाथं च त वंदे नरकान्तकम् ॥

[અર્થ : નિરાકાર, શૂરવીર, પુરુષોમાં ઉત્તમ, નરસિંહ, કાલીય નાગને નાથનાર અને નરકનો અંત લાવનાર એવા શ્રી નારાયણ ભગવાનને હું વંદન કરું છું]

श्री सूर्यने वंदन :

आदिदेव नमस्तुभ्यं प्रसीद मम भास्कर ।
दिवाकर नमस्तुभ्यं प्रभाकर नमोऽस्तु ते ॥

[અર્થ : હે આદ્ય દેવ સૂર્યનારાયણ! હું તમને નમન કરું છું. પ્રકાશ આપનાર હે ભાસ્કર! તમે મારા પર પ્રસન્ન થાઓ. હે દિવાકર! હું તમને નમન કરું છું. હે પ્રકાશના કરનાર દેવ! તમને નમન કરું છું.]

**શ્રી સરસ્વતીને વંદન :**

યા કુન્દેન્દુતુષારહારધવલા યા શુભ્રવસ્ત્રાવૃત્તા
યા વીણાવરદણ્ડમણ્ડિતકરા યા શ્વેતપદ્માસના ।
યા બ્રહ્માચ્યુતશંકરપ્રભૃતિભિર્દેવૈ સદા વન્દિતા
સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષજાડ્યાપહા ॥

[અર્થ : જે દેવી કુન્દ પુષ્પ જેવાં, ચંદ્ર જેવાં અને ઝાકળબિંદુના હાર જેવાં શ્વેત છે; જે શ્વેત વસ્ત્રો ધારણ કરે છે; જે શ્વેત કમળના આસન પર બિરાજેલાં છે; જેમને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે દેવો સદા વંદન કરે છે; અને જે જડતાને સંપૂર્ણપણે હરી લે છે, એવાં દેવી ભગવતી સરસ્વતી મારું રક્ષણ કરો.]

**શ્રી ગણપતિને વંદન :**

વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય
લંબોદરાય સકલાય જગદ્ધિતાય ।
નાગાનનાય શ્રુતિયજ્ઞવિભૂષિતાય
ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે ॥

[અર્થ : વિઘ્નો હરનારા દેવ, વરદાન આપનાર, દેવોને પ્રિય, મોટા પેટવાળા, સકળ સ્વરૂપ, જગતનું કલ્યાણ કરનાર, હાથીના જેવા મુખવાળા, શ્રુતિ-વેદના તેમ જ યજ્ઞના શણગારરૂપ અને પાર્વતીના પુત્ર, એવા હે શ્રી ગણપતિ! આપને નમસ્કાર. હું આપને નમન કરું છું.]

**શ્રી વિષ્ણુને વંદન :**

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ્ ।
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥

[અર્થ : શાંત આકૃતિવાળા, શેષ નાગ ઉપર શયન કરનારા, નાભિમાં કમળ ધારનારા, દેવોના દેવ, વિશ્વના આધાર, આકાશ જેવા, વાદળના જેવા વર્ણ (રંગ) વાળા, શુભ અંગવાળા, લક્ષ્મીજીના પતિ, કમલ જેવાં

નયનવાળા, યોગીઓને ધ્યાન (કરવા)થી પ્રાપ્ત થનારા, સંસારના ભયને હરનારા અને સર્વ લોકોના એકમાત્ર સ્વામી એવા શ્રી વિષ્ણુ ભગવાનને હું વંદન કરું છું.]

**શ્રી રામચન્દ્રજીને વંદન :**

**રામો રાજમણિઃ સદા વિજયતે રામં રમેશં ભજે**
**રામેણાભિહતા નિશાચરચમૂ રામાય તસ્મૈ નમઃ ।**
**રામાન્નાસ્તિ પરાયણં પરતરં રામસ્ય દાસોઽસ્મ્યહં**
**રામે ચિત્તલયઃ સદા ભવતુ મે ભો રામ મામુદ્ધર ॥**

[અર્થ : રાજાઓમાં શ્રેષ્ઠ એવા શ્રી રામચંદ્રજીનો સદા વિજય છે. સીતાપતિ શ્રી રામને હું ભજું છું. જે રામચંદ્રે રાક્ષસસેનાને હણી નાખી તે શ્રી રામચંદ્રને નમસ્કાર હો. શ્રી રામથી બીજો કોઈ મોટો નથી. શ્રી રામમાં જ મારું ચિત્ત સદા લય પામો. હું શ્રી રામનો સેવક છું. હે રામચંદ્ર! મારો ઉદ્ધાર કરો.]

**શ્રી બ્રહ્મને વંદન :**

**નમસ્તે સતે તે જગત્કારણાય નમસ્તે ચિતે સર્વલોકાશ્રયાય ।**
**નમોઽદ્વૈતતત્ત્વાય મુક્તિપ્રદાય નમો બ્રહ્મણે વ્યાપિને શાશ્વતાય ॥**

[અર્થ : જગતના કારણરૂપ, સત્સ્વરૂપ, સર્વ લોકના આશ્રય એવા ચેતન સ્વરૂપને નમસ્કાર હો. મુક્તિ આપનાર, અદ્વૈત તત્ત્વ અને સર્વવ્યાપક એવા સનાતન બ્રહ્મને નમસ્કાર હો.]

**શ્રી શંકરને વંદન :**

**નાગેન્દ્રહારાય ત્રિલોચનાય ભસ્માંગરાગાય મહેશ્વરાય ।**
**નિત્યાય શુદ્ધાય દિગંબરાય તસ્મૈ ન-કારાય નમઃ શિવાય ॥**

[અર્થ : જેમના ગળામાં સર્પોનો હાર છે, જેમને ત્રણ આંખો છે, ભસ્મ એ જ જેમના અંગરાગ (લેપ) છે, દિશાઓ એ જ જેમનાં વસ્ત્ર છે એવા નિત્ય, શુદ્ધ, મહેશ્વર, 'ન'કાર સ્વરૂપ શિવ ભગવાનને નમસ્કાર હો.]

**શ્રી બાલકૃષ્ણને વંદન :**

**કરારવિન્દેન પદારવિન્દં મુખારવિન્દે વિનિવેશયન્તં ।**
**વટસ્ય પત્રસ્ય પુટે શયાનં બાલં મુકુન્દં મનસા સ્મરામિ ॥**

[અર્થ : હાથ રૂપી કમળ વડે, પગ રૂપી કમળને, મુખ રૂપી કમળમાં પ્રવેશાવતા અને વડના પાંદડાની પથારીમાં સૂતા એવા શ્રી બાલમુકુન્દને હું મનોમન સ્મરું છું.]

**શ્રી હનુમાનને વંદન :**

મનોજવં મારુતતુલ્યવેગં જિતેન્દ્રિયં બુદ્ધિમતાં વરિષ્ઠમ્ ।
વાતમાત્મજં વાનરયૂથમુખ્યં શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે ॥

[અર્થ : મનના જેવા વેગવાળા, પવનના જેવી ગતિવાળા, ઇન્દ્રિયોને જીતનાર, બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ, વાયુદેવના પુત્ર, વાનરસમૂહના નાયક અને શ્રી રામ ભગવાનના દૂત એવા શ્રી હનુમાનને શરણે હું જાઉં છું.]

**શ્રી ગુરુદેવને વંદન :**

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

[અર્થ : ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહાદેવ છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે; એવા શ્રી ગુરુદેવને હું નમન કરું છું.]

**o ઈશ્વરનું ધ્યાન કરવાનો શ્લોક :**

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥

[અર્થ : (હે ઈશ્વર !) તમે જ માતા છો, તમે જ પિતા છો, તમે જ ભાઈ છો, તમે જ મિત્ર છો, તમે જ વિદ્યા છો, તમે જ ધન છો, હે દેવાધિદેવ! તમે જ મારું સર્વસ્વ છો.]

**o આરતી પછીની વંદના :**

કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિન્દે ભવં ભવાનિ-સહિતં નમામિ ॥

[અર્થ : કપૂર જેવા ગોરા, કરુણાના અવતાર, સંસારના સારરૂપ, સર્પશ્રેષ્ઠોનો હાર ધારણ કરનાર, હૃદય-કમળમાં સદાયે વસનાર એવા શ્રી શિવને અને સાથે સાથે ભવાની પાર્વતીને હું નમન કરું છું.]

મંગલં ભગવાન વિષ્ણુઃ મંગલં ગરુડધ્વજઃ ।
મંગલં પુંડરિકાક્ષો મંગલાયતનો હરિઃ ॥

સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુતે ॥

[અર્થ : ભગવાન વિષ્ણુ મંગળ (કલ્યાણરૂપ) છે, ગરુડ જેમનો ધ્વજ છે તે (ભગવાન વિષ્ણુ) મંગળ છે, કમળ જેવી આંખોવાળા (વિષ્ણુ) મંગળ છે, શ્રી હરિ મંગળ-સાધક છે. ।। સર્વે મંગળમાં માંગલ્યરૂપ, કલ્યાણકારી, સર્વ અર્થ સાધી આપનારાં, ત્રિનેત્રધારી શિવનાં અર્ધાંગના એવાં હે દેવી નારાયણી! તમને નમસ્કાર હો.]

અચ્યુતં કેશવં રામનારાયણં શ્રીકૃષ્ણદામોદરં વાસુદેવં હરિમ્ ।
શ્રીધરં માધવં ગોપિકા વલ્લભં શ્રીજાનકીનાયકં રામચંદ્રં ભજે ॥

[અર્થ : વિષ્ણુને, કેશવને, રામનારાયણને, દામોદર શ્રી કૃષ્ણને, શ્રી વાસુદેવને, શ્રી હરિને, લક્ષ્મીવરને, શ્રી માધવને, ગોપીઓના પ્રિયને (હું ભજું છું તે જ રીતે) શ્રી જાનકી-સીતાના નાથ શ્રી રામચંદ્ર ભગવાનને હું ભજું છું.]

o થાળ પછીની સાખીઓ અને જયનાદ :

રામ કહે સુખ ઊપજે, કૃષ્ણ કહે દુઃખ જાય;
મહિમા મહા પ્રસાદકો ખાવો પ્રીત લગાય.... સિયાવર૦....

(પ્રસાદ લીધા પછી :)

પ્રસાદ લઈ પાવન થયા, પહોંચ્યા મનના કોડ;
ભાવ ધરી સહુ બોલજો, જય જય શ્રી રણછોડ....સિયાવર૦....

(જયનાદનો ક્રમ :)

....સિયાવર રામચંદ્રકી જય,
રાજા રામચંદ્રકી જય,
પવનસુત હનુમાનકી જય,
ઉમાપતિ મહાદેવકી જય,
બોલો ભાઈ! સબ સંતનકી જય.
....કબીર મહારાજકી જય.

o સહજીવનના મંત્રો :

સમાની વઃ આકૃતિઃ સમાના હૃદયાનિ વઃ ।
સમાનમસ્તુ વો મનઃ યથા વઃ સુહાસતિ ॥

[અર્થ : આપણા વિચારો અને નિશ્ચય એકરૂપ થાઓ. આપણાં હૃદયો એકરૂપ બનો. આપણાં મન સમાન બનો. આ બધી બાબતો (સત્યં શિવં સુંદરમ્) શોભનીય બનો.]

ૐ સહનાવવતુ સહનૌ ભુનક્તુ
સહવીર્યં કરવાવહૈ ।
તેજસ્વિનાવધીતમસ્તુ
મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ....!

[અર્થ : હે પરમાત્મા! અમારી (સાથે રહેનાર બે જણ, દા. ત., ગુરુ અને શિષ્ય) બંને જણની રક્ષા કરો, અમારા બંને જણનું પાલન કરો. અમે બંને સાથે રહી તેજસ્વી દૈવી કાર્યો કરીએ; અમે કરેલું અધ્યયન તેજસ્વી અને દૈવી બનો; અમે બંને જણ પરસ્પરનો કદી દ્વેષ ન કરીએ તેમ હો. હે પરમાત્મા! શાન્તિ શાન્તિ શાન્તિ હો.

● શાન્તિ-મંત્ર :

ૐ દ્યૌઃ શાન્તિરંતરીક્ષ ૐ શાન્તિઃ પૃથ્વી
શાન્તિરાપઃ શાન્તિરોષધયઃ શાન્તિર્વનસ્પતયઃ ।
શાન્તિર્વિશ્વદેવાઃ શાન્તિર્બ્રહ્મ શાંતિઃ સર્વઃ
ૐ શાન્તિઃ શાન્તિરેવ શાન્તિઃ સામા શાન્તિરેધિ ॥
ૐ શાન્તિઃ.... શાન્તિઃ.... શાન્તિઃ....!

[અર્થ : હે પરમાત્મા ! દ્યો લોક, આકાશ, પૃથ્વી, પાણી, ઔષધિઓ, વનસ્પતિઓ, વિશ્વદેવો, બ્રહ્મ તેમ જ સઘળું શાંતિ પામો. શાંતિ અને કેવળ શાંતિ જ રહો; સમસ્ત જગતમાં શાંતિ વ્યાપો. હે પરમાત્મા ! હો શાંતિ શાંતિ શાંતિ... !]

http://ramkabirbhajans.org